Downloaded from https:// www.studiestoday.com

ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ / 1217 / 170 - 179 / છ, તા. 15/03/2017

# ગુજરાતી

## (પ્રથમ ભાષા)

## ધોરણ 12

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

કિંમત : ₹ 35.00

તમસોમા જ્યોતિર્ગમય
ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકશ્રીની લિખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
ડૉ. રમેશ ઓઝા

**લેખક**
ડૉ. હાજીભાઈ બાદી (કન્વીનર)
ડૉ. બળવંત તેજાણી
શ્રી પ્રવીણ કુકડિયા
ડૉ. ઘનશ્યામસિંહ રાઠોડ
ડૉ. રમેશ પીઠિયા
શ્રી હાર્દિક બ્રહ્મભટ્ટ

**સમીક્ષા**
ડૉ. યોગેન્દ્ર વ્યાસ
ડૉ. કાનજી ડી. બગડા
ડૉ. પ્રહ્લાદ ચૌધરી
શ્રી જી. બી. મકવાણા
શ્રી એન. એલ. પટેલ
ડૉ લીલાભાઈ કડછા
શ્રી બાબુભાઈ બામણ્યા
શ્રી રોહિણી ભટ્ટ
શ્રી રૂપા એ. નેવે
ડૉ. હાસ્યદા પંડ્યા
શ્રી સંજય ત્રિવેદી
શ્રી દિગ્વિજયસિંહ રાઠોડ
શ્રી એસ. બી. કાનાણી
શ્રી નગીનભાઈ એમ. પટેલ
ડૉ. અનિલ વાળા
શ્રી વર્ષા ત્રિવેદી
શ્રી સાધના એચ. જોશી
શ્રી અનિતા પ્રજાપતિ

**ચિત્રાંકન**
સવજી છાયા

**સંયોજક**
ડૉ. રાઘવજી માધડ
(વિષય સંયોજક : ગુજરાતી - સંસ્કૃત)

**નિર્માણ આયોજન**
ડૉ. કમલેશ એન. પરમાર
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 12, ગુજરાતી (પ્રથમ ભાષા)** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલું આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં એની હસ્તપ્રતની આ સ્તરે શિક્ષણકાર્ય કરતા શિક્ષકો અને તજ્જ્ઞો દ્વારા સર્વાંગી સમીક્ષા કરાવવામાં આવી છે. શિક્ષકો તથા તજ્જ્ઞોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**એચ. એન. ચાવડા**
નિયામક
તા. 15-03-2017

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2017**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ. એન. ચાવડા, નિયામક

**મુદ્રક** :

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| 1. | અખિલ બ્રહ્માંડમાં | પદ | નરસિંહ મહેતા | 01 |
| 2. | ખીજડિયે ટેકરે | નવલિકા | ચુનીલાલ મડિયા | 03 |
| 3. | દમયંતી સ્વયંવર | આખ્યાનખંડ | પ્રેમાનંદ | 08 |
| 4. | સત્યાગ્રહાશ્રમ | આત્મકથાખંડ | વિનોબા ભાવે | 12 |
| | **● વ્યાકરણ-લેખન : સાહિત્ય સ્વરૂપો** | | | 17 |
| 5. | રામબાણ | પદ / ભજન | ધના ભગત | 19 |
| 6. | ઉછીનું માગનારાઓ | હાસ્યનિબંધ | નટવરલાલ પ્રભુલાલ બુચ | 21 |
| 7. | શ્યામ રંગ સમીપે | ગરબી | દયારામ | 25 |
| 8. | અમરનાથની યાત્રાએ | પ્રવાસનિબંધ | વિનોદિની રમણલાલ નીલકંઠ | 27 |
| | **● વ્યાકરણ-લેખન : શબ્દવિષયક સજ્જતા, ગુજરાતી બોલીઓ** | | | 31 |
| 9. | ભવના અબોલા | લોકગીત | અજ્ઞાત | 37 |
| 10. | યુધિષ્ઠિર યુદ્ધવિષાદ | નાટ્યાંશ | ઉમાશંકર જોશી | 39 |
| 11. | ઊર્મિલા | ખંડકાવ્ય | કવિ બોટાદકર | 46 |
| 12. | સૌજન્યશીલ પ્રભાશંકર | ચરિત્રનિબંધ | મુકુન્દરાય પારાશર્ય | 50 |
| | **● વ્યાકરણ-લેખન : વાક્યરચના વિષયક સજ્જતા** | | | 56 |
| 13. | મા'ત્માના માણસ | નવલિકા | ધીરુબહેન પટેલ | 63 |
| 14. | છેલ્લું દર્શન (આસ્વાદ) | આસ્વાદલેખ | જયંત કોઠારી | 69 |
| 15. | જુઓ | ગઝલ | શ્યામ સાધુ | 73 |
| 16. | સેલ્વી પંકજમ્ | નવલિકા | ઈવા ડેવ | 76 |
| | **● વ્યાકરણ-લેખન : લેખન–રૂઢિવિષયક સજ્જતા** | | | 83 |
| 17. | પથ્થર થરથર ધ્રૂજે | ગીત | નિરંજન ભગત | 87 |
| 18. | આંસુભીનો ઉજાસ | નવલકથા ખંડ | દિલીપ રાણપુરા | 90 |
| 19. | ઈશ્વર સર્વવ્યાપી | ચિંતનાત્મક નિબંધ | આનંદશંકર ધ્રુવ | 98 |
| 20. | બા એકલાં જીવે... | ગીત | મૂકેશ જોશી | 103 |
| | **● વ્યાકરણ-લેખન : શૈલીવિષયક સજ્જતા** | | | 106 |
| 21. | અનુરુદ્ધનો ગૃહત્યાગ | બોધકથા | ડૉ. હરિવલ્લભ ભાયાણી | 111 |
| 22. | ભાણી | ઊર્મિકાવ્ય | ઈન્દુલાલ ગાંધી | 116 |
| 23. | સમતા અને બંધુતાના પથદર્શક... | પ્રેરક નિબંધ | કિશોર મકવાણા | 119 |
| 24. | શરત | નવલિકા | એન્ટન ચેખોવ | 125 |
| | **● વ્યાકરણ : લેખન સ્વરૂપો** | | | 129 |


**પૂરક વાચન**


| | | | | |
|---|---|---|---|---|
| 1. | જીવન અમૂલ્ય છે | ચિંતન | સંકલિત | 145 |
| 2. | આપણો લોકવારસો | નિબંધ | ડૉ. હસુ યાજ્ઞિક | 148 |
| 3. | તું ભારતને જગાડ ! | ઊર્મિકાવ્ય | રવીન્દ્રનાથ ટાગોર | 151 |
| 4. | બા, ભાઈ ક્યાં ? | લોકવાર્તા | દરબાર પુંજાવાળા | 152 |
| 5. | ગુજરાતી સાહિત્યની વૅબસાઈટ્સ | | | 156 |


●

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 1 અખિલ બ્રહ્માંડમાં



**નરસિંહ મહેતા**
**(સમય : પંદરમું શતક)**

ગુજરાતી ભાષાના આદ્યકવિ નરસિંહ મહેતાનું વતન ભાવનગર જિલ્લાનું તળાજા ગામ. 'શામળશાનો વિવાહ', 'હાર', 'હૂંડી', 'કુંવરબાઈનું મામેરું' અને 'શ્રાદ્ધ' એમની આત્મચરિત્રાત્મક રચનાઓ છે. નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના ઉત્તમ કોટિના ભક્તકવિ છે. એમણે જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનાં પદો સર્જીને ગુજરાતી કવિતાને રળિયાત કરી છે. ઝૂલણા છંદમાં લખાયેલાં નરસિંહનાં પ્રભાતિયાં લોકકંઠે વસીને આપણે ત્યાં ચિરંજીવ બન્યાં છે : જેમ કે, 'ભોળી રે ભરવાડણ', 'જળકમળ છાંડી જાને', 'જાગને જાદવા', 'જાગોને જશોદાના જાયા'... વગેરે. હૃદયસ્પર્શી અને ભાવ નીતરતી એમની કાવ્યવાણી, એની સરળતા અને સહજતાથી, આપણા મનમાં રમી રહે છે.

આ પદમાં નરસિંહ મહેતા ઈશ્વરના સર્વવ્યાપક રૂપની લીલાને વર્ણવે છે. સંસ્કૃતમાં ઉક્તિ છે : 'એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ' – એટલે કે પરમાત્મા તાત્ત્વિક રીતે એક જ છે, પણ અનેક રૂપે દેખાય છે. જેમ સુવર્ણ એક છે, પણ એમાંથી ઘડાયેલા અલંકારોનાં નામ જુદાં છે, એ રીતે પ્રભુ આ સૃષ્ટિમાં વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે. જ્ઞાનીઓએ રચેલા જ્ઞાનગ્રંથોને સમજવામાં જે ગેરસમજ કરી છે, એને નરસિંહ મહેતા 'ગરબડ' તરીકે ઓળખાવીને હસી કાઢે છે. આવા પરમેશ્વરને શાસ્ત્રજ્ઞાન દ્વારા તો ખરા, પણ પ્રેમની પરાકાષ્ઠારૂપે ભક્તિ દ્વારા સરસ રીતે પામી શકાય છે એવી પોતાની પ્રતીતિને આ ભક્તકવિએ અહીં વિવિધ દૃષ્ટાંતો દ્વારા દર્શાવી આપી છે. કવિતા અને તત્ત્વજ્ઞાનનો સમન્વય કરતું એકાત્મભાવનું આ પદ નરસિંહની ચિરંજીવ અને સદા રમણીય-સ્મરણીય કૃતિ છે.

---

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તત્ત્વમાં તેજ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.

પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા ! વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે.

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે : કનક-કુંડળ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.

ગ્રંથે ગરબડ કરી, વાત નવ કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન-વચન-કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ : મન એમ સૂઝે.

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈયો : એ મન તણી શોધના : પ્રીત કરું, પ્રેમથી પ્રગટ થાશે.

### શબ્દ-સમજૂતી

**અખિલ** આખું, સમસ્ત; **જૂજવે રૂપે** જુદાં જુદાં રૂપે; **અનંત** જેનો અંત નથી તેવું; **ભૂધર** ભૂમિને ધારણ કરનાર; **શ્રુતિ** શ્રવણ દ્વારા પ્રાપ્ત કરેલું (અહીં) વેદ; **સ્મૃતિ** (અહીં) વેદ પછીનાં ધર્મશાસ્ત્રો; **કુંડળ** કાનમાં પહેરવાનું એક ઘરેણું; **પટંતર** અંતરપટ, પડદો.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) સમગ્ર બ્રહ્માંડમાં કોણ વ્યાપેલું છે ?
(2) પરમાત્માએ વૈવિધ્યપૂર્ણ સૃષ્ટિનું સર્જન શા માટે કર્યું છે ?
(3) 'અખિલ બ્રહ્માંડમાં' કાવ્યમાં વેદ અને સ્મૃતિશાસ્ત્રો શું કહે છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(4) કવિના મતે ઈશ્વરને કઈ કઈ રીતે પામી શકાય ?

(5) જ્ઞાનગ્રંથો થકી કઈ પરિસ્થિતિ સર્જાઈ છે ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) પરમાત્મા પૃથ્વી પર કયાં કયાં સ્વરૂપે રહેલો છે ?

(2) 'સોનું તો આખરે સોનું જ છે' - એવું શાથી કહી શકાય ?

(3) બીજ અને વૃક્ષનો કાર્યકારણ સંબંધ સ્પષ્ટ કરો.

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) આ પદમાં નરસિંહ મહેતા પરમતત્ત્વને શી રીતે સમજાવે છે ?

(2) સમજાવો :

'ગ્રંથ ગરબડ કરી વાત નવ કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે,
મન-વચન-કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે.'

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ પદનું વર્ગખંડમાં સમૂહગાન કરો.
- તમારા શિક્ષક પાસેથી નરસિંહનાં બીજાં પદો 'યુ ટ્યૂબ' ઉપરથી મેળવીને સાંભળો.
- શક્ય હોય તો શિક્ષકની મદદથી 'બ્રહ્માંડ' વિષયની વીડિયો ફિલ્મ જોવી.

## ભાષા-અભિવ્યક્તિ

નરસિંહનું આ પદ પ્રસિદ્ધ છે. નરસિંહે અહીં સંવાદની એક લાક્ષણિક રીતિનો સહારો લીધો છે. તમે ધ્યાનથી વાંચશો કે કાવ્યપાઠ કરશો તો ખ્યાલ આવશે કે સંવાદ આમ તો સીધો પરમાત્મા સાથે છે, પણ આ પરમાત્મા દેહરૂપે સાક્ષાત્ નથી.

સમગ્ર સૃષ્ટિમાં વિવિધ સ્વરૂપે વિદ્યમાન પરમાત્માને કવિ આ પદમાં 'તું' થી સંબોધે છે. ભગવાનને સંબોધવાની કે તેની પ્રાર્થના કરવાની નરસિંહની જુદી જ રીતિ છે.

તમે જોઈ શકશો કે ભગવાનના સ્વરૂપને સમજાવવા નરસિંહને શબ્દની ખોટ સાલતી નથી. તેનો ખ્યાલ 'ઘાટ ઘડિયા પછી...' અને 'ગ્રંથે ગરબડ કરી...' જેવી પંક્તિઓ થકી આવશે. આ ઉપરાંત આ પદની પાંચેપાંચ કડી અને દસેદસ ચરણ ગુજરાતી ભાષામાં અને શાસ્ત્રચર્ચામાં કહેવતરૂપ બની ગયાં છે તો તમે આવી પંક્તિઓ ક્યા કેવા સંદર્ભે વપરાય છે તેનો ખ્યાલ મેળવવાનો પ્રયત્ન કરો.

## શિક્ષક-પ્રવૃત્તિ

- મોબાઈલ દ્વારા આ પદ વર્ગખંડમાં વિદ્યાર્થીઓને સંભળાવો.
- વિદ્યાર્થી સમક્ષ 'જાગીને જોઉં તો જગત દીસે નહિ'એ પદનો કાવ્યપાઠ કરો અને સમૂહગાન કરાવો.
- વિદ્યાર્થીઓને આપણા બ્રહ્માંડની અનંતતાનો ખ્યાલ આવે એવી પ્રવૃત્તિઓ પ્રયોજો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 2 ખીજડિયે ટેકરે



**ચુનીલાલ મડિયા**

**(જન્મ : ઈ. સ. 1922; અવસાન : 1968)**

ચુનીલાલ કાળિદાસ મડિયાનો જન્મ રાજકોટ જિલ્લામાં આવેલા ધોરાજીમાં થયો હતો. 1939માં મૅટ્રિક અને 1945માં મુંબઈની સિડનહામ કૉલેજમાંથી બી.કૉમ. થઈ મુંબઈથી પ્રકાશિત થતા 'જન્મભૂમિ' દૈનિકમાં જોડાયા. બાર વર્ષ જેટલો સમય મુંબઈમાં આવેલી USIS ના ગુજરાતી વિભાગમાં કામ કર્યું. તેમણે નવલકથા, નવલિકા, નાટક, વિવેચન તેમજ કાવ્યક્ષેત્રે ખેડાણ કર્યું છે. 'વ્યાજનો વારસ', 'વેળા વેળાની છાંયડી', 'લીલુડી ધરતી ભાગ 1/2', 'સધરા જેસંગનો સાળો' વગેરે નવલકથાઓ; 'ઘૂઘવતાં પૂર', 'શરણાઈના સૂર', 'અંતઃસ્રોતા' વગેરે વાર્તાસંગ્રહો, 'રંગદા', 'શૂન્યશેષ', 'રામલો રોબિનહૂડ' વગેરે એકાંકી અને ત્રિઅંકી નાટ્યસંગ્રહો આપ્યાં છે. તેમણે 'ચોપાટીને બાંકડે'થી હળવી શૈલીના નિબંધો, 'વાર્તાવિમર્શ', 'શાહમૃગ-સુવર્ણમૃગ' વગેરે વિવેચનસંગ્રહો આપ્યા છે. તેઓ રણજિતરામ સુવર્ણચંદ્રક તથા નર્મદ સુવર્ણચંદ્રકથી સન્માનિત થયા છે.

જીવનની કારમી ગરીબાઈ વચ્ચે ધબકતા પિતૃહૃદયી ભોજાની હૃદયદ્રાવક મનઃસ્થિતિ સૌ કોઈ ભાવકનું કાળજું વીંધી નાખે તેવી કરુણ છે. ભૂખ ભૂંડી છે અને ગરીબાઈ વસમી છે. એ શું કરે કે શું કરાવે છે એ આ નવલિકાનો વર્ણ્ય વિષય છે. કહેવાતા મૃત બાળકનું રેશમી વસ્ત્ર લેવા ભોજો ઠંડીમાં ઉઘાડા શરીરે ઝઝૂમે છે. સમાજજીવનની આ વરવી વાસ્તવિકતા ભોજાનાં કાળાં કરતૂતો ભૂલાવીને તેના પરિવાર જોડે સહૃદયતાનો તંતુ સાંધે છે. ભોજાના ભયની સામે માસ્તર પરિવારનું અમીભરેલું અભયવચન વાર્તાનો સુખાંત સર્જી સર્જકની કલ્પનાતીત સફળતાનો પરિચય કરાવે છે. ભોજાની લાચારી-દીનતા સામે માસ્તર દંપતીની ઉદારતા સદૈવ સ્મરણીય બની રહેશે.

---

હીરણના હેઠવાસના પટમાં ખીજડિયા ટેકરાની નજીક ભોજા કાળુએ દર વર્ષના રાબેતા મુજબ તડબૂચનો વાડો ઊભો કર્યો હતો. આડે દિવસે તો ભોજાનું કુટુંબ નદીના ખુલ્લા પટમાં પડ્યું રહેતું પણ ઓણ શિયાળે રીંગણી બાળી નાખે અને ગોળાનાં પાણી થીજવી દે એવી ટાઢ પડવા માંડી ત્યારે ભોજો ગિરની અંદર જઈને ત્રણવાર તલબાવળ કાપી આવ્યો અને જીવલીએ વગડો ફરીફરીને સૂકી સાંઠીઓની ભારીઓ ભેગી કરી; ચાર દિવસમાં તો ધણી-ધણિયાણીએ મળીને ચાર છોકરાં ને ચૂલો સમાઈ શકે એવડો કૂબો વાડા વચ્ચે જ ઊભો કરી દીધો.

છતાં ભોજાને લાગતું હતું કે દર વર્ષ કરતાં આ વખતે ટાઢ મારા પર વેર વાળવા આ વાડા ઉપર જ વધારે પ્રમાણમાં ખાબકી છે. એક તો હીરણની પાટનાં ટાઢાંબોળ પાણી અને વધારામાં પોષ મહિનાનો હિમ જેવો વાયરો. આ હિમવર્ષા વચ્ચે ભોજો સાવ ઉઘાડે ડિલે ઊભો ઊભો વાડાનું ટોયામણ કરતો. એને પહેરવા કડિયું તો આજ કેટલાય સમયથી સાંપડતું નહોતું. વરસો જૂની ચોરણી હતી એના ઉપર ગોદડા જેટલાં ઉપરાઉપરી થીગડાં ચોંટી ચૂક્યાં હતાં અને હવે એ થીગડાંઓ પણ ઘસાતાં ઘસાતાં ચાળણી બનેલું એ થેપાડું એટલું તો જીર્ણ થઈ ગયું હતું કે હવે એનો વધારે જીર્ણોદ્ધાર શક્ય જ નહોતો.

ટાઢ જીરવવી એ ભોજાને માટે નવી નહોતી. ભૂતકાળમાં પોતે જ્યારે સીમ-ચોરીઓને રવાડે ચડેલો ત્યારે કાજળ ઘૂંટ્યું હોય એવી કાળી ડીબાંગ રાતે એ કાજળ-રંગ જોડે, પોતાના સીસમ-વરણા શરીરનો સુમેળ સાધવા તે કડકડતી ટાઢમાં પણ ઊભા મોલમાંથી ભારીઓ બાંધી જતો, છતાં હવે અવસ્થા થઈ હતી અને જુવાનીના ચડતા લોહીને અભાવે સહનશક્તિ પણ ઘટી હતી, તેથી હીરણના ઉપરવાસથી સૂસવતા વીંછીના ડંખ જેવા ઠંડા વાયરા કવચિત્ ભોજાનાં જડબાંની ડાકલી બજાવી જતા ખરા; પણ પોતાની બત્રીસી દાંતિયાં કરડે એ સામે ભોજાને એટલો રંજ નહોતો, જેટલો રંજ એને ટાઢમાં કપડાંને અભાવે ઠૂઠવાતાં નાગાંપૂગાં બાળકોનો હતો.

ટોયામણ કરતો કરતો ભોજો કવચિત્ ટેકરા પાછળ લપાઈને બેઠેલા ગામમાં આવેલી કાપડની દુકાન પર પોતાનાં મનઃચક્ષુ માંડતો અને દુકાનની અંદર ઘોડાઓ પર ખડકાયેલી કાપડની થપ્પીઓ પોતાની ચોર-નજરે નોંધી લેતો. 'માધવજી કાપડિયો ગજના ગજ ભરે પણ મારા જેવા સારુ કટકી લૂગડું પણ ફાડે નહિ !' ભોજા જેવો ભડ માણસ પણ મણ એકનો નિસાસો મૂકતો અને તરત એનામાં રહેલો ભૂતકાલીન ભોજિયો ધાડપાડુ સળવળી ઊઠતો. 'માધિયાની હાટના ઉંબરામાં એક



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ગણેશિયો ભરાવું ઈ ભેગાં જ એનાં ખોખરાં કમાડ ભટાક કરતાં ઊઘડી પડે ને ખભે ઉપાડી શકાય એટલું કાપડ ઉપાડીને કૂબા ભેળું કરી દઉં...'

પણ આ ચિત્રની સાથેસાથ જ બીજું એક ચિત્ર પરાણે આવી ઊભતું હતું : ગામના 'શકમંદ શખ્સો'ની યાદી ઉપરથી કૂબાનો સગડ કાઢીને પસાયતાઓ ભોજાને ઢોર માર મારી રહ્યા છે... ગુનાની પરાણે કબૂલાત કરાવવા, પોતાને ઝાડની ડાળે ટાંગીને નીચે તાપ કર્યો છે. મુદ્દામાલનો પત્તો મેળવવા કાપડ ક્યાં દાટ્યું છે એ સ્થળ બતાવવા, હાથ-પગ બાંધી, રણગોવાળિયો બનાવીને ઉપર લાકડીઓની તડાપીટ બોલે છે.

'ના, ના હવે આ ઊતરતી અવસ્થાએ આવા ઢોર-માર મારાથી નહિ વેઠાય.' ભોજાએ આ જોખમ વહોરવાનું માંડી વાળ્યું.

આવાં જોખમ ખેડવાની આવશ્યકતા જ ન રહે એવો સુભગ સંયોગ ભોજા સમક્ષ આવી ઊભો.

ખીજડિયા ટેકરાનો ઉપયોગ નાનાં મૃત બાળકોને દાટવા માટે થતો હતો. એની જમીન બહુ કઠણ નહોતી તેથી સાદી નાનકડી કોશ વડે પણ એનું ખોદકામ એકલે હાથે થઈ શકતું.

ગામના પોસ્ટ-માસ્તરને ત્યાં આજે સાંજને સમયે છોકરો અવતરેલો. કોઈ કહેતું હતું કે છોકરો મરેલો જ જન્મ્યો હતો, કોઈ કહેતું કે એ જન્મ્યા પછી મરી ગયો. ઉપરાઉપર પુત્રીઓ જ પામનાર પોસ્ટ-માસ્તરને ઘેર વર્ષો પછી પુત્ર અવતર્યો, પણ નસીબમાં ન સમાયો તેથી તેમને ભારે આઘાત લાગ્યો. આ હતભાગીને ઘેર અવતરીને કશું સુખ ન પામનાર એ બાલુડા પાછળ માસ્તરે સારું દાન-પુણ્ય પણ કરી નાખ્યું. માધવજીના હાટેથી ઊંચામાં ઊંચી જાતનું રેશમી કાપડ વેતરાવીને મૃત બાળકને સારી પેઠે વીંટાળ્યું.

અને અધમણ મીઠાની ગાંસડી બાંધીને ચાર સંબંધીઓ જોડે માસ્તર ખીજડિયે ટેકરે ચાલ્યા.

ઉઘાડે ડિલે ઠંડીમાં થરથરતો, માધા કાપડિયાની દુકાન ફાડવાનો વિચાર કરતો અને પકડાઈ જવાની બીકે પોલીસના મારથી કાંપતો ભોજો તડબૂચની વચ્ચે ચાડિયાની જેમ ઊભો હતો. એ જ વખતે પોસ્ટ-માસ્તર પુત્રના દફન માટે લોક ખીજડિયે ટેકરે આવી પહોંચ્યા.

બાળકના મૃતદેહ પર સાત-આઠ પડમાં વીંટાળેલ મહામૂલું વસ્ત્ર ભોજા જેવા જ અવસ્ત્રાની નજરે પડ્યા વિના રહે એમ નહોતું.

બાળકને ઠીક ઠીક ઊંડાણમાં દાટી, માથે મીઠું ભભરાવી, ઉપર પૂર્વવત્ પથ્થરો અને ધૂળ વેરીને સૌ રસ્તે પડ્યા પછી ભોજાના માનસમાં એક નવો જ પ્રકાશ ઝબકી ઊઠ્યો : અરે, લૂગડાં તો ગાંસડા મોઢે આ ટેકરાના પેટમાં દટાણાં છે... મારી છાતી સામે જ... હાથ અજમાવું એટલી જ વાર... હાથફેરો જ કરવાનો...

હાથફેરો કરવો કે ન કરવો એના સરવાળા-બાદબાકી કરવાની ભોજાને આદત નહોતી. ડેન્માર્કના રાજકુંવર જેવી દ્વિધા-વૃત્તિ આ માણસે કદી કેળવી નહોતી. એક ઘા ને બે કટકા કરવાનું જ એનું જીવનસૂત્ર હતું.

રાતે સીમની અવરજવર બંધ થઈ ગઈ અને સોપો પડી ગયો ત્યારે ભોજાએ એ જીવનસૂત્ર અમલમાં મૂક્યું. કૂબામાંથી કોદાળી અને પાવડો લઈને એ સડસડાટ ટેકરા ઉપર ચડી ગયો.

ખાતર પાડવાના લાંબા મહાવરાને પરિણામે સિફતપૂર્વક ખોદકામ કરવાનું તો ભોજા માટે સાવ સહેલું હતું. કપડું જરા પણ ફાટ્યાતૂટ્યા કે ખરડાયા વિના સરકાવી લેવા ખાતર એ ભારે સાવચેતીથી આ બાળકની કબર ખોદી રહ્યો હતો. વળી, પથ્થર જોડે કોદાળીનું પાનું અથડાવાનો અવાજ પણ બહુ દૂર પહોંચી ન જાય એની સંભાળ લેવાની હતી.

ખતરીસો મારીને ખાતર પાડતો હોય અને ઘરમાંથી હળવેકથી ઈસ્કોતરો સરકાવી લે એમ ભોજાએ લૂગડે વીંટ્યા બાળકને ખાડામાંથી ઊંચકી લીધું.

પણ ઊંચકતાં જ એણે આશ્ચર્ય અનુભવ્યું. હાડમાંસનો એ નાનકડો નિશ્ચેષ્ટ લોચો સહેજ સળવળ્યો. કૂણા હાથ જેવી કશીક વસ્તુ અંદર ઊંચીનીચી થતી લાગી.

ભોજા જેવો ભડ આદમી પણ ભડકી ઊઠ્યો. મરેલ છોકરાંઓને દાટવાના આ ટેકરામાંથી જીવતું બાળક ક્યાંથી નીકળ્યું ? આ કોઈ ખવીસની રમત તો નહિ હોય ? પણ અત્યારે એવી કલ્પનાઓ કરવાનો ય અવકાશ ક્યાં હતો ? હાથમાં વધારે ને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વધારે ઝડપથી સળવળતું આ બાળક હવે રડવા માંડે અને પોતાની આ ઘોર-ખોદ પ્રવૃત્તિ જાહેર થઈ જાય એ પહેલાં આ સ્થળ છોડી જવું જરૂરી હતું.

પણ કરવું શું ? ચોરેલી વસ્તુ મૂળ સ્થાને ગોઠવી દેવી ? સો ટકા સલામત માર્ગ તો એ જ હતો તો પછી આ ઘોર ખોદવાનો મૂળ ઉદ્દેશ માર્યો જ જાય. અંગ-ઢાંકણ કપડાનું શું ?

'લૂગડું ઉતારીને, છોકરું પાછું હતું એમ ધરબી દઉં...?' આ વિચાર, આવતાં તો આવી ગયો, પણ એની ભયંકરતાથી ભોજો પોતે ધ્રૂજી ઊઠ્યો. 'મારે કેટલા ભવ કાઢવા છે તી આવી બાળહત્યાનું પાતક માથે લઉં...!'

હીરણની ઉપરવાસની ભીમપાટ ઉપર ટાઢમાં ઠૂંઠવાતાં શિયાળિયાંની લાળી સંભળાઈ. ગામ તરફથી કોઈનો ખોંખારો પણ કાને પડ્યો. હવે આ ખોદેલી ઘોર ઉપર વધારે સમય ઊભા રહેવું સલામત નહોતું.

કશો પણ વિચાર કરવા રોકાયા વિના ભોજો બાળકને લઈને સડસડાટ ટેકરો ઊતરી ગયો અને કૂબામાં આવી ઊભો.

ઓરડો ઓઢનાર આઈની જેમ કૂબો ઓઢીને જ પડી રહેતી જીવલી આજે મળનાર ખાપણિયા કપડાની આશામાં જાગતી જ બેઠી હતી અને એક તાપણાના તાપે ટાઢ ઉડાડી રહી હતી પણ ભોજાએ જ્યારે કપડાં ઉપરાંત એક જીવતાજાગતા બાળકને પણ રજૂ કર્યું ત્યારે જીવલી ડઘાઈ ગઈ. ખીજડિયે ટેકરે અનેક જાતનાં ચળીતરો થતાં જીવલીએ જાણ્યાં હતાં અને જીરવ્યાં પણ હતાં. આજનો બનાવ કોઈ ચળીતર નહિ પણ પૂરેપૂરો વાસ્તવિક અકસ્માત જ છે એવી ખાતરી થતાં એણે વત્સલ માતા બની જઈ આ નવજાત બાળકને છાતીએ લીધું.

ટેકરાની પોચી માટી-મટોડીનાં આવરણમાંનાં છિદ્રોમાંથી પ્રાણવાયુ પામીને પ્રાણ ટકાવી રહેલા બાળકને માતૃગોદની ઉષ્મા મળતાં એનો અવાજ પણ ઊઘડ્યો.

તે મધરાતે જ ભોજાએ પોસ્ટ-માસ્તરની ડેલીની સાંકળ ખખડાવી.

પોતે કરવા ધારેલા ગુનાની સવિસ્તર કબૂલાત કર્યા પછી ભોજો છોભીલો બનીને પોસ્ટ-માસ્તરની સમક્ષ ઊભો રહ્યો.

મૂઠ ભીડેલી આંગળીઓ મોંમાં નાખવા મથતા બાળક ભણી પોસ્ટ-માસ્તર તેમજ પત્ની આનંદભેર જોઈ રહ્યાં હતાં.

હમણાં મને પોલીસને હવાલે કરી દેશે એવો ભય ભોજાને સતાવી રહ્યો હતો.

''હું તો તમને પહેલેથી જ કેતી'તી કે દાટવા જવાની ઉતાવળ કરો ના, દાકતરને તેડાવીને પાકી ખાતરી કરાવો; પણ તમે માન્યા નહિ...'' પુત્રપ્રાપ્તિથી અરધી-અરધી થઈ જતાં પત્ની મીઠો ઠપકો આપવા લાગી.

''આપણા ભાગ્યમાં હતો તો પાછો આવી પુગ્યોને ?'' પોસ્ટ-માસ્તરે કહ્યું અને પછી ભોજા તરફ ફરીને બોલ્યા : ''ભોજિયા, તને મનમાં આવે એ ઇનામ માગી લે.''

કશું પણ બોલવાના અત્યારે ભોજાને હામ કે હોશ રહ્યા નહોતા એ માત્ર હાથ જોડી શક્યો. પોતે કરેલા ગુનાહિત કૃત્ય બદલ ક્ષમા માગતો હોય એવી રીતે.

'અમારે તો આ ઊતરતી અવસ્થાએ દીકરાના નામની દશ્ય દેવાઈ ગઈ'તી;' પોસ્ટ-માસ્તરનાં પત્ની બોલતાં હતાં : ''છતે છોકરે વાંઝિયા જેવું થઈ પડ્યું'તું. તેં અમારું નામલેણું રાખ્યું. તારો તો જેટલો ગણ માનીએ એટલો ઓછો છે મારા વીર ! અમારી ચામડીનાં પગરખાં સિવડાવીએ તો ય તારા ગણનું સાટું વળે એમ નથી.''

''ઝટ ઇનામ માગી લે, ભોજા !'' પોસ્ટ-માસ્તરે ફરી કહ્યું.

''મોટા સા'બ, ઇનામ લેવા સારુ ટેકરે નો'તો ચડ્યો પણ બાયડીની આબરૂ ઢાંકવા લૂગડાનો લીરો ય નથી જડતો; ને પહુ જેવાં નાનકડાં બચળાં આ હિમમાં હિજરાય છે; એકેકી જોડય લૂગડાં અપાવો તો મોટું ઇનામ જડ્યું ગણું...'' ભોજાએ માગણી કરી.

''બસ ? માગી માગીને આટલું જ માગ્યું ?''

''માગું તમારી મોટાં માણહની મહેરબાની...''

''અબઘડીએ જ માધવજીની હાટ ઉઘડાવું.'' પોસ્ટ-માસ્તરે ઊભા થતાં કહ્યું અને પછી ખભે ડગલો ભરાવતાં બોલ્યા : ''એક શું, બબ્બે જોડ્ય લૂગડાં વેતરાવી લે...''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## શબ્દ-સમજૂતી

**પટ** નદીની પહોળાઈ, વિસ્તાર; **વગડો** વેરાન પ્રદેશ; **સાંઠી** કપાસ કે એરંડાનું સૂકું લાકડું; **કૂબો** ઘુમ્મટવાળું ઘાસનું ઝૂંપડું; **ખાબકી** ઊંચેથી પડી તે, કૂદી પડવું, ધસી ગઈ; **વાયરો** પવન, વાયુ; **ડિલ** શરીર **ટોયામણ** છોડને પાણી સીંચવું તે; **કડિયું/ચોરણી** શરીર પરનાં ગ્રામ વિસ્તારમાં પહેરાતાં વસ્ત્રો; **થેપાડું** સારી જાતનું ધોતિયું; **મનઃચક્ષુ** આંતરદૃષ્ટિ; **ગજ** ચોવીસ તસુનું માપ, લંબાઈ; **લૂગડું** વસ્ત્ર; **ખતરીસો** ગણેશિયો **ગણેશિયો** ખાતરપાડુનું એક હથિયાર, ખાતરિયું; **પસાયતો** ગામનો ચોકિયાત, રક્ષક; **ગુનો** અપરાધ; **પૂંઠ** પીઠ; **ઢોરમાર** પશુને પડે તેવો સખત માર; **કોશ** લોખંડનું જમીન ખોદવાનું ઓજાર; **ગાંસડી** મોટી ગાંસડી, પોટલો, ભારો; **હાટ** દુકાન, બજાર; **દફન** મૃતદેહને જમીનમાં ખાડો ખોદી દાટવો તે; **અવસ્ત્ર** વસ્ત્ર વિનાનું; **કબર** મૃતદેહને જમીનમાં ખાડો ખોદી તેના પર કરેલું ચણતર; **ઈસ્કોતરો** જૂની લાકડાની પેટી; **ઘોર** બિહામણું; **ખાંપણ** મૃતદેહ પર વીંટાળવામાં આવતું વસ્ત્ર; **ચળીતર** ચરિત્ર; **મૂઠ** મુઠ્ઠી; **હામ** હિંમત; **વાંઝિયા** સંતતિ ન હોય તેવાં **ગણ** ગુણ (અહીં) ઉપકાર; **બાયડી** સ્ત્રી; **લીરો** વસ્ત્રનો ટુકડો; **બચળાં** બચ્ચાં; **હિજરાવું** ઝૂરવું, બળ્યા કરવું.

## રૂઢિપ્રયોગ

**હાથફેરો કરવો** ચોરી કરી બધી જ વસ્તુઓ લઈ જવી; **ખાતર પાડવું** ચોરી કરવી; **સોપો પડી જવો** શાંતિ છવાઈ જવી; **છોભીલું પડવું** શરમ, સંકોચ થવો.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ભોજાએ રહેઠાણમાં શું બનાવ્યું હતું ?

(2) ભોજો કઈ વાતથી દુઃખી હતો ?

(3) પસાયતો શા કારણે ભોજાને મારતો ?

(4) ખીજડિયા ટેકરાનો લોકો શો ઉપયોગ કરતા ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ભોજાએ રાત્રિએ શો નિર્ણય કર્યો ? તેનું શું પરિણામ આવ્યું ?

(2) પોસ્ટ-માસ્તરના જીવનમાં શી ઘટના બની ?

(3) ભોજો પોસ્ટ-માસ્તરનો ઉપકારી શી રીતે બન્યો ?

(4) પોસ્ટ-માસ્તરની પત્નીએ પોસ્ટ-માસ્તરને શો ઠપકો આપ્યો ? તેનો પોસ્ટ-માસ્તરે શો જવાબ વાળ્યો ?

(5) ભોજાએ ઇનામમાં શી માગણી કરી ? શા માટે ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'ખીજડિયે ટેકરે' પાઠમાંની બનેલી ઘટનાનું વર્ણન કરો.

(2) 'ખીજડિયે ટેકરે' પાઠના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(3) નોંધ લખો :

1. ભોજાની વાડા ઉછેરપ્રવૃત્તિ

2. ભોજાએ કરેલું મનોમંથન



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ટૂંકીવાર્તાનાં સંપાદનો મેળવીને તેમાંની વાર્તાઓ વાંચો.
- ગામની આજુબાજુમાં રહેતા કૂબાવાસીઓની મુલાકાત લો.
- કવિ કરસનદાસ માણેકની ગઝલ 'મને એ જ સમજાતું નથી.....' તમારા શિક્ષક પાસેથી મેળવીને સમજો.

## ભાષા-અભિવ્યક્તિ

ગ્રામ પરિવેશમાં ગરીબીથી સબડતા માનવીનું દયનીય આલેખન કરતી આ વાર્તામાં ખરાબ કાર્ય કરતા મજબૂર માણસમાં પણ હૃદયની કેટલી અમીરાત હોય એ વાત અહીં કલાત્મકરૂપે મુકાઈ છે. 'ટાઢ પડવી'ને બદલે 'ખાબકી' જેવી શબ્દપ્રયુક્તિ ગદ્યને પ્રભાવક પરિમાણ બક્ષે છે દા.ત., 'કાજળ ઘૂંટ્યું હોય એવી કાળી ડીબાંગ રાતે એ કાજળ-રંગ જોડે', ઠંડીની અસર વીંછીની વેદના સાથે સરખાવી મૂકે છે. ભોજો ગરીબીમાં પત્ની માટે વસ્ત્ર ખરીદી શકે તેમ નથી. એ કંગાળ સ્થિતિમાં પોસ્ટ-માસ્તર પુત્રપ્રાપ્તિના આનંદને ખોઈ શોકમગ્ન બને છે. અહીં બંને ચરિત્રમાં દુ:ખ, વેદના અને દર્દનું દર્શન પ્રગટ થાય છે.

ભોજાના ચરિત્રને ઉઠાવ આપવા લેખક 'ભોજો તડબૂચોની વચ્ચે ચાડિયાની જેમ ઊભો હતો.' તો વાર્તામાં મડિયાની વર્ણનશક્તિ પણ સુપેરે પ્રગટે છે, જેમ કે, 'બાળકને ઠીકઠીક ઊંડાણમાં દાટી માથે મીઠું ભભરાવી ઉપર પૂર્વવત્ પથ્થરો અને ધૂળ વેરી સૌ રસ્તે પડ્યા' અહીં શાબ્દિક ચિત્ર ઊપસી આવે છે. લેખકની સંવાદછટા પણ પ્રગટે છે જેમ કે, ''જીવતું બાળક ત્યાંથી નીકળ્યું ? આ કોઈ ખવીસની રમત તો નહિ હોય ?'' તો પાત્ર મનોમંથનનું નિરૂપણ કલાત્મક રીતે આલેખન પામ્યું છે. ''લૂગડું ઉતારીને છોકરું પાછું હતું એમ ધરબી દઉં ? આ વિચાર આવતાં તો આવી ગયો, પણ એની ભયંકરતાથી ભોજો પોતે જ ધ્રૂજી ઊઠ્યો. 'મારે કેટલા ભવ કાઢવા છે તી આવી બાળહત્યાનું પાતક માથે લઉં...!'' ખૂબ ટૂંકા વાક્યમાં વ્યક્ત થતી ભાવાભિવ્યક્તિ નોંધો. 'ઝટ ઈનામ માગી લે, ભોજા' આમ, આ વાર્તા દ્વારા જીવનમૂલ્ય વ્યક્ત થાય છે.

''બસ ? માગીમાગીને આટલું જ માગ્યું ?''

''માગું તમારી મોટા માણહની મહેરબાની...''

આમ, વાર્તા લાક્ષણિક ઢબે કલાત્મક બની.

## શિક્ષક-પ્રવૃત્તિ

- ચોર-લૂંટારાના હૃદયપરિવર્તનની વાર્તા વિદ્યાર્થીઓને કહો.
- નવલિકામાં આવતા તળપદા શબ્દોનો ચાર્ટ તૈયાર કરાવો.
- વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની મુલાકાતે લઈ જાઓ.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 3 દમયંતી સ્વયંવર



**પ્રેમાનંદ**

**(સમય : ઈ.સ. સત્તરમી સદી)**

ઉત્તમ આખ્યાનકાર તથા માણભટ્ટ કવિ પ્રેમાનંદનો જન્મ વડોદરામાં થયો હતો. 'રામાયણ', 'મહાભારત' તેમજ પૌરાણિક ગ્રંથોનો અભ્યાસ કરીને, એમાંથી કથાવસ્તુ લઈને તેમણે આખ્યાનો રચ્યાં. મધ્યકાળમાં પ્રેમાનંદે આખ્યાનને નવું જ રૂપ આપ્યું. માણ ઉપર થાપ આપીને, પઠન, ગાયન તેમજ અભિનય દ્વારા લોકસમુદાયમાં રસની આગવી જમાવટ કરવામાં પ્રેમાનંદ મોખરે રહ્યા. 'ઓખાહરણ', 'ચંદ્રહાસાખ્યાન', 'અભિમન્યુઆખ્યાન', 'સુદામાચરિત્ર', 'કુંવરબાઈનું મામેરું', 'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'દશમસ્કંધ' વગેરે આખ્યાનો દ્વારા પ્રેમાનંદે ગુજરાતી આખ્યાન-કવિતાને સમૃદ્ધ કરી છે. વર્ણન, પાત્રાલેખન, રસનિરૂપણ, ભાષાકર્મ - એમ વિવિધ દૃષ્ટિએ પ્રેમાનંદનાં આખ્યાનો ગુજરાતી ભાષાની વિશિષ્ટ સંપદા બની રહેલ છે. કથા તેમજ કાવ્યનો સુભગ સમન્વય એમાં જોવા મળે છે. માણ દ્વારા કથા કરવામાં તેઓ કુશળ હતા, કલાકાર હતા. માનવમન તેમજ માનવસ્વભાવની તેમને ઊંડી પરખ હતી. આખ્યાન રજૂ કરતી વખતે એક રસમાંથી બીજા રસમાં સરકી જઈને, ગજબની જમાવટ કરી શકતા હતા. આખ્યાનો દ્વારા તેમણે લોકશિક્ષણનું કામ કર્યું હતું. પ્રજાકીય સંસ્કારવારસાને પોષવાનું, સાચવવાનું તેમજ સંવર્ધિત કરવાનું કામ તેમણે કર્યું. ઉત્તમ આખ્યાનકાર ને કવિ હોવાને કારણે તેઓ 'કવિ શિરોમણિ'નું સન્માન પામ્યા છે.

ભીમક રાજાએ પુત્રી દમયંતીનો સ્વયંવર યોજ્યો છે, જેમાં ચારેય દેવો નળરૂપે જ ઉપસ્થિત થતાં દમયંતી આકરી કસોટીમાં મુકાઈ જાય છે - તેની મતિ મૂંઝાઈ જાય છે. પ્રેમાનંદે દમયંતીના સૌંદર્યની લાલસા ધરાવતા દેવોને અતિ પામર, પશુવત્ વ્યવહાર કરતા દર્શાવ્યા છે. અહીં દેવોના પારસ્પરિક છળકપટને અદ્ભુત રીતે નિરૂપીને કવિએ શ્રોતાઓનું જબરું મનોરંજન કર્યું છે. દમયંતી દેવોને ત્યજીને નળરાજાને વરમાળા પહેરાવે છે. નળ-દમયંતીનાં લગ્ન થાય છે અને એ જ સમયે કળિ અને દ્વાપરને પણ નારદે જ દમયંતીને પરણવાની અભીપ્સા જગાડીને પરણવા મોકલેલા, કિંતુ દમયંતી પરણી જતાં હતોત્સાહી થયેલો કળિ, સત્તા-સમૃદ્ધિ-ઐશ્વર્યની ટોચે પહોંચેલા નળ-દમયંતીના સુખને સાંખી-જીરવી શકતો નથી અને તેથી એક સંધ્યાકળે પગ ધોતા નળની પાની થોડી કોરી રહી જતાં તેના શરીરમાં પ્રવેશીને તેની બુદ્ધિ ભ્રષ્ટ કરવામાં સફળ થાય છે. જેની સુંદર કથા અહીં સુપેરે આલેખન પામી છે.

---

મન ઇચ્છા નૈષધરાય તણી, કન્યા ગઈ નળરાય ભણી;
જુએ તો ઊભા છે નળ પંચ, કન્યા કહે, 'આ ખોટા સંચ. 1
હંસનું કહ્યું અવરથા ગયું, નળનાથનું વરવું રહ્યું !
એક નળ સાંભળિયો ધરા, આ કપટી કો આવ્યા ખરા. 2
પાંચે નળ ચેષ્ટા કરે, 'લાવ હાર' કંઠે આગળ ધરે;
તવ દમયંતી થઈ ગાભરી, વિપરીત દેખી પાછી ફરી. 3
આવી જાહાં પિતા ભીમક, 'અરે તાતજી જુઓ કૌતક;
હું એક નળને આરોપું હાર દીઠા પંચ ને પડ્યો વિચાર. 4
ભીમક કહે, 'આશ્ચર્ય ન હોય, તું વિના પંચ ન દેખે કોય !
શકે દેવતા તાં નિરાધાર, થઈ આવ્યા નળને આકાર. 5
એ પરીક્ષાઃ નિમિષ નહિ ચક્ષ, વિરજ વસ્ત્ર, ઊભા અંતરિક્ષ;
વાત સાંભલી ભીમકતણી, કન્યા આવી પંચ નળ ભણી. 6
પિતાએ મારગ દેખાડ્યો, નારીએ નર શોધી કાઢ્યો;
દમયંતી જેમ વરવા જાય, ધસી ઇન્દ્ર નળ આગળ થાય. 7
એકએકને આગળ કરે, લેવા માલ કંઠ આગળ ધરે;
સંચ ન આવે રે ફરી, તવ દમયંતી થઈ ગાભરી. 8



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઈન્દ્રે મનમાં શાપ્યો હુતાશન, વાંદરાના જેવું વદન;
અગ્નિએ જાણ્યું ઈન્દ્રનું કાજ, 'રીંછમુખો થજો મહારાજ'. 9
વરુણે શાપ મનમાં દીધો, જમને માંજારમુખો કીધો;
ધર્મ અંતર ઈચ્છયું એવું, વરુણનું મુખ થયું શ્વાનના જેવું. 10
રીંછ, વાંદર, શ્વાન, માંજાર, કન્યા કહે, 'વર રુડા ચાર !'
ઈન્દ્રરાય વામી એમ ભણે, 'આધાવેષ માંડ્યો આપણે.' 11
જમ કહે, 'કાં હસાવો લોક,' શાપ કીધા માંહેમાંહે ફોક;
દમયંતી વિચરે વળી, 'સમાન શોભે પંચનળી. 12
કોહોને વરીએ, કોહોને ઉવેખીએ, વરમાળા કોહોને આરોપીએ ?'
જોવા મળીઆ રાજકુમાર, એક નળ દેખે નિરધાર. 13
બુદ્ધિવાન નારી છે ઘણું, માન મુકાવે દેવતા તણું;
ચારેને પૂછે કરી પ્રણામ, 'તમારા તાતનાં શાં શાં નામ ?' 14
લોભ વિષે ગમ્યો નવ પાપ, 'વીરસેન પાંચનો બાપ !'
કન્યા વળતી કરને ઘસે, સખી સામું જોઈ જોઈ હસે. 15
સખી કહે, 'શું ઘેલાં થયાં ? શું કપટરૂપને વળગી રહ્યાં ?
બીજા પુરુષ રૂપનાં ધામ, સાંભળો કહું દેશદેશનાં નામ.' 16
દેશ સકળ નરેશનાં નામ, દાસી કહે વર્ણવી ગુણગ્રામ;
તોયે કન્યાને ન ગમ્યું કોય, ફરી પંચ નળને જોય. 17
'હું હું નળ,' પાંચે ઊચરે, પણ કન્યા કોહોને નવ વરે.
નારદજી અંતરિક્ષ આવીઆ, ઈંદ્રાણી આદિ તેડી લાવીઆ. 18
ચારે દેવની ચારે નાર, ગગને દીઠી ભરથાર;
લજ્જા પામ્યા લોભ ઘણું, એ કારજ નારદ તણું ! 19
કન્યાએ દીઠી દેવાંગના, એમ જાણીને માંડ્યા વના :
'અમે અલ્પ જીવ કરૂપ, તમો ભારેખમ ભવના ભૂપ. 20
અમો જમ-જરાથી ત્રાસીએ, પૂજનિક તમને ઉપાસીએ;
તમે અમને ભીમક રાજાન્, હું તમને પુત્રી સમાન.' 21
એવું કહીને ભરિયાં ચક્ષ, લાજ્યા દેવ થયા પરતક્ષ;
ઈન્દ્ર, વરુણ, વહ્નિ, જમરાય, શોભ્યો મંડપ, જે જે થાય. 22
નળને તે થયા તુષ્ટમાન, દેવ કહે, 'માગો વરદાન';
બે બે વર આપે સુરરાજ, સહેજે નળનું સરિયું કાજ. 23
કમળમાળ આપી સુરરાય, 'લક્ષ વર્ષ નવ સુકાય';
અશ્વમંત્ર આપ્યો રજન, 'દિન એકે હીંડે શત જોજન.' 24
કહે અગ્નિ, 'નહિ દાઝે તુંય, જાંહાં સમરે તાંહાં પ્રગટું હુંય.'
ધર્મ કહે, 'ભોગવે રાજભોગ, ત્યાં લગી નહિ પૂરમાં રોગ. 25
જે કરશે તારી કથા-વાચના, તેને ન હોય જાચજચના.'
વરુણ કહે, 'સાંભળ નળરાય, સૂકું વૃક્ષ નવપલ્લવ થાય. 26
સમર્યું જળ ઊપજે તત્કાળ,' આઠે વર પામ્યો ભૂપાળ.
પછે દમયંતીને આપ્યો વર, 'અમૃતસ્રાવિયા હજો તારા કર.' 27



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સર્વેસ્તુતિ કીધી દેવતાતણી, વિમાને બેસી ગયા સ્વર્ગ ભણી;
દમયંતી હરખી તત્કાળ, નળને કંઠે આરોપી માળ. 28
સાધુ રાજા સર્વે રહ્યા, અદેખવા ઊઠીને ગયા;
વરકન્યા પરણ્યાં રીત કરી, ભીમકે પહેરામણી ભલી ભરી. 29
લાડકોડ પહોંત્યાં આપણાં, નળને વાનાં કીધાં ઘણાં;
નળ-દમયંતી બંને જાય, વોળાવી વળ્યા ભીમકરાય. 30
ગાજતેવાજતે નળરાજા વળ્યા, એવે કળિયુગ-દ્વાપર સામા મળ્યા,
વરવા વૈદર્ભી નારદે મોકલ્યા, આવે ઉતાવળા શ્વાસે હલફલ્યા. 31
બેઠો મહિષ ઉપર કળિકાળ, કંઠે મનુષના શીશની માળ;
કરમાં કાંતું લોહશણગાર, શીશ સઘડી ધીકે અંગાર. 32
જઈ વરું દમયંતી રૂપનિધાન,' જુએ તો મળી સાહામી જાન;
કન્યાએ વર જાણ્યો વર્યો, કલિ ક્રોધે પાછો ફર્યો. 33
જો નળે હું પરણવા દીધો નહિ, તો આજથી લાદું પૂંઠે થઈ.'
નળરાજા આવ્યો પુર વિષે, કર રાજ્ય નારીશું સુખે. 34
ભોગવે ભોગ નાનાવિધ પેર, સ્વર્ગનું સુખ પામે ઘેર;
પ્રભુ-પત્નીને વધ્યો પ્રેમ, સાચવે તે બહુ સત્ય ને નેમ. 35
ચારે વર્ણ પાળે કુલધર્મ, ચાલે યજ્ઞાદિકનું કર્મ;
તેમે કલિજુગનું ચાલે નહિ, હીંડે છોડી જોતો જહીં તહીં. 36
નગર પૂંઠે ફેરા બહુ ખાય, પણ સત્ય આગળ પ્રવેશ ન થાય;
સહસ્ર વરસ વહીને ગયાં, દમયંતીને બે બાળક થયાં. 37
જુગ્મ બાલક સંગાથે પ્રસવ્યાં, પુત્ર-પુત્રી રૂપે અભિનવાં;
નળ-દમયંતી હરખે ઘણું, બાળક વડે શોભતું આંગણું. 38
એક દિવસ નળ ભૂપાળ, મંગાવ્યું જળ, થયો સંધ્યાકાળ;
રહી પાની કોરી ધોતાં પાત્ર, કલિજુગ પામ્યો પેઠાનો લાગ. 39
સંધ્યાવંદન કીધું રાજન, પ્રવેશ કલિનો તેહે સ્થાન;
ત્યમ સેજવા સૂતો ભૂપાલ, સર્વંગે વ્યાપ્યો કલિકાલ. 40

વલણ

કલિકાલ વ્યાપ્યો રાયને, ભ્રષ્ટ થયો નૈષધનો ધણી રે;
'હવે વઢવું પિત્રાઈને,' કલિ ચાલ્યો પુષ્કર ભણી રે. 41

### શબ્દ-સમજૂતી

**નૈષધરાય** નળરાજા; **નિમિષ** આંખનો પલકારો, પળ; **હુતાશન** અગ્નિ; **વહ્નિ** અગ્નિ; **ભૂપાળ** રાજા; **કળિકાળ** કળિયુગનો સમય; **કુલધર્મ** વંશપરંપરાથી ચાલતો આવેલો વિશિષ્ટ ધર્મ-આચાર; **ગાભરી** ભયભીત; **વિરજ** સ્વચ્છ; **વરુણ** પાણીનો અધિષ્ઠાતા દેવ; **જમરાય** મૃત્યુનો દેવતા; **મહિષ** પાડો; **પેર** પ્રકાર, ભાતભાતના; **પુષ્કર** નળ રાજાના પિતરાઈ ભાઈ; **જાચજચના** યાચકવૃત્તિ; **સેજવા** પથારી; **પાગ** પાત્ર.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) દમયંતી પોતાના પિતા આગળ કઈ મૂંઝવણ રજૂ કરે છે ?

(2) સ્વર્ગમાંથી કયા-કયા દેવ સ્વયંવરમાં આવ્યા છે ?

(3) ભીમક રાજા દેવોને ઓળખવા દમયંતીને શી યુક્તિ બતાવે છે ?

(4) કળિયુગને નળના શરીરમાં પ્રવેશવાનો મોકો શી રીતે મળ્યો ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ચારેય દેવોએ એકબીજાને શા-શા શાપ આપ્યા ?

(2) નળ અને દમયંતીનો પ્રસન્ન દાંપત્યપ્રેમ વર્ણવો.

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) દેવોએ નળ અને દમયંતીને પ્રસન્ન થઈને કયાં કયાં વરદાન આપ્યાં ?

(2) 'દમયંતી સ્વયંવર' કડવાની કથા તમારા શબ્દોમાં લખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- પ્રેમાનંદનું 'નળાખ્યાન' મેળવીને વાંચો.
- દમયંતીની ચતુરાઈ વિશે નોંધ લખો.
- દ્રૌપદી સ્વયંવરનો પ્રસંગ મહાભારતમાંથી વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

'પાંચે નળ ચેષ્ટા કરે, 'લાવ હાર' કંઠ આગળ ધરે;
તવ દમયંતી થઈ ગાભરી, વિપરીત દેખી પાછી ફરી.'

પ્રેમાનંદના આખ્યાનમાં કથારસ જમાવવાની, હૃદયભાવને નિરૂપવાની અને વિગતો સાથે જીવંત રીતે વર્ણનો કરવાની શક્તિ અદ્‌ભુત રીતે વ્યક્ત થાય છે. ઉપર્યુક્ત પંક્તિમાં આ સર્વ બાબતોની સાથે એક શબ્દચિત્ર પણ ઊપસી આવે છે.

આખ્યાનમાં ભાષા-અભિવ્યક્તિની સાથે આંગિક અભિવ્યક્તિ પણ ખૂબ સહજ હોય છે અને તે એમાં પૂરક થાય છે. 'લાવ હાર' પંક્તિમાં આવતા શબ્દો આંગિક અભિનયને વ્યક્ત કરે છે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- સીતા સ્વયંવરની વાત રામાયણને આધારે વિદ્યાર્થીને કહો.
- આખ્યાનકવિ પ્રેમાનંદનો સવિસ્તર પરિચય કરાવો.
- ગાયન, વાદન અને નર્તન સાથેનાં આખ્યાનનું શાળામાં આયોજન કરો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 4 સત્યાગ્રહાશ્રમ



**વિનોબા ભાવે**

**(જન્મ : 11-09-1895; અવસાન : 15-11-1982)**

વિનોબા ભાવેનું મૂળ નામ વિનાયકરાવ ભાવે હતું. તેમનો જન્મ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના ગાગોદા ગામમાં થયો હતો. તેમના પિતાને વડોદરામાં નોકરી હોવાથી જીવનના આરંભનાં વર્ષો ગુજરાતમાં વીત્યાં. ત્યાર બાદ યુવાનીમાં ગૃહત્યાગ કરીને ગાંધીજીની સ્વાતંત્ર્યની લડતમાં જોડાવાને કારણે ફરીથી ગુજરાતમાં વસવાટ કરવાનો આવ્યો. વિનોબાજી અનેક ભાષાઓના જાણકાર હતા. બધી ભારતીય ભાષાઓ તેમને આવડતી હતી. તેમને નાનપણથી જ વાંચવાનો શોખ હતો. તેમણે અનેક વિષયો પર પુસ્તકો લખ્યાં જેમાં 'ગીતા-પ્રવચનો', 'કુરાનસાર', 'શિક્ષણવિચાર', 'ભારતીય સંસ્કૃતિ', 'વિજ્ઞાન અને અધ્યાત્મ'ને મુખ્ય ગણાવી શકાય. તેમણે ભૂદાનયાત્રા નિમિત્તે ભારતભ્રમણ કરીને ગરીબો માટે હજારો એકર જમીન એકત્ર કરેલી. તેઓ ગાંધીજીના આધ્યાત્મિક વારસદાર હતા.

આમ તો વિનોબા એ આત્મકથા નથી લખી. તેમના જીવનપ્રસંગોનું 'અહિંસાની ખોજ' નામે સંકલન થયેલું છે, તેમાંથી આ પ્રકરણ લેવાયું છે. વિનોબા ગાંધીજીના અનુયાયી કેવી રીતે બન્યા તેનું બયાન છે. આ ઉપરાંત કોચરબ આશ્રમમાં એક ઉત્તમ આશ્રમવાસી તરીકે કેવી નામના મેળવી તેની વાત છે. તો ગાંધીજીના આગ્રહે એક વર્ષની રજા લઈને એ સમયગાળામાં કેવાં ગંજાવર કાર્યો કરી બતાવ્યાં તેનું પ્રેરણાદાયી બયાન છે. આ એકમમાં વિનોબાની એક ચિંતક, કાર્યકર્તા તરીકેની છબી ઊપસે છે.

---

નાનો હતો ત્યારથી જ મારું ધ્યાન બંગાળ અને હિમાલય ભણી ખેંચાયેલું રહેતું. હું બંગાળ અને હિમાલય જવાનાં સપનાંમાં મહાલ્યા કરતો. એક તરફ બંગાળની 'વંદેમાતરમ્'ની ક્રાંતિની ભાવના મને ખેંચતી તો બીજી તરફ હિમાલયનો જ્ઞાનયોગ મને ખેંચતો. હિમાલય અને બંગાળ, બેઉના રસ્તા પર કાશી નગરી પડતી હતી. કર્મસંજોગે હું ત્યાં આવી પહોંચ્યો હતો; પરંતુ ન હું હિમાલય ગયો, ન બંગાળ. પરંતુ મનોમન તો હું એ બંને સ્થળે એકી સાથે પહોંચી ગયો. હું ગાંધીજી પાસે ગયો અને મને એમની પાસે હિમાલયની શાંતિ અને બંગાળની ક્રાંતિ બેઉ સાંપડ્યાં. ત્યાં હું જે પામ્યો, તેમાં ક્રાંતિ અને શાંતિ બંનેનો અપૂર્વ સંગમ હતો.

જ્યારે હું કાશી આવ્યો ત્યારે ત્યાં બાપુના એક ભાષણની ગરમાગરમ ચર્ચા ચાલ્યા કરતી હતી. ત્યાંના હિંદુ વિશ્વવિદ્યાલયમાં બાપુનું આ ભાષણ થયું હતું. એ ભાષણમાં એમણે અહિંસા અંગે ઘણી વાતો સમજાવી હતી. મુખ્ય વાત આ હતી કે નિર્ભયતા વગર અહિંસા ચાલી જ ન શકે. પરમ સેવ્ય અહિંસા છે અને એ નિર્ભયતા વગર આવી ન શકે. એ ભાષણમાં એમણે વિવિધ આભૂષણોથી સજીધજીને આવેલા મહારાજાઓને પણ સારી પેઠે ઝૂડી કાઢ્યા હતા. હું ત્યાં પહોંચ્યો ત્યારે આ ઐતિહાસિક ભાષણને થયે એક મહિનો વીતી ગયો હતો, તોપણ નગરીમાં એનો પ્રભાવ હતો. જ્યારે મેં એ ભાષણ વાંચ્યું ત્યારે કેટલીક શંકાઓ અને પ્રશ્નો મારા મનમાં જાગ્યાં. એટલે આ બધા પ્રશ્નો સામે ધરતો એક પત્ર મેં બાપુના નામે લખ્યો. એમણે એ પત્રનો મને ખૂબ જ સરસ જવાબ આપ્યો.

દસ-પંદર દિવસ પછી ફરી મેં એમને શંકાઓ પૂછી ત્યારે એમનું એક પત્તું આવ્યું કે અહિંસા અંગે જે પ્રશ્નો છે, તેનું સમાધાન પત્રવહેવારથી ન થઈ શકે. એ માટે તો જીવન સાથેનો સ્પર્શ જ જોઈએ. એટલે થોડા દિવસ મારી પાસે આશ્રમમાં આવો અને રહો તો ધીરે ધીરે વાતચીત ચાલતી રહેશે. એમનો આ જવાબ કે 'સમાધાન વાતોથી નહિ, જીવનથી થશે' મને સ્પર્શી ગયો.

એ જવાબની સાથે બાપુએ આશ્રમની એક નિયમ-પત્રિકા પણ મોકલેલી, જે મારા માટે ઓર આકર્ષક હતી. ત્યાં સુધી કોઈ પણ સંસ્થાની આવી પત્રિકા મારા વાંચવામાં ક્યારેય આવી નહોતી. એમાં લખ્યું હતું - 'આ આશ્રમનું ધ્યેય વિશ્વહિત-અવિરોધી દેશસેવા છે અને એના માટે અમે નીચે લખેલાં વ્રતો જરૂર માનીએ છીએ.' નીચે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અપરિગ્રહ, શરીરશ્રમ વગેરે એકાદશવ્રતોનાં નામ લખ્યાં હતાં. મને આ ભારે નવાઈજનક લાગ્યું. મેં તો ઇતિહાસનાં ઘણાં થોથાં વાંચી કાઢેલાં; પરંતુ દેશના ઉદ્ધાર માટે વ્રતોનું પાલન જરૂરી મનાયું હોય એવું ક્યાંય ન ભાળ્યું. આ બધી વાતો તો યોગશાસ્ત્રમાં, ધર્મગ્રંથમાં, ભક્તિમાર્ગમાં આવે છે; પરંતુ દેશસેવા માટે પણ આવશ્યક હોય છે, એ આ પત્રિકામાં હતી. એટલે મારું મન એ તરફ ખેંચાઈ ગયું. આ માણસ દેશની રાજનૈતિક સ્વતંત્રતા અને આધ્યાત્મિક વિકાસ બંને સાથોસાથ સાધવા માંગે છે એવું મને લાગ્યું. મને આવું જ જોઈતું હતું. બાપુએ લખેલું, 'તું અહીં ચાલ્યો આવ.' અને હું બાપુની પાસે પહોંચી ગયો.

એ દિવસ હતો – 7 જૂન, 1916નો. હું અમદાવાદ સ્ટેશને ઊતર્યો. મારી પાસે ઝાઝો સામાન તો કશો હતો નહિ, એટલે જાતે જ ઉપાડી લીધો અને રસ્તો પૂછતાં-પૂછતાં જ ચાલવા માંડ્યો. ઍલિસબ્રિજના રસ્તે ચાલીને સવારે આઠ વાગે આશ્રમે (કોચરબ) પહોંચ્યો. બાપુને ખબર પહોંચાડાઈ કે કોઈ નવા ભાઈ આવ્યા છે. એમણે કહ્યું કે ભલે, નાહી-ધોઈને મને મળવા આવે. નાહી-ધોઈને હું એમની પાસે પહોંચી ગયો. ત્યારે એ શાક સમારતા હતા. મારા માટે આ પણ એવી નવી-નવાઈનું જ દૃશ્ય હતું. રાષ્ટ્રનેતા શાકભાજી પણ સમારે, આવું તો ક્યારેય સુણ્યું નહોતું. એમનાં પ્રથમ દર્શને જ મને શ્રમનો પાઠ મળ્યો. બાપુએ એક ચપ્પુ મારા હાથમાં પણ પકડાવી દીધું. મેં તો એ પહેલાં ક્યારેય શાક સમાર્યું નહોતું; પરંતુ તે દિવસે પાઠ મળ્યો. ત્યાં મને મળેલી આ પ્રથમ દીક્ષા હતી.

પછી શાક સમારતાં-સમારતાં એમણે મારે વિશે પૂછપરછ આદરી. પછી કહે, ''તને જો અહીંની રહેણી-કરણી ગમતી હોય અને તારું જીવન તું જો સેવાકાર્યમાં લગાવવા માંગતો હો તો અહીં રહે. મને એથી ખુશી થશે.'' મારી જિજ્ઞાસા તેઓ પામી ગયા હતા. પછી કહે, ''પણ તમે થોડા માંદલા દેખાઓ છો. આત્મજ્ઞાની કદી માંદો ન પડે.'' - આ બીજો પાઠ ! બાપુએ કહેલી આ વાત હું ક્યારેય ભૂલી  નથી શકતો.

તે દિવસે શાક સમારતાં-સમારતાં જે વાતો થઈ તે થઈ, ત્યાર પછી તો ફક્ત કામકાજ અંગે જ વાતો થતી. બાકીના સમયમાં હું મારા કામમાં ગળાડૂબ રહેતો. બાપુની અનેક લોકો સાથે વાતો ચાલતી રહે એ સાંભળતો રહેતો. બાપુ જાણતા હતા કે છોકરો સદ્‌ભાવનાપૂર્વક આવ્યો છે; પરંતુ બાકી બધાને મન તો હું જડ જેવો માણસ હતો. એક વખતે બાપુની એક ભાઈ સાથેની ગીતાના એક શ્લોક પરની વાતચીત દરમિયાન બાપુ બોલ્યા, ''આ તો ગૌણ ભાષા છે.'' ત્યારે મેં કહ્યું, ''ના, આ તો ભક્તિની ભાષા છે.'' બાપુ બોલ્યા, ''હા, આ વાત બરાબર છે. જ્ઞાનની ભાષા અને ભક્તિની ભાષા.'' આ હતા બાપુ, જેમની પાસે મારા જેવા છોકરડાની વાતને પણ મહત્ત્વ આપી સ્વીકારી લેવાની નમ્રતા હતી. ત્યારે સૌને થયું કે આને પણ બોલતાં આવડે છે.

આમાં એ લોકોનો પણ કાંઈ દોષ નહોતો. ત્યારે હું ભારે લુખ્ખો માણસ હતો. 21 વર્ષનો છોકરો હતો. મારા મિત્રો જાણે છે કે જેને સભ્યતા-શિષ્ટતા, રીતભાત કહેવાય છે, તે મારામાં ખૂબ જ ઓછી હતી. હું કોઈની સાથે બોલતો પણ નહિ. કામમાં ડૂબેલો રહેતો અથવા તો અધ્યયન, ધ્યાન, ચિંતન વગેરેમાં.

એક દિવસે પરોઢિયે ઊઠીને હું મારી ઓરડીમાં ઉપનિષદ બોલી રહ્યો હતો. આશ્રમવાસીઓ સાંભળી ગયા તો એમણે બાપુને સમાચાર પહોંચાડ્યા કે આ તો સંસ્કૃત જાણે છે. પછી બાપુએ પૂછપરછ કરી. વચ્ચે-વચ્ચે તેઓ મને પ્રાર્થનામાં કશું બોલવા કહેતા.

મને બોલવાની ટેવ તો પહેલેથી હતી; પરંતુ ત્યાં બોલવું પડ્યું, એથી ખૂબ લાભ થયો. બાપુની હાજરીમાં બોલવાનું છે, એટલે એક શબ્દ પણ વત્તોઓછો ન થાય એમ જોખીજોખીને બોલવાની તૈયારી કરતો. સમત્વપૂર્વક બોલવાની સારી કસરત મળી. શું કહેવાનું છે તે વિશે કશું પહેલેથી વિચારી ન રાખતો. એ અંગે ભગવાન ઈશુએ આજ્ઞા દઈ જ દીધી છે કે પ્રચારાર્થે જઈએ ત્યારે અગાઉથી શું કહેવું તે વિચારી ન રાખવું, તો ભગવાન જ તમને પ્રેરણા આપશે. વિચારી રાખીને બોલશો તો એ તમારી પોતાની પ્રેરણા મુજબનું હશે. તો મારું આમ ચાલ્યું.

બાપુએ જાણે મારું ઘડતર કરવાનું નક્કી જ કરી લીધેલું. મારી પાસે લોકોને મોકલતા. વર્ધા ગયા પછી જે કોઈ જિજ્ઞાસુ સેવાગ્રામ જતા, તેમને બાપુ પૂછતા કે તમે વિનોબાને મળી આવ્યા ? ના મળ્યા હો તો જરૂર મળો ! એક વખતે બાપુએ એક ભાઈને મારી પાસે મોકલ્યા. એ તો ભારતના એક પ્રખ્યાત ક્રાંતિકારી પુરુષ હતા. બાપુએ કહેલું એટલે પગે ચાલીને ઠેઠ પવનાર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સુધી આવેલા. ત્યારે હું ખેતરમાં ખોદતો હતો. નજર ઉઠાવી જોયું તો એ ભાઈ સામે ઊભા છે. મેં પૂછ્યું – કેમ આવવાનું થયું ? તો કહે – બસ, આમ જ ! દર્શન કરવા આવેલો. પછી તો શું ? બીજી કોઈ વાતચીત ન થઈ. હું પાછો મારા કામે લાગી ગયો. નજર પણ કામ ભણી વળી ગઈ. એ ભાઈ થોડીવાર ઊભા રહ્યા; પરંતુ કાંઈ બોલ્યા-કર્યા નહિ. પાછા જઈને એમણે બાપુ પાસે રાવ ખાધી કે તમે કેવા માણસ પાસે મને મોકલી આપ્યો ? મારી સાથે કશી વાતચીત પણ ના કરી. બાપુ સમજી ગયા. પૂછ્યું - તમે ત્યાં ગયા ત્યારે એ શું કરતા હતા ? જમીન ખોદતા હતા એ જાણ્યું એટલે બાપુ કહે - તો પછી નારાજ થવાની શી જરૂર છે ? વિનોબા પોતાનું કામ કરી રહ્યો હતો, ત્યારે તમારી સાથે બોલે કેવી રીતે ? તમને ખબર નથી કે કોઈને મળવા જવું હોય તો પહેલેથી સમય માંગી લેવો જોઈએ. આમ, બાપુએ એમને તો મનાવી લીધા, પણ પછી જ્યારે મને મળ્યા ત્યારે મને ફટકાર્યો. કહે - ભલા માણસ, કોઈ આવે ત્યારે એને મળવું, એની સાથે વાતચીત કરવી એ પણ એક પ્રકારનું કામ જ છે. આમ, એમના હાથે મારું ધીરે-ધીરે ઘડતર થતું આવ્યું છે. સ્વભાવે હું જંગલી જાનવર જેવો છું. બાપુએ મને પાળીતા પ્રાણી જેવો બનાવ્યો. એમનાં ચરણોમાં બેસીને જ હું અસભ્ય માણસમાંથી સેવક બન્યો છું. બાપુની સાથે રહીને મને સેવાની લગન લાગી. હું સેવાને ભગવાનની પૂજાનું સાધન અને જનતાને મારો સ્વામી માનું છું.

બાપુએ મારી કસોટી કરી હશે કે નહિ, મને નથી ખબર, પણ મેં તો મારી બુદ્ધિપૂર્વક એમની ઘણી પરીક્ષા કરી લીધી હતી અને જો એ પરીક્ષામાં તેઓ ઊણા ઊતરત તો હું એમની પાસે ટકી ન શકત. મારી કસોટી કરીને એમણે મારામાં ગમે તેટલી ખામીઓ જોઈ હશે અથવા જોતા રહેતા હશે, તોપણ તેઓ મને એમની પાસે રાખતા હતા; પરંતુ મને એમની સત્યનિષ્ઠામાં લગીરે ખામી, ઊણપ કે ઓછપ લાગી હોત તો હું એમની પાસે ટકી ન શકત. મેં એવા ઘણા મહાપુરુષો જોયા છે, જેમને પોતાના માટે ભાસ થાય છે કે પોતે મુક્ત પુરુષ છે, પૂર્ણ પુરુષ છે. તોપણ મને એવા કોઈનું આકર્ષણ ન થયું; પરંતુ હરહંમેશ પોતાને અધૂરા માનનારા બાપુનું જ મને અનોખું આકર્ષણ થયા કર્યું. તેઓ તો હંમેશાં કહ્યા કરતા કે હું હજી પૂર્ણ સત્યથી ખૂબ દૂર છું. મારા પર બાપુની જેટલી અસર પડી, એટલી પૂર્ણતાનો દાવો કરનારા બીજા સજ્જનોની ન પડી.

હું બાપુને મળ્યો અને એમના પર મુગ્ધ થઈ ગયો, તે એમની અંતર્બાહ્ય એકતાની અવસ્થા પર. વળી, કર્મયોગની દીક્ષા તો મને બાપુ પાસેથી જ મળી. ગીતામાં તો એ કહ્યું જ છે; પરંતુ એનો સાક્ષાત્કાર થયો, બાપુના જીવનમાં. ગીતાના કર્મયોગનું પ્રત્યક્ષ આચરણ મેં બાપુમાં જોયું. ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો આવે છે. આ વર્ણન આખેઆખું કોઈને લાગુ પડે એવો સ્થિતપ્રજ્ઞ તો શોધવા છતાં મહાન ભાગ્ય હોય તો જ મળે; પરંતુ આ લક્ષણોની નજીક પહોંચેલા મહાપુરુષને મેં મારી સગી આંખે દીઠા.

1917ની વાત છે. હું બાપુ પાસેથી એક વર્ષની છુટ્ટી લઈને બહાર જતો રહ્યો હતો. પહેલાં વાઈમાં રહીને સંસ્કૃતનું અધ્યયન કરવાનો વિચાર હતો. આમ તો ગીતા પર મારો જે પ્રેમ હતો એ કારણે ઘરે જ મારા મિત્ર ગોપાળરાવની મદદ લઈને મેં સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરી દીધો હતો. હવે વેદાંત અને દર્શનોનો અભ્યાસ કરવાનો હતો. વાઈમાં મને આની ઉત્તમ તક મળી. ત્યાં નારાયણશાસ્ત્રી મરાઠે નામના એક આજન્મ બ્રહ્મચારી વિદ્વાન વેદાંત તથા બીજાં શાસ્ત્રો શીખવવાનું કામ કરતા હતા. એમની પાસે ઉપનિષદો વગેરે શીખવાનો ‘લોભ’ થયો અને ત્યાં થોડો વધુ સમય રોકાઈ ગયો.

ત્યાં મેં ઉપનિષદો, ગીતા, બ્રહ્મસૂત્ર અને શાંકરભાષ્ય, મનુસ્મૃતિ, પાતંજલ યોગદર્શન – આટલા ગ્રંથોનો અભ્યાસ કર્યો. તદુપરાંત ન્યાયસૂત્ર, વૈશેષિક સૂત્ર, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ આ ગ્રંથો વાંચી ગયો. પછી વધારે વાંચવાનો મોહ ન રહ્યો. થયું કે હવે હું જાતે જ વધારે વાંચી લઈ શકીશ.

બીજું કામ હતું, તબિયત સુધારવાનું. એ માટે અગાઉ મેં દસ-બાર માઈલ ફરવાનું રાખ્યું હતું. પછી છથી આઠ શેર અનાજ દળવાનું શરૂ કર્યું. પછી ત્રણસો નમસ્કાર શરૂ કર્યાં. એનાથી આરોગ્ય સુધરી ગયું.

આહાર પણ હું વિચારી-કરીને લેતો હતો. પહેલાં છ મહિના સુધી નમક ખાતો, પણ પછી તો તે છોડી દીધું. મસાલો વગેરે બિલકુલ ન ખાતો અને કદી ન ખાવાનું વ્રત પણ લઈ લીધું. દૂધ શરૂ કર્યું. દૂધ વિના બરાબર ચાલી નથી શકતું, એમ પણ ઘણા અખતરા કર્યા પછી સિદ્ધ થયું. એક મહિનો માત્ર કેળાં, લીંબુ અને દૂધ પર કાઢ્યો. શક્તિ ઘટી ગઈ. એટલે આહાર નક્કી કરી લીધો : દોઢશેર દૂધ (60 રૂપિયાભાર), ભાખરી બે (2 તોલા જવારની), કેળા 4-5, લીંબુ 1 (મળી શકે ત્યારે).

સ્વાદ માટે બીજો કોઈ પદાર્થ ખાવાની ઇચ્છા નહોતી થતી, તોપણ હંમેશાં લાગતું રહેતું કે આ ખોરાક પણ ખાસ્સો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અમીરી છે. રોજનો ખર્ચ કુલ અગિયાર પૈસા થતા હતા – કેળાં અને લીંબુ ચાર પૈસા, જુવાર બે પૈસા, દૂધ પાંચ પૈસા.

આમ તો આ બધું હું તબિયતની દૃષ્ટિએ કરી રહ્યો હતો, પણ એમાં એકાદશ-વ્રતોનાં પાલનની દૃષ્ટિ પણ હતી. હું આશ્રમથી દૂર હતો; પરંતુ સત્યાગ્રહાશ્રમના અંતેવાસીની ભૂમિકાએ જ મારો વહેવાર જાળવવાનો મારો પૂરો પ્રયાસ હતો. જેવું અસ્વાદ-વ્રત વિશે, તેવું જ અપરિગ્રહનું. પણ તે વખતે મારી પાસે બહુ થોડો સામાન હતો. લાકડાની થાળી, વાટકો, આશ્રમનો એક લોટો, પંચિયું, કામળો અને પુસ્તકો, આટલો સંસાર હતો મારો. પહેરણ, કોટ, ટોપી વગેરે ન વાપરવાનું વ્રત લીધું હતું. સાળ પર વણેલાં કપડાં જ વાપરતો હતો. એટલે વિદેશી વસ્ત્રોનો તો કોઈ સંબંધ જ ન રહેતો અને સ્વદેશી વ્રતનું પાલન પણ થઈ જતું હતું અને મને વિશ્વાસ છે કે મારી જાણ મુજબ સત્ય-અહિંસા-બ્રહ્મચર્ય આ ત્રણે વ્રતનું પરિપાલન મેં બરાબર કર્યું છે.

આ બધું કરતાં કરતાં, સેવાની દૃષ્ટિએ, બીજાં પણ કેટલાંક કામો કરતો હતો. ગીતાનો એક નિઃશુલ્ક વર્ગ ચલાવ્યો. એમાં છ વિદ્યાર્થીઓને આખી ગીતા અર્થ સાથે સમજાવી. બીજા એક વર્ગમાં ચાર વિદ્યાર્થીઓને જ્ઞાનેશ્વરીના છ અધ્યાય ભણાવ્યા. બે વિદ્યાર્થીઓને નવ ઉપનિષદ શીખવ્યાં. હું પોતે સારું હિન્દી નહોતો જાણતો; પરંતુ હિંદી-પ્રચારની દૃષ્ટિએ રોજ વિદ્યાર્થીઓને સાથે રાખીને હિંદી છાપાં વાંચવાનો કાર્યક્રમ રાખ્યો હતો.

વાઈમાં 'વિદ્યાર્થી-મંડળ' નામની એક સંસ્થા સ્થાપી. એમાં વાચનાલયને મદદ કરવા માટે દળવાનો એક વર્ગ રાખ્યો. એમાં પંદર વિદ્યાર્થી અને હું પોતે એમ સૌ દળતા. જે લોકો ઘંટીએથી દળાવી લાવતા, એમનું કામ બશેરે એક પૈસો લઈ કરવાનું અને એ પૈસા વાચનાલયને આપી દેવાના. મોટા વેપારીઓના દીકરા પણ આમાં જોડાયા હતા. વાઈ પુરાણા વિચારોનું સ્થાનક હોવાને કારણે બધા અમને મૂરખમાં ખપાવી દેતા હતા. તો પણ આ વર્ગ બે મહિના ચાલ્યો. વાચનાલયમાં 400 પુસ્તકો જમા થઈ ગયાં.

આ વર્ષમાં મેં લગભગ 400 માઈલનો પગપાળા પ્રવાસ કર્યો. જ્ઞાનપ્રાપ્તિની દૃષ્ટિએ મહારાષ્ટ્રના ચાર-પાંચ જિલ્લામાં હું પગપાળા ફર્યો. ફરવા પાછળ મારો હેતુ હતો કિલ્લા જોવા (રાયગઢ, સિંહગઢ, તોરણગઢ વગેરે ઇતિહાસ પ્રસિદ્ધ ગઢ જોયા), સંતોનાં સ્થાનોનાં દર્શન કરવાં, સારા લોકોને મળવું અને લોક-નિરીક્ષણ કરવું.

('અહિંસાની ખોજ'માંથી)

### શબ્દ-સમજૂતી

**અહિંસા** મન-વાણી અને કર્મથી પણ કોઈ હિંસા ન કરવાની વૃત્તિ; **બ્રહ્મચર્ય** પાંચેય ઇન્દ્રિયો પર અંકુશ રાખવો તે; **અસ્તેય** જરૂરિયાત કરતાં વધારે વાપરવું તે ચોરી છે તેમ માની તેનું પાલન કરવું; **અપરિગ્રહ** સંગ્રહ ન કરવો તે; **અસ્વાદવ્રત** સ્વાદ વિનાનું ખાવાનું વ્રત; **વેદાંત** વેદોનો અંતિમ ભાગ; **દીક્ષા** ગુરુ પાસેથી વ્રત, નિયમ કે મંત્ર લેવો તે સંન્યાસ, સમર્પણ.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) બાળપણથી જ વિનોબાનું મન કયાં બે સ્થળે જવા તલસતું હતું ?

(2) વિનોબાના બીજા પત્રનો ગાંધીજીએ શો પ્રત્યુત્તર આપ્યો ?

(3) ગાંધીજીના પ્રત્યુત્તરની કઈ વાત વિનોબાને સ્પર્શી ગઈ ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) કાશીમાં ગાંધીજીએ કયા વિષય પર ઐતિહાસિક ભાષણ કર્યું ?

(2) શાક સમારતાં-સમારતાં ગાંધીજીએ વિનોબાને શું કહ્યું ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(3) વિનોબાએ એક વર્ષની રજા લીધી એ દરમિયાન કેવો ખોરાક લેવાનું રાખ્યું ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) એક વર્ષની રજા લઈ વિનોબાએ કયાં કયાં કાર્યો કરી બતાવ્યાં ?

(2) વિનોબાએ ગાંધીજીની કેવી રીતે કસોટી કરી ? તે કસોટીમાં ગાંધીજી કઈ રીતે ખરા ઊતર્યા ?

(3) વિનોબા ભાવેની ભૂદાનયાત્રાનો પરિચય આપો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- વિનોબાના જીવન વિષયક ભીંતપત્ર તૈયાર કરો.
- વિનોબાનાં ધર્મ વિશેનાં પુસ્તકોનું વાચન કરી ચર્ચાસભાનું આયોજન કરો.
- વિનોબાની ભૂદાનયાત્રાનો નકશો તૈયાર કરો.

### શિક્ષક-પ્રવૃત્તિ

- અધ્યાત્મપુરુષ વિનોબા વિશે વિદ્યાર્થીઓને વિશેષ પરિચય આપો.
- વિનોબાના ઘડતરમાં ગાંધીજીની ભૂમિકાની ચર્ચા કરો.
- વિનોબા-સાહિત્યમાંથી ચિંતનાત્મક વિચારો-વાક્યોનું ચયન કરાવો.

''ચાલો આપણે ભૂલી જઈએ કે 'હું હિંદુ છું... તું મુસ્લિમ', અથવા 'હું ગુજરાતી છું... તું મદ્રાસી'. ચાલો આપણે 'હું' અને 'મારું'ને સમગ્ર ભારતીય રાષ્ટ્રીયતામાં એકરૂપ કરી દઈએ. સાથે જ તરવાને કે સાથે જ ડૂબવાને આપણો બહુજન સમાજ કૃતનિશ્ચયી બનશે ત્યારે જ આપણે ખરેખરા સ્વતંત્ર થઈશું''

**– મહાત્મા ગાંધીજી**

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# વ્યાકરણ-લેખન : સાહિત્યસ્વરૂપો

## પદ્ય સાહિત્ય–સ્વરૂપો

**1. આખ્યાન :** આખ્યાનમાં કોઈ પૌરાણિક કથા, અવતારની કથા, પુણ્યશાળી ચરિત્રોની કથા કે ભક્તોની કથામાં લોકભોગ્ય ફેરફારો કરીને કવિ આલેખન કરે છે. એમાં વીર, કરુણ, અદ્ભુત, શૃંગાર, હાસ્ય વગેરે રસોનું વૈવિધ્ય હોય છે. તેના એક પ્રકરણને 'કડવું' નામ અપાય છે. મધ્યકાળમાં કવિ ભાલણે આખ્યાનની શરૂઆત કરી હતી. તે 'આખ્યાનનો પિતા' કહેવાય છે. ત્યાર બાદ નાકરે તેને આગળ વધાર્યું અને પ્રેમાનંદે તેને સૌથી વધારે લોકભોગ્ય બનાવ્યું. પ્રેમાનંદ બધી જ આંગળીઓમાં કરડા પહેરી, તાંબાની મોટી માણ પર આ કરડા (વીંટી) વડે સંગીત નિષ્પન્ન કરીને, લોકવૃંદ સમક્ષ આખ્યાન ગાતા હતા.

આપણા પુસ્તકમાં આવાં પ્રચલિત આખ્યાનોમાંથી 'દમયંતી-સ્વયંવર' એકાદ કડવું એકમ તરીકે સમાવાયું છે.

**2. પદ :** મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું ઊર્મિકાવ્ય એટલે પદ એમ કહેવામાં કંઈ બાધ નથી. એમાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની વાતો મુખ્ય હોય છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, ગંગાસતી, પાનબાઈ, ધીરો, ભોજો, ધનો, રાજે વગેરેએ અઢળક પદો રચ્યાં છે. નરસિંહનાં પદો પ્રભાતિયાં તરીકે વિશેષ જાણીતાં છે.

**3. મધ્યકાળનાં અન્ય સ્વરૂપો :** મધ્યકાળમાં એટલે કે નરસિંહ મહેતાથી શરૂ કરીને છેક દયારામ સુધીના સમયગાળામાં ભક્તિ સાહિત્ય પુષ્કળ રચાયેલું છે. આ ભક્તિ સાહિત્યમાં અખાના છપ્પાઓ, શામળની પદ્યવાર્તાઓ, ભોજાના ચાબખાઓ, ધીરાની કાફીઓ, દયારામની ગરબીઓ મુખ્ય છે. આ સિવાય રાસ, ધોળ, આરતી વગેરેની રચનાઓ પણ આ સમયે થઈ હતી.

**4. ખંડકાવ્ય :** 'ખંડકાવ્ય' આમ તો સંસ્કૃત સંજ્ઞા છે. સમગ્ર કથાપ્રસંગના કોઈ એકાદ ખંડનું વર્ણન એટલે ખંડકાવ્ય. ખંડકાવ્યમાં પ્રકૃતિનું આલેખન હોય છે. તેમાં છંદોનું પણ વૈવિધ્ય (વિવિધતા) હોય છે. ગુજરાતી સાહિત્યમાં કવિ 'કાન્ત' 'ખંડકાવ્યના પિતા' કહેવાય છે. નરસિંહરાવ દિવેટિયા, કલાપી, ન્હાનાલાલ, ખબરદાર અને બોટાદકર પાસેથી પણ ખંડકાવ્યો મળ્યાં છે. આધુનિકોમાં રા. વિ. પાઠક, સુંદરમ્, ઉમાશંકર જોશી, મનસુખલાલ ઝવેરી, સુંદરજી બેટાઈ, મેઘાણી, કૃષ્ણલાલ શ્રીધરાણી, પ્રહ્લાદ પારેખે પણ છૂટક છૂટક ખંડકાવ્યો રચ્યાં છે.

**5. સૉનેટ :** ઈટાલી દેશમાં ઉદ્ભવેલો આ ઊર્મિકાવ્ય પ્રકાર અંગ્રેજી સાહિત્યમાંથી ગુજરાતીમાં આવ્યો છે. સૉનેટ ચૌદ પંક્તિનું હોય છે. શિખરિણી, મંદાક્રાન્તા, હરિણી, સ્રગ્ધરા, પૃથ્વી, શાર્દૂલવિક્રીડિત જેવા અક્ષરમેળ છંદોમાં તે રચાય છે. બ. ક. ઠાકોરે ગુજરાતીમાં પ્રથમ સૉનેટ 'ભણકારા' રચ્યું હતું. સૉનેટ આજે ઓછાં લખાય છે.

**6. અન્ય :** અન્ય પદ્ય સ્વરૂપોમાં જાપાનમાંથી ઊતરી આવેલો કાવ્યપ્રકાર હાઈકુ છે. 5-7-5 અક્ષરોની ગોઠવણીથી રજૂ થતો વિચાર ચિંતનપ્રદ બની રહે છે. 'સ્નેહરશ્મિ'નું નામ હાઈકુ માટે જાણીતું છે. એક જ કડીમાં સંપૂર્ણ એક વિચાર આપ્યો હોય તેવો પદ્ય પ્રકાર મુક્તકનો છે. બહુ જ મોટો ગોરંભાયેલો વિચાર બે જ લીટીના શબ્દોમાં જાણે ઠાંસી ઠાંસીને મુક્તકમાં ભરેલો હોય છે. એવું જ બે પંક્તિના દુહામાં હોય છે.

**7. ગઝલ :** વિદેશી સાહિત્યપ્રકાર છે. તે અરબી અને ફારસી ભાષામાંથી ગુજરાતીમાં ઊતરી આવી છે. ગઝલમાં પ્રેમ, વિરહ, પ્રભુભક્તિ વગેરે વિષયો મુખ્ય હોય છે. તેના મુખ્ય બે પ્રકારો છે - 'ઇશ્કેહકીકી' એટલે ઈશ્વર તરફનો પ્રેમ અને 'ઇશ્કેમિજાજી' એટલે પ્રિયતમા તરફનો સ્નેહ. તેની પ્રત્યેક પંક્તિ શેર કહેવાય છે. ગઝલનો પહેલો શેર મત્લા અને છેલ્લો શેર મક્તા કહેવાય છે.

## ગદ્ય સાહિત્ય–સ્વરૂપો

**1. નવલકથા :** નવલકથામાં અનેક બનાવો અને તેના અનેક ખંડો હોય છે. તેને અંગ્રેજીમાં 'Novel' કહે છે. થોડા વધારે વિસ્તારવાળી - લાંબી કથાવાર્તા એટલે નવલકથા એમ કહી શકાય. ઈ. સ. 1866માં શ્રી નંદશંકર મહેતાએ 'કરણઘેલો' નવલકથા લખી. તેને પ્રથમ નવલકથાનું માન મળ્યું છે. નવલકથા કલ્પનોત્થ સાહિત્યપ્રકાર છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**2. નવલિકા :** નવલિકા એટલે ટૂંકીવાર્તા. જીવનના કોઈ રહસ્યને ઓછામાં ઓછા બનાવોથી, ઓછામાં ઓછા શબ્દોમાં, વાર્તાશૈલીએ નિરૂપવું તે. આજની ટૂંકીવાર્તાનો પ્રારંભ કંચનલાલ વાસુદેવ મહેતા 'મલયાનિલ'ની 'ગોવાલણી' વાર્તાથી થયો હતો.

**3. નાટક :** સાહિત્યમાં બધાં જ સ્વરૂપોમાં નાટક એક વિશિષ્ટ સ્વરૂપ છે. તેમાં તેના સર્જક, અભિનેતાઓ અને પ્રેક્ષકો એમ ત્રણની અપેક્ષા હોય છે. તે મોટેભાગે ભજવવા માટે મોટેભાગે લખાય છે. નવલકથા જેમ મોટી વાર્તા છે, તેમ નાટકમાં વિસ્તૃત વૃત્તાંત હોય છે. નાટકનું નાનું સ્વરૂપ એટલે એકાંકી. સમય અને વૃત્તાંત બંને રીતે તેમાં ટૂંકાણ હોય છે.

**4. નિબંધ :** નિબંધ એટલે નિઃ બંધ. કોઈ પણ પ્રકારના બંધન વિના જે-તે વિષય પર વિચારો રજૂ કરવા એનું નામ જ નિબંધ. કલ્પના, અવલોકન અને મૌલિક વિચારો એ નિબંધનાં લક્ષણો છે. 'મંડળી મળવાથી થતા લાભ' એ પ્રથમ નિબંધ લખી નર્મદે શુભારંભ કર્યો હતો. વર્તમાનપત્રો અને સામયિકોમાં નિબંધ સ્વરૂપ વિશેષ પ્રયોજાય છે. નિબંધને પુષ્ટિ આપવા તેમાં ગદ્ય-પદ્ય અવતરણો મૂકવામાં આવે છે, જેનાથી વાચકને પણ આનંદ મળે છે.

**5. જીવનચરિત્ર :** વ્યક્તિના જીવનની સમગ્ર ઘટનાઓનો ઈતિહાસ એટલે જીવનચરિત્ર. જાણીતી વ્યક્તિઓ વિશે આપણે ત્યાં ઘણાં જ જીવનચરિત્રો લખાયાં છે. એક જ વ્યક્તિ વિશે એકથી વધારે વ્યક્તિઓ દ્વારા પણ જીવનચરિત્રો લખાય છે.

**6. આત્મકથા :** વ્યક્તિ પોતાના જીવનની ઘટનાઓ પોતે જ વર્ણવે, એનું આલેખન કરે તે પ્રકાર એટલે આત્મકથા. આત્મકથા પૂરી લખી શકાતી નથી. તે જીવનનાં અમુક વર્ષોની કથા જ બની રહે છે. 'મારી હકીકત' એ પ્રથમ આત્મકથા નર્મદે લખી હતી. ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વિશ્વવિખ્યાત બની છે.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 5 રામબાણ

ધના ભગત

(સમય : 18મું શતક)

ભક્તિ કરતાં કરતાં ભજન રચનાર ધના ભગત ધોળા જંકશન, તાલુકો ઉમરાળાના વતની હતા. આખું નામ ધના કેશવ કાકડિયા હતું. પૂર્વાશ્રમમાં તેઓ લેઉઆ પટેલ સમાજના હતા. આજે ધોળા (જિ. ભાવનગર) મુકામે તેમની સમાધિ છે. એમના જીવન વિશે ખૂબ ઓછી માહિતી પ્રાપ્ત થાય છે. એમનું અવસાન ઈ. સ. 1775માં થયું હતું.

અહીં રામબાણ એટલે પ્રભુની ભક્તિનું બાણ. અર્થાત્ પ્રભુભક્તિમાં ઘાયલ લીન-તલ્લીન. રામબાણ એ તપનું તીર-ભક્તિભરેલું છે. એ જે જાણે છે તે જ માણે છે. સિંહણનું દૂધ તો સિંહબાળને જ ઝરે તેમ પ્રભુના પ્રેમીઓને જ રામબાણ વાગે ને !! આનો સ્થાયી રસ તો મયૂરધ્વજ રાજા જેવા જ પામી શકે. હા, અહીં ધ્રુવ, પ્રહ્લાદ, શુકદેવ, મીરાં, નરસિંહ જેવાની કથા—કેવી રીતે રામબાણ વાગ્યાં તેનું નિરૂપણ છે. પોતાની વેદના જ જાણે કે ઈશ્વર અનુસંધાનની સંવેદના બને છે. અહીં રામબાણ વેદના નહિ; પરંતુ વરદાનરૂપ છે. જે ઈશ્વરના નામે ઓળઘોળ કરે, એના માટે જ જીવે, એના માટે જ મરે આ સમર્પણ અ-સાધુઓમાં થોડું સાંપડે ? રામબાણ વાગ્યા વિના મીરાં ઝેર કેવી રીતે પીએ ? મયૂરધ્વજના મસ્તક પર કરવત શી રીતે ફરે ?

---

રામબાણ વાગ્યાં હોય તે જાણે ! પ્રભુનાં બાણ વાગ્યાં હોય તે જાણે;
ઓલ્યા મૂરખ મનમાં શું આણે ? રામબાણ વાગ્યાં હોય તે જાણે.

ધ્રુવને લાગ્યાં, પ્રહ્લાદને લાગ્યાં, તે ઠરીને બેઠા રે ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવજીને લાગ્યાં, એ તો વેદ-વચન પ્રમાણે.

મોરધ્વજ રાજાનું મન હરી લેવા હરિ આવ્યા જે ટાણે;
લઈ કરવત મસ્તક પર મેલ્યું, પત્ની-પુત્ર બેઉ તાણે.

મીરાંબાઈ ઉપર ક્રોધ કરીને, રાણોજી ખડ્ગ જ તાણે;
વિષના પ્યાલા ગિરધરલાલે આરોગ્યા એ તો અમૃતને ઠેકાણે.

નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી, ખેપ ભરી ખરે ટાણે;
આગળ સંત અનેક ઓધાર્યા, એવું ધનો ભગત ઉર આણે.

### શબ્દ-સમજૂતી

**ધ્રુવ** સ્થિર, નિશ્ચિત, (અહીં) ઉત્તાનપાદનો પુત્ર; **પ્રહ્લાદ** હિરણ્યકશિપુનો પુત્ર; **શુકદેવ** વ્યાસનો પુત્ર; **મોરધ્વજ (મયૂરધ્વજ)** એક પૌરાણિક રાજા, મયૂરધ્વજ; **ખડ્ગ** તલવાર; **હૂંડી** નાણાંની આપ-લે માટેની; ચિઠ્ઠી; **ખેપ** સફર; **ઓધાર્યા** ઉદ્ધાર કર્યો.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) 'રામબાણ' શબ્દનો અર્થ જણાવો.

(2) મૂરખ મનમાં શું જાણતો નથી ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(3) વેદવાણીમાંથી શી હકીકત પ્રાપ્ત થાય છે ?

(4) ધના ભગત હૃદયમાં શી ધારણા બાંધે છે ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) હરિ શા માટે આવ્યા ? તેણે શું જોયું ?

(2) મીરાંબાઈ ઉપર રાણાજીએ શા માટે ક્રોધ કર્યો ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) રામબાણ કોને કોને વાગ્યાં છે ? તેની શી અસરો થઈ છે ?

(2) 'રામબાણ' પદનો મર્મ તમારા શબ્દોમાં લખો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ધ્રુવ, પ્રહ્‌લાદની વાર્તા વડીલો પાસેથી સાંભળો.
- આપણા ભક્તોનાં જીવનચરિત્રોનો સંગ્રહ કરી અંક તૈયાર કરો.
- રામ વિશેની કવિતાઓ એકઠી કરો.

### ભાષા-અભિવ્યક્તિ

'ધ્રુવને લાગ્યાં, પ્રહ્‌લાદને લાગ્યાં, તે ઠરીને બેઠા રે ઠેકાણે.'

મધ્યકાળનાં ભજનોમાં પણ પ્રાસ કે વર્ણસગાઈ કેવાં સહજ રીતે ગોઠવાઈને સુચારુ અભિવ્યક્તિ કવિ સિદ્ધ કરે છે, તે નોંધો. અર્ધપંક્તિમાં 'કર્મ' (બાણ) અધ્યાહાર છે. 'તે' સર્વનામ છે. 'ઠરીને બેઠા રે ઠેકાણેમાં કઠોર 'ઠ' વર્ણનું આવર્તન નોંધો. 'ઠરીને' એટલે સ્થિર થઈને જ નહિ, પણ પાણીમાંનો ડહોળો ઠરી જાય ને નિર્મળ જળ ઉપર રહે એ રીતે, વૃત્તિઓ શમી જાય ને વિવેકશીલ થવાય એ રીતે. 'ઠેકાણે શબ્દને પણ પંક્તિના અર્થ સંદર્ભમાં માણો.

### શિક્ષક-પ્રવૃત્તિ

- રામકૃપા પામેલા ભક્તોની કથા વર્ગમાં કહો.
- ભક્ત અને ભગવાન વિષયક સંવાદનું આયોજન કરો.
- ધના ભગતનાં અન્ય પદ મેળવીને કંઠસ્થ કરાવો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 6 ઉછીનું માગનારાઓ



નટવરલાલ પ્રભુલાલ બુચ

(જન્મ : 19-10-1906; અવસાન: 9-1-2000)

ગુજરાતી કવિ અને હાસ્યકાર શ્રી નટવરલાલ પ્ર. બુચનો જન્મ ગોંડલ (સૌરાષ્ટ્ર)માં થયો હતો. બી.એ., એમ.એ.ની ઉપાધિ ફર્ગ્યુસન કૉલેજ, પૂણેથી પ્રાપ્ત કરી. ત્યારબાદ પ્રારંભે દક્ષિણામૂર્તિ, ઘરશાળા અને ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં અંગ્રેજી શિક્ષક, ઉપનિયામક તેમજ લોકસેવા મહાવિદ્યાલય, લોકભારતી સણોસરામાં પ્રાધ્યાપક અને ઉપનિયામક રહ્યા.

મુખ્યત્વે હાસ્યનિબંધો, હાસ્યરસનાં કાવ્યો અને પ્રહસનો લખ્યાં. 'રામરોટી પહેલી', 'રામરોટી બીજી ઉર્ફે બનાવટી ફૂલો', 'રામરોટી ત્રીજી', 'છેલવેલ્લું', 'હળવાં ફૂલ', 'કાગળનાં કેસૂડાં' એમનાં નોંધપાત્ર પુસ્તકો છે. એમના હાસ્યનિબંધોમાં વિષય વૈવિધ્યની સાથે ઊંડાણ પણ છે. સહજ, સરળ છતાં હાસ્યવૃત્તિ એમાં જોવા મળે છે. ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક પ્રાપ્ત થયું છે. દર્શક ફાઉન્ડેશન તરફથી એમને દર્શક એવૉર્ડ આપી સન્માનિત કરાયા છે.

લેખકે માનવજીવનનો બારીકાઈથી અભ્યાસ કરેલો આ કૃતિ ઉપરથી જોઈ શકાય છે. જીવનમાં કોઈ પણ વ્યક્તિ શોષણનો ભોગ ન બન્યું હોય એવું ભાગ્યે જ બને એટલે કે શોષક-શોષિત જેવા બે વર્ગો વર્ષોથી અસ્તિત્વ ધરાવે છે. ઉછીનું માગનારા લોકોને માન-સન્માન કે ઈજ્જત જેવું ખાસ નથી હોતું. તેઓ નિઃસંકોચપણે માગવા માટે જ ટેવાયેલા હોય છે. લેખકે પોતાના અંગત જીવન સાથે સંકળાયેલા બે-ત્રણ પ્રસંગોની વાત રમૂજી શૈલીમાં રજૂ કરી છે. જેઓ માગવા માટે ટેવાયેલા હોય તેઓ નાની કે ક્ષુલ્લક વસ્તુની જ માત્ર માગણી કરતા નથી. તેઓ કૅમેરા-રેડિયો જેવી મહત્ત્વની વસ્તુ માગતાં પણ અચકાતા નથી. આખી જિંદગી માગીને જ પૂરી કરતા હોય છે. આવા લોકોની મહત્ત્વની વાત એ બતાવી છે કે તેઓ પાસે કોઈ વસ્તુની માગણી કરો તો ના પાડવા માટે હજાર બહાનાં હોય; તેઓ કદી એક વસ્તુ કોઈને આપતા નથી.

ઉછીનું માગનારાઓ કયા પ્રકારની માનસિકતા ધરાવતા હોય છે જેને લેખક ઉદાહરણ આપીને, રમૂજી શૈલીમાં, સરળ ભાષામાં સમજાવે છે.

---

સામાન્ય માન્યતા એવી છે કે માનવજીવનમાં શોષણ માત્ર આર્થિક ક્ષેત્રમાં જ ચાલે છે; શોષક-શોષિતનાં દ્વંદ્વ માત્ર આર્થિક ક્ષેત્રમાં જ જોવા મળે છે. આ માન્યતા સાચી નથી. માનવજીવનનાં બીજાં પાસાંઓમાં પણ નિરંતર શોષણ ચાલે છે. ત્યાં પણ શોષક-શોષિતનાં દ્વંદ્વ જોવામાં આવે છે. ઉછીનું માગનાર અને ઉછીનું આપનાર એ આવું એક શોષક-શોષિત દ્વંદ્વ છે. આ વિભાગ નૈસર્ગિક અને અફર છે : શોષક શોષક જ રહે છે, શોષિત શોષિત જ રહે છે.

ઉછીનું માગનારાઓ લગભગ અ-પરિગ્રહી પણ યાચક વૃત્તિવાળા, ધૃષ્ટ, નિર્લજ્જ અને બેદરકાર હોય છે. ઉછીનું માગનારા શોષકો પરોપજીવી વનસ્પતિની માફક પોતે ઉછીનું માગવા સિવાયની બીજી કશી તકલીફ લીધા વિના બીજાને ભોગે જ જીવનારા હોય છે. સવારથી સાંજ સુધીમાં સેંકડો ચીજોની તેમને જરૂર પડે છે, પણ તે બધી જ તેઓ ઉછીની માગીને જ ચલાવે છે. મીઠા-મરચાથી શરૂ કરી ઘી કે એલચી-કેસર સુધીની અસ્થાયી ચીજો અને ટાંકણીથી શરૂ કરી કૅમેરા કે રેડિયો સુધીનાં રાચ તેઓ આપણી પાસે નિઃસંકોચ ઉછીનાં માગી શકે છે. તે પાછાં લાવવાની જવાબદારી પણ આપણા માથે જ રહે છે; અને તે પણ પાછાં માગીએ ત્યારે મળે જ તેમ નહિ—દસબાર આંટા તો તેઓ આપણને ખવરાવે જ અને અધીરા જીવના કહે તે તો લાભમાં. દુનિયામાં જેમ સંત પુરુષો ગણ્યાગાંઠ્યા જ હોય છે તેમ ઉછીનું લઈ જનારાઓમાં અસ્થાયી વસ્તુ સારી જાતની અને લીધી હોય તેટલી જ અને સ્થાયી રાચ ભાંગ્યા-તોડ્યા વિના તેવી ને તેવી હાલતમાં, વગરમાગ્યે, ટાણાસર આપી જનાર વિરલ હોય છે.

ઉછીનું માગનાર ઉછીનું આપતા નથી. ક્યારેક, ભૂલેચૂકે આપણે તેમની પાસે કાંઈ ઉછીનું માગવા જઈએ ત્યારે અચૂક એમનું દૂધ બગડી ગયું કે વપરાઈ ગયું જ હોય છે; ચા-ખાંડ સવારે જ ખલાસ થયાં હોય છે; ઘી તો તેઓ જ આપણી પાસે માગવા આવવાનો વિચાર કરતા હોય છે; ઉછીના રૂપિયા તો શું એક નવો પૈસો પણ ઘરમાં હોતો નથી અને ચપ્પુ કે ખાંડણીદસ્તો ક્યાંક મુકાઈ ગયેલાં જ કે રોકાયેલાં જ હોય છે !

ઉછીનું માગનારાઓની ધૃષ્ટતાનો એક દાખલો આપું. અમારા પાડોશમાં એક લવંગીબહેન રહેતાં. અમારા ઘરમાં ટ્રંક-



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પેટી વગેરે રાખવા માટે લોખંડનાં સારાં મજબૂત સ્ટૅન્ડ છે. લવંગીબહેનની નજર તે પર પડી. એક દિવસ મારી પત્નીને કહે, ''બહેન, આ તમારા લોખંડના ઘોડા ઉછીના વાપરવા અમને આલો; તમારે જોઈએ તો બદલામાં હું તમને ઈંટો આલું.'' કહો ! કેવી ધૃષ્ટતા ! તમારા ઘોડા સાટે મારો ગધેડો રાખો ! મારી પત્નીના મનમાં આશ્ચર્ય અને ગુસ્સાના ભાવો જાગ્રત થયા પણ આખરે સંયમ રાખી તેણે શાંતિથી કહ્યું, ''લવંગીબહેન, અમે અમારા ઘોડાથી રોડવી લઈશું; ઈંટો ભલે તમારી પાસે જ રહી.''

ઉછીનું માગનારાઓની નજર ગીધ જેવી હોય છે. ગીધ જેમ તાજા મરેલા જાનવરને સૌ પહેલું ભાળે છે તેમ આડોશી-પાડોશીના ઘરમાં કોઈ નવી ચીજવસ્તુ આવે કે તરત તે આવા ઉછીનું માગનારાની નજરે સર્વપ્રથમ પડે છે. તેઓ એમ જ માનતા હોય છે કે એ વસ્તુ તેમને પોતાને માટે જ આવી છે. ગિધુભાઈ-મેનાબહેન દંપતી ઘણાં વર્ષો સુધી અમારાં પાડોશી રહ્યાં. એમનું ખરેખર સ-જોડું હતું કારણ બંને ઉછીનું માગી જીવનાર શોષકવર્ગીય પ્રાણી હતાં. તેઓ રોજ અમારે ત્યાં દસ-વીસ વાર કાંઈ ને કાંઈ ઉછીનું માગવા આવે જ. કોઈ નવી વસ્તુ, કાંઈ નવું રાચ મેં ખરીદ્યું હોય તે તેઓ તુરત જ જુએ અને બોલી ઊઠે, 'સારું થયું, લો; અમારે આના વિના ઘણી આપદા પડતી. હવે કાયમનું સુખ થઈ ગયું !'' અમારે ત્યાં એક પણ નવી વસ્તુ એવી નહિ આવી હોય જેનો પ્રથમ ઉપયોગ, જેનો ઉદ્‌ઘાટનવિધિ આ દંપતીએ નહિ કર્યો હોય ! આજ અમારી પાસે અમારી જરૂરિયાત કરતાં બમણાં દાળદાણા, મરીમસાલા, સાધન-સામગ્રી અને રાચરચીલું છે તે અમારાં આ પડોશીદંપતીને આભારી છે. તેઓ પાડોશમાં રહ્યાં ત્યાં સુધી અમે તેમને માટે દરેક ચીજવસ્તુ લાવી સાચવનારા ટ્રસ્ટીઓ જ રહ્યાં, તેઓ જે કાંઈ ઉછીનું લઈ જાય તે કાંઈ મળે તો પાછું આપી જાય જ નહિ; તેથી કેટલીક વસ્તુઓ અમારે તેમની ગણતરીએ વધારે લાવવી પડતી. જો તેમ ન કરતાં તો એવા કેટલાયે પ્રસંગો આવતા જ્યારે અમારી વસ્તુઓ એ લોકો ઉછીની લઈ જતાં અને ખરે ટાણે અમે તેના વિના 'ઠચ્યાં' રહેતાં. આ કારણથી આજે અમે પૂર્ણ પરિગ્રહી જ નહિ પણ બેવડા પરિગ્રહવાળાં થઈ ગયાં છીએ. અમારી પાસે બે કુટુંબોને ઉપયોગમાં આવી શકે તેટલાં ગણા મરી-મસાલા, ગાદલાં-ગોદડાં, ઠામવાસણ, અરે, પેન-ઘડિયાળ સુદ્ધાં છે. પણ મને લાગે છે કે આ હકીકત મેં કહી દીધી તે ભૂલ કરી. મને ભય લાગે છે કે, આપણા સમાજમાં ઠેરઠેર વસતાં ઉછીનું માગી જીવનારાં પરોપજીવીઓ મને ખાસ પત્ર લખી-અલબત્ત, પાડોશી પાસેથી પોસ્ટકાર્ડ ઉછીનું માગીને કે પછી નૉટપેડ-મારી પાસેથી આ બધી વસ્તુઓ ઉછીની મંગાવશે. ખેર ! થયું તે થયું !'

ઉછીનું માગનારાઓની એક ખાસિયત એ હોય છે કે તેઓ ઉછીની લીધેલી વસ્તુઓ બેપરવાહીથી વાપરે છે, કારણ કે તે તેમની હોતી નથી અને પછી જ્યારે વસ્તુ ભાંગેતૂટે ત્યારે કાં તો તે વસ્તુનો દોષ કાઢે છે અથવા આપણો.

થોડાં વર્ષો પહેલાં નારંગીનો રસ કાઢવાના નવી જાતના કાચના સંચા નીકળેલા. અમારા માટે આવો સંચો અને થોડી નારંગી હું લાવ્યો. ગીધદૃષ્ટિ ગિધુભાઈ અને મીનીદૃષ્ટિ મેનાબહેન તે દેખી ગયાં. તુરત જ તેમણે કહ્યું, ''હં ને-આ શું રસ કાઢવાનો સંચો લાવ્યા ? લાવો તો, જરા જોઈએ તો ખરાં કે કેવું કામ આપે છે ! બે નારંગી પણ ઉછીની આપજો.'' સંચો અને નારંગી લઈ ગયાં.

થોડી વારે ગિધુભાઈ આવ્યા ને કહે, ''ભલા ભાઈ, આવો જાપાનીઝ માલ ન લેતા હો તો ? પેલા સંચા વડે મેનાએ ચમચોક રસ માંડ કાઢ્યો હશે ત્યાં તો મેનાના હાથમાંથી સંચો નીચે પડ્યો અને ટુકડેટુકડા થઈ ગયો ! હવે બીજો લાવો ત્યારે બ્રિટિશ બનાવટનો લાવજો. જોઈએ તો મને સાથે લઈ જજો. હું પેલા હાસમ કટલરીવાળાને ત્યાંથી સારો ને સસ્તો અપાવીશ.'' મેં કહ્યું, ''ગિધુભાઈ, સંચો તો અસલ બ્રિટિશ બનાવટનો હતો; પણ મેનાબહેનનો હાથ જાપાનીઝ ખરો !''

ગિધુભાઈ કહે, '' અરે, ના, રે ના; એ તો મને પણ પીસી નાખે એવી છે. બાકી સંચામાં તડ પહેલેથી જ હશે. દુકાનકારે તમને નુકસાનીનો માલ ફટકાર્યો.'' મેં માલ બરાબર જોઈ-તપાસીને જ લીધેલો વગેરે દલીલો નિરર્થક લાગી તેથી હું મૂંગો જ રહ્યો. આવી તો અમારી કેટલીય વસ્તુઓ ઉછીનું માગનારાઓએ ટાળી નાખી છે. દરેક વખતે વાંક વસ્તુનો અને એવી વસ્તુ લાવવા બદલ મારો.

અમારી ઘણીખરી ચીજોની માલિકી અમારી, પણ કબજો ગિધુભાઈ દંપતીનો રહેતો. તેઓ જોઈતી વસ્તુ ઉછીની માગી જાય અને પાછી આપી જવાની વાત નહિ. પરિણામે જરૂર પડ્યે અમારે તે તેમને ત્યાં માંગવા જવું પડતું. પણ તેનો ઉપયોગ અમે પૂરો કર્યો ન કર્યો ત્યાં તો તેમની ફરી માગણી આવી જ હોય !

અમારું શાક સુધારવાનું ચપ્પુ આ રીતે મોટે ભાગે તેમને ત્યાં જ રહેતું. હવે ચપ્પુ જેવી ચીજની વારંવાર જરૂર પડે જ. એટલે ચપ્પુની અમારી વચ્ચે ઠીક માગામાગ રહેતી. આખરે કંટાળીને અમને કંઈક તેમને શરમાવાના ઈરાદાથી એક વખત એક નવું જ ચપ્પુ ખરીદી લાવી મેં તેમને કહ્યું, ''ગિધુભાઈ-મેનાબહેન, લ્યો આ ચપ્પુ. તમારે અમારી પાસે રોજ માગવા આવવું પડે તે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કરતાં, મને થયું, એક ચપ્પુ બીજું લાવી તમને આપી રાખું. હવે આ નવું તમે રાખજો અને પેલું અમે વાપરશું.''

મેં માન્યું કે આટલું કર્યા પછી તેઓ બંને ભોંઠાં પડશે અને હાલતાં ને ચાલતાં ચીજો ઉછીની માંગવાનું બંધ નહિ કરે તો પણ ઓછું તો કરી જ નાખશે, પણ મારી માન્યતા ખોટી ઠરી. તેમણે લેશમાત્ર શરમાયા વિના, કશી આનાકાની કર્યા વિના, ચપ્પુ સ્વીકારી લીધું–કેમ જાણે પોતે જ મગાવ્યું હોય અને હું લાવ્યો હોઉં ! અને મને કહ્યું, ''ઠીક કર્યું, તમે અમારી એક તકલીફ ઓછી કરી.''

આટલે સુધી તો ઠીક, પણ પછી ચોર કોટવાળને દંડે તેવું તેમણે કર્યું. થોડા દિવસ પછી એક સવારે ગિધુભાઈએ મને પોતાને ત્યાં બોલાવ્યો અને મેં જ લાવીને ભેટ આપેલ પેલું ચપ્પુ અર્ધું પાનું ભાંગેલ મને બતાવીને કહ્યું, ''આ જોયું ? મેના અત્યારે આનાથી, પેલાં કાંતાબહેનને ત્યાંથી ઉછીનું લાવેલ આખું કોળું કાપતી હતી ત્યાં અચાનક તેનું પાનું બટકી ગયું અને ચપ્પુ તેના હાથમાંથી છટકી સામી બાજુ ઊડી પડ્યું. સારું થયું કે તેથી વિરુદ્ધ દિશામાં ન ઊડ્યું, નહીંતર તે સીધું મેનાની છાતીમાં જ ખૂંપી જાત ! ભલા ભાઈ, આવું અજાણી બનાવટનું ન લાવ્યા હોત તો ? હવે નવું લઈ આવો ત્યારે મને સાથે લઈ જજો; હું પેલા હાસમ કટલરીવાળાને ત્યાંથી સારું, સસ્તું અપાવીશ.'

મેં કહ્યું, ''ગિધુભાઈ, ચપ્પુ તો પેલી ખૂબ જાણીતી બનાવટનું હતું.'' અને પછી વાતાવરણ હળવું બનાવવાની ઈચ્છાથી હસીને મેં કહ્યું, ''ચાલો, ચપ્પુ ભાંગ્યું તો ભલે ભાંગ્યું, પણ તમારું ઘર ભાંગતું બચી ગયું તેની ખુશાલીમાં આજ તો ચા પાઓ.'' મેનાબહેન ઉત્સાહમાં આવી બોલ્યાં ''જરૂર, જરૂર'' અને પછી થોડા દિવસથી પોતાને ત્યાં આવેલી તેમની ભાણીને કહે, ''ભાણી, જા તો બહેન, કાકાને ત્યાં જઈ કાકીને ચા પીવા બોલાવી લાવ; અને તેમને કહેજે કે સાથે થોડાં ઉછીનાં ચા-ખાંડ અને કપરકાબી-ગળણી લાવે અને-રહે તો, જરા જોઈ લઉં; હાં, અરધો શેર દૂધ પણ ઉછીનું લેતાં આવે.'' મેં જરા ધીમેથી ઉમેર્યું, ''અને, ભાણી સાથેસાથે બાકસ અને પિન પણ લાવે તેમ કહેજો જેથી ફરી આંટો ન થાય.'' મેનાબહેને કહ્યું, ''હા, હા, તમે ઠીક યાદ દીધું. બાકસ અને પિન તો તમારે ત્યાંથી ઉછીનાં લાવેલ પડ્યાં છે; પણ બાકસમાં દીવાસળી નથી અને પિનમાં વાલો નથી.'' કહેવાની જરૂર ન હોય કે પ્રાઈમસ તો અમારી પાસેના બેમાંનો એક તેમને ત્યાં કાયમ ઉછીનો રહેતો અને કેરોસીન તો અત્યાર સુધીમાં તેઓ ડબ્બામોઢે ઉછીનું લઈ ગયેલાં.

ઉછીની વસ્તુ માગ્યા કરવાના સ્વભાવવાળા આપણી પાસેથી કોઈ પણ વસ્તુ માગી શકે છે; તેમાં તેમને વિવેક હોતો નથી. રેશમી કે જરીભરતનાં કપડાં, કીમતી કૅમેરા, મૂલ્યવાન ઘરેણાં–ગમે તે તેઓ બેધડક માગી શકે છે અને આપવાની આનાકાની કરીએ તો શરમાવીને કે પરાણે પણ લઈ જાય છે. અરે, ઉછીની આવરદા માગનારનો એક કિસ્સો મેં સાંભળ્યો છે. અમારા ગામમાં ઘણાં વર્ષ અગાઉ એક ડોશીમા થઈ ગયાં. જન્મારો આખો બીજાની વસ્તુઓ ઉછીની માગીને જ રહેલાં તેથી લોકો તેમને 'ઉછી ડોશી' જ કહેતાં. ઉછી ડોશી 80-85 વરસની ઉંમરે પહોંચેલાં. મરણપથારીએ પડ્યાં. એક ભલો આધેડ ઉંમરનો વૈદ્ય તેમની દવા કરે. ડોશીનો અંતકાળ નજીક જાણી વૈદ્યે તેમને કહ્યું, ''માજી, કાંઈ ઈચ્છા હોય તો પૂરી કરી લો, અને રામનામ લો.''

ડોશીએ ક્ષીણ અવાજે વૈદ્યને પાસે બોલાવી ધીમે-ધીમે તેના કાનમાં કહ્યું, ''વૈદ્ય બેટા, મારા મોટા છોકરાના વચલા દીકરાનો નાનો છોકરો દોઢેક વર્ષમાં પરણવા જેવડો થશે. બેટા, તારે આગળપાછળ ઉલાળધરાળ જેવું કાંઈ નથી. બેટા, જો તારી બે વરસની આવરદા ઉછીની આપે તો ચોથી પેઢીને પરણેલી જોઈ મરું.'' વૈદ્યરાજ તો સ્તબ્ધ જ થઈ ગયા અને અકસ્માત કહો તો અકસ્માત અને ચમત્કાર કહો તો ચમત્કાર પણ તે જ રાતમાં હૃદય બંધ પડવાથી વૈદ્યરાજ વિદેહ થયા અને સવારથી ડોશીને વળતાં પાણી થયાં. તે પછી ઉછી ડોશી ખાસ્સાં બે વર્ષ જીવ્યાં અને દીકરાના દીકરાના દીકરાને પરિણીત જોઈ શક્યાં. પાંચમી પેઢી જોવાની વાસના ડોશીને હતી જ. પણ ફરી વાર જ્યારે માંદાં પડ્યાં ત્યારે કુટુંબી કે વૈદ્યડૉક્ટર કોઈ તેમના ખાટલા પાસે ફરક્યું નહિ. રખે ડોશી આવરદા ઉછીની માગે !

('રામરોટી બીજી')

### શબ્દ-સમજૂતી

**ગીધદષ્ટિ** સૂક્ષ્મ-ઝીણી; નજર **કબજો** નિયંત્રણ, કાબૂ; **શોષિત** શોષાયેલું; **ધૃષ્ટ** નકામું; **પરિગૃહી** ભેગું કરનાર; **શોષક** શોષણ કરનાર; **ઈન્દ્ર** બેનું જોડું (અહીં ઝઘડો); **યાચક** માગણ; **ઉલાળધરાળ ન હોવું** આગળ-પાછળની ચિંતા ન હોવી; **ઠઠ્યા રહેવું** લાચારી ભોગવવી, સમસમી જવું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) લેખકે ઉછીનું માગનારા લોકોને કેવા ક્યા છે ?

(2) જગતમાં કયો દ્વંદ્વ અનુભવાય છે ?

(3) ઉછીનું માગનાર શી જવાબદારી આપે છે ?

(4) ઉછીનું માગનારમાં કયો ગુણ હોતો નથી ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઉછીનું માગનારની નજર કેવી છે ? શા માટે ?

(2) કઈ કઈ વસ્તુઓ ઉછીની લઈ લોકો જીવનવ્યવહાર ચલાવે છે ?

(3) લેખક પડોશી દંપતીનો આભાર શા માટે માને છે ?

(4) ઉછીનું માગનારમાં વિવેક હોતો નથી એવું લેખકને કેમ લાગે છે ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) ઉછીનું માગનારાના સ્વભાવની ખાસિયતો તમારા શબ્દોમાં લખો.

(2) 'ઉછીનું માગનારા' નિબંધના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'અણગમતાં પાડોશી' વિષય પર હાસ્યનિબંધ લખો.
- તમારા મહોલ્લામાં ઉછીનું માગનારા કોઈ હોય તો તેનું નિરીક્ષણ કરી તેના વિશે લખો.
- પ્રાર્થનાસભામાં આ વિષયના જોક્સ કહો.

## ભાષા-અભિવ્યક્તિ

'ઉછીનું માંગનારાઓ લગભગ અ-પરિગ્રહી પણ યાચક વૃત્તિવાળા, ધૃષ્ટ, નિર્લજ્જ અને બેદરકાર હોય છે' એમ કહી લેખકે જે વર્ણન કર્યું છે તે અને 'ઉછીનું માગનાર ઉછીનું આપતા નથી' કહી જે વર્ણન કર્યું છે તે બંનેમાં લેખકનો વ્યંગ વિનોદ અને માનવસ્વભાવને જોવા-પરખવાની નિરીક્ષણ શક્તિ છે.

'ઉછીનું માગનારાઓની નજર ગીધ જેવી હોય છે.' - 'અમે તેમને માટે દરેક ચીજ-વસ્તુ લાવી સાચવનારા ટ્રસ્ટીઓ જ રહ્યા.' આ બંને વિધાન જોઈએ તો તેમાં ઉછીનું માંગનારા 'ગીધ' ને ઉછીનું આપનારા 'ટ્રસ્ટી' એવી જે ઉપમા પ્રયોજી છે તેમાં વ્યક્ત થતો કટાક્ષ સમજી શકાય છે.

'અમે પૂર્ણ પરિગ્રહી જ નહિ પણ બેવડા પરિગ્રહવાળા થઈ ગયા છીએ.' - વાક્યમાં લેખકે વ્યક્ત કરેલ કરુણ હાસ્યવિનોદ ઉજાગર થાય છે. તો વળી, 'સંચો તો અસલ બ્રિટિશ બનાવટનો હતો, પણ મેનાબહેનનો હાથ જાપાનીઝ ખરો !' વાક્યમાં કટાક્ષમય હાસ્ય ખૂબ સહજ રીતે અભિવ્યક્ત થાય છે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- 'હાસ્ય-જીવન સંજીવની' વિષય પર નિબંધ તૈયાર કરાવો.
- 'ઉછીનો વ્યવહાર : યોગ્ય કે અયોગ્ય ?' વિષય પર વર્ગખંડમાં જૂથ ચર્ચા કરો.
- શાહબુદ્દીન રાઠોડ કૃત 'વનેચંદનો વરઘોડો' કેસેટ-સીડી વિદ્યાર્થીઓને સંભળાવો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 7 શ્યામ રંગ સમીપે



**દયારામ**

**(જન્મ : ઈ.સ. 1777; અવસાન : 1852)**

દયારામનો જન્મ નર્મદાકાંઠે આવેલા ચાણોદ ગામમાં થયો હતો. એમણે ત્રણ વાર ભારતનાં તીર્થધામોની યાત્રા કરી હતી અને વૈષ્ણવ સંપ્રદાયની ઘણી રચનાઓ કરી હતી; પરંતુ આ ભક્તકવિએ લખેલી કૃષ્ણલીલાની ગરબીઓ ગુજરાતી સાહિત્યમાં અજોડ છે. એમની ગરબીઓમાં ભાવની મધુરતા છે અને એને અભિવ્યક્ત કરતી ભાષા રસભરી અને મીઠી છે. ઢાળની વિવિધતાથી આ ગરબીઓ ખૂબ લોકપ્રિય બની છે. ગરબીઓ ઉપરાંત એમણે કેટલાંક આખ્યાનો અને ભક્તિનો બોધ આપતાં પદો પણ લખ્યાં છે. સુકુમાર ભાવો, લયવૈવિધ્ય, ચિત્રાત્મકતા અને નાદમાધુર્ય એમની કવિતાની વિશેષતા છે. જિંદગીભર અપરણિત રહેલા આ કવિએ પોતાનું સમગ્ર જીવન કૃષ્ણભક્તિમાં સમર્પી દીધું હતું.

દયારામનાં 'ગરબી' સંજ્ઞાથી ઓળખાતાં ઘણાં પદોમાં કૃષ્ણ અને ગોપીના મધુર સંવાદ દ્વારા પ્રેમભક્તિનું નિરૂપણ થાય છે. આ ગરબીમાં કવિએ કૃષ્ણ પ્રત્યેના ગોપીના પ્રેમભાવને કૃત્રિમ રોષની વાણીમાં વ્યક્ત કર્યો છે. ગોપીનું મન કૃષ્ણમય હોવાથી તેને કાળા રંગની વસ્તુઓમાં કૃષ્ણ દેખાય છે અને તેથી એનો ત્યાગ કરવાનો ગોપી સંકલ્પ કરે છે, પણ આવો સંકલ્પ લાંબો સમય ટકવાનો નથી તેવું બયાન પણ તરત જ કરે છે. કારણ કે કૃષ્ણ સાથેના પ્રેમભાવને છોડવા મન તૈયાર થતું નથી. કાવ્યના અંતમાં પ્રગટ થતા ચાતુર્યથી કાવ્યમાં ચોટ સધાય છે. ગોપીનો કૃત્રિમ રોષ લાંબો સમય ટકતો નથી—સ્નેહભાવ વધે છે.

---

શ્યામ રંગ સમીપે ન જાવું,
મારે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું.
જેમાં કાળાશ તે તો સૌ એકસરખું,
સર્વમાં કપટ હશે આવું. મારે...
કસ્તૂરી કેરી બિંદી તો કરું નહિ,
કાજળ ના આંખમાં અંજાવું. મારે...
કોકિલાનો શબ્દ હું સૂણું નહિ કાને,
કાગવાણી શકુનમાં ન લાવું. મારે...
નીલાંબર કાલી કંચુકી ના પહેરું,
જમનાનાં નીરમાં ન ન્હાવું. મારે...
મરકત-મણિ ને મેઘ દૃષ્ટે ના જોવા,
જાંબુ-વંત્યાક ના ખાવું. મારે...
દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો,
મન કહે જે પલક ના નિભાવું. મારે...

### શબ્દ-સમજૂતી

**શકુન** શુકન; **નીલાંબર** નીલા રંગનું વસ્ત્ર; **કંચુકી** કાંચળી, કમખો; **મરકત-મણિ** નીલા રંગનો મણિ, નીલમ; **વંત્યાક** વેંગણ, રીંગણાં; **નીમ** નિયમ, વ્રત.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ગોપી કયો નિયમ લે છે ?

(2) 'આજ થકી'નો શો અર્થ કરશો ?

(3) ગોપી શેમાં સ્નાન કરવાની ના પાડે છે ? શા માટે ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) શ્યામ રંગની પાસે નહિ જવાનો નિયમ પોતે નહિ પાળી શકે એવું ગોપીને શા માટે લાગે છે ?

(2) કવિને બધી કાળી વસ્તુઓમાં કપટનો ભાવ શા માટે જોવા મળે છે ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) ગોપી શ્યામ રંગની કઈ કઈ વસ્તુઓનો ત્યાગ કરે છે ?

(2) ગોપી શ્યામ રંગની નજીક જવાની શા માટે ના પાડે છે ?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- દયારામનાં કૃષ્ણવિષયક પદોનો પ્રૉજેક્ટ બનાવો.
- આ પદનું સમૂહગાન કરો.
- દયારામનાં અન્ય પદો તમારા શિક્ષક પાસેથી સાંભળો.

## ભાષા-અભિવ્યક્તિ

તમે ધ્યાનપૂર્વક અને લયબદ્ધ રીતે ધીરેથી પઠન કરશો તો ખ્યાલ આવશે કે દયારામની પંક્તિઓમાંથી પ્રગટ થતો લય મધુર છે. શ્યામ રંગ / સમીપે / ન જાવું / મારે / આજ થકી શ્યામ રંગ / સમીપે / ન જાવું. આ પહેલા જ અંતરામાં આઠ લયવળાંક અનુભવાશે.

કવિને (ગોપીને) શ્યામ રંગના પદાર્થો સાથે વાંધો પડ્યો છે. જો કે, આ વાંધો હંગામી છે. નાદ-નર્તન સાથે શ્યામ રંગના પદાર્થોનું ઉચ્ચારણ થાય છે. કસ્તૂરીની બિંદી, કાળું વસ્ત્ર, કાજળ, કોકિલ અને કાગની વાણી, કાળી કંચુકી પછી તો લાંબી યાદી...તમને નાદ નર્તન, રંગ દૃશ્ય, શ્રવણનો અનુભવ કરાવશે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- દયારામનાં કાવ્યો પરના આસ્વાદલેખો મેળવી, એકાદ કાવ્યાસ્વાદ વાંચી વર્ગખંડમાં સંદર્ભ લખો.
- આ ગરબી મોબાઈલની મદદથી સંભળાવો.
- કવિ દયારામનું 'શ્યામની શોભા' કાવ્ય મેળવી વર્ગમાં તેનું ગાન કરો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 8 અમરનાથની યાત્રાએ



**વિનોદિની રમણલાલ નીલકંઠ**

**(જન્મ : 9-2-1907; અવસાન : 29-9-1987)**

ગુજરાતી નિબંધ, નવલિકા, નવલકથા તેમજ બાળસાહિત્યનાં અગ્રણી લેખિકા શ્રી વિનોદિની નીલકંઠનો જન્મ અમદાવાદમાં થયો હતો. પ્રાથમિક-માધ્યમિક તેમજ ઉચ્ચકેળવણી તેમણે અમદાવાદમાં પ્રાપ્ત કરી હતી. અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્ર વિષયો સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી. સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓમાં ઉમદા સેવાઓ આપી. 'રસદ્વાર' એ રસાળ શૈલીનો નિબંધસંગ્રહ તેમજ 'આરસીની ભીતર', 'કાર્પાસી અને બીજી વાતો', 'દિલદરિયાવનાં મોતી', 'અંગુલિનો સ્પર્શ' વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. 'શિશુરંજના', 'મેંદીની મંજરી', 'બાળકોની દુનિયામાં ડોકિયું' તથા 'સફરચંદ' બાળસાહિત્યનાં નોંધપાત્ર પુસ્તકો છે. રાજ્ય સરકારનાં પારિતોષિક પણ એમને પ્રાપ્ત થયાં છે.

આ નિબંધમાં પ્રવાસ દરમિયાન થયેલા અનુભવો લેખિકા વર્ણવે છે. 'ચંદનવાડી' શબ્દમાં ગુજરાતીઓને તથા લેખિકાને પણ પોતાપણું લાગે છે. ઘોડેસવારી કરી પહાલગામથી ચંદનવાડીએ જતાં જતાં પ્રકૃતિની પ્રતિક્ષણ બદલાતી કુદરતી શોભા, તેમાંથી થતો સંગીતનો આભાસ માણે છે. શેષ નદીનાં બદલાતાં વિવિધ સ્વરૂપોનું સૌંદર્ય વરસાદમાં પલળીને પણ માણે છે. કુદરતનાં ન્યારાં રૂપ જોઈ પાછા પહાલગામ આવી પલંગમાં સૂવાનું સુખદ લાગે છે, એ વાતને અંતે જીવનનાં ચિંતન સાથે સાંકળી આપે છે.

---

કશ્મીરમાં પહાલગામથી અમરનાથની યાત્રાએ જતાં સૌથી પહેલો પડાવ ચંદનવાડી આગળ કરવો પડે છે. અમરનાથ જવા માટે અષાઢ કે શ્રાવણ માસ અનુકૂળ રહે છે; કારણ કે ત્યાં સુધી બરફના ડુંગરા ઓળંગી શકાતા નથી.

અમે તો વૈશાખ મહિનામાં પહાલગામમાં હતાં. અષાઢ કે શ્રાવણ તો શું, પણ અમે તો ઊતરતા જેઠ મહિના સુધી પણ ત્યાં રોકાઈ શકીએ એમ નહોતું, તેથી ચંદનવાડી સુધી જઈ સંતોષ માન્યા વગર છૂટકો જ નહોતો. નહિ મામા કરતાં કહેણા મામા શું ખોટા ? એ ન્યાયને અમે અનુસર્યાં.

કશ્મીર ગયેલા ગુજરાતી લોકો વેરીનાગ, સોનમર્ગ કે ટૂલીએન તળાવ જેવાં અત્યંત મનોહર સ્થળો જોવા જવાનું આળસ કરે છે, પણ દરેક ગુજરાતી ચંદનવાડી તો અચૂક જાય છે જ. તેનું કારણ શું હોઈ શકે, તેનો વિચાર કરતાં મને લાગે છે કે તે સ્થળનું નામ ગુજરાતીઓને ઘણું ઘરવટભર્યું લાગતું હશે ! ગુલમર્ગ કે ખિલમર્ગ, ચશ્મેશાહી કે તખ્તે સુલેમાન અગર અચબલ કે ગધિરબલ જેવાં નામ પારકાં-પરાયાં પણ ગુજરાતી લોકો–બાળક, વૃદ્ધ, જુવાન, સ્ત્રી અને પુરુષોનાં ટોળેટોળાં ચંદનવાડી જવા માટે પહાલગામથી ઘોડા ઉપર ફલાંગ મારી સવાર બને છે. એ વાત તો સાચી જ છે.

મારી રંજના બહુ નાની હોવાથી અને રસ્તે હજી ઘણો બરફ ખડકાયલો અને કેટલેક સ્થળે માર્ગ જરા વિકટ હોવાનું સાંભળ્યાથી એને ચંદનવાડી લઈ જવી નહોતી. તેથી અમારા બેમાંથી એકે તો તેની પાસે રહેવું જ પડે. થોડા દિવસ પહેલાં કોલાહી ગ્લેસિયર ગયાં, ત્યારે રંજનાને ખાતર મેં છેલ્લી મજલ જતી કરી હતી. તેથી આ વખતે મારા પતિએ મને જઈ આવવાનો આગ્રહ કર્યો. બંને પુત્રો તો ચંદનવાડી જવા અધીરા બની રહેલા હતા. આગલી સાંજે ઘોડા પસંદ કરી લીધા. અમે ત્રણે ઘોડેસવારીની આવડતવાળાં તેથી સરસ પાણીદાર ઘોડા લઈ લીધા. હોટેલના વ્યવસ્થાપકને અમારાં બપોરી ખાણાંનું ભાથું બાંધી આપવા વરદી આપી દીધી. પણ આવે પ્રસંગે ભૂખ વધારે લાગે અને હોટેલવાળા હંમેશાં ઓછું ખાવાનું બાંધી આપે છે એવો અનુભવ હોવાથી અમે સમીસાંજે પહાલગામના હલવાઈઓને થોડુંઘણું ખટવ્યા. વળતે દિવસે વહેલી સવારે હળવો નાસ્તો કરી, કૅમેરા, થરમૉસ તથા નાસ્તાનાં સાધનો ઘોડાવાળાને સોંપી અમે ત્રણે ચાલી નીકળ્યાં.

પહાલગામથી શરૂઆતથી જ શેષ નદીને કાંઠે કાંઠે થઈને રસ્તો ચાલ્યો જાય છે. કશ્મીરનો વૈશાખ એટલે ત્યાં તો બેસી ચૂકેલી વસંત ઋતુ. નદીકાંઠે કેવી અભિરામ વનરાઈ ! 'સેવ' એટલે સફરજનનાં ઝાડ ઉપર દૂધ જેવાં ધોળાં ફૂલના ગુચ્છા ખીલી ઊઠ્યા હતા. પૂર ઝપાટાબંધ વહેતાં શેષ નદીનાં નીર અને કાંઠે વાતાવરણથી હરખાઈ ઊઠેલાં સફરજનનાં વૃક્ષ ! એક અંગ્રેજી કાવ્યપંક્તિ મારા મનમાં કૂદીકૂદીને રટણ કરવા મંડી પડી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

A thing of beauty is joy for ever.

નિશાળનો ઘંટ વાગી જવાની બીકે ઉતાવળે નિશાળ તરફ ધસતી, વાયરાથી ઊડી જતી ઓઢણીને ખેંચી પકડવા મથતી મુગ્ધા કન્યકાઓની યાદ આપતી, ઊજળાં, નિર્મળાં, ઉછાળા મારતાં, ઉતાવળમાં વહી જતાં પાણીવાળી શેષ નદી વહી રહી હતી અને નદીને જમણે પડખે રળિયામણી ટેકરીઓ ઉપર પાઈનનાં ઝાડની ગીચ ઝાડીમાં થઈને વાતા માદક, આહ્લાદક વસંત વાયુના સુસવાટા તોફાની નિશાળિયાની સિસોટીના સંગીતનો આભાસ આપતા હતા. નિશાળ ભણી દોડતી કન્યકાઓને સિસોટી વગાડી ટીખળી છોકરાઓ જાણે ખીજવી રહ્યા હતા !

બુલબુલ, રાજા અને નિશાત એવાં અમારા ઘોડાનાં નામ હતાં. તે પહાડી ઘોડા શી કાળજીથી, કેવા જતનપૂર્વક અમને ચંદનવાડી તરફ લઈ જતા હતા ! લપસણી આવતાં તે સંભાળભર્યાં પગલાં માંડી, અમને ઈજા ન આવે, તેમ દોડ્યે જતા હતા. પહોળો માર્ગ આવતાં ત્રણે ઘોડા એક હરોળમાં ચલાવી શકાતા અને વળી સાંકડી કેડી આવતી ત્યારે અમે ત્રણે એક પાછળ એક ચાલી માર્ગ કાપતાં હતાં. ત્યાં અમારા જેવી, જે માતા તથા બે પુત્રોની ત્રિપુટીનો ભેટો થઈ ગયો, તે હતાં શ્રીમતી કૃષ્ણા હઠીસિંગ તથા તેમના બે પુત્રો. તે લોકો પણ ચંદનવાડી જઈ રહ્યાં હતાં.

સોહામણા કશ્મીરનો સૂર્યોદયનો તે અભિરામ સમય હતો. હવા તાજગીથી ભરપૂર હતી અને આખી કુદરત વસંતાવતારથી ઘેલી બની આનંદમગ્ન હતી. અમે ત્રણ પણ તે જ વાતાવરણથી મસ્ત બની, હસતાં, ગીત ગાતાં, વાતો કરતાં, સંસ્કૃત કવિઓના વસંતઋતુના, હિમાલયના તથા નદીઓના વર્ણનાત્મક શ્લોકોના ઉચ્ચાર કરતાં ચંદનવાડી તરફ ઘોડા દોડાવી રહ્યાં હતાં. માર્ગમાં દરેક ક્ષણે કુદરત પોતાનું સ્વરૂપ બદલતી હતી અને તેમાંથી કયું શ્રેષ્ઠ તે નક્કી કરવા અમે સાવ અસમર્થ બની જતાં હતાં. એકાદ વિખ્યાત ચિત્રકારનાં સુંદર ચિત્રોથી ભરપૂર કોઈ ચિત્ર સંગ્રહસ્થાનમાં જઈએ અને ત્યાં જઈ ''આ ચિત્ર જોયું ?'' ''અરે ! આ તો તેનાથી પણ વધારે સરસ છે.'' એમ આપણે એકબીજાને કહીએ, તેવું જ અહીં બનતું હતું.

રસ્તે ચાલતાં ઝાડ, ફૂલ અને વનપંખીઓનાં નામ જાણવાની તક મળતી ન હતી, પણ ખરું પૂછો તો તે નામ ન જાણવાથી અમારી તૃપ્તિમાં ઊણપ પણ આવતી ન હતી. ખળખળાટ વહી જતા અને શેષ નદીમાં પોતાનું પાણી ઠાલવતા વહેળા તેમજ હૈયાનો ઉલ્લાસ સંગીત દ્વારા વ્યક્ત કરતાં નાનાંશાં ઝરણાં અમારા માર્ગ આડે વારંવાર આવતાં હતાં. પાણી પીવાને બહાને અમારા પહાડી ઘોડા પણ પળવાર ઠમકીને આ હિમસુતાઓનાં સૌંદર્યનું પાન કરી લેતા હતા.

આગળ જતાં અમારો માર્ગ એકદમ ઊંચાણમાં આવી ગયો અને શેષ નદી દૂર નીચે રહી ગઈ. બરફ ઉપર થઈને વારંવાર પસાર થવું પડતું હતું. બરફ અગર સુશોભિત વનરાજિથી વિરાજમાન ઊંચાંનીચાં શિખર ચોપાસ નજરે પડ્યા કરતાં હતાં. ત્યાં અરે, એકાએક આ કેવું દૃશ્ય નજરે ચઢ્યું ? તાજુબ બનીને – જાણે સંકેત કરી ન મૂક્યો હોય ? તેમ–અમે ત્રણે એકી સામટાં ઘોડા થંભાવી ઊભાં રહી ગયાં ! ઊંચા પહાડ ઉપરની વાંકીચૂકી અને સાંકડી પગદંડી ઉપરથી અમારો માર્ગ ચાલ્યો જતો હતો. નીચે ઊંડાણમાં, ખડકો ઉપરથી કૂદકા મારતી, કોઈક વાર વધુ ઊંચેથી ભુસ્કા મારતી, ઉતાવળે દોડતી, નાચતી, ગાતી અને હસતી ઉન્માદિની તરંગવતી શેષ નદી જાણે મુગ્ધત્વ અને યૌવનની અધવચ્ચે ઊભેલી વનની મધુશ્રી જેવી ભાસતી હતી. ત્યાં આ કેવું તેનું અજબનું રૂપાંતર ! અમારે જમણે હાથે, માઈલો સુધી ઘણું વિસ્તૃત એવું, તદ્દન સપાટ લીલુંછમ્મ મેદાન હતું. તેનું નામ હરઘન. હરઘનના મેદાનમાંથી ડાહી, ઠાવકી, શાણી અને ઠરેલ શેષ નદી, પહોળે પટે શાંતિથી વહી જતી. ઉઘાડું માથું અને ઊડતી ઓઢણીવાળી તોફાની કન્યકા પિતાનું ઘર છોડી સાસરે આવતાં, વિનમ્ર બની, માથે સાડલો ઓઢી, છેડો ઠીકઠાક રાખી જાણે ગંભીર અને ભારેખમ બની ગઈ હતી ! નદીને કાંઠે અસંખ્ય ફૂલ ખીલી ઊઠ્યાં હતાં. તે સ્થળેથી ખસવાનું અમને મન થતું ન હતું. કૅમેરાથી તસવીર ખેંચી, એ અજોડ સૌંદર્યને કચકડાની ફિલ્મ ઉપર જકડી લેવાનો મિથ્યા પ્રયાસ કરવામાં મારા સુકુમાર તથા જગદીપ ગૂંથાયા. હરઘનના તે મેદાન ઉપર તંબુઓ તાણીને વસવાટ કરવાની શક્યતા વિશે અમે ખૂબ હવાઈ કિલ્લા બાંધ્યા. અમારા પાંચમાંથી બે જણને આ અલૌકિક શોભાભર્યું દૃશ્ય જોવાનું રહી ગયું, તેથી અમે ત્રણે ઘણો જીવ બાળ્યો. દુઃખની માફક સુખનો અતિરેક સહન કરવા માટે પણ સ્નિગ્ધ જનની ભાગીદારીની જરૂર પડે છે. અંગુલિના સ્પર્શ વડે કોઈ આપણને ઊંઘમાંથી જગાડે, તેમ વરસાદનાં ફોરાંએ હરઘનના મેદાનની શોભા નિહાળવામાં તલ્લીન બનેલાં અમને જાગ્રત કર્યાં અને ઝરમરતા વરસાદને ઝીલતાં અમે ચંદનવાડી ભણી ઉતાવળે જવા ઘોડાને એડી મારી.

ચંદનવાડી આગળ શેષ નદી બહુ ઘાટીલો વળાંક લે છે. ત્યાં નદીતટે અમરનાથના જાત્રાળુઓ માટે છાપરાં બાંધેલાં છે અને થોડાં ચા-ઘર પણ નજરે પડે છે. ચંદનવાડીના છેક પાછલા ભાગમાં બરફનો પુલ છે. પર્વતની ઉપર જામી ગયેલા બરફની



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અંદર કુદરતી ગોળાકાર બાકોરું પાડી શેષ નદી ચંદનવાડી તરફ વહેતી આવે છે. ઉનાળો ઉગ્ર બનતાં આ બરફનો પુલ કદાચ ઓગળી જતો હશે.

નદીના કાંઠા ઉપર, એક શાંત, એકાંત સ્થળ પસંદ કરી અમે ત્રણે ત્યાં બેઠાં. ભાથામાં આણેલી ગરમ વાનગીઓ ઠંડી પડી ગઈ હતી અને ઠંડી વાનગીઓ ગરમ બની ગઈ હતી અને કેટલીક વાનગીઓનું સ્વરૂપ એવું તો પલટાઈ ગયું હતું કે તે કઈ ચીજ છે તે પારખવું યોગબળથી જ કદાચ શક્ય બને ! દરરોજ ભાવ્યું-ન ભાવ્યુંની ચીકાશ કરનારા બંને છોકરાઓ તે દિવસે તાજી હવામાં ઘોડાદોડની લાંબી મજલ થવાથી તે વિચિત્ર અને નામ ન આપી શકાય તેવું ભોજન આનંદથી આરોગી ગયા.

વળી પાછો વરસાદ થયો. કોણ જાણે ક્યાંથી કાળાં ભમ્મર જેવાં વાદળાં દડબડ દોડતાં આવી આકાશના ગુંબજમાં પથરાઈ ગયાં ! અને વરસાદ તૂટી પડ્યો. ઝપાટાબંધ પાછાં ન જઈએ તો સાંકડા વહેળાઓ પહોળા અને વેગથી વહેતા બની જાય તો તે ઓળંગવા અઘરા પડી જાય ! વળી, પહાડના ઉભડક ઢોળાવમાંથી કોરી કાઢેલી પગથીઓ સાંકડી અને લપસણી બની જાય તો ઘોડાના પગ સરી જવાનો પણ સંભવ તો ખરો જ. એટલે પહાલગામ પાછાં પહોંચી જવાની મને અધીરાઈ થઈ. ઘર ભણી જવાનું હોવાથી બુલબુલ, રાજા તથા નિશાત પણ ઝડપભેર દોડવા રાજી હતા. વરસાદમાં પલળવાની અમને તો મઝા આવતી હતી. માત્ર અમારા કૅમેરામાં પાણી ન પેસે તેની અમને ચિંતા હતી.

જેને અમે ઝરણાંને સ્વરૂપે જોયાં હતાં, તે થોડા કલાકમાં ધસમસ વહેતી નદીઓના રૂપમાં પલટાઈ ગયાં હતાં. હરઘનનું પથરાયેલું વિશાળ મેદાન પણ રૂપપલટો કરી બેઠું હતું ! આ વખતે અમે શેષ નદીના પ્રવાહની સાથે સાથે જતાં હતાં. વરસાદ જેવો સમાનધર્મ ભેરુ મળી જવાથી શેષ નદી જાણે વધુ ઉલ્લાસવંતી બની ગઈ હતી.

મારતે ઘોડે અને ધોધમાર વરસતે વરસાદે અમે પહાલગામ પહોંચ્યાં, ત્યારે અમારા શરીર ઉપર એક તસુ જગા પણ કોરી રહી ન હતી. નવી જગ્યાઓ જોવામાં, કુદરતનાં ન્યારાં રૂપ ભાળવાના ઉમંગમાં થાક નહોતો લાગ્યો; પણ પહાલગામ આવ્યા પછી કપડાં બદલી, ગરમાગરમ કૉફી પીને ઓઢીપોઢીને પલંગમાં સૂઈ જવાનું બહુ સુખદ લાગ્યું.

જીવનનો પણ એ જ પ્રકારનો અંત છે ને ?

### શબ્દ-સમજૂતી

**મનોહર** મનમોહક; **ચશ્મેશાહી** સ્થળનું નામ; **અચલાલ** એક સ્થળનું નામ; **અભિરામ** આનંદમય; **મધુશ્રી** મધુર, સુંદર સ્ત્રી **યોગબળ** યોગથી પ્રાપ્ત થતી શક્તિ; **ઘરવટ** ઘર જેવા સંબંધવાળું; **તખ્તેસુલેમાન** એક સ્થળનું નામ; **ગધિરબલ** એક સ્થળનું નામ; **હિમસુતા** હિમાલયમાંથી નીકળતી નદી; **સ્નિગ્ધ** સુંવાળુ, કોમળ; **ગુંબજ** ઘુમ્મટ .

### રૂઢિપ્રયોગ

**હવાઈ કિલ્લા બાંધવા** મોટી-મોટી વાતો કરવી, કલ્પના દોડાવવી

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) અમરનાથ યાત્રા કયા સમયમાં સરળ પડે છે ?

(2) અમરનાથ યાત્રામાં શેનો અવરોધ વિઘ્નરૂપ છે ?

(3) લેખિકાએ અમરનાથ યાત્રા શેના દ્વારા કરી ?

(4) કશ્મીરમાં કયાં કયાં મનોહર સ્થળો જોવાલાયક છે ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો :**

(1) લેખિકાને કયાં કયાં નામ પારકાં (પરાયાં) લાગે છે ?

(2) અમરનાથ યાત્રામાં કઈ કઈ સાધન-સામગ્રી સાથે રાખવી જરૂરી છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(3) અમરનાથ યાત્રામાં કયાં કયાં સુંદર સ્થળોનું દર્શન થાય છે ?

(4) લેખિકાને અમરનાથ યાત્રામાં કયાં કયાં અનુભવો થયા ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) અમરનાથ યાત્રામાં જોવા મળતાં પ્રાકૃતિક મનોહર દૃશ્યો પાઠના આધારે તમારા શબ્દોમાં લખો.

(2) 'અમરનાથ યાત્રા કઠિન છે.' - એવું શાથી કહી શકાય ?

(3) અમરનાથ યાત્રામાં પ્રવાહિત નદીનાં પલટાતાં મનોહર દૃશ્યો તમારા શબ્દોમાં લખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- અમરનાથ વિશેની માહિતી શિક્ષક પાસેથી મેળવો.
- કાકાસાહેબ કાલેલકરના પ્રવાસ નિબંધો મેળવીને વાંચો.
- વિદ્યાર્થીઓએ કરેલા પ્રવાસનું વર્ગમાં કથન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

''નિશાળે ઘંટ વાગી જવાની બીકે ઉતાવળે નિશાળ તરફ ધસતી, વાયરાથી ઊડી જતી ઓઢણીને ખેંચી પકડવા મથતી મુગ્ધ કન્યકાઓની યાદ આપતી, ઊજળાં, નિર્મળાં, ઉછાળા મારતાં, ઉતાવળમાં વહી જતાં પાણીવાળી શેષ નદી વહી રહી હતી.''

''...ગાતી અને હસતી ઉન્માદિની તરંગવતી શેષ નદી જાણે મુગ્ધત્વ અને યૌવનની અધવચ્ચે ઊભેલી વનની મધુશ્રી જેવી ભાસતી હતી.''

- વાક્યોને ધ્યાનપૂર્વક વાંચતાં શેષ નદી અને તેનાં સ્વરૂપમાં આવતા ફેરફારોને વિનોદિની નીલકંઠે ભાવવાહી રીતે વર્ણવ્યા છે. યાત્રા દરમિયાન વસંતઋતુ, સૂર્યોદય, હરઘન વન અને કશ્મીરનાં કેટલાંક કુદરતી દૃશ્યોનું વર્ણન મનમોહક છે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- અમરનાથયાત્રીની મુલાકાત શાળામાં ગોઠવો.
- કશ્મીરના ફોટોગ્રાફ મેળવી શાળામાં પ્રદર્શન ગોઠવો.
- 'પ્રવાસ : અનુભવનું ધરુવાડિયું' વિષય પર નિબંધ લખાવો.

જે માણસ સ્વેચ્છાપૂર્વક ગરીબાઈ સ્વીકારે છે, તે વીર બની જાય છે. અન્યાયી માણસને તે કાળ જેવો લાગે છે. પીડિત લોકોને તે કૃપાનિધિ ભાસે છે. જબરજસ્ત સલ્તનત સામે તે ઊભો રહી શકે છે અને તેને જ ધર્મનું રહસ્ય પ્રકટ થાય છે. ગરીબાઈ એ વીરનો ખોરાક છે, ઈશ્વરનો પ્રસાદ છે અને ધર્મનો આધાર છે. આવા ગરીબો જ્યારે દેશમાં વધશે ત્યારે જ દેશની ગરીબાઈ દૂર થશે, ભૂખમરો ટળશે, લોકોમાં હિંમત આવશે અને અશક્ય જણાતી વસ્તુ શક્ય અને સહેલી થઈ પડશે.

**– કાકાસાહેબ કાલેલકર**

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# વ્યાકરણ-લેખન : શબ્દવિષયક સજ્જતા, ગુજરાતી બોલીઓ

એક વ્યક્તિ પોતાનાં ભાવ, વિચારો, સ્પંદનો વગેરે બે પ્રકારે અન્ય સુધી પહોંચાડે છે : એક છે મૌખિક સ્વરૂપ અને બીજું તે લિખિત સ્વરૂપ. મૌખિક સ્વરૂપમાં કથન અને શ્રવણ પાયામાં હોય, જ્યારે લિખિત સ્વરૂપમાં લેખન અને વાચન હોય. હા, શ્રવણ પ્રક્રિયામાં વક્તા અને શ્રોતાનું સાથે હોવું જરૂરી છે. લેખન અને વાચનમાં લેખન કરનાર અને વાંચનાર બંને સાથે જ હોય તે જરૂરી નથી.

લિખિત અભિવ્યક્તિમાં શબ્દની યોગ્ય પસંદગી, એનો અન્ય શબ્દો સાથેનો સંબંધ, કથનમાં શબ્દોની અને તેના અર્થની સમાંતરતા, જોડણી-અનુસ્વાર વગેરે બધી જ બાબતો સંકળાયેલી છે.

એક જ વાત કે સ્થિતિને રજૂ કરવા માટે પ્રત્યેક વ્યક્તિ અલગ અલગ શબ્દો રજૂ કરે છે. વાત એક જ હોવા છતાં અમુકની કહેવાની શૈલી અને શબ્દ-પસંદગી વાચકને કે શ્રોતાને ગમી જાય છે. એ તેની યોગ્ય શબ્દ પસંદગીનો લય હોય છે.

### વિશેષણાત્મક શબ્દઘડતરો

જે પદ દ્વારા કંઈક વિશેષતા સૂચવાય તે પદ વિશેષણ કહેવાય. આ વિશેષણ જે નામ (પદ)ને માટે વપરાયું હોય તેને વિશેષ્ય કહેવાય.

**ઠંડી** ચા કોને ભાવે ? (અહીં ઠંડી વિશેષણ છે, ચા વિશેષ્ય છે.)

મેં ખાધો તે લાડુ **મોટો** હતો. (અહીં મોટો વિશેષણ છે, લાડુ વિશેષ્ય છે.)

ઘણી વખત ઘણાં પદો ભેગાં થઈને કોઈ પદની વિશેષતા સૂચવે છે. જુઓ,

1. એમની આંખોમાં **ઉજમાળા ભવિષ્યની એક** જ્યોત ઝબૂકતી હતી. (આંસુભીનો ઉજાસ)
2. બીજે દિવસે સવારમાં તે **મીઠાના પાણીનો** પ્યાલો લઈ પિતા પાસે ગયો. (ઈશ્વરનું સ્વરૂપ)
3. **મારતે** ઘોડે અને **ધોધમાર વરસતે** વરસાદે અમે પહેલગામ પહોંચ્યાં. (અમરનાથની યાત્રાએ)

– આ વાક્યોમાં.....

વાક્ય નં. 1માં જ્યોત કેવી છે ? એનો જવાબ ત્રણ પદમાં છે.

તે ઉજમાળા ભવિષ્યની છે અને એક જ છે. ભવિષ્ય કેવું છે ? ઉજમાળું છે.

વાક્ય નં. 2માં પ્યાલો કેવો છે ? એનો જવાબ બે પદમાં છે.

તે **મીઠાના પાણીનો** છે. કેવા પાણીનો છે ? **મીઠાના** પાણીનો છે.

વાક્ય નં. 3માં ઘોડો છે પણ સ્થિર નહિ, ડગુમગુ ચાલતો પણ નહિ,

મારતે ઘોડે એટલે ઝડપથી ચાલતા ઘોડા ઉપર.

કેવા વરસાદે ? ધોધમાર વરસતા વરસાદે.

તમને સમજાયું હશે કે વિશેષણ એક પદનું પણ હોય અને એકથી વધારે પદનું પણ હોય. એ પદસમૂહમાં પણ પાછાં વિશેષણ-વિશેષ્યની ઘણી જોડીઓ હોય.

ઉજમાળું ભવિષ્ય ('ઉજમાળું' એ ભવિષ્યનું વિશેષણ છે.)

'ઉજમાળા ભવિષ્યની એક જ્યોત'માં આગલાં ત્રણેય પદો એ જ્યોત પદનાં વિશેષણ રૂપે છે. એટલે વિશેષણ-વિશેષ્યનાં વધારે જોડકાં મળીને સળંગ વાક્યખંડ બને છે, એ ખંડ કોઈ એક પદનું વિશેષણ બને છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મારા મોટા છોકરાના વચલા દીકરાનો નાનો છોકરો દોઢેક વર્ષમાં પરણવા જેવડો થશે. (ઉછીનું માંગનારાઓ)

મોટો છોકરો, વચલો દીકરો, નાનો છોકરો, દોઢેક વર્ષ

વિશેષણ-વિશેષ્યનાં કેટલાં જોડકાં થયાં !

કયો છોકરો દોઢેક વર્ષમાં પરણવા જેવડો થશે ? - આ વાત સમજાવવા કેટલાંક વિશેષણ-વિશેષ્યનાં જોડકાં એક કરીને પદસમૂહ બનાવ્યો છે. એ 'પદસમૂહ' એ 'પરણવા જેવડો થનાર' છોકરાનું વિશેષણ છે.

''મારા મોટા છોકરાના વચલા દીકરાનો નાનો'' - આ વિશેષણ (પદસમૂહ) છે.

વિશેષણ વિકારી અને અવિકારી એમ બે પ્રકારનાં હોય છે.

વિશેષણનાં લિંગ અને વચન તેના વિશેષ્યનાં લિંગ-વચન અનુસાર વિકાર (ફેરફાર) પામે તો તે વિકારી વિશેષણ કહેવાય.

દા.ત., સારો બગીચો (બગીચો પુંલ્લિંગ નામ છે.)

સારી ફૂલવાડી (ફૂલવાડી સ્ત્રીલિંગ નામ છે.)

સારું ખેતર (ખેતર નપુંસક લિંગ નામ છે.)

અહીં 'સારા' વિશેષણમાં તેના વિશેષ્યની જાતિ અનુસાર ફેરફાર (વિકાર) થયો છે. સારો, સારી, સારું વગેરે.

પણ કેટલાંક વિશેષણો વિશેષ્યની જાતિ ફેરફાર પામે તો પણ એનાં એ જ રહે છે. આવાં વિશેષણો અવિકારી કહેવાય.

દા.ત., **સરસ** બગીચો, **સરસ** ફૂલવાડી, **સરસ** ખેતર

**વિકારી વિશેષણો :** સારું, ડાહ્યું, નાનું, રૂપાળું, ધીમું ,ખારું, ખરું, નબળું, કડવું વગેરે.

**અવિકારી વિશેષણો :** સરસ, સુંદર, ચપળ, લાલ, બહુ, હોશિયાર, ધનવાન, સરળ વગેરે.

## વિશેષણનું તેના કાર્ય પ્રમાણે વર્ગીકરણ

1. ગુણવાચક વિશેષણ (જે વિશેષ્યના ગુણ દર્શાવે છે.) : સાચું, ખોટું, મીઠું, ગળ્યું, તીખું, સુંદર, કડવું, કદરૂપું, મધુર, નબળું.
2. પરિમાણવાચક વિશેષણ (વિશેષ્યનું પરિમાણ (માપ) દર્શાવે છે.) : થોડું, ઘણું, આવડું, આટલું, બહુ, જરા, અલ્પ.
3. સંખ્યાવાચક વિશેષણ (વિશેષ્યની સંખ્યા-ક્રમ દર્શાવે છે.) : એક, બે, ત્રણ વગેરે. પહેલું, બીજું વગેરે.
4. સાર્વનામિક વિશેષણ (વિશેષ્યની ચોકસાઈ સર્વનામ દ્વારા સૂચવે છે.) : આવું, જે, તે,જેવું, પેલા, તેઓ, શું, કેવું વગેરે.
5. ક્રિયાવાચક વિશેષણ (વિશેષ્યની ચોકસાઈ ક્રિયા દ્વારા વ્યક્ત કરતાં વિશેષણો) : રમતો, દોડતો, મારકણો, ઝબૂકતો, કૂદતો, વરસતો.
6. નામિક વિશેષણ (સંજ્ઞાઓને પ્રત્યય લગાવી બનાવેલાં વિશેષણો) : ઈ, આઈ, વત્, મત્, ઈક, ઈય, મય, આળુ વગેરે પ્રત્યયો જોડીને બનાવેલ વિશેષણો.

   હિન્દુસ્તાન્ + ઈ = હિન્દુસ્તાની

   માણસ્ + આઈ = માણસાઈ

   ધન્ + વાન = ધનવાન, પુત્રવાન, કીર્તિવાન, પ્રજ્ઞાવાન

   માનસ્ + ઈક = માનસિક, સામાજિક, નૈતિક

   કૃપા + ળુ = કૃપાળુ, દયાળુ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સહન + શીલ = સહનશીલ, ભાવનાશીલ, ગતિશીલ

શબ્દસમૂહ માટે એક શબ્દ અને સમાનાર્થી શબ્દો તથા વિરુદ્ધાર્થી શબ્દો વિશે તમે ત્રીજા ધોરણથી અભ્યાસ કરતાં આવ્યાં છો. એ અંગે કોઈ વિશેષ માહિતી-માર્ગદર્શનની જરૂર આ તબક્કે આપવાની જરૂર નથી. વાક્યમાં જ્યારે કોઈ શબ્દના બદલે સમાનાર્થી કે તેનો વિરોધી શબ્દ મૂકી વાક્ય ફરી લખવાનું હોય ત્યારે, તેમાં શા ફેરફારો કરવા, તે લેખન અને વાચનના વિશેષ મહાવરા દ્વારા તમે કરી શકશો.

## સ્વાધ્યાય

**1.** તમારા પાઠ્યપુસ્તકની કૃતિઓમાં રહેલાં વાક્યોમાંથી વિશેષણો તારવી તેનો અર્થ સમજાવો.

કોઈ એક જ વાક્યમાં એકથી વધુ વિશેષણ-વિશેષ્યની જોડીઓ હોય છે; વળી, જોડીઓ મળીને સમગ્ર વિશેષણ પદખંડ બને છે એ વિશે પણ સમજવું.

**2. નીચેનાં વાક્યો–પંક્તિઓમાંથી વિશેષણો તારવી તેમનું કાર્ય સમજાવો :**

(1) અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે.

(2) ચારે દેવની ચારે નાર, ગગને દીઠી ભરથાર.

(3) એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી.

(4) બાર બાર વરસ વનવગડામાં આથડ્યાં.

(5) મને મારા ગાંડીવનું અભિમાન હતું !

(6) નાનાં બચ્ચાં ટળવળી રહી માત સામું જુએ છે
ને પંપાળે નિજ જનકના કંઠને ચંચુથી એ

(7) માનવજીવનમાં શોષણ માત્ર આર્થિક ક્ષેત્રમાં જ ચાલે છે.

(8) આઘેથી તમાકુનાં લીલાંછમ ખેતર દેખાતાં હતાં.

(9) બાના જીવતરની છત પરથી શ્વેત પોપડા ખરતા.

## તળપદા શબ્દો અને શબ્દપ્રયોગો

આપણી ગુજરાતી ભાષામાં ઘણા શબ્દો એવા છે કે જેનાં મૂળ તત્સમ, તદ્‌ભવ કે ઉછીના શબ્દોમાં પણ મળતાં નથી. આવા શબ્દો જે-તે પ્રદેશના લોકો પોતાના જ પ્રદેશના લોકોની સાથે મોટેભાગે ઉપયોગ કરતા હોય છે. શિષ્ટ શબ્દોના ઉચ્ચારણની અણઆવડતને કારણે પણ ઘણીવાર આવા શબ્દો થોડો ફેરફાર પામીને બોલીમાં સ્થિર થયા હોય છે. પેઢી દરપેઢી આવા શબ્દો રૂઢ થઈ જાય છે. - આવા શબ્દોને આપણે તળપદા શબ્દો, જાનપદી શબ્દો કે ગામઠી શબ્દો તરીકે ઓળખીએ છીએ.

સાહિત્ય એ સમાજજીવનનો અરીસો છે. એટલે સાહિત્યમાં પ્રદેશ પ્રમાણે બોલીના શબ્દો સર્જક વાપરે છે.

સૌરાષ્ટ્રની રસધારમાં, માનવીની ભવાઈમાં, કચ્છની લોકકથાઓમાં કે નળકાંઠા ભાલના વિસ્તારની વાર્તાઓમાં આવા શબ્દો પ્રચુર રીતે વપરાયેલા જોવા મળે છે.

આપણે આ પાઠ્યપુસ્તકની કૃતિઓમાંથી આવા શબ્દો મેળવીએ :

- દેવા, **આપડે આંય** મજૂરી કરી ખાશું

  આપડે = આપણે, આંય = અહીં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

- **વીહ વરહે** તને એ **મલક** સાંભર્યો દેવા...

  વીહ = વીસ, વરહે - વરસે, મલક - પ્રદેશ
- વેરીભઈનો મણિયો તો **ચ્યારનો મહાંણાં**માં ગયો, **હેંડતો** થા.

  ચ્યારનો = ક્યારનો, મહાંણાં - મસાણ, સ્મશાન, હેંડતો - ચાલતો
- **ડોબું** આકાશમાંથી **આયું** હશે, નહિ તારે ?

  ડોબું = ભેંશ, આયું = આવ્યું
- આ તમારા લોખંડના ઘોડા ઉછીના વાપરવા અમને **આલો.**

  આલો = આપો

મોટાભાગે ઘેર અંદરો અંદર વાતચીત કરતાં હોઈએ છીએ ત્યારે કે નિકટવર્તી લોકો સાથે સંવાદો કરતાં હોઈએ ત્યારે આપણે આપણી તળપદી-લોકબોલીમાં જ વાતો કરતાં હોઈએ છીએ. આપણે જાણીએ છીએ કે એક જ ભાષાને ઘણીબધી બોલીઓ હોય છે, એ તમામ બોલીઓની વાત જ્યારે પુસ્તકમાં લખાય છે કે વક્તવ્ય-વ્યાખ્યાન સ્વરૂપે કહેવાય છે ત્યારે ઘણા બધા શબ્દો અને કહેવાની શૈલી સુધ્ધાં આપણે ફેરવીને બોલીએ-લખીએ છીએ. જેને આપણે શિષ્ટભાષા કહીએ છીએ.

જે-તે પ્રદેશની બોલીમાં લખાયેલું સાહિત્ય તે પ્રદેશના લોકો સિવાય અન્યને વાંચવું અને સમજવું થોડું મુશ્કેલ પડે છે. ટૂંકમાં, અતિ તત્સમ શબ્દોથી વાંચવું-સમજવું અઘરું લાગે છે. અતિ તળપદા શબ્દોથી લખાયેલું સાહિત્ય પણ ઘણા માટે અરુચિકર બને છે. માન્યભાષાના શબ્દો બહુજન સમાજને વાંચવા-સમજવા અનુકૂળ પડે છે.

**સ્વાધ્યાય**

**1.** તમારા પાઠ્યપુસ્તકની કૃતિઓમાં રહેલા તળપદા શબ્દો શોધી, તેનો માન્યભાષાનો શબ્દ લખી, વાક્યમાં પ્રયોગ કરો.

# ગુજરાતની બોલીઓ

**પ્રાસ્તાવિક**

‘બાર ગાઉએ બોલી બદલાય’ તે કહેવત પ્રમાણે ગુજરાતમાં અનેક પ્રાદેશિક બોલીઓ છે. સૌરાષ્ટ્રમાં ઝાલાવાડી, હાલારી, સોરઠી, ગોહિલવાડીના ભેદો છે તેમ દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત અને વલસાડ વિસ્તારમાં ભિન્ન ભિન્ન ઉચ્ચારભેદો સાંભળવા મળે છે. પરંતુ વ્યાપક રીતે જોઈએ તો ગુજરાતમાં મુખ્યત્વે ચાર પ્રાદેશિક બોલીઓ છે : ઉત્તર ગુજરાતની (પાટણ, સિદ્ધપુર, મહેસાણાની) પટ્ટણી બોલી; મધ્ય ગુજરાતની (ખેડા, નડિયાદ, આણંદની.) ચરોતરી બોલી; દક્ષિણ ગુજરાતની (ભરૂચ, સુરત, વલસાડ, દમણની) સુરતી બોલી અને સૌરાષ્ટ્રની (ઝાલાવાડ, ગોહિલવાડ, સોરઠ, હાલારની) સૌરાષ્ટ્રી બોલી.

## 1. ઉત્તર ગુજરાતની (પટ્ટણી) બોલી

(1) શબ્દને અંતે માન્ય ભાષામાં જ્યાં ‘એ’ હોય ત્યાં ‘ઈ’ સંભળાય છે. ઉદા., કરે છે-કરશિ; કરે છે-કરિ છિ; ઘરે - ઘરિ; આવશે - આવશિ, તેમના - તિમના.

(2) શબ્દના આરંભમાં અથવા અંતમાં ‘આ’ હોય ત્યાં ‘ઓં’ જેવું સંભળાય છે. ઉદા., ગામ - ગોંમ ત્યાં - ત્યોં; પાણી - પોંણી; અહીં -ઓંય; પાંસરી - પોંસરી; નાખ - નોંખ.

(3) શબ્દને અંતે બોલાતો ‘હ’ આ બોલીમાં સંભળાતો નથી ઉદા., નહિ - નૈં; અહાં -ઐં.

(4) શબ્દના આરંભે બોલાતો ‘ઈ’ આ બોલીમાં ‘ઍ’ જેવો સંભળાય છે. ઉદા., ભીનું - ભેંનું; મીણ - મૅણ.

(5) શબ્દના આરંભે ‘હ’ના ધ્વનિ સાથે ઉચ્ચારતો ‘આ’ બોલીમાં ‘ઍ’ જેવો સંભળાય છે. ઉદા., ન્હાનું - ન્હૅનું.

(6) શબ્દના આરંભના ‘ક’નો ‘ચ’, ‘ખ’નો ‘છ’, ‘ગ’નો ‘જ’ ઉચ્ચારાય છે. ઉદા. ક્યાં - ચ્યાં; કેમ - ચ્યમ; ખેતર - છેતર; ગયો હતો - જ્યો’તો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(7) આ બોલીમાં 'ચ'નો 'સ' (ચાર-સાર); 'છ'નો 'શ' (છાસ-શાશ); 'ઝ'નો શ્ (ઝાડ-શ્ઝાડ)ને મળતો ઉચ્ચાર થાય છે.

(8) કેટલાક શબ્દપ્રયોગો વિશિષ્ટ છે. ઉદાહરણ, ત્યારે-તાણે; ત્યાં - તાં; પાસે - કને; કનિ; ચાલ - હેંડ; આગળો - અડો, હડો; વાસ - વાખ; મૂક - મ્હેલ; રાખ - વગેરે

**આ બોલીનો એક નમૂનો :** 'આંહિ આયે બે દહ્‌ાડા થ્યા, જાણો જ સો તો ક શમો ફરિ જ્યો શેં, નકર ભાટ ભરામણને દેહાવર તે હિદ જવું પડે ? તમ હરખા બાપા પાસે આઈને શકન નાખતો ક ન્હાલ થઈ જતા. હવ તો મજુરી કરિ કરિને તુંમલીઅ તૂટિ જાય સેં. ઈંનું હત્યાનાહ જાય. મેંમઈમાં માતા કાલકાનું ખપ્પર સાલે સેં. ઈંનું હારું થજો ક મારગમાં પ્હોરના જેવું દખ નહિ.'

## 2. મધ્ય ગુજરાતની (ચરોતરી) બોલી

(1) ક્રિયાપદને અંતે ઉચ્ચારાતા 'ઇ', 'ઉ'નું ઉચ્ચારણ અત્યંત હ્રસ્વ, લગભગ 'અ' જેવું થાય છે. ઉદા., હું નિશાળે જાઉં છું - હું નૅહાળ જાછ.

(2) 'આઈ'નો ઉચ્ચાર 'ઐ' થાય છે. ભાઈ - ભૈ; બાઈ - બૈ.

(3) 'આં'ને સ્થાને 'ઑ' ઉચ્ચાર. ઉદા., ગામ - ગોંમ; પાણી - પોંણી; આનો - ઑનૉ; માન - મૉન.

(4) 'ઈ'ને સ્થાને 'ઍ'નો ઉચ્ચાર. ઉદા., નિશાળ - નૅહાળ; લીમડો - લૅબડો; ભીંત - ભૅંત.

(5) શબ્દને અંતે આવેલો અનુનાસિક બોલાતો નથી. ઉદા., જાઉં - જઉ; કરું - કરુ; લખવું - લખવુ.

(6) શબ્દની શરૂઆતના 'ક'નો 'ચ', 'ગ'નો 'જ', 'ખ'નો 'છ' અથવા 'શ' ઉચ્ચાર. ઉદા., ક્યાં - ચ્યાં; ગયા - જ્યા; ખેતર - છેતર, શેતર.

(7) શબ્દને અંતે 'ય'નો ઉચ્ચાર સંભળાય. ઉદા., આંખ - આંખ્ય; લાવ - લાવ્ય; કર - કર્ય.

(8) 'સ'નો 'હ' ઉચ્ચાર. ઉદા. પાસે - પાહે; વિશ્વાસ - વિહવાહ; વિસામો - વિહામો.

(9) નારી જાતિનાં બહુવચનનો પ્રત્યય ક્રિયાપદને પણ લાગે. ઉદા., બેનડીઓ ઊભી હતી - બૅનડિયો ઊભિયો હતિયો.

(10) નાન્યતર જાતિના બહુવચનમાં 'આં' પ્રત્યય. ઉદા., ખેતર - ખેતરાં, શેતરાં; ઘરો - ઘરાં; ઢોરો - ઢોરાં.

(11) કેટલાક શબ્દપ્રયોગો વિશિષ્ટ છે. ઉદા., દિવસ - દન; છોકરો - છૈયો; છોકરી - છોડી, છોરી; આપો - આલો; ચાલો - હેંડો.

**આ બોલીનો એક નમૂનો :** 'ચેટલાક ચોરો ઘરમાં પેહીને ચોરી કરવાના વેચારથી તે માંહે પેઠા. મરઘડા વના કશુ લેવા જેવુ નહિ જડ્યું, તેથી તે તેને ઉચકીને લૈ જ્યા. પણ તે તેને મારિ નાંછવા જતા'તા તાણે જિવને હારુ બહુ કાલાવાલા કર્યા, તેમને હભારીને ચેટલો કામનો તે હતો માણહને... તારુ માથુ હમે મચેડી નાછિશું, કેમ જે તુ લોકોને ભડકાવો છ અને જગાડિ રાખો છ. તેથી તારે લીધે નિરાંત હમે ચોરિ કરિ હકતા નથી.'

## 3. દક્ષિણ ગુજરાતની (સુરતી) બોલી

(1) શબ્દને અંતે આવેલા 'ઈ', 'ઉ'ના ઉચ્ચારો હ્રસ્વ, 'અ' જેવા થાય છે. ઉદા., હું જાઉં છું - ઉં જૌં છ; શું કરે છે ? - સું કર છ ?

(2) 'ક'નો 'ખ' અને 'ગ'નો 'ઘ' થાય છે. ઉદા., એકલો - એખ્ખલો; ગોટાળો - ઘોટાળો.

(3) 'ટ'નો 'ત'; 'ણ'નો 'ન'; 'ઢ'નો 'ધ'; 'ઠ'નો 'થ' થાય છે. ઉદા., છાંટો - છાંતો; માણસ - માનસ; કઢી - કધી; એકઠા - એકથા.

(4) 'શ'નો 'સ' થાય છે. ઉદા., શાક - સાક (હાક); પાઠશાળા - પાઠસાળા.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(5) 'સ'નો 'હ' થાય છે. ઉદા., સુરત - હુરત

(6) કેટલી વાર 'હ' બોલાતો નથી. ઉદા., નહીં - ની; ચાહ - ચાઈ; કહ્યું - કયું.

(7) શબ્દની શરૂઆતમાં બોલાતા 'ન'નો 'લ'. ઉદા., નાખ - લાખ.

(8) 'ળ'નો 'લ' ઉચ્ચાર થાય છે. ઉદા., મળવું - મલવું.

(9) કેટલાક શબ્દપ્રયોગો વિશિષ્ટ છે. ઉદા., હું આવત - હું આવતે; કરું છું - કરતો છે; આવે છે - આવતો છે.

(10) કેટલાક શબ્દ માન્ય ભાષા અથવા અન્ય બોલીઓમાં સાંભળવા મળતા નથી તેવા આ બોલીમાં છે. ઉદા., પોર્યો (છોકરો); પોરી (છોકરી); એવણ (એઓ); તેવણ (તેઓ); હૌ (પણ); ઉતો (હતો) વગેરે.

**આ બોલીનો એક નમૂનો :** 'એક જણને બે પોયરા ઉતા. ટેમાંના નાલ્લાએ બાપને કયું કે બાપા જે મિલકટ મારે ભાગે ટે મને આપિ લાખો. બાપે મિલકટના બેભાગ પાઈડા. ઠોડા ડહાડામાં નાલ્લો પોયરો હગલું ઉદાવી ડીઢું ટે વખતે ટે મલખમાં મોટો ડુકાલ પઈડો ને ટેને ટંગી પડવા લાઈગી. એટલે ટે ટે મુલખના કેનારને મઈલો જેણે ટેની જમીનમાં ડુક્કર ચરવા મોકઈલો. ટેણે પોટાનું પેટ ડુક્કર ખાટા ટે કુસકાથિ ભઈરું હોટ પણ ટે કોઈએ ટેને આઈપા નંઈ.'

## 4. સૌરાષ્ટ્રની (સૌરાષ્ટ્રી) બોલી

(1) 'એ'નો ઉચ્ચાર 'ઈ'અને 'ઓ'નો ઉચ્ચાર 'ઉ' થાય છે; ઉદા., એ - ઈ; તે - તી; તેમ - તિમ; છોકરાઉં, છોકરાવું, છોકરાવ.

(2) 'એ'નો ઉચ્ચાર 'અ' જેવો થાય છે. ઉદા., તું શું કરે છે ? - તું શું કર છ ?

(3) 'ય'નો વ્યાપક ઉચ્ચાર થાય છે. ઉદા., વાત - વાત્યું

(4) અનુનાસિક ઉચ્ચાર વિશેષ સંભળાય છે.

(5) 'ચ'નો 'શ'; 'છ'નો શ; 'જ'નો 'ઝ' અને 'ઝ'નો 'શ્ઝ' ઉચ્ચાર સંભળાય છે. ઉદા., ચાર - શ્યાર; છોકરો - શોકરો; જમવું - ઝમવું.

(6) કેટલાક શબ્દપ્રયોગો વિશિષ્ટ છે. ઉદા., ગાયો - ગાયું; બાઈઓ - બાયું; જઈશું - જાશ્યું; કરીશું - કરસ્યું.

(7) કેટલાક માન્ય ભાષામાં અથવા અન્ય બોલીઓમાં સાંભળવા મળતાં નથી તેવાં ઉચ્ચારણો છે. ઉદા., ન્યાં (ત્યાં); માથે (ઉપર); કેદૂના (ક્યારના); ઑરો (પાસે); મૉર્ય (પહેલાં); પૉરો (વિસામો); ખોરડું (ઘર); ઉઝેરવું (ઉછેરવું); બરકવું (બોલાવવું); સાકરવું (બોલાવવું); વયો ગયો (જતો રહ્યો); ભાળવું (જોવું).

**આ બોલીનો એક નમૂનો :** એક હતા ડોસીમાં. ઈ રોજ કથાવારતા સાંભળે ને દેવદર્શને જાય. રોજ પાદરના મંદિરે જાય. ઉંવા જઈ દર્શન કરે; ચોખા કે જારની વાટકી લૈ આવ્યાં હોય ઈ ઉંબરે ઠલવે ને સોપારી ને પૈસો મૂકે ને પાછાં ઘેર્ય આવે; ઘેર્ય આવીને માળી ફેરવે.'

### સ્વાધ્યાય

નીચેના શબ્દો, શબ્દપ્રયોગો કઈ બોલીના છે તે ઓળખાવો અને તેના અર્થ લખો :

કરિ લાઈખ્યું; નૅશાળ; અ્યમ; પોયરો; પંડર; હાક; આવશિ; હેંડ; જ્યા'તા; પૉણી; લાવ્ય; ઘોટાળો; ભેંનું; નૉખ; શાશ; શેંગડું; વિહામો; કઈરું; મેકવું; ભાળવું; મૉઢો આગળ; મૉર; પાણો; આવતી છે; આણી ગમ; આલ; છેતર; પાશિ; પોંશરી; બહેનું ભાઈયું; મામહ; ઉં મોઢું ધૌં છ; મારે જરા ઉતાવર સે.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 9 ભવના અબોલા

**અજ્ઞાત**

લોકગીત એ લોકસાહિત્યનો પદ્ય પ્રકાર છે. લોકગીતનો કોઈ રચયિતા નથી હોતો એમ કહેવા કરતાં એમ કહી શકાય કે લોકસમૂહ લોકગીતોનો રચયિતા હોય છે. માત્ર એક વ્યક્તિ નહીં પણ અનેકોની ઉત્સાહભરી સર્જકતાથી રચાયેલું લોકગીત કોઈ એક પ્રસંગ કે ઘટના આધારિત આનંદ-ઉત્સાહ, ઉમંગ કે વેદનાની સર્જનાત્મક અભિવ્યક્તિ છે. લોકગીતોનો આપણી પાસે સમૃદ્ધ વારસો છે.

'ભવના અબોલા' લોકગીતમાં પતિને મનાવવા માટેના અથાગ પ્રયત્નો છતાં પતિ રીઝતા નથી માટે દુ:ખથી સંતપ્ત દીકરી સમડી મારફતે પિતાને સંદેશો મોકલાવે છે પરંતુ પિતા શાણી સલાહ આપે છે. દીકરી સુખ તો બધા માણે, દુ:ખ વેઠે તે સહનશીલ કહેવાય. દીકરીને વેઠવા પડતાં દુ:ખ સામાન્ય નથી એ વાતની પ્રતીતિ ડુંગર ન ખેડાય, સમંદર ન મપાય, પરણ્યો ન વેચાય અને કરમ ન વંચાય જેવી વાતો દ્વારા થાય છે. આ લોકગીતમાં સાસરવાસમાં દીકરીને પડતાં દુ:ખ કેવાં અસહ્ય હોય તેની વાતો કરવામાં આવી છે.

---

મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં,
મેં તો કાચનાં કર્યાં કમાડ;
મોરી સૈયરું ! અબોલા ભવ રિયા
મેં તો અગર ચંદણના ચૂલા કર્યા,
મેં તો ટોપરડે ભરિયાં ઓબાળ  મોરી...
મેં તો દૂધનાં આંધણ મેલિયાં,
મેં તો ચોખલા ઓર્યા શેર.  મોરી...
એક અધ્ધર સમળી સમસમે,
બેની, મારો સંદેશો લઈ જા.  મોરી...
મારા દાદાની ડેલીએ જઈ કેજે,
તમારી દીકરીને પડિયાં છે દુ:ખ.  મોરી...
દીકરી ! દુ:ખ રે હોય તો વેઠીએ,
દીકરી ! સુખ તો વેઠે છે સૌ.  મોરી...
દાદા ! ખેતર હોય તો ખેડીએ,
ઓલ્યા ડુંગર ખેડ્યા કેમ જાય ?  મોરી...
દાદા ! કૂવો રે હોય તો ત્યાગીએ,
ઓલ્યા સમદર તાગ્યા કેમ જાય ?  મોરી...
દાદા ! ઢાંઢો રે હોય તો વેચીએ,
ઓલ્યો પરણ્યો વેચ્યો કેમ જાય ?  મોરી...
દાદા ! કાગળ હોય તો વાંચીએ,
ઓલ્યાં કરમ વાંચ્યાં કેમ જાય ?  મોરી...



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### શબ્દ-સમજૂતી

**ચંદણ** ચંદન; **સમદર** દરિયો, સમુદ્ર; **ઢાંઢો** બળદ; **અગર** એક જાતનું સુગંધીદાર લાકડું; **ઓબાળ** ઉબાળો, બળતણ; **પરણ્યો** પતિ, ધણી; **કરમ** નસીબ; **કમાડ** દરવાજા, બારણાં; **સૈયર** સખી; **કોરવું** તોડવું; **સમળી** સમડી; **સમસમવું** ફફડવું, ગભરાવું; **તાગવું** માપવું.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) લોકગીતની નાયિકા શા માટે વ્યથિત છે ?

(2) લોકગીતની નાયિકા કોને સંદેશો લઈ જવાનું કાર્ય સોંપે છે ?

(3) નાયિકા કોને સંદેશો મોકલવા ઝંખે છે ?

(4) પિતાએ પુત્રીને શી સલાહ આપી ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) 'કાચનાં કમાડ' શબ્દ દ્વારા નાયિકાની શી વેદના પ્રગટી છે ?

(2) નાયિકા શો સંદેશ મોકલાવે છે ?

(3) નાયિકાને ક્યાં દુઃખ વેઠવાં પડે છે ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) નાયિકાએ પતિને મનાવવા શા-શા પ્રયત્નો કર્યા ? તેનું શું પરિણામ આવ્યું ?

(2) નાયિકાએ મોકલેલ સંદેશ લખો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- દામ્પત્ય જીવનનાં અન્ય પાંચ લોકગીત મેળવીને લખો.
- 'દીકરી વહાલનો દરિયો' વિષય પર નિબંધ લખો.
- દીકરી બની પિતાને પત્ર લખો.

### ભાષા-અભિવ્યક્તિ

તમારી પાસે જે લોકગીત છે, તે છાપેલું છે, જ્યારે લોકોની વચ્ચે, લોકપરંપરામાં એ ગવાતું હોય ત્યારે એમાં ઢાળ, લય તેમજ રાગ-સૂર ભળે છે. દાદાની સલાહ અને પુત્રીની દાદા આગળ વ્યથા રજૂ કરવા વપરાયેલા શબ્દો તેમજ કાવ્યરીતિની નોંધ કરો.

દાદા કહે છે : દીકરી, સુખ તો બધા વેઠે, દુઃખ જ વેઠવાનાં હોય ને ! ત્યારે દીકરી બોલચાલની લઢણ તેમજ ભાષામાં કહે છે : 'દાદા... આમ હોય તો ઠીક પણ તેમ હોય તો શું ?' ગીતની ધ્રુવ પંક્તિથી ઘૂંટાતો ભાવ છેલ્લી પંક્તિમાં આર્તસ્વર બને છે, એકસૂત્ર બને છે અને ભાવાભિવ્યક્તિની તીવ્રતા વ્યક્ત કરે છે : 'કરમ વાંચ્યાં કેમ જાય?'

### શિક્ષક-પ્રવૃત્તિ

- લોકગીત ગાન સ્પર્ધાનું આયોજન કરો.
- તમારા વિસ્તારના પ્રસિદ્ધ લોકગાયકનો કાર્યક્રમ શાળામાં ગોઠવો.
- લોકસાહિત્યનાં પુસ્તકોનું પ્રદર્શન યોજો.
- બાપ-દીકરી વિષયક કવિતાઓ એકઠી કરી હસ્તલિખિત અંક તૈયાર કરાવો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 10 યુધિષ્ઠિર યુદ્ધવિષાદ



ઉમાશંકર જોશી

(જન્મ : 27-7-1911; અવસાન : 19-12-1988)

કવિવર ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મ અરવલ્લી જિલ્લાના બામણા ગામમાં થયો હતો. કવિતા, વિવેચન, સંશોધન, એકાંકી, નવલિકા, નિબંધ, પ્રવાસ, નવલકથા, ચરિત્ર, અનુવાદ તેમજ સંપાદનક્ષેત્રે એમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'આતિથ્ય', 'વસંતવર્ષા', 'મહાપ્રસ્થાન', 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર' અને 'સપ્તપદી' એમના કાવ્યસંગ્રહો છે. આ બધાં જ કાવ્યો 'સમગ્ર કવિતા' નામે એક જ ગ્રંથરૂપે પ્રગટ થયાં છે. પ્રકૃતિ, પ્રેમ, વિશ્વશાંતિ, ધર્મ તેમજ સંસ્કૃતિ જેવા જીવનના ગહન-ગંભીર વિષયો એમનાં કાવ્યોમાં સુપેરે પ્રગટ થયા છે. વિષયવૈવિધ્ય સાથે વિષયનિરૂપણની વિવિધ મુદ્રાઓ એમાં અંકિત છે. જીવન અને જગતને પામવાની એમાં મથામણ છે. 'પુરાણોમાં ગુજરાત' તેમનો સંશોધનગ્રંથ છે. 'અખો : એક અધ્યયન', 'શૈલી અને સ્વરૂપ', 'સમસંવેદન', 'કવિની સાધના', 'શ્રી અને સૌરભ', 'કવિની શ્રદ્ધા' એમના વિવેચનગ્રંથો છે. 'શ્રાવણી મેળો' તેમજ 'વિસામો' તેમના નવલિકાગ્રંથો છે. 'ગોષ્ઠિ' તેમજ 'ઉઘાડી બારી' તેમના હળવા-ગંભીર નિબંધોના સંગ્રહો છે. 'આંદામાનમાં ટહુક્યા મોર', 'યુરોપયાત્રા', 'ચીનમાં 54 દિવસ' અને 'યાત્રી' તેમનાં પ્રવાસપુસ્તકો છે. 'સાપના ભારા' તથા 'હવેલી' એકાંકીના સંગ્રહો છે. 'હૃદયમાં પડેલી છબીઓ'ના બે ભાગ, 'ઈસામુ શિદા અને અન્ય' તેમના ચરિત્રાત્મક લેખોના સંગ્રહો છે.

તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. કન્નડ કવિ પુટપ્પા સાથે સંયુક્તરૂપે તેમના 'નિશીથ' કાવ્યસંગ્રહને ભારતીય જ્ઞાનપીઠ એવૉર્ડ પ્રાપ્ત થયો હતો. 'કવિની શ્રદ્ધા' વિવેચનગ્રંથને દિલ્હી સાહિત્ય અકાદમીનો એવૉર્ડ પ્રાપ્ત થયો હતો. ગુજરાત યુનિવર્સિટી તેમજ 'વિશ્વભારતી' જેવી સંસ્થાઓના કુલપતિપદે તેમણે સેવાઓ આપી હતી.

કૌરવોનાં મૃત્યુ પછી ઉત્તરક્રિયા કરી પાંડવો બેઠા હતા ત્યારે યુધિષ્ઠિર અનંત શોકસાગરમાં ડૂબેલા હોય છે, નારદજી અને વ્યાસ સાથેના સંવાદમાં યુધિષ્ઠિર કહે છે 'સત્તા માટે કૂતરાંની માફક લડી મર્યા !' કૌરવોમાં રહેલી વેરવૃત્તિને નિર્મૂળ કરવાને બદલે એમનો સંહાર કરી બેઠા. આવા ઘોર વિષાદમાં ડૂબેલા યુધિષ્ઠિરને પાંડવો, દ્રૌપદી, કૃષ્ણ, વ્યાસ વગેરે સમજાવે છે; પરંતુ યુધિષ્ઠિરને દુર્યોધનની અભિમાનવૃત્તિ અને દુ:શાસનની નિર્લજ્જ નિર્દયતા સામે લડવાને બદલે એમના શરીર સાથે લડી બેઠાનો વસવસો છે. આથી શોકાતુર સ્વજનોની ચીસ એમને સંભળાતી હોય એવું માને છે. આવા યુદ્ધવિષાદમાં ડૂબેલા યુધિષ્ઠિરને બહાર લાવવા સર્વે સમજાવે છે. યુધિષ્ઠિર તત્ત્વજ્ઞાનભરી દલીલો કરે છે તેમાં એમનું અગાધ જ્ઞાન હોવાની અને વેદનાની અનુભૂતિ એ એમની ન્યાયપ્રિયતા બતાવે છે.

---

**નારદ** : કેમ ? કુંતીપુત્ર, શત્રુઓનો સંહાર કરી હવે તો તમે નિશ્ચિંત બન્યા ને ?

**યુધિષ્ઠિર** : (મોઢા પર નિ:શૂન્યતાની રેખાઓ સાથે ઊંચું જોઈ આશ્ચર્યથી) કોણ શત્રુઓ ? મુનિવર !

**નારદ** : (હસ્યા વિના) કેમ કયા શત્રુ ? કૌરવો વળી !

**યુધિષ્ઠિર** : (એ જ નિ:શૂન્યતાથી યુધિષ્ઠિર મોઢા પર એક પણ કરચલી પલટાવ્યા વિના) મારી હાંસી કરો છો શું, ગુરુદેવ ? કૌરવો તો મારા ભાઈઓ ! આપને ખબર નથી, કૌરવો ને અમે હતા પિતરાઈ.

(બધાં દિંગ થઈ ઊંચું જુએ છે. દ્રૌપદીની ને ભીમની

દૃષ્ટિ એક થતાં બંને આડું જોઈ સ્મિત કરે છે.)

**નારદ** : (સંયમપૂર્વક ટીખળ ખાળીને) હા. એટલુંય હું ન જાણું ?

**વ્યાસ** : (લપેટી લેવા) ક્રિયા કરતી વખતે ભાઈ ખરા ! પણ સમરાંગણમાં તો શત્રુ હતા ને ?

(યુધિષ્ઠિર શૂન્યતામાંથી ઝબકી ઊઠે છે. મોઢા પરની કરચલીઓનો રંગપલટો સ્વપ્નભંગનાં ચિત્રો જેવો દેખાઈ આવે છે. પ્રયત્નપૂર્વક તે હોશિયારીમાં આવી બેસે છે.)

**નારદ** : હવે તમારો પંથ નિષ્કંટક થયો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**યુધિષ્ઠિર :** (બધાં પોતાની તરફ તાકી રહ્યાં છે એના ભાન વિના) હા. કાંટો પગમાં પેઠો એટલે તેને શાંતિથી કાઢવાને બદલે જોર અજમાવીને ભાંગી નાખ્યો, એટલે અંદર જ હવે ભરાઈ બેઠો ! રસ્તા પરથી કાંટા જરૂર ગયા, પણ શરીરમાં ઘર કરી વસ્યા !

**નારદ :** કેમ, પૃથાપુત્ર, વૈરીઓનાં મૂળ રહી ગયાં હોય એમ તમને લાગ્યાં કરે છે ?

**યુધિષ્ઠિર :** રહેવાની વાત ક્યાં ? ઊંડાં ઊતર્યાં છે. એમનાં લોહીના સિંચનથી વેર નિર્મૂળ થવાને બદલે ઊલટું દૃઢ થયું છે.

**નારદ :** હવે કૌરવોનો વિનાશ થયા પછી તો તમે એ વેરવૃક્ષને સરળતાથી ઊખેડી શકશો ને ? (યુધિષ્ઠિરને શાંત જોઈ) યુદ્ધમાં તમને જય મળ્યો એથી, જુઓને ! અમારો બધાનો તો હરખ માતો નથી.

**યુધિષ્ઠિર :** જય ? જય કેવો ! ભગવન, મશ્કરીમાં વિજય કહેતા હો તો બરોબર છે. મને તો આ વિજય પરાજયથી પણ આકરો લાગે છે.

(સૌ કંપી ઊઠે છે.)

**નારદ :** (બીજા કોઈની બોલવાની હિંમત ચાલતી નથી.) આ શું બોલો છો ?

**યુધિષ્ઠિર :** બારબાર વરસ વનવગડામાં આથડ્યાં. હવે કોણ જાણે કેટલાં વરસ કાઢવાં હતાં ? છેવટે ભીખ માગીને ગુજારો કરત, પણ પોતે જ પોતાનાં હાડમાંસ ખેંચી કાઢવાની ઘેલછા ન કરી હોત તો કેવું સારું ? દ્રોણ, પિતામહ, ધૃષ્ટદ્યુમ્ન ગયા. દ્રૌપદીના પાંચ પુત્રો ગયા. ને કર્ણ - એને સૂતપુત્ર કહેતાં આ જીભ કપાઈ કેમ ન પડી ? - અમારા મોટાભાઈના પણ અમે ન રહ્યા ! કેટકેટલાંકનું લોહી રેડ્યું ? લોહીના રંગથી રંગેલી રાજલક્ષ્મી જોઈ મને કંપારી આવે છે.

**નારદ :** અરે ! રાજલક્ષ્મીને તો તમે રાત-દિ' ઝંખ્યા કરી છે, ને આજે આ શું બોલો છો ? વનમાં, રણમાં, મહેલમાં - બધે તમે તેનાં જ સ્વપ્ન સેવતા.

**યુધિષ્ઠિર :** ભૂલ થઈ ગઈ; કહું છું, હજાર વાર ભૂલ થઈ ! માંસને માટે કૂતરાં લઢવાઢ કરે છે એમ અમે લડી મર્યા !

**નારદ :** તો લડ્યા વગર તે કાંઈ આકાશમાંથી તમારે માટે રાજપાટ ઊતરી આવવાનું હતું ?

**યુધિષ્ઠિર :** તો એના વગર ચાલત. આજે આ ભીષણ હત્યાકાંડ પછીની સમૃદ્ધિ કરતાં વનની વિટંબણાઓ લાખ રીતે સારી હતી.

**નારદ :** તમે તમારી જ દૃષ્ટિએ વિચાર કરો છો કે નાના ભાઈઓને ધ્યાનમાં લો છો ખરા ?

**યુધિષ્ઠિર :** એમણે મારે માટે ઘણુંઘણું કર્યું છે, સહ્યું છે, એમને રાજ ભાવતું હોય તો ભલે ! આ રહ્યું રાજ્ય ! ખાય, પીએ ને મઝા કરે ! હું તો એમને કહું કે, ઊઠ ધનંજય ! આ બધાને છોડી ત્યાગી જીવન ગાળી કલેવર છોડીએ !

**અર્જુન :** જોઈ લ્યો, આ અનુપમ કાયરતા ! ભૂતભાવિમાં આનો જોટો નહીં મળે. (યુધિષ્ઠિરને) અલૌકિક પરાક્રમ કરીને મેળવેલી આબાદીને તમે આમ ઠોકરે મારો એ મારાથી સહ્યું નથી જતું, મોટાભાઈ !

**યુધિષ્ઠિર :** એ તારાં-મારાં પરાક્રમોનું જ આ રાજમુગટ પર કલંક લાગ્યું છે. એ લોહીના ડાઘ હવે જવાના નથી. એને આપણા લોહિયાળા હાથથી અડકીને શું મેળવવાના છીએ ?

સ્વજનશોણિતે યમુના-ગંગા ઊભરાવી
વનવનમાં તપમંગલસલિલે ધોશું કલંક કરનાં.

અર્જુન : (યુધિષ્ઠિર વાત મૂકતા નથી એટલે સહેજ નરમ પડીને) બાર વરસ વન વેઠ્યું તે ઓછું છે ? હવે તો બધાંને નિરાંતે જંપવા દો. આજ સુધી બધાએ લડાઈથી રાજ મેળવ્યાં છે કે તમે જ એક નવાઈ કરી ?

**ભીમ :** (મર્મથી) મોટાભાઈ, હું તો મંદબુદ્ધિ ગણાઉં. મારે તમને શું કહેવાનું હોય ? તમે આગળથી ચેતવ્યા હોત તો કોઈ શસ્ત્ર ઉપાડત પણ નહીં, ને આ દારુણ (!) યુદ્ધ પણ ન થાત. લોહીનાં આંધણ મુકાત જ નહીં, એમાં ઊકળવાનું આપણે ભાગ્યે પણ ન આવત. અમને શી ખબર કે તમારી ક્ષમા ને શાંતિની વાતો આટલે ઊંચે પાતળી ડાળીએ જઈ પહોંચશે ?

**યુધિષ્ઠિર :** (બિલકુલ મર્મથી અસ્પૃષ્ટ રહીને) હજી ક્યાં મોડું થયું છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**ભીમ** : શું બોલો છો મોટાભાઈ ! હવે તો દાવ ખેલાઈ ગયો !

**યુધિષ્ઠિર** : એમ નથી. મહાન પ્રયત્નો કર્યા પણ તે બધા હલાહલ ઘોળવામાં જ. ભૂલ થઈ તો સુધારીએ. હવે જાગ્યા ત્યાંથી સવાર.

**ભીમ** : ભૂલ જ ક્યાં છે ? (મર્મમાં) અથવા તમારી વાત થાય ? ભૂલમાં પણ ભૂલ જોઈ બેસો એવા છો તમે તો ! (દબાણથી) હવે જવા દો બધી લાંબીટૂંકી, ને સૌને ઠરીઠામ બેસવા વેળા આવવા દો. આજ લગી તો તમારે વાદે દમ લેવાનો પણ પૂરો વખત મળ્યો નથી.

**યુધિષ્ઠિર** : (દુઃખ સાથે) એ રહ્યું રાજપાટ. તમે મઝાથી ભોગવો ભાઈ ! મુડદાં પર પગ મૂકી નગરજનોની દુઃખી ચીસો વચ્ચે લોહીનિંગળતો મુગટ પહેરવાની હિંમત મારામાં નથી. હું તો નિર્ભય માર્ગ પકડીશ. પવનનો ગોઠિયો બનીને વનની કોતરોમાં કલેવરને કોક દા'ડો ફેંકી દઈશ.

**સહદેવ** : તમે જ વનવાસ દરમિયાન કહેતાને કે બાહ્ય વસ્તુઓ છોડ્યે આત્મશુદ્ધિ થતી નથી. મમતા છોડી રાજ ભોગવવામાં શો બાધ છે ? મોટામોટા રાજાઓએ યુદ્ધ કર્યાં છે એટલું પણ તમે ભૂલી ગયા ?

**નકુલ** : હું પણ એ કહેવા જતો હતો. ભગવાન મહાકાલ કરાવે તેમ આપણે કરીએ છીએ. આપણે બધા એ અજબ જાદુગરના હાથમાં રમકડાં છીએ. એ દોરી હલાવે ત્યારે આપણે કૂદવા માંડીએ, ને ખેંચી લે ત્યારે કરંડિયામાં પડ્યા રહીએ. જીવવું-મરવું એ તો ભગવાનના હાથની વાત છે.

**યુધિષ્ઠિર** : પણ આપણે હથિયાર બન્યા ને ?

**ભીમ** : કઠિયારો ઝાડ કાપે તેમાં કઠિયારાનો વાંક કે કુહાડીનો ?

**યુધિષ્ઠિર** : એટલે પરમેશ્વરની ઇચ્છા છે એમ સમજી આપણે સંહાર જ કર્યા કરવો ?

**પાંચાલી** : બસ કરો હવે તમારું તત્ત્વજ્ઞાન ! ઘણું થયું. ધરાઈ ગયાં હવે. એ ની એ જુગજૂની ક્ષમા ને શાંતિની વાતો ! એ દહાડે ભરીસભામાં તમારા દેખતાં મને ચોટલો પકડીને દુઃશાસન ખેંચી લાવ્યો. એ તો ભગવાને લાજ રાખી, નહીં તો મને નવસ્ત્રી કરત. એને આપવું હતું અમરપદ ! ક્ષમાપદ છોડાય ? દ્રૌપદીનું ગમે તે થાઓ ! ને દુર્યોધને ભીષ્મ, દ્રોણની હાજરીમાં, તમારી સંમુખ સાથળ ખોલી મારું અપમાન કર્યું. મોડીવહેલી પણ ત્યાં ભીમની ગદા શું નહોતી પડવી જોઈતી ?

**યુધિષ્ઠિર** : ના ! પાંચાલી, કઠણ કાળજું કરીને કહું છું સો વાર ના ! ઓછું ના આણશો... તમારું અપમાન મને પણ સળગાવી દેતું હતું. આપણી ગદાએ દુર્યોધનની સાથળના ટુકડા કર્યા કે દુઃશાસનના શરીરનો વિનાશ કર્યો, પણ એથી શું વળ્યું ? શરીર પડ્યાં - દુર્યોધન અને દુઃશાસન આપણી વચ્ચેથી દૂર થયા ! - આપણે એમને દૂર કર્યા - પણ જ્યાં જશે ત્યાં એ જ અભિમાન અને એ જ ક્રૂરતા બમણા વેગથી કામ કરશે. આપણે લડવું હતું દુર્યોધનની અભિમાની વૃત્તિ સાથે, દુઃશાસનની નિર્લજ્જ નિર્દયતા સામે, ને લડી બેઠા તેમનાં શરીરો સાથે.

**પાંચાલી** : ... ... 'સ્ત્રીનો કોઈ ચોટલો પકડે તો તે પિતામહ હોય કે પરમેશ્વર પોતે હોય તોપણ તેની સાથે યુદ્ધ કરવું' એવું શાસ્ત્રનું વચન સંભારી આપું ? ને શાસ્ત્રનું વચન ન હોય તોય શું ? આ તો પાપી હતા. હાથમાં ગદા હોય, ગાંડીવ હોય, તોપણ બધું સહન કર્યાં કરવું, ને 'ક્ષમા ક્ષમા' ગણગણ્યાં કરવું ?!

**યુધિષ્ઠિર** : દ્રૌપદી, તમને તમારી જ વીતી નજર આગળ આવે છે ! અત્યારે હજારો સ્ત્રીઓ પોતાનાં વ્હાલા પુત્ર, ભાઈ, પતિનાં મૃત્યુથી રડતી હશે એમની ચીસો ન સાંભળી શકવા જેટલા તમારા કાન બુઠ્ઠા ન હોય તો જરી ધ્યાન દો ! અરે ! આખા આકાશમાં - દશે દિશામાં એ જ ઘોર આક્રંદનો અવાજ આવે છે. (લાગણીના ભાર નીચેથી ઊછળીને) પાંચાલી ! તું આંસુમાં સમજી જ નથી. તારી આંખોમાંથી નિરંતર આગ જ વરસ્યા કરી છે. આખો સંસાર રોમરોમ પ્રજળી ઊઠ્યો છે. તારી આંખમાં અમીનાં બે આંસુ હોય તો આપ એને ને એની બળતી ઝાળને ઠાર, દેવી મહાકાલી !!

**પાંચાલી** : સંસારને બાળી રહેલો દાવાનળ પાપીઓનું લોહી છાંટવાથી જ બુઝાય છે, એમ હું તો સ્પષ્ટ જોઉં છું. આજે, લોકોને ત્રાહિત્રાહિ પોકારાવનારા કેટલાય પાપીઓ ચાલ્યા ગયા છે ને પ્રજાને શાંતિ મળી છે.

**યુધિષ્ઠિર** : ભૂલો છો ! એમનું લોહી રેડીને તો આપણે ઊલટું બળતામાં ઘી હોમ્યું છે. દુનિયામાં મારામારી મટે તે સારુ આપણે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મારામારી કરી છે. અશાંતિ ફિટાડવા જતાં આપણને સ્મશાનશાંતિ મળી છે, પહેલાં પીડિતોની ચીસો આપણાં અંતર ચીરી નાંખતી હતી, તો હવે શોકની રડારો આપણા કાનના પડદા ફાડી નાખવા તૈયાર છે.

**ભીમ** : ન બોલું, ન બોલું એમ મનમાં ઘણુંયે થાય છે પણ બોલ્યા વિના રહેવાતું નથી.
આપણે બેસી રહ્યા હોત ને દુશ્મનોને ફાવે તેમ કરવા દીધું હોત તો ઠીક શાંતિ જળવાત કેમ ?

**યુધિષ્ઠિર** : ચોક્કસ ! બે પહાડ વિના કદી પ્રતિધ્વનિ સંભળાતો નથી. પાપનો પણ બે પક્ષ વગર પડઘો પડતો નથી. આપણાથી કાંઈ નહિ તો બેસી રહેવાનું બન્યું હોત તોયે બસ હતું. ઊભા થઈ સામે માથું ઊંચું કર્યું, કે પાપ આપણી સાથે અથડાયું ને પડઘાની પરંપરા ચાલુ થઈ, ને એ અવાજોથી આખો સંસાર ગૂંગળાઈ રહ્યો છે.

**ભીમ** : પણ થવાનું થઈ ગયું. હવે...?

**યુધિષ્ઠિર** : અરે વાહ ! હવે ઘણું બધું.

**ભીમ** : હું પણ કહું છું જે છે તે હવે જ છે. બાર વરસ વનમાં ભમ્યા ને કેટલાંય વીતકો ને મુશ્કેલીઓ પછી આ રાજ્ય મળ્યું છે તે ભોગવીએ. જટાસુર, ચિત્રસેન, કીચક માર્યાનાં દૃશ્યો નજર આગળ તરવર્યાં કરે છે. સુયોધનને માથામાં લાત મારેલી તેનો દુખાવો હજી તો પગમાંથી ગયો નથી. ગઈ કાલ સુધી માથે વીતકનાં વાદળ ઝઝૂમતાં રહ્યાં છે. હવે ગઈ ગુજરી ભૂલી જઈને આપણે નિરાંતે બેસીએ.

**યુધિષ્ઠિર** : ભીમ, તું વરુની ભાષામાં વાત કરે છે. કોળિયા અન્ન માટે વાઘવરુ કેટલી મારફાડ કરે છે. આપણે પોતાનાં પેટ માટે આટલું બધું કર્યું ? આપણને પેટ તો એક છે ને ? એને માટે આવડા મોટા રાજની શી જરૂર છે ?

**પાંચાલી** : (યુધિષ્ઠિર હજી આગ્રહ મૂકતા નથી એ જોઈ સહેજ ઠંડી પડીને) ધર્મરાજા ! દ્વૈતવનમાં આશ્વાસન આપતા તે ભૂલી ગયા ? દુર્યોધનને લડાઈમાં મારી ઇંદ્રપ્રસ્થમાં રાજ કરીશું, એવું એવું કહી વનવાસનું દુઃખ વિસારે પડાવતા તે તમે કે બીજું કોઈ ?

**યુધિષ્ઠિર** : એ જ હું, મારે જ વાંકે બધું થયું છે, એ તો હું ક્યારનોય કહું છું. ને તેથી તો હું એકલો જ વનમાં જવાનો વિચાર કરું છું.

**નકુલ** : ધર્મરાજ ! તપસ્વીઓના જીવનમાં પણ કાંઈ ને કાંઈ પ્રાણીવિનાશ તો હોય જ છે.

**અર્જુન** : અરે ! બધાં પ્રાણી નબળાં પ્રાણીઓ ઉપર જીવી ગુજારો કરે છે. નોળિયો ઉંદરને મારે છે, તો બિલાડી નોળિયાને, ને કૂતરો બિલાડીને, તો વરુ કૂતરાને, ને માણસ વળી એ બધાંને - એવી આખા જીવનની યોજના છે. તાપસો પણ વધ વિના પ્રાણ ટકાવી ન શકે. પોપચાં બિડાય તેમાં જેની ડોક મરડાઈ જાય એવાં સૂક્ષ્મ કલ્પનામાંય ન આવી શકે એવાં કેટલાંક જંતુઓ તો છે. માટે મોટાભાઈ, મારું માનો તો જેવા સરજાયા તેવા રહેવામાં જ માલ છે. જે કૈં થયું તે બરાબર જ થયું છે.

**યુધિષ્ઠિર** : (કંટાળીને) હવે હદ થાય છે ! અર્જુન, તું શસ્ત્ર ઝાલી જાણે, શાસ્ત્રમાં તું શું સમજે ? વૃદ્ધોના ચરણ હજી તેં સેવ્યા નથી. ભ્રાતૃસ્નેહથી બોલે છે, એટલે મને ગમે છે. ભીમસેન અને તારામાં અઢળક બળ છે એ હું જાણું છું, પણ તેથી મારી બુદ્ધિમાં શંકા લાવવાનો તમને અધિકાર નથી. તું તો લોહીના લાલ રંગને કલંક ગણવાને બદલે ઊલટો એના ચળકાટથી મોહીને રાચે છે. (બધું ગળી જતા હોય તેમ દુઃખથી) ભલે ! ભાઈ, ભલે ! તમે તમારે મઝાથી રાજ કરો ને મનની આશાઓ સંતોષો. મારો માર્ગ મોકળો કરશો તો ઉપકાર. જંગલેજંગલમાં ભટકીશ, યુગોથી ઊભેલાં વૃક્ષોને પૂછીશ કે જગતમાં શાંતિ સ્થાપવાની કોઈ જડીબુટ્ટી છે ? પર્વતના હૃદયનું દરદ વહેતાં ઝરણાંની સાથે સંસારનું દુઃખ રડીશ, ને સાગરનો વડવાનલ બૂઝવવા જતી સરિતાઓને પૂછીશ કે સંસારનો દાવાનળ શમાવવા જેટલું પાણી તેમની પાસે છે કે નહીં !

**વ્યાસ** : સંન્યાસની આ શેની ધૂન લગાવી છે ? દંડ એ જ ક્ષત્રિયોનો ધર્મ છે, મુંડન નહીં. શા માટે, રાજા શોક કરો છો ? જેવું બીજાનું થાય છે તેવું મારું થાય છે, ને જેમ મારું થાય છે તેમ બીજાનું થાય છે એમ સમજે તો બધી વિટંબણા ટળી જાય.

**યુધિષ્ઠિર** : ... ...

**વ્યાસ** : પણ રાજા, ક્ષત્રિય શય્યામાં મરે એ તો અધર્મ કહેવાય. એનું મોત તો સમરાંગણમાં જ શોભે !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**યુધિષ્ઠિર :** મારું મોત એમ થયું હોત તો તો ઠીક જ હતું તો ? પણ આ તો બીજાનું મોત કરીકરાવીને અહીં ઊભો છું.

**અર્જુન :** (વ્યાસને પણ યુધિષ્ઠિર કંઈ પત દેતા નથી એ જોઈ શ્રીકૃષ્ણને નિમંત્રે છે.) યદુવીર, તમે મને તો કુરુક્ષેત્રમાં લડાઈને રંગે ચડાવ્યો, પણ હવે આ કામ વસમું છે. બે-ત્રણ ગીતા ગાશો તોય સમજે તો ભલા !

**યુધિષ્ઠિર :** હું જ શ્રીકૃષ્ણને પૂછું છું કે આવડો મોટો સંગ્રામ થયો પણ એકે વખત પોતે કેમ શસ્ત્ર પકડ્યું નહીં ?

**શ્રીકૃષ્ણ :** અરે, મારે હાથેય ક્યાં ઓછું થયું છે ? પણ એ તો ઠીક, (પોતે હવે આ વિવાદમાં ખેંચાયા છે એટલે ખસી ગયે નહીં ચાલે એમ સમજી) ધર્મરાજા, તમે જુગારમાં હોશિયાર છો તો આ જરા મોટી બાજી છે તોય શું ? સમજતાં વાર કેમ લગાડો છો ?

**યુધિષ્ઠિર :** એટલે ?

**પાંચાલી :** તમે બધાય એક મહાશતરંજનાં સોગઠાં છો.

**યુધિષ્ઠિર :** કબૂલ. ને તેથી તો આજે હું શાંતિનો દાવ ખેલવા બેઠો છું. મારું સર્વસ્વ હું હોડમાં મૂકું છું. જોઈએ છીએ શાંતિ જીતે છે કે યુદ્ધ ? હાથે કર્યાં બધાં ભૂંસી નાખવાં છે. શાંતિનો દાવ જીતું તો જન્મારો જીત્યો !

**પાંચાલી :** (નિર્દય મર્મપ્રહારથી) હોડ બકો એમાં આપણને ગણશો નહીં ! એક વાર તો ભગવાને લાજ રાખી છે.

**શ્રીકૃષ્ણ :** કૃષ્ણા ! ગંભીર ! આ પજવણીનો સમય નથી. (યુધિષ્ઠિરને) તમે નકામા ખાંડ ખાઓ છો ! એક સ્વપ્ન પસાર થઈ ગયું. તમે તેને પકડી રાખવા માગો છો ? જે ગયા તે પાછા બોલાવવાનો તો વિચાર નથી ને ? મારું માનો તો કૌરવો મર્યાનો શોક છોડી દો !

**યુધિષ્ઠિર :** અરે ! કોણ મર્યું છે ? આ રહ્યો દુર્યોધન, રાતી આંખે જોઈ રહ્યો ! મારા એકલા પરનો ક્રોધ જાણે જગત પર ઠાલવવા કરતો હોય ને ? રણમેદાનમાં ભલે તેમનાં પ્રેત પડ્યાં હોય. તે બધા પણ આ મારી આગળ જીવતાજાગતા ફરે - મારે તે સહુને ભેટવું છે. તેમનાં હથિયારો અને બખ્તર પાછળ માનવહૃદય ધબકે છે એ હું સ્પષ્ટ જોઉં છું. આપણાં હથિયાર હથિયાર સાથે જ અથડાયાં, માંસ માંસની સાથે જ લડ્યું. મારે હવે હૃદયની લડાઈ આદરવી છે. પચીસ દુનિયાઓ વળોટીને કૌરવો ક્યાંક ચાલ્યા જશે તોપણ પાછળ પાછળ જઈશ, ને તેમની જ મદદથી હું યુદ્ધ સાથે યુદ્ધ કરીશ. 'આપણાં ને પોતાનાં પાપે આખો સંસાર યુદ્ધથી પીડાયા કરશે, ચાલ એ યુદ્ધને, અશાંતિને આપણે મહાત કરીએ.' એટલું જ મારે દુર્યોધનને કહેવાની જરૂર રહેશે. એમ તો એ...

**શ્રીકૃષ્ણ :** (રોકીને) અત્યારે અહીં જ હવે નવવિધાનનાં બીજ નાખો તો ઘણું છે.

**યુધિષ્ઠિર :** મહાવિનાશના ખાતરમાં બીજું શું ઊગવાનું હતું ? લોહી પીને ઊછરેલા છોડ અમૃતફળ ઓછા આપવાના હતા ? લોહી અને આંસુનાં ઝાપટાંથી માનવતાની સંસ્કૃતિનો ફાલ બગડી જશે ઊલટો.

**શ્રીકૃષ્ણ :** ધર્મરાજા, તમે શાંત થાઓ. ભૂતકાળ બિચારો તમારી આગળ કાંપે છે, દયા કરો ! ભવિષ્ય અવનવી આશાએ સ્મિતપૂર્વક તમારી તરફ આવી રહ્યો છે, એને નિરાશ ન કરો !

**યુધિષ્ઠિર :** હાય નિરાશા !

**શ્રીકૃષ્ણ :** તો સૃષ્ટિક્રમમાં આ યુદ્ધ વૃથા આવ્યું છે, એમ ? બ્રહ્માની પણ ભૂલ થવા સંભવ છે ખરો !

**યુધિષ્ઠિર :** ફરીથી માનવતા આવાં તાંડવ ન જોવા પામે એ જ આ યુદ્ધનો જગતના વિકાસક્રમમાં હેતુ હોઈ શકે.

**શ્રીકૃષ્ણ :** જુઓને અત્યારે જ સુંદર નવું ચણતર અબાધિત રચી શકાય. બધાં ઝાડીઝાંખરા દૂર થયાં છે ! યુદ્ધ દ્વારા માનવતાએ પોતાનો કચરો ફેંકી દીધો !

**યુધિષ્ઠિર :** કચરોકચરો તોય એક વાર સરજનહારની અંગુલિનો સ્પર્શ થયો છે. પરમેશ્વરની ભૂલ સુધારવાનું માણસ માથે લે ? પરમપિતાનો આશીર્વાદ દેતો મીઠો હાથ તેના ઉપર એક વાર ન હશે એટલી વાત જ શું એને પૂજવા માટે પૂરતી નથી ? એ પિતાની નજરે સૌ સરખાં છે. રાત્રિના તારાને તરણા સામે હસવાનો અધિકાર નથી.

**અર્જુન :** પણ હવે આ પ્રજાને આવી દશામાં મૂકીને તમે છૂટા થઈ ....... ઉચિત ગણો છો ?

**યુધિષ્ઠિર :** હા પ્રજાનો સેવક બનીશ. ચાકર થઈને રહીશ પણ સિંહાસન ઉપરથી સેવા નહીં કરું. ભિખ્ખુ થઈને રખડીશ ને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મારાં પા... પૂરેપૂરું ભાન પામીશ. કેટકેટલાંએ પોતાનાં વહાલાં ગુમાવ્યાં તે કરુણ વિલાપો આ કાને સાંભળીશ.

મારે એકને કાજે રે

સુતવિયોગે આજે રે માડી કૈંક ઝૂરી મરે.

(યુધિષ્ઠિર અત્યંત ભાવાવેશમાં આવતાં ઢળી પડે છે. વ્યાસ સફાળા ઊઠીને કમંડળમાંથી પાણી છાંટે છે ને બેબાકળા બનીને પાંચાલી, અર્જુન, ભીમ વગેરે કંઈ કંઈ લાવે છે.)

**ભીમ** : (વ્યથાથી) પાપી તો હું જ હતો. ઝેરનું પૂતળું !

**અર્જુન** : મને મારા ગાંડીવનું અભિમાન હતું ! ગુમાનમાં હું સખણો ન રહ્યો.

**પાંચાલી** : (વિલાઈને) મારાં જ પાપ પ્રકટ્યાં છે. યુદ્ધ માટે તો હું જ કૂદંકૂદા કરતી હતી !

(સહદેવથી માત્ર અરેરાટીનો એક અવાજ કરી જવાય છે.)

**નકુલ** : આ શું છે બધું ?

**શ્રીકૃષ્ણ** : એક રીતે તો યુધિષ્ઠિરનું કહેવું...

(વિચારમાં પડી જાય છે)

(પડદો પડે છે.)

### શબ્દ-સમજૂતી

**સંહાર** નાશ; **ધનંજય** અર્જુન; **શોણિત** લોહી; **હલાહલ** ભયંકર ઝેર; **દશે દિશા** દિશાઓ-ખૂણાઓ અને જમીન તથા આસમાન તરફ; **પ્રજળવું** સળગવું; **ચિત્રસેન** સૈનિક; **દ્વૈતવન** એક પૌરાણિક જંગલ; **મહાત કરવું** હરાવવું; **સૂતપુત્ર** સારથિનો પુત્ર, અહીં કર્ણ; **કલેવર** શરીર, ખોળિયું; **દારુણ** નિર્દય, કઠોર, ભયાનક; **મહાકાલ** મહાદેવ; **આક્રંદ** રુદન, વિલાપ; **જટાસુર** જટા ધરાવતા અસુર રાજા; **કીચક** પોલો વાંસ, વિરાટ રાજાનો સાળો; **સમરાંગણ** યુદ્ધભૂમિ; **વૃથા** નકામું; **ગાંડીવ** ધનુષ્ય; **પથ** રસ્તો, માર્ગ; **નિષ્કંટક** કાંટા વિનાનું; **વડવાનલ** સમુદ્રમાં લાગતો અગ્નિ.

### રૂઢિપ્રયોગ

**જાગ્યા ત્યાંથી સવાર** નવેસરથી પ્રારંભ; **ગઈ ગુજરી ભૂલી જવી** ભૂતકાળ ભૂલી જવો.

### સ્વાધ્યાય

**1. એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) યુધિષ્ઠિરને પોતાનો વિજય એ વિજય શા માટે લાગતો નથી ?

(2) અંતે યુધિષ્ઠિર બેભાન શા માટે થઈ જાય છે ?

(3) વનની વિટંબણાઓ શાના કરતાં સારી હતી ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) યુધિષ્ઠિર લોહિયાળ વિજયનું પ્રાયશ્ચિત કેવી રીતે કરવા માગે છે ?

(2) પોતાનું શેષ જીવન વનમાં ગાળી યુધિષ્ઠિરને શું કરવું છે ?

**3. સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'યુધિષ્ઠિરનો યુદ્ધવિષાદ' નાટકના કથાવસ્તુને તમારા શબ્દોમાં આલેખો.

(2) યુધિષ્ઠિરને શા માટે વિષાદ થાય છે ?

(3) યુધિષ્ઠિરના મુખે યુદ્ધની ભયાવહતા કેવી રીતે વ્યક્ત થઈ છે ?

(4) 'યુધિષ્ઠિર યુદ્ધવિષાદ' નાટકના અંતની ચર્ચા કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- નાનાભાઈ ભટ્ટની પુસ્તકશ્રેણી 'મહાભારતનાં પાત્રો' મેળવી વાંચો.
- ઉમાશંકર જોશીનું પદ્યનાટક 'કર્ણ-કૃષ્ણ' મેળવી વાંચો.
- 'ધર્મરાજ યુધિષ્ઠિર' વિષયક નિબંધ લખો.

### ભાષા-અભિવ્યક્તિ

**નીચેનાં વાક્યો વાંચો :**

'રસ્તા પરથી કાંટા જરૂર ગયા, પણ શરીરમાં ઘર કરી વસ્યા !'

'મને તો આ વિજય પરાજયથી પણ આકરો લાગે છે.'

'ભીષણ હત્યાકાંડ પછીની સમૃદ્ધિ કરતાં વનની વિટંબણાઓ લાખ રીતે સારી હતી.'

'અશાંતિ ફિટાડવા જતાં આપણને સ્મશાન શાંતિ મળી છે.'

જેમાં યુધિષ્ઠિરને યુદ્ધમાં વિજય મેળવ્યાનો લેશમાત્ર આનંદ હોય તેમ જણાતું નથી; પરંતુ તેના મનોજગતમાં યુદ્ધ પછી ઊઠેલી અશાંતિનો ચિતાર પમાય છે.

'આપણે લડવું હતું દુર્યોધનની અભિમાન વૃત્તિ સાથે, દુઃશાસનની નિર્લજ્જ નિર્દયતા સામે, ને લડી બેઠા તેમનાં શરીરો સાથે' - આ સંવાદમાં યુદ્ધથી માણસો મરે છે, વિચાર કે વૃત્તિ નહીં, જેવા વિશાળ અર્થને લેખકે યુધિષ્ઠિરની મનોદશાથી બરાબર આલેખ્યો છે.

અંતમાં કૃષ્ણ, જ્યારે કહે છે - 'એક રીતે તો યુધિષ્ઠિરનું કહેવું...' આમ, વાક્ય અહીં અધૂરું છોડી લેખક આપણને પણ કૃષ્ણની આ વાત તથા યુધિષ્ઠિરના મનોભાવ સાથે જોડી દે છે. તેમાં જ તેમની સાર્થકતા જોવા મળે છે. સાથે ભાષાની મજબૂત પકડનો ખ્યાલ આવે છે.

### શિક્ષક-પ્રવૃત્તિ

- ન્હાનાલાલ કૃત 'ભરતગોત્રનાં લજ્જાચીર' પદ્યનાટક વિદ્યાર્થીઓને સંભળાવો.
- અશોકનાં હૃદય પરિવર્તનની વાત વિદ્યાર્થીઓને કરો.
- 'યુદ્ધ અને શાંતિ' વિષય પર વક્તૃત્વસ્પર્ધાનું આયોજન કરો.
- આ એકાંકીનું 'વાચિકમ્' વિદ્યાર્થી પાસે કરાવો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 11 ઊર્મિલા



**કવિ બોટાદકર**

**(જન્મ : 1870; અવસાન :1942)**

ગૃહ અને ગ્રામજીવનને કવિતાનો વિષય બનાવનાર કવિ દામોદર ખુશાલદાસ બોટાદકરનો જન્મ સૌરાષ્ટ્રના બોટાદમાં થયો હતો. તેમણે માત્ર છ ધોરણ સુધીનો અભ્યાસ કરેલો. આ કવિ સંસ્કૃત ભાષા-સાહિત્યના પણ સારા અભ્યાસી હતા. તેમનું પ્રદાન મુખ્યત્વે કવિતાક્ષેત્રે રહ્યું છે.

તેમના મહત્ત્વના કાવ્યસંગ્રહોમાં 'સ્રોતસ્વિની', 'નિર્ઝરિણી', 'રાસતરંગિણી' અને 'શૈવલિની'નો સમાવેશ થાય છે. ગૃહજીવનના ભાવોને સુંદર રીતે કવિતામાં વ્યક્ત કરનાર આ કવિએ પ્રકૃતિ અને ગ્રામજીવનને પણ સુચારુ પદાવલિમાં ઢાળ્યા છે. તેમણે 'રાસ' પ્રકારની રચનાઓ પણ આપી છે.

આ એક ખંડકાવ્ય છે. ખંડકાવ્યમાં કોઈ વિશિષ્ટ પ્રસંગના આશ્રયે મુખ્યત્વે વિવિધ ભાવોનું છંદોવૈવિધ્ય સાથે નિરૂપણ કરવામાં આવે છે. વેધક ભાવનિરૂપણ સાથે એમાં હૃદયસંઘર્ષ અને જીવનરહસ્ય પણ રજૂ થાય છે. પ્રસ્તુત ખંડકાવ્યમાં લક્ષ્મણ અને ઊર્મિલાના હૃદયભાવોનું આલેખન થયું છે. પતિ સાથે વનમાં જવાને બદલે ઘેર રહી વિરહવ્યથા સહન કરવાનો નિર્ણય ઊર્મિલાએ કર્યો તેને લક્ષ્મણ અભિનંદે છે. પતિપત્ની જે પ્રેમ અને કર્તવ્યનો તીવ્ર સંઘર્ષ અનુભવે છે તેનું ખંડકાવ્યમાં અસરકારક નિરૂપણ થયું છે. વિવિધ ભાવસંવેદનો સાથે છંદોનું વૈવિધ્ય પણ કવિએ આ રચનામાં સારું એવું પ્રકટ કરી આપ્યું છે.

---

(મંદાક્રાન્તા)

શોકાવેશે હૃદય ભરતી, કંપતી ભીતિઓથી,
ને ચિન્તાથી જ્વલિત બનતી, સંભ્રમે વ્યગ્ર થાતી :

વારે વારે સ્વર સમજવા દૂર કૈં કાન દેતી,
ઊભી બાળા વિવશ બનીને બારીએ બ્હાવરી શી.

(અનુષ્ટુપ)

ધનુર્બાણ ગ્રહી હાથે ને વાઘા વનના સજી,
દૂરથી આવતો દેખે વ્હાલાને કૈંક વેગથી.

ચિરાયું ચિત્ત ઓચિંતું, વજ્રપાત થયો શિરે,
ઢળતી સહસા ઊભી સંકષ્ટે ગ્રહી દ્વારને !

હજારો વસમા તર્કો અંતરે ઉદ્‌ભવી રહ્યા,
તોયે ધૈર્ય ધરી ઊભી સ્વામીને સન્મુખી થવા.

કૃતાપરાધ-શો આવી ઊભો દીન મુખે પતિ,
સંબોધી સ્નેહના શબ્દો વદે ધીમે વિવેકથી

(શાર્દૂલવિક્રીડિત)

''વ્હાલી ! જાય રઘુપતિ વન વિષે, સીતા જતાં સંગમાં,
તેના સેવન કાજ સંગ વસવા મારે જવું સર્વથા;
વેઠે એ વનવાસનાં વિકટ હા ! કષ્ટો શરીરે અતિ,
ને હું મ્હેલ વિષે વસું સુખ થકી, એ યોગ્ય ભાસે નહિ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આવ્યો સંમતિ યાચવા તુજ તણી ધર્મ્ય કાર્યે, પ્રિયે,
માની યોગ્ય વિચાર અંતર તણો દેજે અનુજ્ઞા મને;
ના તારો અપરાધ આમ ત્યજવા જેવો લગારે થયો,
બંધુધર્મ બજાવતાં દઉં તને અન્યાય આજે અહો !''

(અનુષ્ટુપ)

સ્વપ્નમાંયે ન સૂઝેલી, માનેલી મનથી નહિ,
સાંભળી શોકની વાર્તા ઓચિંતા સર્પદંશ-શી.

રોમદ્વારે સર્યું વેગે રક્ત વારિત્વ પામતું,
ફાટ્યાં ચિત્ત અને ચક્ષુ, ભાન ના દેહનું રહ્યું.

કાષ્ઠની પૂતળી જેવી ઊભી સ્તબ્ધ બની રહી,
વૃત્તિઓ સર્વ વ્હાલાની વિલોકી મુખ વાંચતી.

આર્તનાદ ન કૈં કીધો, ના ચેષ્ટા સ્નેહની કશી,
સ્નેહશૌર્ય ધરી ઊભી આપદ્ભાર ઉઠાવતી

સ્નેહગર્વ નથી જેને સ્નેહશોક ન એ ધરે,
તૂટતા આભને ઝીલી લેવાની શક્તિ એ ઉરે.

હજારો બાણને ઝીલે વીર જેમ વપુ વડે,
એ ક્રમે ઝીલતી ઊભી વિપદ્વજ્રપ્રહારને.

રૌપ્યઘંટા અહો ! વાગી, ઊઘડ્યું મુખ આખરે,
સ્નેહનાં સૂત્ર શા શબ્દો મંદમંદ સરી પડે :

(શાર્દૂલવિક્રીડિત)

''વ્હાલા ! ધર્મ વિચારીને અનુજનો ઇચ્છો અરણ્યે જવા,
શી રીતે અવરોધ થાય મુજથી સત્કાર્યને સેવતાં ?
ઉકેલ્યું દુઃખ આપના હૃદયનું તેમાં ન વૃદ્ધિ કરું,
કે'વાનું કંઈ ઉદ્ભવે ઉર વિષે તોયે કશું ના કહું.
ને સંગે વસવા તણો હઠ કરી ના કષ્ટ આપું વધુ,
ચિંતાભાર વધારવો તમ શિરે એ યોગ્ય હું ના ગણું;
ચિંતા અંતરની દઈ દયિતને સંગી થવા ઇચ્છવું,
એથી ઉત્તમ વિપ્રયોગ સહીને હા ! ચિત્ત ચિરાવવું !''

(અનુષ્ટુપ)

''ધન્ય ધન્ય તને દેવિ ! અનેરી કોઈ ઊર્મિલે !''
ધર્મસંકષ્ટ સ્નેહીનું તું શકી સમજી ખરે !
હજારો કષ્ટ હૈયાનાં ને ચિંતાની પરંપરા,
સહી લેવા તણી સ્હેજે તૈયારી તેં કરી અહા !
ચિત્તને ચીરતા ભૂંડા વિલાપો નહિ તેં કર્યા,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સંસારસેવકોથી તું જુદી કોઈ સુરાત્મજા !
કર્તવ્ય પાળવા કેરો હર્ષ તું હણી નાખશે,
વનવાસ વિષે વિઘ્નો હા ! અતર્કિત આપશે,
અથવા આવવા સંગે હઠ બૂરો બતાવશે,
સીતાનો દાખલો લેવા તું અવસ્થ ઊભી થશે,
હતી એ અંતરે ભીતિ, ઉપાયો સૂઝતા નહિ,
પરંતુ દિવ્ય કો દેવી સિદ્ધ તું સર્વથા થઈ !
સ્વાર્થને પોષવા તારે અંતરે વાસના નથી,
સ્નેહીના ચિત્તને શોભે એવી તેં શાંતિ સાચવી !

(મંદાક્રાન્તા)

સંગે રે'વું નિજ હૃદયનો ભાર ઉતારવાને,
ને વ્હાલાને કુશલ નીરખી અંતરે રાચવાને;
એ તો વ્હાલી ! અધમ ઉરનો સ્વાર્થ કે સ્નેહગર્વ,
સ્નેહી કેરું હૃદય સમજે તે તણું તત્ત્વ સર્વ.
ચિંતા ભૂંડી હૃદય હણતી સોંપવી સ્વામિચિત્તે,
ને રક્ષાની કઠિન કૃતિમાં રોકવો સર્વ રીતે;
લૂંટી લેવું વિષમ વનમાં સર્વ સ્વાતંત્ર્ય એનું,
એ વ્હાલી, તેં ઉચિત ન ગણ્યું, ધન્ય હા ! ધૈર્ય તારું !
ના શિક્ષાનાં કથન કથવાં યુક્ત તારા સમીપે,
ને આશ્વાસો પણ ઊચરવા વ્યર્થ જેવા દીસે છે;
ઉત્પાતો ને તુજ હૃદયનો કંપ દેખી શકું છું,
તોયે તારી ધૃતિ નીરખતાં સ્વાસ્થ્ય સેવી શકું છું.''

(અનુષ્ટુપ)

પતિએ પીઠ કીધી ને દયિતા દેખતી રહી,
અંતે 'હાય !' કહી બાળા મૂર્છિતા ભૂતલે પડી !

## શબ્દ-સમજૂતી

**શોકાવેશે** શોકના આવેશમાં; **ભીતિ** ડર, બીક; **જ્વલિત** બળતી, સળગતી; **સંભ્રમે** ગભરાટથી, વ્યાકુળતાથી વ્યગ્ર, ચિંતાતુર; **વજ્રપાત** વજ્ર-ઈન્દ્રનું શસ્ત્ર પડ્યું હોય એવો આઘાત; **સંકષ્ટે** મહામુશ્કેલીથી; **ગ્રહી** પકડી; **સન્મુખી થવા** મળવા; **કૃતાપરાધ-શો** અપરાધ કર્યો હોય તેવો, ગુનેગાર જેવો; **દીનમુખે** ગરીબડા મોઢે; **સંમતિ યાચવા** રજા લેવા; **અનુજ્ઞા** આજ્ઞા, રજા; **રોમદ્વારે** રૂંવાડે રૂંવાડે; **રક્ત વારિત્વ પામતું** લોહી ફિક્કું પડી જતું હતું. (લોહીનું પાણી થઈ જતું હતું); **વિલોકી** જોઈ; **આર્તનાદ** દુઃખનો પોકાર; **આપદ્‌ભાર** દુઃખનો ભાર; **તૂટતા આભને...ઉરે (ઊર્મિલાની)** અતિ મુશ્કેલભરી પરિસ્થિતિને સહી લેવાની શક્તિ-અડગ શક્તિ-ધૈર્યનું સૂચન; **વપુ** શરીર; **વિપદ્વજ્રપ્રહાર** વિપત્તિરૂપ વજ્રનો પ્રહાર; **અનુજ** નાનો ભાઈ; **દયિત** પ્રિય, પ્રીતમ (દયિતા-પત્ની); **વિપ્રયોગ** વિયોગ; **યુક્ત** યોગ; **ધૃતિ** ધીરજ; **સુરાત્મજા** સુર (દેવ)ની આત્મજા-પુત્રી, દેવીપુત્રી; **આશ્વાસો** આશ્વાસનયુક્ત શબ્દો; **મૂર્છિતા ભૂતલે પડી** મૂર્છિત થઈને ધરતી ઉપર ફસડાઈ પડી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઊર્મિલા શા માટે બહાવરી બની છે ?

(2) દૂરથી પતિને આવતા જોઈ ઊર્મિલા શું વિચારે છે ?

(3) પોતાને વનમાં જવા માટે લક્ષ્મણ ઊર્મિલાને કયું કારણ બતાવે છે ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) વનમાં જવા અંગેની પતિની વાતની ઊર્મિલા પર શી અસર થાય છે ?

(2) પતિની વાતનો ઊર્મિલાએ શો જવાબ આપ્યો ?

(3) ધીરજવાન જણાયેલી ઊર્મિલા ક્યારે મૂર્છિત થઈ ગઈ ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) આ કાવ્યને આધારે ઊર્મિલાનું ચરિત્રચિત્રણ કરો. **અથવા**

'સિદ્ધ તું સર્વથા થઈ' શબ્દો દ્વારા વર્ણવાયેલી ઊર્મિલાની મહાનતા.

(2) લક્ષ્મણ ઊર્મિલાનું બહુમાન કેવી રીતે કરે છે ?

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- વર્ગમાં બે જૂથ પાડી ઊર્મિલા અને લક્ષ્મણના ત્યાગ વિશે ચર્ચા કરો.
- રામાયણનાં સ્ત્રીપાત્રોને કેન્દ્રમાં રાખી પ્રૉજેક્ટ તૈયાર કરો.
- નાનાભાઈ ભટ્ટનું 'રામાયણનાં પાત્રો' પુસ્તક ગ્રંથાલયમાંથી મેળવી વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

- તોયે ધૈર્ય ધરી ઊભી સ્વામીને સન્મુખી થવા.
- ને આશ્વાસો પણ ઊચરવા વ્યર્થ જેવા દીસે છે;
- તોયે તારી ધૃતિ નીરખતાં સ્વાસ્થ્ય સેવી શકું છું.

ઉપરની પંક્તિઓ વાંચો અને એમાં રહેલા ઘાટા શબ્દો તપાસો. તમને એ શબ્દો આયાસપૂર્વક મરડીને ગોઠવેલા દેખાશે. 'પ્રત્યક્ષ મળવા' માટેનો 'સન્મુખી' શબ્દ આયાસપૂર્વક મૂક્યો નથી લાગતો ? 'આશ્વાસનના શબ્દો' એમ કહેવા માટે યોજાયેલો 'આશ્વાસો' શબ્દ કેવો લાગે છે ? 'સ્વાસ્થ્ય સેવવું' એ કંઢગો પ્રયોગ નથી ? અને ઊચરવું એ પણ આયાસ પૂર્વક મૂકેલો શબ્દ નથી લાગતો ?

છંદનું બંધારણ જાળવવા આ રીતે મુકાયેલા શબ્દો કાવ્યની પ્રવાહિતાને ખંડિત કરે છે. ભાષા લલિત બનવાને બદલે કઠોર બને છે. એકધારા વહી રહેલા પ્રવાહમાં જ્યારે આવું બને ત્યારે કાવ્યના આસ્વાદમાં બાધા પ્રગટે છે.

પણ નીચેની પંક્તિ કૃત્રિમતાથી કેટલી દૂર છે એ તપાસો :

રોમદ્વારે સર્યું વેગે રક્ત વારિત્વ પામતું,

અહીં લોહીનું પાણી થવાની વાત બંધબેસતી ન હોવા છતાં પંક્તિનું માધુર્ય એની ઉચિત શબ્દાવલિને લીધે જળવાઈ રહ્યું છે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- ઊર્મિલાની એકોકિતના રૂપમાં 'ઊર્મિલાનું મનોમંથન'નો એકપાત્રીય અભિનય વિદ્યાર્થીને તૈયાર કરાવી ભજવાવો.
- આ કાવ્યનું છંદમાં ગાન કરાવો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 12 સૌજન્યશીલ પ્રભાશંકર



**મુકુન્દરાય પારાશર્ય**

**(જન્મ : 1914; અવસાન : 1985)**

સૂક્ષ્મ સાહિત્યસૂઝ અને સૌંદર્યલક્ષી કાવ્યધારાના કવિ શ્રી મુકુન્દરાય પારાશર્યનો જન્મ મોરબીમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ કોટડા સાંગાણીમાં તેમજ માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણ અનુક્રમે રાજકોટ તેમજ ભાવનગરમાં લીધું. 'અર્ધ્ય' (પ્રબોધ ભટ્ટ સાથે), 'સંસૃતિ', 'ભદ્રા' કાવ્યસંગ્રહો, 'ફૂલ ફાગણનાં' ગીતસંગ્રહ, 'દીપમાલા' મુક્તક સંગ્રહ, 'કંઠ ચાતકનો અને પ્રાણ બપૈયાનો' પદસંગ્રહોમાં ભાવની સચ્ચાઈ, ગહનતા, સુચારુ અભિવ્યક્તિ, પ્રાસાદિકતા તેમજ મંજુલ કાવ્યબાનીનો પરિચય થાય છે. મુકુન્દભાઈએ યશોદાયી વ્યક્તિચિત્રોનાં સંગ્રહો આપ્યા છે. 'સત્યકથા' : 1, 2, 3, 'સત્ત્વશીલ', 'મારાં મોટીબા અને બીજી સત્યકથાઓ' તથા 'મારી મા' જેવાં વ્યક્તિચરિત્રોમાં ઉદાત્ત જીવનદષ્ટિ, વૈવિધ્યપૂર્ણ, પ્રભાવક ઘટનાઓનું રસમય આલેખન જોવા મળે છે. સરળ, પારદર્શક તેમજ પ્રાસાદિક ગદ્ય એ પારાશર્યને ઉત્તમ ગદ્યકાર તરીકે પ્રસ્થાપિત કરે છે.

'કંઠ ચાતકનો અને પ્રાણ બપૈયાનો' પદસંગ્રહને 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું, 'સત્યકથા : 1' તેમજ 'મારાં મોટી બા અને બીજી સત્યકથાઓ'ને ગુજરાતી સાહિત્ય અકાદમીનાં પારિતોષિક પ્રાપ્ત થયાં છે. 'સત્ત્વશીલ'ને 1978નો નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલો છે.

સામાન્ય શિક્ષકપદથી ભાવનગર રાજ્યના દીવાનપદ સુધીની પ્રભાશંકર પટ્ટણીની વિકાસગાથાનો ગરવો-નમૂનેદાર આલેખ સુચારુ ઢબે લેખકે રજૂ કર્યો છે. તેમના સ્નેહ-સૌજન્ય, સહૃદયતા-નિઃસ્પૃહતા, દૃઢતા-કોમળતા, ત્યાગ-સેવાતત્પરતા, નિરાભિમાનતા-પરહિતપરાયણતા વગેરે ગુણો વડે સૌનું દિલ જીતનારા પ્રભાશંકર પ્રજાજનો-રાજવીઓ, સમાજ-સરકાર, મહારાજા અને ગાંધીજીને પણ ટાણે સાચી સલાહ આપનાર વિરલ રાજપુરુષ હતા. સત્તા-સંપત્તિ-પદ-કીર્તિને ઠોકર મારી, સત્ય-સંયમ અને વફાદારીનો આચારધર્મ શીખવનાર આ શીલવંત સાધુનું આખું ચરિત્ર વાંચવાની અભીપ્સા આ ચરિત્રલેખ જગાડે છે. લેખકની સ્પષ્ટ-પારદર્શક, સહજ-સરળશૈલી અત્યંત ધ્યાનાકર્ષક બની રહી છે.

---

સૌરાષ્ટ્રમાં મોરબી ગામમાં ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં જન્મી, મૅટ્રિક સુધીનો અભ્યાસ કરી, સામાન્ય શિક્ષકપદથી પ્રારંભ કરીને, ભાવનગર રાજ્યના દીવાનપદ તથા ઍડ્મિનિસ્ટ્રેટરના પદને શોભાવનાર, હિંદનાં દેશી રાજ્યોના માનવંતા સલાહકાર બનનાર, બ્રિટિશ સલ્તનતનો પરમ વિશ્વાસ મેળવી ઇન્ડિયા કાઉન્સિલ તથા લીગ ઑવ નેશન્સમાં સ્થાન ભોગવનાર અને દેશના સ્વાતંત્ર્ય માટે પૂ. ગાંધીજીના અંગત મિત્ર રહી કાર્ય કરનાર, સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણીની ઈ.સ. 1862થી 1938 સુધીની પોણો સો વર્ષની કારકિર્દીમાં કાર્યસિદ્ધિઓ અસંખ્ય છે. એમની બુદ્ધિપ્રતિભા તથા કાર્યશક્તિ આકર્ષક હતાં.

તેમની આશ્ચર્યકારક અનેક સિદ્ધિઓ નોંધી શકાય, પણ તેમના જીવનની ઓછી મહત્ત્વની નહીં તેવી વસ્તુ તેમનો સ્વભાવ હતો, જેનાં સૌજન્ય, નિઃસ્પૃહતા, નિરાભિમાનતા તથા પરહિતપરાયણતા વગેરે લક્ષણો હતાં. એમની પ્રત્યેક પ્રવૃત્તિ કે નિવૃત્તિ પરહિતસાધક હતી. એમની સ્વભાવદર્શક ઉપલબ્ધ હકીકતોમાંથી થોડીક અહીં તારવી છે.

ઈ.સ. 1895માં મોરબી રાજ્યના કેળવણીખાતામાં નિરીક્ષકના પદથી ભાવનગરના મહારાજાના હજૂર સૅક્રેટરીપદે એ આવ્યા, તે મહારાજા ભાવસિંહજી સગીર વયમાં રાજકુમાર કૉલેજમાં રાજકોટ ભણતા અને શ્રી પ્રભાશંકર ત્યારે તેમની નોકરીમાં હતા, ત્યારથી ભાવસિંહજીને શ્રી પ્રભાશંકર પ્રત્યે આદરમાન હતું. એટલે મહારાજા તખ્તસિંહજી દેવ થયા ત્યારે ભાવસિંહજીએ તાર કરીને પટ્ટણીને મોરબીથી તેડાવ્યા. શ્રી પ્રભાશંકરે લખ્યું : ''હું મોરબીબાવાનો નોકર છું. મને તેઓ સારી રીતે રાખે છે. એટલે નિષ્કારણ તેમની નોકરી મારાથી છોડાય નહીં.'' આ પરથી શ્રી ભાવસિંહજીએ મોરબીના વાઘજી ઠાકોરને લખી મંજૂરી મેળવી, પ્રભાશંકરને બોલાવ્યા. મહારાજા જાહેરમાં પણ શ્રી પ્રભાશંકર માટે આદરમાન બતાવતા, તેથી મશ્કરીમાં તેમજ અન્યથા, આજકાલમાં મહારાજા તેમને દીવાનપદું આપશે એવી લોકવાયકા ચાલેલી. તદ્દન નવી નોકરીમાં આવી સત્તાપદ વધતા પ્રભાશંકરનું ખૂન કરવા - કરાવવાના યત્ન પણ થયેલા. એવા એક પ્રયત્નમાં પોતે પકડેલા મારાને ક્ષમા આપી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પાછો વાળ્યો ને વાત દાબી દીધી. તે પછી એ પ્રયત્ન બંધ થયા, પણ એ બનાવ પછી શ્રી પ્રભાશંકરે એક મુક્તક વડે પ્રભુપ્રાર્થના કરી :

'મારી આખી અવનિ પરની જિંદગાની વિષે મેં,
રાખી હોયે મુજ રિપુ પરે દૃષ્ટિ જે રીતની મેં,
તેવીયે જો મુજ ઉપર તું રાખશે શ્રીમુરારિ !
તોયે તારો અનૃણી થઈને પાડ માનીશ ભારી.'

શ્રી પ્રભાશંકર હજૂર સૅક્રેટરીપદે હતા, તે વખતે મહારાજા ભાવસિંહજીએ એક વરિષ્ઠ અમલદારને રાજીનામું આપી ચોવીસ કલાકમાં ભાવનગર છોડી જવા હુકમ કર્યો અને પછી શ્રી પ્રભાશંકરને બોલાવી, માગેલા રાજીનામા પર મંજૂરીનો હુકમ લખવા આજ્ઞા કરી. એ વખતે બધી હકીકત જાણી શ્રી પ્રભાશંકરે પોતાનું રાજીનામું લખી મહારાજાને આપ્યું.

'આ શું ?' મહારાજાએ પૂછ્યું. શ્રી પ્રભાશંકરે આ મતલબનું કહ્યું : 'રાજા કેવળ સત્તાધીશ દંડદાતા નથી, પ્રજાનો બાપ પણ છે અને નોકર થવાથી કોઈ માણસ આપનો પ્રજાજન મટી જતો નથી. નોકર ભૂલ કરે તો તેને સુધારવાની ફરજ અમલદારની અને એથી વધુ અમલદારોના પણ અમલદાર જેવા રાજાની છે. એને બદલે જો રાજા ઘડીમાં કોપે અને જે કુટુંબે પેઢી દર પેઢી રાજની સેવા કરી જીવન આપ્યાં હોય, એવા કુટુંબના એક માણસે રાજના નોકર તરીકે કંઈ ભૂલ કરી હોય, તો તે બદલ તત્કાલ આકરી સજા કરે, તો એવા મનસ્વી રાજાની નોકરી કરવા કોણ સારો માણસ ઇચ્છા રાખે ? માટે મેં રાજીનામું આપ્યું છે.' મહારાજાએ વાત સાંભળી, બગડેલી બાજી સુધારવા શ્રી પ્રભાશંકરને સર્વ છૂટ આપી.

લૉર્ડ કર્ઝન હિંદના એક મહાન વાઇસરૉય હતા. મહારાણી વિક્ટૉરિયાના 1-11-1858ના ઢંઢેરાથી તાજે વચન આપેલું કે ઈસ્ટ ઇન્ડિયા કંપની સાથે થયેલા કરારો તાજ સાથે જ થયા હોય તેવા ગણીને, તેની બધી શરતોને જે-તે સ્વરૂપે પ્રામાણિકપણે પાળવામાં આવશે. એ પ્રમાણે વધતે-ઓછે અંશે સરકારે પાલન કરેલું. પણ લૉર્ડ કર્ઝને સાર્વભૌમ સત્તાના અનિરુદ્ધ સ્વાતંત્ર્યના હકના આધારે જે મનસ્વી વર્તન ચલાવ્યું, તેમાં ભાવનગર રાજ્ય સાથે તાજને સમાન બંદરીહકના કરાર હોવા છતાં ભાવનગર રાજ્યની સંમતિ લીધા વગર, ભાવનગર સહિત કાઠિયાવાડનાં બંદરોનો વિકાસ તોડવા, કાઠિયાવાડ અને બ્રિટિશ હિંદની વચ્ચે જકાતની લાઇનદોરી નાખીને, ભાવનગર સહિત કાઠિયાવાડનો વેપાર બ્રિટિશ હિંદમાં જતો અટકાવ્યો. કરારભંગનો આ દાખલો તાજની ન્યાયપરાયણતાની નીતિથી વિરુદ્ધ હતો. લૉર્ડ કર્ઝને મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરાનો અર્થ પણ બીજી રીતે કર્યો હતો. લોકમતની પરવા કર્યા વગર બંગભંગની યોજના અમલમાં મૂકવા તેણે જે યત્ન કર્યા તેથી સરકારની ન્યાયવૃત્તિ પર જે દૃઢ વિશ્વાસ લોકોનો હતો તેના પર ઘા પડવા શરૂ થયા. ધીમે ધીમે બીજી સરકારી વ્યક્તિઓ દ્વારા પણ લોકમતની ને ન્યાયની અવહેલના થવા માંડી. પરિણામે લોકમત બ્રિટિશ વિરુદ્ધ ચળવળમાં પરિણમ્યો.

ઈ.સ. 1902થી શ્રી પ્રભાશંકર ભાવનગર રાજ્યના દીવાન પદે હતા. બંદરીકરારભંગ સામે ભાવનગર રાજ્યે કર્ઝન સરકારને તથા તે પછી મિન્ટો સરકારને ઘણી અરજી કરી પણ દાદ ન મળી, આથી ભાવનગર રાજ્યે ઇન્ડિયા કાઉન્સિલ સુધી અરજ કરી ને તે કામ ઇંગ્લૅન્ડમાં શ્રી ભાવનગરી નામના પારસી સદ્‌ગૃહસ્થને સોંપ્યું. 1910 સુધી એ કામ પાર ન પડ્યું. છેવટે શ્રી પ્રભાશંકર પોતે ઇંગ્લૅન્ડ ગયા, ને તે વખતના સૅક્રેટરી ઑવ સ્ટેટ ફૉર ઇન્ડિયા લૉર્ડ મોર્લીને મળી બધી વાત રૂબરૂ સમજાવી. ન્યાયપ્રેમી લૉર્ડ મોર્લીએ આખો કેસ તપાસી જઈ લૉર્ડ કર્ઝનના પગલાંને અન્યાયી કહી તેને રદ કરતો ઠરાવ કર્યો.

ભાવનગર રાજ્યની તરફેણમાં ચુકાદો આવ્યા પછી લૉર્ડ મોર્લી શ્રી પ્રભાશંકરને હર્ષથી મળ્યા અને કહ્યું "Congratulation Mr. Prabhashankar, you have won the case." (અભિનંદન, શ્રી પ્રભાશંકર, તમે તમારો કેસ જીતી ગયા છો.)

ઉત્તરમાં શ્રી પ્રભાશંકરે કહ્યું : "No thanks. It is not Mr. Prabhashankar who has won the case. It has the sense of justice on the part of the Government that has won the case." (ના, આભાર, આ વિજય પ્રભાશંકરનો નથી પણ બ્રિટિશ રાજ્યમાં રહેલી ન્યાયની ભાવનાનો છે.)

અને ચુકાદાના તારથી ભાવનગર ખબર આપતાં શ્રી પ્રભાશંકરે લખેલું કે આ સફળતાનો યશ શ્રી ભાવનગરીને આભારી છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ભાવનગરની તરફેણમાં ફેંસલો આવતાં મહારાજા પાસે હરખ કરવા ગામલોકો આવેલા. તેમાં માજી દીવાન શ્રી વિઠ્ઠલદાસભાઈ પણ હતા. તેમણે શ્રી પ્રભાશંકરનો તાર વાંચી મહારાજાને કહેલું : પટ્ટણીના પ્રયત્નથી જ ભાવનગરની જીત થઈ છે છતાં પટ્ટણી ભાવનગરીને જશ દે છે તે એની મોટાઈ છે. એ પટ્ટણીથી જ થઈ શકે.'

મહારાજા ભાવસિંહજીને ત્યાં સંતાન ન હતું. તેથી શ્રી પ્રભાશંકરે વ્રત કરેલાં. એ પછી ઈ.સ. 1912ના જુલાઈની 3જી તારીખે સૂર્યોદય સમયે પાટવીકુંવર કૃષ્ણકુમારસિંહજીનો જન્મ થયો ને તત્કાલ શ્રી પ્રભાશંકરને એ વધામણી આપવા મહારાજા ભાવસિંહજી પોતે અનંતવાડી ગયા. તે સમયે હજી શ્રી પ્રભાશંકર જાગ્યા ન હતા. મહારાજા પોતાની મોજડી ઉતારી હળવે પગલે પથારીએ જઈ શ્રી પ્રભાશંકરની સન્મુખે જાગવાની રાહ જોતા ઊભા રહ્યા, ને જાગ્યા ત્યારે વધામણી આપી. પોતાને ત્યાં પાટવીપુત્રનો જન્મ થયો છે, એ આનંદ તો હતો જ, પણ સાથે પ્રભાશંકરનાં વ્રત ફળ્યાં તેનો સંતોષ હતો, તેથી વધામણી આપતાં મહારાજાસાહેબ હર્ષથી ગદ્‌ગદિત થઈ ગયેલા.

એ મહારાજાસાહેબ ઈ.સ. 1919માં દેવ થયા, ત્યારે શ્રી પ્રભાશંકર ઈન્ડિયા કાઉન્સિલના સભ્ય હોઈ ઇંગ્લૅન્ડમાં હતા અને તેમને હિંદના કોઈ પ્રાંતના ગવર્નરપદે નીમવા સરકાર વિચારતી હતી. તે વખતે ભાવનગરનાં પ્રજાજને તથા રાજ્યકુટુંબે બાળમહારાજાની સંભાળ રાખવા તથા રાજ્યનો વહીવટ કરવા સર પ્રભાશંકરને નીમવા માટે સરકારમાં તાર તથા પત્રથી અરજી કરેલી. સત્તા તથા વૈભવભર્યું ઊજળું ભાવિ છોડી પ્રભાશંકર એ પદ નહીં સ્વીકારે તેમ સરકાર માનતી હતી. બે વચ્ચે પસંદગી કરવાનું શ્રી પ્રભાશંકરને કહેવામાં આવ્યું ત્યારે તરત તેમણે ભાવનગર રાજ્યનું વાલીપણું સ્વીકાર્યું અને કારણ પૂછતાં સરકારને જણાવ્યું : 'ભાવસિંહજી મહારાજની ઇચ્છા હતી કે તેમના પાટવીકુંવર મારા હાથ તળે ઊછરે. હાલ જ્યારે એ નામદારની હયાતી નથી ત્યારે મારી પહેલી ફરજ એ છે કે મારે આ જ સ્વીકારવું જોઈએ.'

એ પછી તેઓ ભાવનગર રાજ્યના ઍડ્‌મિનિસ્ટ્રેટરના પદે આવ્યા અને હિંદભરનાં દેશી રાજ્યોના એકમાત્ર ઉત્તમ સલાહકાર બન્યા. ઈ.સ. 1930-31માં કશ્મીરના મહારાણાએ રાજ્યના પ્રશ્ન અંગે સર પ્રભાશંકરને આમંત્રી સલાહ લીધી, જેનું પરિણામ ઘણી સરળતાથી સારું આવ્યું. આથી મહારાણાએ કહ્યું : 'ભાવનગર ખાબોચિયા જેવું છે, આપને માટે ઘણું નાનું છે. આપ કશ્મીરને પોતાનું કરો, તો હું માસિક પાંચ હજારથી ઓછા નહીં આપું અને આપની યોગ્ય કદર કરીશ.'

શ્રી પ્રભાશંકરે કહ્યું : 'મારા પર આપ વિશ્વાસ ન રાખો તો આવું.'

મહારાણાએ પૂછ્યું : 'એવી શરત કેમ મૂકો છો ?'

ત્યારે શ્રી પ્રભાશંકરે કહ્યું : 'ભાવનગરના મહારાજા ભાવસિંહજીએ મને આગળ આણ્યો. એ દેવ થયા, ત્યારે તેનાં સંતાનો મને સોંપતા ગયા છે. જો હું સત્તા કે ધનને લોભે એ બધું ભૂલી, ફગાવીને કશ્મીર આવું તો પછી હું આપને કે કશ્મીર રાજ્યને વફાદાર રહું એવો વિશ્વાસ આપે મારામાં રાખવો ન જોઈએ.'

શ્રી પ્રભાશંકરમાં નિઃસ્પૃહતા તથા નિરભિમાનીપણા સાથે જે સત્યનિષ્ઠ તથા પરહિતસાધકતા હતાં, તેને અંગે તેમના પરિચયમાં જે કોઈ આવતા તે પછી રંક હોય કે રાજા, નોકર હોય કે બ્રિટનના મહાન અમલદાર, બાળક હોય કે મોટી ઉંમરના, પણ તે દરેકને લાગતું કે પટ્ટણીજી પોતાના જ છે. તેમનું વિશાળ હૃદય અને વાત સમજાવવાની સ્વાભાવિક કુશળતાને લીધે અંગ્રેજ અમલદારોને તેમના ઉપરીઓ તરફથી સલાહ અપાતી : If you have to differ from or fight with Sir Prabhashankar, do it on paper. Never discuss the point with him personally, otherwise he shall turn you to his opinion. ('તમારે શ્રી પ્રભાશંકર સાથે મતભેદ દર્શાવવો હોય અથવા લડવું હોય તો તે કાગળ પર કરજો. કદી પણ તેમને રૂબરૂ મળીને વાત કરશો નહિ. નહિ તો તે તમને પોતાના મતના કરી નાખશે.')

પૂ. ગાંધીજી તથા પ્રભાશંકર રાજકોટ હાઈસ્કૂલમાં સાથે ભણતા ત્યારથી એમની પિછાણ. ગાંધીજી આફ્રિકા હતા ત્યારે તેમના કાર્યથી શ્રી પ્રભાશંકર વાકેફગાર રહેતા. તેમના હિંદ આવ્યા પછી બંને ગાઢ મિત્રો બની ગયેલા. શ્રી પ્રભાશંકર ગાંધીજી પ્રત્યે માનથી જોતા, છતાં પોતાને સત્ય લાગતી વાત તેમને કહી દેતા. ઈ.સ. 1923માં સત્યાગ્રહની લડતને નામે હિંસક તોફાનો થયાં, ત્યારે ગાંધીજીને રૂબરૂ મળીને તેમણે વાત સમજાવતાં કહેલું : 'આવાં તોફાનથી આપના અહિંસક સત્યાગ્રહના મૂળમાં ઘા થાય છે. આપની પ્રતિષ્ઠા ઘટે છે, માન ઘટે છે ને જગતની આંખે આપનું કાર્ય દંભ રૂપે દેખાય તેવું બને છે. એવે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વખતે સત્યાગ્રહ પાછો ન ખેંચી લેવો તે ''હિમાલય જેવડી ભૂલ'' છે. ગાંધીજીને આ વાત ખરી લાગી. સત્યાગ્રહ પાછો ખેંચી લેવાયો, ને ગાંધીજીએ નવજીવનમાં 'હિમાલય જેવડી ભૂલ' નામે લેખ લખ્યો.

ઈ.સ. 1924 પછી ભાવનગર ખાતે કાઠિયાવાડ રાજકીય પરિષદ બોલાવવા હિલચાલ થઈ. ત્યારે શ્રી પ્રભાશંકરે 'ના' પાડીને ગાંધીજીને અમદાવાદમાં આશ્રમમાં કહેલું : 'ભાવનગરમાં હાલ બાળમહારાજા છે. મહારાજાને બીજાં રાજ્યો સાથે રાજકીય તેમજ કૌટુંબિક સંબંધ છે. એ ભાવનગરને આંગણે પરિષદ મળે ને પરિષદમાં બીજાં રાજ્યો વિરુદ્ધ ઠરાવ થાય તો તે-તે રાજ્યોનો ભાવનગર સાથે સંબંધ બગડે. તે માટે હું ના પાડું છું. પણ જો બીજાં રાજ્યોની વિરુદ્ધમાં ઠરાવ ન કરવાના હોય ને આપ પોતે પ્રમુખ થવાના હો તો ખુશીથી ભાવનગરમાં પરિષદ ભરો. હું બધી સગવડ અપાવીશ અને એ પરિષદમાં ભાવનગરની વિરુદ્ધ જેને જે કહેવું હોય તે કહેવાની છૂટ છે.'

ગાંધીજી પાસે તે વખતે બીજા માણસો પણ હતા. ગાંધીજીએ શ્રી પ્રભાશંકરને હસીને પૂછ્યું : ધારો કે મારા પ્રમુખપદે ત્યાં પરિષદ ભરાય ને તેમાં બીજાં કોઈ રાજ્ય વિરુદ્ધ ઠરાવ થાય તો તમે શું કરો ?'

શ્રી પ્રભાશંકરે સામે હસીને કહ્યું : 'તો ભાવનગરની જેલ દૂધથી ધોવડાવીને આપને તેમાં પધરાવું ને હું આપની સામે બેસું.'

ગાંધીજીએ પ્રમુખપદ સ્વીકાર્યું, પરિષદ ભાવનગર ખાતે ભરાઈ, કોઈ અનુચિત ઠરાવ પસાર ન થયો.

ઈ.સ. 1926માં ગાંધીજી શ્રી પ્રભાશંકરના અંગત મહેમાન તરીકે ત્રાપજમાં રહેલા. તા. 12-3-1930ના રોજ આશ્રમેથી ગાંધીજી દાંડીકૂચ માટે નીકળ્યા ત્યારે તેમની સાથે સર પ્રભાશંકર પણ હતા.

બીજી ગોળમેજી પરિષદ વખતે કૉંગ્રેસ આગેવાનો તથા સરકારના સત્તાધીશોના આશ્ચર્ય વચ્ચે ગાંધીજીને સમજાવીને શ્રી પ્રભાશંકર તેમને ઇંગ્લૅન્ડ લઈ ગયેલા. શ્રી પ્રભાશંકરે એ વખતે ગાંધીજીને કહેલું : 'હું જાણું છું કે અંગ્રેજ સત્તાધીશો હાલ સ્વાર્થથી અંધ છે, તેથી પરિષદ સફળ નથી જવાની. પણ આપનું ત્યાં જવું નિષ્ફળ નહિ થાય; કારણ કે ત્યાં જવાથી ત્યાંની પ્રજા આપ વિશે કે હિંદ વિશે ખરેખર વાકેફ થશે અને આપણી માગણી ન્યાયપુર:સરની છે એમ સમજશે અને તે હિંદ માટે અનુકૂળ વાતાવરણ ઘડશે.'

ગોળમેજી પરિષદમાં શ્રી પ્રભાશંકરને પણ આમંત્રણ હતું. ત્યાંના એક સત્તાધારીએ શ્રી પ્રભાશંકરને કહેલું : 'તમે સામાન્ય વ્યક્તિ નથી, સરકારને તમારામાં વિશ્વાસ છે ને ઇચ્છે છે કે કોઈથી દબાયા વગર તમે સ્વતંત્ર અભિપ્રાય આપશો.'

ઉત્તરમાં શ્રી પ્રભાશંકરે આ પ્રકારે કહેલું : 'આપ જાણો છો કે કેવળ હિંદના લાભ માટે નહીં પણ ભારોભાર બ્રિટનના અને માનવજાતના હિત માટે શ્રી ગાંધીજી વાત કરે છે. એટલે આપે ગાંધીજીને પૂરા સાંભળવા એવી મારી વિનંતી છે. અમે અમારી અંગત વાત બોલીએ છીએ, જ્યારે ગાંધીજી સમગ્ર હિંદની વાત બોલે છે. આપ બીજાઓને મોટા બનાવી પૂછો છો જેથી સામા માણસને એમ થાય કે હું કાંઈક છું. ને તેથી ગાંધીજીથી જુદા પડી નવી કે આડી વાત બોલે અને તેથી સમાધાન ન થાય, ત્યારે સરકાર કહે કે તમે અંદર અંદર એકમત નથી ત્યાં અમે શું કરીએ ? તો એવી પરિસ્થિતિમાં આપ મને ન મૂકો. હું બ્રિટન તથા હિંદ બંનેનું હિત ચાહું છું એટલે ગાંધીજી જે કહે તેમાં મારી સંમતિ સમજશો અને બ્રિટને ગાંધીજીને સાંભળવા. તેના કથનને માન્યતા આપવી તેમાં બ્રિટનનું હિત થશે તેમજ તેનો મોભો વધશે એવી મારી માન્યતા છે.'

શ્રી પ્રભાશંકર સમજતા હતા કે ગોળમેજી નિષ્ફળ જવાની છે, પણ ભારતને થોડાં વર્ષોમાં સ્વતંત્રતા મળવાની જ છે. આથી ગોળમેજી પરિષદ વખતે શ્રી પ્રભાશંકરે એક બીજું કાર્ય કર્યું. ગાંધીજી કદી ફોટો પડાવવા ઊભા રહેતા નહિ, પણ શ્રી પ્રભાશંકરે ગાંધીજીને એક વિનંતી કરી અને ગાંધીજીએ તે માની. તે એ કે ઇંગ્લૅન્ડના નામી ચિત્રકાર સર ઑસ્વાલ્ડ બિર્લી પાસે ગાંધીજી નિત્ય એક કલાક જઈને સ્થિર ઊભા રહે અને તે ચિત્રકાર તેમનું તૈલચિત્ર તૈયાર કરી આપે. ગાંધીજીએ લાગટ આઠ દિવસ સુધી એ રીતે 'પોઝ' આપ્યો. તે તૈલચિત્ર પોતાના ખર્ચે તૈયાર કરાવી શ્રી પ્રભાશંકર હિંદ લાવેલા. પણ એ પેટી ખોલાવી ન હતી. પોતાનો અંતકાળ નજીક જોઈ તેમણે એ પેટી પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રી અનંતરાયને સોંપી કહ્યું : 'આમાં પૂજ્ય ગાંધીજીનું લાઈફ સાઈઝનું તૈલચિત્ર છે તે ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થાય ત્યારે તેની વડી ધારાસભાને ભેટ આપવાનું છે.'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અને એ રીતે ઈ.સ. 1947માં ભારતને સ્વતંત્રતા સાંપડી, ત્યારે શ્રી અનંતરાયે તે તૈલચિત્ર વડી ધારાસભામાં તા. 28-8-1947 ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હાથે ખુલ્લું મુકાવેલું.

આવી દીર્ઘ દૃષ્ટિવાળા, લોકહિતસાધક શ્રી પ્રભાશંકરના નિઃસ્પૃહ અને નિરાભિમાન માનસનો સ્પષ્ટ ખ્યાલ તેમના નીચેના શબ્દોથી આવશે. તેમનું જીવનચરિત્ર ન લખવાની વાત કરતાં તેમણે કહેલું : ''ખરી હકીકત તો એ છે કે મહારાજા ભાવસિંહજીને હું જડી ગયો અને તેમના વિશ્વાસને લઈને મારામાં જે શક્તિઓ હતી તે બહાર આવી.. હું માનું છું કે મારા જેવા ઘણાય છે, માત્ર એને મહારાજા ભાવસિંહજી મળ્યા નથી.''

(પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિદર્શન)

## શબ્દ-સમજૂતી

**સૌજન્ય** ભલાઈ, સુજનતા; **હજૂર** દરબારી કે મુસલમાની વિવેકમાં વપરાતો ઉદ્‌ગાર, હાજરી, તહેનાત; **રિપુ** દુશ્મન **બંદરી હક** બંદર પરનો હક; **પાટવીકુંવર** સૌથી મોટો પુત્ર ગાદીવારસ; **નિઃસ્પૃહતા** સ્પર્શે નહીં તેવું; **મારા (મારો)** કોઈને મારી નાખવા મોકલેલો માણસ; **અનૃણી** અઋણી; **અનિરુદ્ધ** રોકેલું; **હયાતી** હાજરી, અસ્તિત્વ; **ઍડ્‌મિનિસ્ટ્રેટર** સંચાલક, વહીવટકર્તા; **પરહિતપરાયણતા** બીજાના હિતાર્થે કાર્ય કરવું; **દંડદાતા** સજા આપનારો.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ભાવસિંહજીના આમંત્રણનો પ્રભાશંકરે શો પ્રત્યુતર આપ્યો ?

(2) કાશ્મીરના મહારાજાના નોકરી માટેના આમંત્રણને પ્રભાશંકરે કેવી રીતે નકાર્યું ?

(3) ભાવસિંહજીને શ્રી પ્રભાશંકર પ્રત્યે કેમ આદરમાન હતું ?

(4) પ્રભાશંકરે પોતાનું રાજીનામું શા માટે આપ્યું ?

(5) લોકમત બ્રિટિશ વિરુદ્ધ ચળવળમાં કેમ પરિણમ્યો ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) ભાવસિંહજીના એક અમલદારને સજા કરવાના ચુકાદાનો પ્રભાશંકરે કેવી રીતે વિરોધ કર્યો ?

(2) મૅટ્રિક સુધીનો અભ્યાસ કરનાર પટ્ટણીએ કેવી કેવી ઉચ્ચ સિદ્ધિઓ મેળવી હતી ?

**3. સવિસ્તર ઉત્તર લખો :**

(1) મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરાના લૉર્ડ કર્ઝનના અવળા અર્થઘટનનો પ્રભાશંકરે કેવી રીતે પ્રતિવાદ કર્યો ?

(2) 'પ્રભાશંકરમાં બધા જ પ્રકારના લોકોને પ્રેમથી જીતી લેવાની તાકાત હતી.' આ વિધાનની સદૃષ્ટાંત ચર્ચા કરો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ભાવનગર રાજ્યના રાજવીઓનું ભીંતપત્ર તૈયાર કરો.
- 'પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વ દર્શન' પુસ્તક મેળવીને વાંચો.
- 'બાહુબલી' ચલચિત્ર જોઈને સેનાપતિની વફાદારી વિશે લખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### ભાષા-અભિવ્યક્તિ

પ્રસ્તુત ચરિત્રનિબંધમાં લેખક પ્રભાશંકરના વ્યક્તિના ગુણને વ્યક્ત કરવા માટે, ગુણોનું માત્ર વર્ણન કરતા નથી. એ ગુણ પ્રભાશંકરના કયા વ્યવહારવર્તનમાં જોવા મળ્યાં તે સોદાહરણ ટાંકે છે :

દા.ત., ''શ્રી પ્રભાશંકરમાં નિઃસ્પૃહતા અને નિરભિમાનપણા સાથે સત્યનિષ્ઠા તથા પરહિતસાધકતા હતાં'' એ નોંધ્યા પહેલાં એનું ઉદાહરણ આપે છે - તેઓ કાશ્મીર જવા સંમત ન થયા તે.

આમ, જીવનના વ્યવહારનાં ઉદાહરણો આપીને, એમના ગુણોને વ્યક્ત કરીને વિશિષ્ટ ભાવ-વિચારની અભિવ્યક્તિ સાધી છે, તે નોંધો.

### શિક્ષક-પ્રવૃત્તિ

- 'પ્રજાવત્સલ રાજવી કૃષ્ણકુમારસિંહજી' ગંભીરસિંહ ગોહિલ લિખિત આ જીવનચરિત્ર મેળવી તેના વિશે વિદ્યાર્થીને વાત કરો.
- 'રાજવીઓની મોટાઈ' વિષય પર વર્ગમાં ચર્ચા કરો.
- 'આનું નામ તે ધણી'-મેઘાણીની લોકવાર્તા વર્ગમાં વાંચો.
- વફાદારીને લગતા બે પ્રસંગ વિદ્યાર્થીઓને કહો.

જેમ ઈશ્વર એક છે પણ ઉપાસના વિધિઓ અનેક છે, પણ એની ઉપર રચાયેલા સંપ્રદાયો અનેક છે... જ્યારે જ્યારે ધર્મને નામે ઝઘડા થાય છે ત્યારે ત્યારે ઝઘડો ધર્મ ધર્મ વચ્ચે નથી હોતો, પણ પોતપોતાની શ્રદ્ધાએ સ્વીકારેલી ધર્મ વિશેની આસક્તિ અને મમતા વચ્ચે હોય છે. બે સાચા ધાર્મિક માણસો એકબીજાના ધર્મનો આદર કરે છે... 'મારો ધર્મ સાચો તેથી તારો ધર્મ ખોટો' એમ કહેનારા ધર્મ માટે નહીં પણ ધર્મ ઉપર ચોંટાડેલા લેબલ માટે લડે છે. એ ધાર્મિક ભાવ નથી પણ ક્ષુદ્ર અને સ્થૂળ સંસારી મમતા છે.

**– યશવંત શુક્લ**

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# વ્યાકરણ-લેખન : વાક્યરચના વિષયક સજ્જતા

**1. પદક્રમ**

તમે જાણો છો કે કોઈ પણ શબ્દ જ્યારે વાક્યમાં પ્રયોજાય, તેને વિભક્તિના પ્રત્યયો લાગે ત્યારે તે 'પદ' કહેવાય છે. વિભક્તિના પ્રત્યયો એક પદનો બીજા પદ સાથે સંબંધ મેળવી આપે છે. અમુક શબ્દને પ્રત્યય ન લાગે ત્યારે આપણે શૂન્ય પ્રત્યય તેને લાગ્યો છે એ રીતે ઓળખીએ છીએ. ગુજરાતી ભાષામાં કર્તા, કર્મ અને ક્રિયાપદ એવો ક્રમ સામાન્ય રીતે હોય છે. વિશેષ ચમત્કૃતિ, લય, પ્રાસ વગેરે લાવવા ક્યારેક આ ક્રમમાં થોડો ફેરફાર થાય છે. મોટેભાગે કવિતામાં એવું થતું હોય છે :

જનનીના હૈયામાં પોઢંતાં પોઢંતાં **પીધો** કસુંબીનો રંગ !

મોરલી તો **ચાલી** રંગ રૂસણે રે !

જૂનું તો **થયું** રે દેવળ જૂનું તો થયું...

આ કાવ્યપંક્તિઓમાં તમે જુઓ છો કે ક્રિયાપદ વાક્યના અંતે નથી, પણ વચ્ચે મૂક્યું છે.

ભાષામાં પદો હોય છે. એ બધાં પદોનાં કંઈક ને કંઈક નામ છે. તેના અર્થ અનુસાર - નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાવિશેષણ, સંયોજક, નિપાત વગેરેથી તે પદો ઓળખાય છે.

નામની વિશેષતા બતાવનાર પદ તે વિશેષણ અને વિશેષણ જે પદને લાગે તે પદ એટલે વિશેષ્ય. મોટાભાગે વિશેષણ વિશેષ્યની પહેલાં મુકાય છે. એકનાં એક નામનો વારંવાર ઉલ્લેખ કરવાનો થાય ત્યારે પ્રથમ સિવાયનાં નામો માટે આપણે યોગ્ય સર્વનામ વાપરીએ છીએ.

સામાન્ય રીતે વાક્યનો ક્રમ આ મુજબ રહે છે :

વિશેષણ, વિશેષ્ય (કર્તા) વિશેષણ, વિશેષ્ય (કર્મ), ક્રિયાવિશેષણ અને ક્રિયાપદ.

કોઈ વાક્યમાં એકથી વધારે કર્મ હોય તો પહેલાં ગૌણ કર્મ અને તે પછી મુખ્ય કર્મ મુકાય છે.

- પદોના ક્રમમાં ગમે તેમ ફેરફાર કરવાથી વાક્યનો અર્થ પામી શકાતો નથી. જો કે આપણે તેને વાક્ય તરીકે ઓળખતાં જ નથી. દા.ત.,

  – સ્ટેશન ઉપર બસની રાહ જોઈને ઊભેલા પેસેન્જરની સંખ્યા ઘણી હતી. હવે આ વાક્યમાંનાં પદોને ગમે તેમ મૂકવાથી...

  – હતી બસની રાહ સ્ટેશન ઉપર ઘણી સંખ્યા ઊભેલા જોઈને પેસેન્જરની. અહીં કશો જ અર્થ સ્પષ્ટ થતો નથી.

- 'જ' નિપાતના સ્થાનમાં ફેરફાર કરવાથી પણ ભાર અપાનાર પદ બદલાઈ જાય છે. એટલે અર્થમાં ફેરફાર થાય છે.

  **તમે** જ આજે અમદાવાદ જશો ? (તમે જ કે બીજા કોઈ ?)

  તમે **આજે** જ અમદાવાદ જશો ? (આજે જ કે પછીના દિવસે ?)

  તમે આજે **અમદાવાદ** જ જશો ? (અમદાવાદ જ કે બીજે ક્યાંય ?)

  તમે આજે અમદાવાદ **જશો** જ ? (ચોક્કસ જશો)

  – અહીં જ ની પૂર્વે મુકાયેલ પદ પર ભાર મુકાય છે. એટલે દર વખતે પૂછનારનો સ્વરભાર અલગ-અલગ પદો પર રહે છે. પરિણામે પૂછનારનો ઈરાદો સ્પષ્ટ કરી શકાય છે. ગમે ત્યાં 'જ' મૂકવાથી કહેવાનો ઈરાદો કંઈક હોય અને વાચનથી તેનો અર્થ જુદો જ સમજાય છે.

- થોડાં ઉદાહરણો જોઈએ :

  1. ગામમાં **એક શાકભાજીવાળો** ફેરિયો આવ્યો છે. ✗

     ગામમાં શાકભાજીવાળો **એક ફેરિયો** આવ્યો છે. ✓



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

2. **શુદ્ધ ભેંસનું** દૂધ પીવું જોઈએ. ✗
   ભેંસનું **શુદ્ધ દૂધ** પીવું જોઈએ. ✓
3. શહેરમાં **સરકારી માંદાં ઢોરનું** દવાખાનું હોય જ. ✗
   શહેરમાં માંદાં ઢોરનું **સરકારી દવાખાનું** હોય જ. ✓
4. **બિલાડી ખાવા** માટે દીવાલ ઉપર ચડી. ✗
   ખાવા માટે **બિલાડી દીવાલ ઉપર** ચડી. ✓

**2. પદસંવાદ**

પદોની યોગ્ય ગોઠવણીથી વાક્યનો અર્થ સારી રીતે અને સ્પષ્ટ પામી શકાય છે. એ જ રીતે પદો વચ્ચેના આંતરસંબંધોથી જ વાક્ય સ્પષ્ટ અને સંવાદી બને છે. પદો વચ્ચે લિંગ, વચન અને પ્રત્યયોનો સુમેળ હોય તેનું નામ જ પદસંવાદ.

વાક્યમાં જે પદ વિશેષણ તરીકે ભૂમિકા ભજવતું હોય તેને તેના વિશેષ્યના લિંગ-વચન અનુસાર પ્રત્યયો લાગે છે.

દા.ત., સારું પુસ્તક (અહીં પુસ્તક એકવચન છે અને નપુંસકલિંગ છે.)

સારી ચોપડી (અહીં ચોપડી એકવચન છે અને સ્ત્રીલિંગ છે.)

સારો ઘોડો (અહીં ઘોડા એકવચન છે અને પુંલ્લિંગ છે.)

સારાં પુસ્તકો (અહીં પુસ્તકો બહુવચન છે અને નપુંસકલિંગ છે.)

– અહીં 'સારા' વિશેષણને તેના વિશેષ્યના લિંગ-વચન અનુસાર બદલાવું પડે છે.

વાક્યમાં પદો વચ્ચે જો કોઈ સુમેળ ન હોય તો સમગ્ર વાક્ય અસ્પષ્ટ જ રહે છે.

– ગુરુજીએ એક **ભજન ગાઈ** અને પછી **ધૂન ગાયું.** ✗

– ગુરુજીએ એક ભજન ગાયું અને પછી ધૂન ગાઈ. ✓

– રીટાએ રાતાં ફૂલ લીધું. ✗

રીટાએ રાતું ફૂલ લીધું. ✓

રીટાએ રાતાં ફૂલ લીધાં. ✓

– મેં મગફળી અને ગોળ ખાધો. ✗

મેં **મગફળી** અને **ગોળ** ખાધાં. ✓

(જુદાં જુદાં લિંગનાં બે નામો હોય ત્યારે ક્રિયાપદ બહુવચનમાં મુકાય છે.)

– કોકિલા, કરણ અને અર્જુન ગયા. ✗

કોકિલા, કરણ અને અર્જુન ગયાં. ✓

(પુંલ્લિંગ અને સ્ત્રીલિંગ માટેનું સંયુક્ત ક્રિયાપદ અનુસ્વાર સાથે બહુવચન હોય છે.)

– મોટા ભાઈ આવ્યા અને મોટા બહેન ગયા. ✗

મોટા ભાઈ આવ્યા અને **મોટાં** બહેન **ગયાં.** ✓

(સ્ત્રી જાતિ માનાર્થે બ.વ.માં વિશેષણ-ક્રિયાપદ અનુસ્વાર સાથે બહુવચન હોય છે.)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

– ડેરીમાં શુદ્ધ ગાયનું ઘી મળે છે. ✗

ડેરીમાં ગાયનું શુદ્ધ ઘી મળે છે. ✓

(શુદ્ધ એ ગાયનું વિશેષણ નથી, ઘીનું વિશેષણ છે.)

– રમણલાલ શું વસ્તુ લઈ જશે ? ✗

રમણલાલ શી વસ્તુ લઈ જશે ? ✓

(વસ્તુ એ નારીજાતિનો શબ્દ છે. માટે તેની આગળ 'શી' મુકાય છે.)

– તમે ઘરમાં શું ફેરફાર કર્યો ? ✗

તમે ઘરમાં શો ફેરફાર કર્યો ? ✓

(ફેરફાર એ 'નરજાતિ'નો શબ્દ છે. માટે તેની આગળ 'શો' મુકાય છે. એ જ રીતે નપુંસકલિંગ આગળ 'શું' મુકાય છે. )

– બા અમદાવાદ ગયા ✗

બા અમદાવાદ ગયાં ✓

(સ્ત્રી જાતિ માનાર્થે બહુવચનમાં વિશેષણ-ક્રિયાપદ સાનુસ્વાર બહુવચન હોય છે.)

### 3. નિપાત

સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, ક્રિયાવિશેષણ, ક્રિયાપદ વગેરે પદો સાથે મુકાઈ વિશેષ અર્થનો કે ભારનો બોધ કરાવનાર ઘટક નિપાત તરીકે ઓળખાય છે. નિપાત ઘણાં બધાં છે - જ, તો, ને, ય-યે, તે, પણ, સુધ્ધાં, જી, ફક્ત, કેવળ, માત્ર, ખરું વગેરે.

આપણે ઉદાહરણો દ્વારા નિપાતની કામગીરી સમજીએ :

1. તું પ્રવાસે જઈશ **જ** ? (જવાની ક્રિયા પર ભાર અપાયો છે.)
2. તમે **જ** મારી સાથે આવશો. (તમારા સિવાય બીજું કોઈ નહિ.)
3. કામ કરનાર **જ** સુખી થાય. (કામ કરનારની મહત્તા બતાવાઈ છે.)
4. ચાલો, અમદાવાદ જઈશું **ને** ? (બીજા પાસે હકારની ઇચ્છા વ્યક્ત થઈ છે.)
5. આપણે જવું જ છે **ને** ? (વાતને દૃઢ કરવાનો પ્રયત્ન છે.)
6. તમે **તો** આવી ગયા ! (જે પદ પર ભાર આપવો છે તેના પછી મુકાય છે.)
7. એવું **તો** આપણાથી કેમ કહેવાય ? (એજન)
8. તમે**ય** મારી સાથે આવજો ('પણ'ના અર્થમાં, બીજાં તો ખરાં, પણ તમે પણ)
9. હું**ય** પ્રથમ વર્ગમાં પાસ થઈશ જોજો. ('પણ'ના અર્થમાં, બીજાની જેમ હું પણ)
10. મારે **પણ** તમારી સાથે જ આવવું પડશે. (એજન)
11. ઓહો, ક્યાં ચાલ્યા **જી** ? (આદર, વિવેક બતાવવા માટે)
12. હવે દિવાળી આડે **માત્ર** એક માસ બાકી છે. ('ફક્ત'ના અર્થમાં)
13. આવા વરસાદમાં મને ઊંઘ આવે **ખરી** ? (સૌનો હકાર છે એવી શ્રદ્ધા)
14. અંતે તું સાચું બોલ્યો **ખરો** ! ('હાશકારા'નો ભાવ વ્યક્ત થયો છે.)
15. તે **તદ્દન** નકામી વ્યક્તિ છે. ('બિલકુલ'ના અર્થમાં, સીમા નક્કી કરવા માટે)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

16. ગુરુજી, અંદર આવું **કે** ? (સંમતિના અર્થમાં)

17. **તે** તમે આવ્યા હોત તો ? (વિનંતીના અર્થમાં)

**4. કૃદંત**

આ વાક્યો વાંચો :

| | **અ** | **બ** |
|---|---|---|
| 1. | ત્યાં અમે બોર **ખાતાં.** | **ખાતાં** ખાતાં બોલાય નહિ. |
| 2. | આ કયું પ્રાણી **બોલ્યું** ? | **બોલ્યું** કોણ ન પાળે ? |
| 3. | આ કબાટ કોણે **તોડ્યું** ? | ચોરે તાળું **તોડ્યું** ન તોડ્યું ને ભાગ્યો. |
| 4. | રોજ સવારે તે શ્લોક **બોલતી.** | **બોલતી** વખતે તેણે ઊંચે જોયું. |

અહીં **અ** વિભાગમાં રહેલાં પદો - ખાતાં, બોલ્યું, તોડ્યું અને બોલતી એ ક્રિયાપદો છે. જ્યારે **બ** વિભાગમાં રહેલાં પદો - ખાતાં, બોલ્યું, તોડ્યું, બોલતી વગેરે કૃદંત છે.

જે પદો ક્રિયાપદની જેમ વર્તતાં હોય પણ વાક્યમાં તેનું કાર્ય ક્રિયાપદ વ્યક્ત કરવાનું હોય તેને કૃદંત કહેવાય.

કૃદંત વાક્યનો અર્થ પૂરો કરી શકતાં નથી.

- કૃદંતના પ્રકારો :

**1. વર્તમાન કૃદંત :** તે વર્તમાનકાળ સૂચવે છે.

વર્તમાન કૃદંતના પ્રત્યયો : તો, તી, તું, તાં

**ઉદાહરણો : રમતો** છોકરો ક્યાં ગયો ?

તે **ગાતી** ગાતી રડતી હતી.

**રમતું** છોકરું પડી ગયું.

**વાંચતાં** છોકરાં પાસ થઈ ગયાં.

**2. ભૂતકૃદંત :** દૂરનો કે નજીકનો ભૂતકાળ સૂચવે છે.

ભૂતકૃદંતના પ્રત્યયો : -એલો, -એલી, -એલું, એલાં, યો, ઈ, યું

**ઉદાહરણો :** કોઈ કશું **બોલ્યું** નહિ.

**વેચેલી** વસ્તુ કોણ પાછી લે ?

મેં **વાંચેલું** મને યાદ હતું.

**વેચેલાં** પુસ્તકોના પૈસા આવી ગયા.

**3. ભવિષ્ય કૃદંત :** ભવિષ્યકાળ સૂચવે છે.

ભવિષ્ય કૃદંતના પ્રત્યયો : -વાનો, -વાની, -વાનું, -નારો, -નારી, -નારું

**ઉદાહરણો :** તે **આવવાનો** હતો, હમણાં આવશે.

**વાંચનારા** પાસ થઈ જવાના છે.

અમે કાલે **પહોંચવાનું** નક્કી કર્યું છે.

**ખાનાર** માણસો કોઈ નહોતાં.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

4. **સામાન્ય કૃદંત :** કોઈ ચોક્કસ કાળનું સૂચન કરતાં નથી.

સામાન્ય કૃદંતના પ્રત્યયો : -વો, -વી, -વું

**ઉદાહરણો :** આ પુસ્તક **વાંચવું** મને ગમશે.

આ કાગળ **વાંચવો** એવી મારી ઈચ્છા હતી.

આ લિપિ **વાંચવી** સાવ સરળ હશે.

5. **હેત્વર્થ કૃદંત :** હેતુ દર્શાવે છે.

હેત્વર્થ કૃદંતના પ્રત્યયો : -વા, -વાને, વાનું

**ઉદાહરણો :** હું **ખાવા** માટે આવ્યો નથી.

**ખાવાને** માટે જ તે આવ્યો હતો.

આ ચોપડી **વાંચવાને** માટે હું લઈ જઈશ.

6. **સંબંધક ભૂતકૃદંત :** અગાઉ થયેલી ક્રિયા સાથે ક્રિયાપદનો સંબંધ બતાવે છે.

સંબંધક કૃદંતના પ્રત્યયો : -ઈ, -ઈને

**ઉદાહરણો :** આ કામ **જોઈને** હું ખુશ થઈ ગયો.

**હસીહસીને** તે બેવડ વળી ગયા.

તેની ચિત્રકલા **જોઈ** સહુ રાજી થયા.

## સ્વાધ્યાય

1. **નીચેનાં વાક્યોમાંથી નિપાત શોધી તેની નીચે લીટી કરો. આ નિપાત કયો અર્થ દર્શાવે છે તે સમજાવો :**

(1) ત્યારે તો તમે ખૂબ ભાગ્યશાળી છો !

(2) અમે ઘણું કહ્યું તોય તે સમજ્યા નહિ.

(3) આજે વરસાદ પડવો જ જોઈએ.

(4) માણસ આમ ભારે ડાહ્યો, પણ ધૂની ખરો !

(5) હાજી, અમે તો આવી પહોંચીશું સમયસર.

(6) એક વખત જેલ જનારો, બીજી વાર જાય ખરો ?

(7) મહાદેવભાઈ માત્ર પચાસ વરસ જીવ્યા.

(8) ગંગા તો બસ ગંગા જ છે.

(9) એ તો અહીં આવ્યા વિના રહેશે નહિ.

(10) વસ્તુ ખૂબ જ સસ્તી છે, ફક્ત રૂપિયા પચાસની.

2. **તમારા પાઠ્યપુસ્તકમાંથી નિપાતનો ઉપયોગ થયો હોય તેવાં દસ વાક્યો શોધી તેનો અર્થ સમજાવો.**

3. **નીચેનાં વાક્યો યોગ્ય પદક્રમ અને પદસંવાદ સાથે ગોઠવીને ફરી લખો :**

(1) કાંઈ કોઈને હોય તો પૂછવું કાલની વાતમાંથી પૂછો.

(2) ઈશ્વર તો એ ક્યાં દેખાતો નથી રહેલો હશે ?

(3) મીઠા વગર લાગે છે રસોઈ ફીકી બધી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(4) પરમેશ્વર આંખે લઈ શકાય છે, પણ એને અનુભવમાં દેખાતો નથી.

(5) સાંકળ ખખડાવી મધરાતે ભોજાએ ડેલીની પોસ્ટમાસ્તરની.

(6) મૂળશંકર રોકડ લઈને ભાવનગર સાઇકલ ભેગી થાય એટલે ઊપડે.

(7) દેવરાજ કૅમ્પના સ્ટેશને ઊતરેલો ત્યારે એને સૌ પહેલાં એની બા ની યાદ આવ્યા. (પદસંવાદ કરી લખો.)

(8) દુકાળ કાંઈ ધરતી પર જ નથી પડતી બાપુ...પણ માણસ પર પડે છે. (પદસંવાદ કરી લખો.)

(9) અલિ ! તે પર આવડો શું લટકો ? (પદસંવાદ કરી લખો.)

(10) તેણે શેરડી અને ગોળ ખાધો.

(11) એમણે શું વસ્તુ ખરીદ કર્યું.

**4. નીચેનાં વાક્યોમાંથી કૃદંત તારવી તેનું કાર્ય સમજાવો :**

(1) મહેનત કરનારાં કોઈ'દિ માંદાં પડતાં હશે ?

(2) એ તળાવે ધરાયેલાં પશુ પાણી માટે આવતાં.

(3) એક ચપટી વગાડતાં ડૉક્ટરે દરદ મિટાવી દીધું.

(4) ખાનારા માણસ કામ પણ કરી શકે ને !

(5) આ કામળો ક્યાં અસલ ઊનનો બનેલો છે ?

(6) બીજા માટે પૈસા વાપરવા એ સહેલું નથી ?

(7) આ પુસ્તક મારે વાંચવાને જોઈએ છે.

(8) રમણ ધીરે ધીરે વાંચતાં શીખી રહ્યો છે.

(9) પત્ર વાંચીને તેને સંતોષ થયો.

(10) કોઈને નહિ ભાળવાને કારણે તે નીકળી ગયો.

(11) એનું કામ જોઈને શેઠ ખુશ થઈ ગયા.

**5. વાક્યરચના : સાદું, સંયુક્ત અને સંકુલ વાક્ય**

રચનાની દૃષ્ટિએ વાક્યના ત્રણ પ્રકાર છે :

**1. સાદું વાક્ય :** જે વાક્યમાં એક ક્રિયાપદ કે એક ઉદ્દેશ્ય (કર્તા) – એક વિધેય (કર્તા વિશે જે કહેવાયું હોય તે) હોય તેવી રચનાને સાદું વાક્ય કહે છે. દા.ત.,

– દેવરાજ અતીતમાં સરી રહ્યો હતો. (આંસુભીનો ઉજાસ)
– મને મારા ગાંડીવનું અભિમાન હતું. (યુધિષ્ઠિરનો યુદ્ધવિષાદ)
– આમાં તો ઝીણા ઝીણા દાણા દેખાય છે. (ઈશ્વર સર્વવ્યાપી)
– ચોકીદારીમાં મારું મન હવે બહુ ધરપતું નથી. (આંસુભીનો ઉજાસ)
– ચંદનવાડી આગળ શેષ નદી બહુ ઘાટીલો વળાંક લે છે. (અમરનાથની યાત્રાએ)

**2. સંયુક્ત વાક્ય :** જે વાક્યમાં જોડાયેલાં વાક્યો સમાન કક્ષાનાં હોય; સંયોજક દૂર કરવાથી તે વાક્યો સ્વતંત્ર રીતે ટકી શકે તેવાં હોય અને એક વાક્ય અન્ય વાક્યનું ગૌણ વાક્ય ન હોય તેવી વાક્યરચનાને સંયુક્ત વાક્ય કહે છે.

આ વાક્યમાં ને, અને, તથા, પણ, છતાં, કે, અથવા, યા, કેમ કે, કારણ કે, વળી, નહિતર, તેથી, એટલે વગેરે સંયોજકો દ્વારા સમુચ્ચય (સમૂહ) વિકલ્પ, પર્યાય, વિરોધ કે કાર્યકારણ જેવા સંબંધો સૂચવાયા હોય છે. દા.ત.,

– આ બ્રાહ્મણ ખૂબ વિદ્વાન હતો, **પણ** તેના પુત્ર શ્વેતકેતુને ભણવું ગમતું નહિ. (ઈશ્વરનું સ્વરૂપ) અહીં સંયોજક દ્વારા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બંને વાક્યો વચ્ચે વિરોધનો અર્થ સૂચવાય છે.

– મહેનતુ ખેડૂતોના હાથ રોજરોજ ફરતા હતા **એટલે** ક્યાંય વાંકોચૂકો છોડ કે નીંદામણ દેખાતું નહોતું (મહાત્માના માણસ) અહીં સંયોજક 'એટલે' દ્વારા કાર્યકારણ સંબંધ સૂચવાય છે.

– બાર વરસ વનમાં ભમ્યાં **ને** કેટલીય વીતકો ને મુશ્કેલી પછી આ રાજ્ય મળ્યું છે તે ભોગવીએ. (યુધિષ્ઠિર યુદ્ધવિષાદ) અહીં 'ને' સંયોજક દ્વારા સમુચ્ચય થયો છે. બંને વાક્યો એકબીજાનાં પૂરક બની હકીકત દૃઢ કરે છે.

– દેવરાજની ધગશથી ઘરશાળાના સંચાલક પ્રભાવિત થઈ ગયા હતા **એટલે** તેમણે વસુધાના કાર્યકર ભગવાનજીભાઈને વાત કરી. (આંસુભીનો ઉજાસ)

– પાણીને ચમચીથી વચ્ચેથી લઈ ચાખી જો **કે** કેવું લાગે છે ? (ઈશ્વરનું સ્વરૂપ)

**3. સંકુલ-મિશ્ર વાક્ય :** આ વાક્યમાં રહેલાં વાક્યો વચ્ચે સમાન સ્તરનો નહિ પણ મુખ્ય અને ગૌણનો સંબંધ હોય છે.

ગૌણ વાક્ય મુખ્ય વાક્યના વિશેષણ વાક્ય, ક્રિયાવિશેષણ વાક્ય કે કર્મ વાક્ય તરીકે આવી મુખ્ય વાક્યના અર્થમાં વધારો કરે છે.

આ વાક્યમાં સંયોજક તરીકે જે-તે, જો-તો, જેવું-તેવું, જ્યાં-ત્યાં, જ્યારે-ત્યારે, જેમ-તેમ, જ્યાં સુધી-ત્યાં સુધી, જેટલું-તેટલું વગેરે મુકાય છે. દા.ત.,

– અને નીચે મૂકી અમે જવા માંડ્યું ત્યારે એ ઊંચે સાદે રડવા માંડ્યો (સેલ્વી પંકજમ્)

એ ઊંચે સાદે રડવા માંડ્યો (મુખ્ય વાક્ય)

અને નીચે મૂકીને અમે જવા માંડ્યું (ગૌણ વાક્ય)

– દેવરાજ કૅમ્પના સ્ટેશને ઊતર્યો **ત્યારે** સૌ પહેલાં એની બાની યાદ આવી. (આંસુભીનો ઉજાસ)

સૌ પહેલાં એની બાની યાદ આવી - મુખ્ય વાક્ય

દેવરાજ કૅમ્પના સ્ટેશને ઊતર્યો - ગૌણ વાક્ય

– તેઓ પાડોશમાં રહ્યાં **ત્યાં સુધી** અમે તેમને માટે દરેક ચીજવસ્તુ લાવી સાચવનારા ટ્રસ્ટીઓ જ રહ્યાં (ઉછીનું માંગનારાઓ)

– **જો** હું સત્તા કે ધનને લોભે એ બધું ભૂલી, ફગાવીને કશ્મીર આવું **તો** પછી હું આપને કે કશ્મીર રાજ્યને વફાદાર રહું એવો વિશ્વાસ આપે મારામાં ન રાખવો જોઈએ. (સૌજન્યશીલ પ્રભાશંકર)

– ભીમ, **જેમ** કોઈ રણમાં ભમીભમીને થાકેલા માણસને પાણી પીવા મળે, **તેમ** સંતુષ્ટ થયેલો લાગે છે.

હવે તમે આ કક્ષાએ નિપાત, કૃદંત, પદક્રમ, પદ સંવાદ કે સાદી-સંયુક્ત-સંકુલ વાક્યરચના એટલે શું - એટલું જાણો તે પૂરતું નથી. આ બધી જાણકારી તો તમે ધોરણ દસ સુધીમાં મેળવી લીધી હતી. હવે આ મુદ્દાઓ તમે તમારા લખાણમાં કેવી રીતે અભિવ્યક્ત કરી શકો એ આપણો હેતુ છે. તમે જ્યારે વાચન કરો ત્યારે આ બધી જ બાબતોનો ખ્યાલ રાખીને, જરૂર જણાય ત્યાં અટકીને જે-તે વાત લેખકે કેવી રીતે મૂકીને બળકટ બનાવી છે વગેરે સમજતાં જશો. આવા સમજપૂર્વકના મહાવરાથી અને લેખનમાં તેના ઉપયોગથી તમારા લખાણને તમે સુંદર બનાવી શકશો.

### સ્વાધ્યાય

1. તમારા પાઠ્યપુસ્તકમાંથી સાદાં, સંયુક્ત અને સંકુલ પ્રકારનાં દસ-દસ વાક્યો શોધીને લખો.
2. તમારા મૌલિક લખાણમાં સંયુક્ત અને સંકુલ વાક્યોનો ઉપયોગ કરો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 13 મા'ત્માના માણસ



**ધીરુબહેન પટેલ**

**(જન્મ : 29-5-1926)**

ટૂંકી વાર્તા, નવલકથા અને એકાંકી ક્ષેત્રે યશસ્વી પ્રદાન કરનાર ધીરુબહેન ગોરધનભાઈ પટેલનો જન્મ વડોદરામાં થયો હતો. 'અધૂરો કોલ', 'એક લહર', 'વિશ્રંભકથા' અને 'જાવલ' એમના ટૂંકી વાર્તાના સંગ્રહો છે. 'વડવાનલ', 'શીમળાનાં ફૂલ', 'વાવંટોળ', 'વમળ', 'કાદંબરીની મા', 'સંશયબીજ' એમની નવલકથાઓ છે. 'વાંસનો અંકુર', આંધળી ગલી', 'આગંતુક' અને 'અનુસંધાન' તેમની લઘુનવલકથાઓ છે. 'પરદુઃખભંજન પેસ્તનજી', 'ગગનનાં લગન' તેમનાં હાસ્યરસનાં પુસ્તકો છે. 'પહેલું ઈનામ', 'પંખીનો માળો' અને 'વિનાશને પંથે' તેમના નાટ્યના સંગ્રહો છે. 'મનનો માનેલો' અને 'માયાપુરુષ' એ બે સંગ્રહો રેડિયોનાટિકાનાં છે. ધીરુબહેને 'ભવની ભવાઈ' ફિલ્મનું પટકથાલેખન પણ કર્યું છે. 'નમણી નાગરવેલ' એમનો એકાંકી સંગ્રહ છે. 'બતકનું બચ્ચું', 'અંડેરીગંડેરી ટીપરીટેન' તેમજ 'મિત્રાનાં જોડકણાં' તેમનાં બાળસાહિત્યનાં પુસ્તકો છે.

રણજિતરામ સુવર્ણચંદ્રક તેમજ 'આગંતુક' નવલકથાને સાહિત્ય અકાદમી દિલ્લીનો એવૉર્ડ એનાયત થયા છે.

ગાંધીના માણસો–સત્યાગ્રહીઓ જેલમાં જતાં બાહ્યાંતર રીતે કેવા રૂપાંતરણ પામે છે તેનો ઉત્તમ નમૂનો નવલિકા નાયક મણિભાઈ છે. ઓછા-અધૂરા અભ્યાસે જેલસાથીઓની સાચી શીખ-સંગતે ખુદને પણ શંકા જાગે તેટલું પરિવર્તન મણિભાઈમાં થયું છે. અડબોથનો જવાબ અહિંસાથી આપવાની વાત તેના ગળે ઝટ ઊતરતી નહોતી, કિંતુ જેલમાંથી છૂટીને ઘરે જતાં પતિવ્રતા પત્ની હીરાને ખાદી વેશે જોતાં - 'જ્યાં તમે ત્યાં હું' સાંભળતાં જ તે આભો બની જાય છે. નાયકની ગાંધીનિષ્ઠા અને નાયિકાની પતિનિષ્ઠાના દ્વૈતમાંથી રચાતો એકનિષ્ઠ-અદ્વૈતભાવ એ 'વાર્તા વિશેષ' છે. જેલ-જીવનની રાજકીય પરેશાની અને કુટુંબજીવનની સામાજિક વિટંબણાઓ વચ્ચે સ્વસ્થ-તટસ્થ રહીને ભારતમાતાની આઝાદી માટે મથતા-મરતા સ્વાતંત્ર્યવીરોની ઝાંખી આ નવલિકા કરાવે છે.

---

'માફી માગીને નથી છૂટ્યો કંઈ - સરકારે જખ મારીને છોડ્યો છે !' મણિભાઈના મગજનો કેફ એના થાકેલા પગના પ્રત્યેક ડગલામાં નવું જોર પૂરતો હતો અને એટલે જ એ લાંબી ડાંફે ગામના ધૂળિયા રસ્તા પર નાનાનાના ગોટા ઉડાડતો ચાલ્યો જતો હતો. બાકી એના શરીરમાં તો રહ્યું'તુ જ શું ? વધારે ખેંચીશું તો એ ઠાઠડી પર જ બહાર નીકળશે એવો ડર ન લાગ્યો હોત તો સરકારે એને હજી છોડ્યો ન હોત... હજી એ ચક્કી પીસતો હોત, દંડૂકાના માર ખાતો હોત, કાંકરીવાળા રોટલા તરછોડીને ઊભો થઈ જતો હોત અને એ બદલની નવી નવી શિક્ષા સહેતો હોત.

પણ એ બધાંનું એને મન કંઈ નહોતું. એનાથી નહોતી સહેવાતી તે ગાળ. નાનપણથી જ એની એવી તાસીર હતી કે કોઈનો તોછડો બોલ સાંભળતાં જ લોહી ઊકળી ઊઠતું. એમાં ને એમાં માસ્તરના માથામાં સ્લેટ મારીને નિશાળ છોડી દીધેલી. એમાં ને એમાં ત્રિભોવન વાણિયાની નોકરી છોડી દીધેલી. જિગરજાન ભેરુને મોંએથી પણ ગાળ ન સાંભળનારો આ મણિભાઈ ! અને એને જેલમાં બે ટકાના વૉર્ડરો ઘડીએ ને વારે ધમકાવતા. પાંપણના પલકારા જેટલી જ નિયમિતતાથી ગાળ દેતા. મણિભાઈથી એ ન સહેવાતું. જંગલી ઘોડાનું ટોળું ધરતી ધમરોળતું દોડી આવતું હોય એવો એક પ્રચંડ આવેગ એના મનમાં જાગતો અને એનું શરીર કાબૂમાં ન રહેતું. સત્યાગ્રહીની આચારસંહિતાનાં ચીંથરેચીંથરાં ઊડી જતાં એવે વખતે.

અને પછી મણિભાઈ ઉપવાસ કરતો. એના કરતાં ઉંમરે મોટા, વિદ્વાન અને જેમણે ગાંધીજીનું પડખું સેવેલું હોય એવા કેદીઓ પાસે જઈને એમની શાંત વાણી સાંભળતો અને લજવાતો. એણે હજારેક વાર નિર્ણય કર્યો હશે કે ફરી આવું ન બનવા દેવું. છતાં ગાળ સાંભળતાંની સાથે જ એણે પ્રયત્નપૂર્વક કેળવેલી અહિંસા એકદમ અલોપ થઈ જતી અને તે એકલો પડી જતો. એકલોઅટૂલો, ઓછું ભણેલો એક ધરતીનો બાળ; જેણે બળબળતા બપોરે કે ચોમાસાની હેલીમાં બળદ સાથે બળદ બનીને ખેતર ખેડ્યાં છે, જેને ઝાઝું બોલ્યાની ફાવટ નથી, જેણે જિંદગી પાસેથી કોઈ વધારે પડતી માગણી નથી કરી – સાગરનાં મોજાં સાથે શંખલું જેમ કિનારે ઘસડાઈ આવે એમ રાષ્ટ્રીયતાના જુવાળમાં જે પોતાના ગામથી ઊંચકાઈને અહીં જેલમાં આવી પહોંચ્યો છે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અને મુદત પૂરી થતાં જે પાછો પોતાને વતન પહોંચી બળદનાં પૂંછડાં આમળવાની જ અભિલાષા સેવે છે – એને શું કરવું એની ગતાગમ નહોતી છતાંયે એને હાથેથી કંઈક થઈ તો જતું જ – જે સરકારને ન ગમે અને સત્યાગ્રહીઓનેય ન ગમે. પરિણામે એ સરકારના કર્મચારીઓનો માર ખાતો અને એના મૃદુભાષી સાથીદારોનો ઠપકો પણ ખમતો.

એ બધા ગાળામાં એના મનમાં એક ઝાંખું ઝાંખું સ્વપ્ન આકાર લઈ રહ્યું હતું. એક વાર ગાંધીબાપુના આશ્રમમાં જઈને પૂછવું છે, 'આ એવું કેવું કે હું મૂંગે મોંએ ગાળ ખાઈ લઉં તો જ ભારતમાતા આઝાદ થાય ?' આ વાત એને સમજાતી નહોતી. જો કે જેલવાસ દરમિયાન એના સુશિક્ષિત ભાઈબંધોની મદદથી એનું ભણતર ઠીક ઠીક આગળ વધ્યું હતું. અનેક અજાણી ચોપડીઓનાં પાનાંમાંથી અજવાળું પથરાતું જતું હતું અને એના મગજના નવા નવા વિસ્તાર શોધી કાઢતું હતું. મણિભાઈને બીક લાગતી હતી કે પોતે કંઈક બદલાઈ રહ્યો છે. અજાણ્યો થતો જાય છે... આ નવો મણિભાઈ શું કરે ને શું નહીં તે કંઈ કહેવાય નહિ... તોયે આ બધું ઘડીક ગમતું ને ઘડીક ન ગમતું એવું બન્યે જતું હતું.

ને હવે એ પૂરું થઈ ગયું હતું. એ છૂટી ગયો હતો અને એના પગ એના ગામ તરફ વળ્યા હતા. મણિભાઈ તો મણિભાઈ જ હતો, કંઈ આઈન્સ્ટાઇન નહોતો. છતાં એણે એની મેળે – જાતે સાપેક્ષતાનો સિદ્ધાંત શોધી કાઢ્યો હતો અને અત્યારે એ એવું અનુભવતો હતો કે જાણે જેલમાં મહિનાઓ નહીં પણ વરસોનાં વરસ રહ્યો હોય... જાણે એક ભવ વીતી ગયો હોય, જાણે એક નવો જન્મેલો મણિભાઈ સ્વપ્નમાં ચાલતો ચાલતો પોતાના પૂરવજનમની ભોમકા શોધતો હોય.

આછો વગડો હવે પૂરો થવાની તૈયારીમાં હતો. આઘેથી તમાકુનાં લીલાંછમ ખેતર દેખાતાં હતાં, મહેનતુ ખેડૂતોના હાથ રોજેરોજ ફરતા હતા એટલે ક્યાંય વાંકોચૂકો છોડ કે નીંદણ દેખાતું નહોતું. ધરતીએ પોતાના પેટાળમાં રહેલાં જીવતાંજાગતાં નીલમ જાણે બહાર પ્રગટાવ્યાં હતાં. અચાનક મણિભાઈના પગ પાસે થઈને એક મોર દોડી ગયો અને પાછળ પાછળ ચાર-પાંચ ઢેલડીનું ટોળું આવ્યું. મણિભાઈ ઊભો રહી ગયો. એને સુખ ઊપજ્યું. એને ઘર સાંભર્યું. એના બાપ વેરીભાઈ ઘરની બહાર રસ્તામાં મૂકેલી લાકડાની પાટ પર બેઠાબેઠા હુક્કો ગગડાવતા હશે. એ કંઈ વધારે નહી બોલે. મણિભાઈ, આયા ભઈ ? કહીને જવાબની ખેવના વગર ચલમનો દેવતા ખોતરવા માંડશે પણ રાજી તો થશે જ. મનમાં ને મનમાં કદાચ દીકરાના દૂબળા દેહ પર એક નજર ફેરવી લેશે અને દુઃખીયે થશે. પણ કશું બોલશે નહીં. કંઈ પૂછશે નહીં.

એ બધું બાનું કામ. બા તો તરત જ ઠેઠ પરસાળના ઉંમરા લગી, ભલી હશે તો ચોક લગી દોડી આવવાની : 'આયો ભઈલા ? આયહાય...કેવો થઈ ગયો છે !' કરતીક આંખે આંસુડાં ભરી દેશે. ઝટપટ ઘૂમટાથી આંખો લૂછીને પાણીનો લોટો ભરી લાવશે. સોનું તે શી ચીજ છે, એવો ચળકચળક કરતો પિત્તળનો લોટો. એની બાના હાથે ઉટકાયેલો ચોખ્ખોચણક લોટો ! ને એમાં ભરેલું ઠંડું પાણી ! માણસ બીજું શું માગે આ દુનિયામાં ?

મણિભાઈના પગ ઝડપથી ઊપડ્યા. પછી એની અંદર ઊપસતા પેલા બીજા મણિભાઈએ ધીરીધીરી વાત કરવા માંડી. બા હજી લાજ કાઢે છે...ઘૂમટો તાણે છે...કાઠિયાવાડના જેવો લાંબો નહીં તોયે આખું કપાળ ઢંકાઈ જાય એવો તો ખરો જ. એ કાંઈ બરાબર ન કહેવાય. બાને એક વાર ગાંધીબાપુના આશ્રમમાં લઈ જવી પડશે. ત્યાં બધાં એને બરાબર સમજાવી દેશે. લાજ ન કાઢવી, ઘરેણાં ન પહેરવાં...ને ભાગોળમાં પેસતો મણિભાઈ લગભગ હસી પડ્યો. બાને તો ઠીક, હીરાને કોઈ કાળે સમજાવી શકાય ! એને ઘરેણાંનો બેહદ શોખ હતો. બાપને ત્યાંથી મળેલા મોટા ભાગના દાગીના એ રાતદિવસ પહેરતી અને સાત પેઢીના સગાને ત્યાંયે લગ્ન આવે તો અચૂક મજૂસ ખોલીને હાર, પહોંચાં અને સાંકળાં કાઢતી જ. બા કોઈ વાર ટોકતી, 'બધે બધું પે'રવું જ, એ લખી આલ્યું છે ?' પણ હીરા ધરાર કાઢતી ને પહેરતી. બાને સામો જવાબ ન વાળતી પણ દેરાણીને મોંએ બબડતી, 'બાપે આલ્યું છે તે પે'રવા કે પટારામાં ઘાલી મેલવા ?'

હીરાનો ખોળો ભરવાનો થયો ત્યારે રોકડ રકમ આપવાની વાત થયેલી તે તેણે તત્કાળ નકારી કાઢીને સિંધિયાશાહી કડાં કરાવ્યાં અને લીધાં ત્યારે જ જંપી !

છોકરો હવે મોટો થયો હશે. પોતે જેલમાં ગયો ત્યારે જરાજરા ચાલતાં શીખ્યો હતો. રાવજીના જનમ પછી જ પોતે પેલા ભાષણમાં ગયો એય સારું થયું. નહીંતર કોને ખબર...ગાંધીજીની ઘણીઘણી વાતોમાં આયે આવી જતી હતી, બ્રહ્મચર્યની. જોકે મણિભાઈને એ પેલી અહિંસા કરતાં વધારે આકરું નહોતું લાગવાનું. હશે હવે, આમ ને આમ...

ઘર જેમ જેમ નજીક આવતું ગયું એમ જેલ, સિપાઈઓ, લાઠી ને કાંકરીવાળા રોટલા આઘા જતા ગયા, નજર આગળ પોતાનું હૂંફાળું સાદુંસીધું ઘર તરવરવા લાગ્યું. માબાપના કરચલીવાળા ચહેરાનાં દર્શન ને સગાંવહાલાંના હેતાળ આવકાર માટે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મન તલસવા લાગ્યું. સાથીદારોએ તો કહ્યું હતું, 'તરત પાછા આવી જજો, મણિભાઈ !' પણ એનું મન અંદરથી ઢીલું પડ્યું હતું. એને ઘરમાં રહેવું હતું, એને હીરાને મળવું હતું, બા અછોવાનાં કરે એ માણવું હતું...ગામના માણસોયે તે મિટિંગ-બિટિંગ ભરશે. કાં તો હાર પહેરાવશે. કદાચ નિશાળના માસ્તરને બોલાવી લાવશે ભાષણ કરવા. પોતેય કંઈક જવાબ વાળવો પડશે. છેલ્લે ભારત માતાકી જય ! મા'ત્મા ગાંધીકી જય ! એમ બોલાવવું પડશે. માળું...આ હિન્દીનુંયે એક નવું જ હતું. પણ કંઈ નહિ, શીખી લેવાય એ તો. આ ગુજરાતી ન બરાબર આવડ્યું ? એમ ને એમ હિન્દી ! બાપુ કહેતા હશે એ બરાબર જ હશે ને ! એ ઓછાં કંઈ ખોટું કહે ?

આવા આવા વિચારોમાં રસળતો અને ઝડપભેર પગલાં ઉપાડતો મણિભાઈ પોતાના મહોલ્લામાં આવી પહોંચ્યો ત્યારે ચાટ આગળ પડ્યાં પડ્યાં હાંફતાં બેચાર કૂતરામાંથી એકે આંખ ઉઘાડીને એની સામે જોયું અને પહેલાં ભસીને ને પછી પૂંછડી હલાવીને એનું સ્વાગત કર્યું. સાધારણ રીતે કૂતરાંને હડે કહીને આઘાં કાઢતા મણિભાઈને આજે કૂતરાં ધકેલી કાઢવાનું મન ન થયું. એણે દૂર નજર માંડી, પાટ પર કોઈ બેઠું નહોતું.

'કેમ આમ ? મોટા કંઈ માંદાસાજા તો નહીં હોય ?' ધક ધક થતા કાળજે મણિભાઈ આગળ વધ્યો. ઘર પાસે પહોંચતાં પહોંચતાંમાં તો એને કેટલાયે વિચાર આવી ગયા. એ વિચારોમાંથી મુક્ત થઈને બાનું અશ્રુભીનું સ્વાગત માણવા જેવો એ ઘર આગળ આવીને ઊભો કે ડેલીનું ભારેખમ ખીલા જડેલું કમાડ કિચૂડ કિચૂડ કરતું બંધ થઈ ગયું.

આ કમાડ...આ કમાડ કદી બંધ નહોતાં થતાં. વરસોનાં વરસો લગી બંધ નહોતાં થયાં. મણિભાઈની સાંભરણમાં તો નહીં જ. હંમેશાં નાની ઝાંપલી જ વસાતી...આજે...આજે આ કમાડ બંધ ! એના મનને એક ધક્કો લાગ્યો. એણે ભારેસલ્લ સાંકળ ઊંચકી અને ખખડાવી. કોઈ બોલ્યું નહીં એટલે એણે ફરી જરા જોરથી ખખડાવી. તે સામેના ઘરની ઉપલી મેડીની બારીઓ ખૂલી અને પાછી ધડાધડ વસાઈ ગઈ.

કંઈક છે ! મનમાં વિમાસતા મણિભાઈએ મોટેથી બૂમ પાડી... ''બા, એ બા ! કમાડ ખોલો. હું છું...હું !''

અંદર અને બહાર નિઃશબ્દ શાંતિ છવાઈ ગઈ. મણિભાઈને થયું કે પોતે હજી જેલમાં જ છે – એક સ્વપ્નું જુએ છે. અડધી રાતે છાતી પર ભયનો ઓથાર બનીને છવાઈ જાય એવું દુઃસ્વપ્ન ! જરાક પ્રયત્ન કરીને આંખો ખોલી નખાય તો પલકવારમાં બધું મટી જાય...બા દોડતી દોડતી બહાર આવે...હરખઘેલી થઈને પૂછે, 'ભઈ, આયો ?' એ – એ પણ એક બીજું સ્વપ્નું જ ન હોય ?

ઓચિંતા પગ દુઃખવા માંડ્યા. બહુ થાક્યો છે પોતે, બગલથેલો પાટ પર મૂકીને એ બેસી પડ્યો. તે સાથે ઉપલી ખડકીની બારી ખૂલી. ક્રોધભરી ગર્જના સંભળાઈ :

''ચિયો છે એ ?''

''હું...હું મણિયો !''

''વેરીભઈનો મણિયો તો ચ્યારનો મ્હાંણાંમાં ગયો. હેંડતો થા હેંડતો મોટી મા'ત્માવાળી ના જોઈ હોય તો !''

અને બારી વસાઈ ગઈ.

દિશાશૂન્ય બનીને મણિભાઈ એ બારી સામે તાકી રહ્યો. ઘણા વખત લગી તાકી રહ્યો અને અંતે એણે બગલથેલો પાછો ઊંચક્યો. મણમણના થઈ ગયેલા પગ ઘસડ્યા અને કૂતરાંની ચાટ આગળ જરા થંભીને રસ્તામાં ખાવા લીધેલું ગાંઠિયાનું પડીકું ઊંધું વાળ્યું. આભારવશ કૂતરાંએ પહેલાં પૂંછડી પટપટાવી અને ટોળે વળ્યાં પણ પછી ગાંઠિયા સૂંઘીને આઘાં ખસી ગયાં.

ઠીક ત્યારે, તમેય જાઓ !' અપાર ખેદથી મણિભાઈએ પાછું વળીને જોયા વગર બાપદાદાનો મહોલ્લો કાયમ માટે છોડ્યો.

એને સમજાતું નહોતું કે શું કરવું ? સત્યાગ્રહીએ આવે વખતે ઉપવાસ કરવા જોઈએ, માતાપિતાને સમજાવવાં જોઈએ, પેલું શું ? હા – હૃદયપરિવર્તન કરાવવું જોઈએ...પણ ગાંધીજી ક્યાં એના બાપને ઓળખતા હતા ? એમને ક્યાં ખબર હતી કે વેરીભાઈ વીફરે એટલે પછી કોઈના નહીં ? લાખ સમજાવો તોયે બધું પથ્થર પર પાણી જ...

કંઈ નહીં. પોતે સાબરમતી ચાલ્યો જશે. આશ્રમમાં રહેશે. રેંટિયો કાંતશે. દેશસેવા કરશે. નહીંતર પાછો સત્યાગ્રહ કરીને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જેલમાં જશે. આ વખતે ડાહ્યો થશે. કોઈના પર હાથ નહીં ઉપાડે...વેરીભાઈને જો એમ લાગતું હોય કે એમનો મણિયો મરી ગયો છે તો પોતાના મનથી પણ બાપ – ઓચિંતી મા સાંભરી. ગળે સોપારી જેવો ગોળ ડૂચો ભરાયો ને આંખ ભીની થઈ ગઈ. માએ પણ બારણું ન ખોલ્યું ?

મગજ બહેર મારી ગયું હતું પણ પગને એમની પોતાની આગવી સૂઝ હતી. રસ્તામાં એને જોઈને ઓળખ્યો ન ઓળખ્યો કરતા માણસો એનેય જાણે દેખાતા હતા – અને નહોતા દેખાતા. ચોરે એનો બાળપણનો ભાઈબંધ મગનિયો બેઠો હતો. એક વાર તો મણિભાઈને જોઈને ઉત્સાહથી ઊઠ્યોયે ખરો, પણ પછી પાછો બાજુમાં બેઠેલા વડીલોથી દબાઈને બેસી ગયો.

મણિભાઈ નિર્લેપ ભાવે ગામ છોડીને બહાર નીકળ્યો. સામેથી કોક આવતું હતું. બોલ્યું, ''ચ્યોં હેંડ્યા ? સુંદરણા ?'' મણિભાઈએ જવાબ ન આપ્યો...આગળ ચાલ્યે જ ગયો. પછી આસ્તેથી મનમાં કૂંડાળા જાગ્યાં – શાથી પેલાએ સુંદરણાનું નામ દીધું ? ત્યાં તો કોઈ સગુંવહાલું નહોતું રહેતું !

પણ પાછા વળવાની, કોઈને કંઈ પૂછવાની વૃત્તિ જ ન જાગી. એ તો સારું થયું કે જોઈતો રાત સામે મળ્યો. એ ન મળ્યો હોત તો મણિભાઈ સીધો સાબરમતી પહોંચી જ ગયો હોત ! પણ જોઈતો મળ્યો. જોઈતાએ બધી વાત કરી અને મણિભાઈ સુંદરણાની વાટે ચાલ્યા.

હજી એને બધું માન્યામાં નહોતું આવતું. હીરા એકલી ઘર માંડીને રહે – અરે, એ બને જ કેવી રીતે ?

પણ બન્યું હતું. સાવ નાનું ઘર હતું – પાટીદાર મહોલ્લાને છેડે-છેવાડે. આંગણામાં ભેંસ હતી, સામો કાથીનો ખાટલો હતો, એના પર બેઠી હીરા રાવજીને રમાડતી હતી. મણિભાઈને જોઈને સફાળી ઊભી થઈને સામી દોડી. મણિભાઈ સ્તબ્ધ થઈને એનું રૂપ જોઈ રહ્યો. ખાદીની જાડી, દોઢવેલી સાડી અને દાગીના વગરનો દેહ...આ હીરા છે ?

''જોઈ શું ર્યા છો તાકીતાકીને ?''

''પણ – તું...?''

''લે હું જ ને ! નથી વરતાતી ?''

''તારાં ઘરેણાં ક્યાં ગયાં ?''

''ડોબુ આકાશમાંથી આયું હશે, નહીં તારે ? પણ એ બધી વાત પછી - પહેલાં બેસો, પાણીબાણી પીઓ...આયહાય, કેવા થઈ ગયા છો સાવ !''

પતિપત્ની મળ્યાં. બધી વાતો થઈ. બાપની જોહુકમીની ને માના નિર્બળ વિરોધની ને હીરાનાં પિયરિયાંએ લીધેલા વલણની ને એવી બધી...પણ મણિભાઈના મનનું કૌતક મટતું નહોતું. પોતે તો જાણે ઠીક, કેવા મોટામોટા માણસોને મળ્યો ને કેવું બધું જાણી આવ્યો ને બદલાયો...પણ આ હીરા ? એને કોણે આ શિખવાડ્યું ? એ ક્યાંથી આટલી સાહસિક થઈ શકી ? હીરાએ તો જાણે ટૂંકો ને ટચ જવાબ ''જ્યાં તમે ત્યાં હું !''આપીને વાત પતાવી નાખી ને ઝટપટ થાળી પીરસી દીધી. પણ મણિભાઈને કંઈ સમજાયું નહીં...એ બહુ જ વિચારમાં પડી ગયો. વિચારમાં ને વિચારમાં એણે ભાગોળેથી લીધેલાં બીડી બાકસ કાઢ્યાં ને જેવો દીવાસળી પેટાવવા ગયો કે હીરાએ એના હાથ પર ઝાપટ મારીને કહ્યું, ''રાખો હવે ! શોભતા નથી : મા'ત્માના માણસ થઈને !''

પત્નીના હાથની પહેલવેલ્લી ઝાપટ ખાઈને મણિભાઈ ચોંકી ઊઠ્યો, ચિડાવાની તૈયારીમાં હતો ત્યાં સામસામી નજરો મળી અને બંને હસી પડ્યાં.

(ઇન્કિલાબ ઝિન્દાબાદ !)

### શબ્દ-સમજૂતી

**ડાંફ** મોટું પગલું; **સાપેક્ષ** અપેક્ષાવાળું; **બ્રહ્મચર્ય** ઇન્દ્રિયનિગ્રહ; **મહાંણ** સ્મશાન; **દંડૂકા** ટૂંકી લાકડી; **ઘૂમટો** લાજ કાઢવી; **વિમાસવું** વિચારવું; **દિશાશૂન્ય** ધ્યેયહીન, સૂઝબૂઝ વિનાનું; **કેફ** નશો **તાસીર** પ્રકૃતિ, સ્વભાવ **ગતાગમ** સમજ; **ખેવના** ઇચ્છા,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આશા; **મજૂસ** પેટી, પટારો; **ચાટ** કૂતરાને ખાવા નાખવાનું સાધન; **જુવાળ** ભરતી, પ્રવાહ; **પરસાળ** ઓસરી; **કૌતક** કૌતુક, નવાઈ; **અછો વાનાં કરવાં** અતિશય લાડ કરવાં.

### રૂઢિપ્રયોગ

**લોહી ઊકળી ઊઠવું** ગુસ્સે થવું **પગ મણમણના થઈ જવા** મન ખિન્ન થઈ જવું

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) મણિભાઈને શી શિક્ષા થયેલી ?

(2) શા કારણે સરકારે મણિભાઈને છોડી મૂક્યો ?

(3) હૃદય પરિવર્તન કરવા મણિભાઈ શો પ્રયત્ન કરતા ?

(4) હીરાને કયો શોખ હતો ?

(5) મણિભાઈએ ગાંધીજીને શો પ્રશ્ન કરેલો ?

(6) મણિભાઈનું રસ્તામાં સ્વાગત કોણે અને શી રીતે કર્યું ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઘરે જતાં મણિભાઈએ શી વિમાસણ અનુભવી ?

(2) હીરાને જોઈ મણિભાઈએ શું આશ્ચર્ય અનુભવ્યું ?

(3) હીરાએ ઝાપટ મારી મણિભાઈને કયું સત્ય સમજાવ્યું ?

(4) હીરા શાથી બદલાઈ ગયેલી ?

**3. સવિસ્તર ઉત્તર લખો :**

(1) ઘર તરફ જતાં મણિભાઈનું મનોમંથન આલેખો.

(2) 'મા'ત્માના માણસ' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(3) સત્યાગ્રહી મણિભાઈનો અનુભવ તમારા શબ્દોમાં વર્ણવો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ધીરુબહેન પટેલનો વાર્તાસંગ્રહ 'જાવલ' મેળવીને વાંચો.
- ગાંધીજયંતીને દિને ગ્રામસફાઈ કરો.
- ગાંધીજીના અનુયાયીઓનાં જીવનચરિત્ર મેળવીને વાંચો.

### ભાષા-અભિવ્યક્તિ

**વાંચો અને નોંધ કરો :**

'મણિભાઈને બીક લાગતી હતી કે પોતે કંઈક બદલાઈ રહ્યો છે. અજાણ્યો થતો જાય છે...'. 'મણિભાઈ તો મણિભાઈ જ હતો.', 'મણિભાઈના પગ ઝડપથી ઊપડ્યા. પછી એની અંદર ઊપસતા પેલા બીજા મણિભાઈએ ધીરીધીરી વાત કરવા માંડી.'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

– જેવાં વાક્યો થકી વાર્તાનાયક મણિભાઈનું એક વ્યક્તિત્વ અને તેમાં આવતો બદલાવ આપણી આંખ સામે જીવંત થાય છે.

'...હેંડતો થા હેંડતો' અને 'કૂતરાં...ગાંઠિયા સૂંઘીને આઘાં ખસી ગયાં' – આ બંને વાક્યોથી મણિભાઈની પોતાનાં જ ઘર અને ગામમાં શી સ્થિતિ સર્જાઈ તે અનુભવી શકાય છે.

'પતિ-પત્ની મળ્યાં.', 'બધી વાતો થઈ.' આ બે વાક્યોમાં મણિભાઈ અને હીરાનો દાંપત્યપ્રેમ બીજુ કશુંય વધારે કહ્યા વગર અભિવ્યક્ત થઈ જાય છે.

વાર્તાને અંતે બીડી પીવા જતાં મણિભાઈને પત્ની હીરા દ્વારા કહેવાતા વાક્યમાં 'મા'ત્માના માણસ' શબ્દ અને સ્વભાવગત ચીડાવાને બદલે મણિભાઈ અને હીરા જે રીતે હસી પડે છે તેમાં પરસ્પરના પ્રેમની સાથે આ બંનેના વ્યક્તિત્વને અસરકરતા ગાંધીવિચારને પણ પામી શકાય છે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- 'અહિંસા પરમો ધર્મ' વિષય પર નિબંધ લખાવો.
- ગાંધીવિચારની અસરકારકતા વિશે વર્ગખંડમાં ઉદાહરણ સાથે ચર્ચા કરો.
- 'પરિવારની ધરી : સ્ત્રી' વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજો.

### કલ્પના અને પ્રતિભા

કલ્પના જ્યારે ધારીએ ત્યારે કરી શકાય, પણ પ્રતિભા ધારીએ ત્યારે આવતી નથી. પ્રતિભાના માનીતા પણ સ્પષ્ટ રીતે કહે છે કે – અમારામાં સર્વદા પ્રતિભા રહેતી નથી, જ્યારે આવે ત્યારે અમે કાંઈ પણ કરી શકીએ છીએ. એથી જ શીઘ્ર કાવ્યો, ગણીગણીને ગોઠવેલાં કાવ્યો, ધારીધારીને કોતરેલા કે ચીતરેલા નમૂનાઓ કે ભણીભણીને ગાયેલાં ગાયનો યથેષ્ટ આનંદ આપી શકતાં નથી. કારણ કે તે સ્વતઃ આવેલી પ્રતિભાના પ્રસાદથી નહીં, પણ બળે બળે ખેંચી આણેલી કલ્પનાથી થયેલાં છે.

**– મણિલાલ નભુભાઈ દ્વિવેદી**

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 14 છેલ્લું દર્શન (આસ્વાદ)



**જયંત કોઠારી**

**(જન્મ : 28-1-1930; અવસાન : 1-4-2000)**

ગુજરાતી ભાષાસાહિત્યના સંશોધક અને વિવેચક શ્રી જયંતભાઈ સુખલાલ કોઠારીનો જન્મ રાજકોટ (સૌરાષ્ટ્ર)માં થયો હતો. બી.એ.માં ગુજરાતી-સંસ્કૃત વિષયો સાથે પ્રથમ વર્ગ મેળવ્યો તેમજ એમ.એ.માં પ્રથમ વર્ગ પ્રાપ્ત કર્યો. અમદાવાદની ગુજરાત લૉ સોસાયટીની કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કાર્યશીલ રહ્યા. 'ભારતીય કાવ્યસિદ્ધાંત' અને 'પ્લેટો-ઍરિસ્ટોટલની કાવ્યવિચારણા', 'ઉપક્રમ', 'અનુક્રમ' એ એમના સ્વાધ્યાય તેમજ તાત્ત્વિક, ચિકિત્સક દૃષ્ટિનાં દ્યોતક પ્રકાશનો છે. ઉત્તમ ભાવકની સહૃદયતા તેમજ નિર્ભીક તત્ત્વદર્શન 'વિવેચનનું વિવેચન'માં જોવા મળે છે. સાહિત્ય સ્વરૂપો અંગેના લેખો 'વ્યાસંગ'માં તેમજ સિદ્ધાંતચર્ચાના લેખો 'અનુષંગ'માં જોવા મળે છે. 'સાહિત્યિક તથ્યોની માવજત'ને ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક મળ્યું છે. વિવેચન ઉપરાંત 'સુદામાચરિત્ર', 'નિબંધ', 'ટૂંકીવાર્તા', 'એકાંકી' અંગેનાં સુંદર સંપાદનો તેમણે આપ્યાં છે.

'આસ્વાદ અષ્ટાદશી' એ જુદાં જુદાં કાવ્યો પરના આસ્વાદ-વિવેચનનું જયંતભાઈ કોઠારીનું નોંધપાત્ર પુસ્તક છે. ખાસ તો ભારતીય કાવ્યસિદ્ધાંતોને આધારે કાવ્યકૃતિની તેમણે કરેલી તપાસના સંદર્ભમાં. એમાંથી રા. વિ. પાઠકના 'છેલ્લું દર્શન' સૉનેટનો આસ્વાદલેખ અહીં લીધો છે.

કવિ રા. વિ. પાઠકે પ્રથમ પત્નીના અવસાન નિમિત્તે રચેલા પ્રસ્તુત મૃત્યુવિષયક સૉનેટમાં આંખને અશ્રુ ન વહાવી હવે પછી પત્નીનું દર્શન અલભ્ય છે તે કરી લેવા વિનવે છે અને માંગલ્યની સામગ્રી ધરાવવાનું કહી; ધમાલ ન કરવા જણાવી એનાં સૌંદર્યને અખંડિત રાખવા જણાવે છે. જે સ્થાન એમના હૃદયમાં અંકાયું છે તે કદી કોઈ લઈ શકે તેમ નથી. અગ્નિની સાક્ષીએ મળ્યાં હતાં તેવી રીતે અગ્નિની સાક્ષીએ છૂટાં પડવાની આ ઘટનાને વિશેષ મંગલમય ગણાવે છે. આમ, આ સૉનેટમાં મૃત્યુ જેવી દુઃખદ ઘટનાને પણ મંગલમય બનાવીને રજૂ કરી છે.

---

ધમાલ ન કરો, – જરાય નહિ નૈન ભીનાં થશો, –
ઘડી બ ઘડી જે મળી – નયનવારિ થંભો જરા –
કૃતાર્થ થઈ લો, ફરી નહિ મળે જ સૌંદર્ય આ,
સદા જગત જે વડે હતું હસન્તું માંગલ્ય કો !
ધમાલ ન કરો, ધરો બધી સમૃદ્ધિ માંગલ્યની,
ધરો અગરુ દીપ ચંદન ગુલાલ ને કુંકુમ;
ધરો કુસુમ શ્રીફલો, ન ફરી જીવને આ થવો
સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો !
ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજ ચિહ્નો કશું,
રહ્યું વિકસતું જ અંત સુધી જેહ સૌંદર્ય, તે
અખંડ જ ભલે રહ્યું, હૃદયસ્થાન તેનું હવે
ન સંસ્મરણ વા ન કો સ્વજન એ કદી પૂરશે.
મળ્યાં તુજ સમીપ, અગ્નિ ! તુજ પાસ જુદાં થિયે,
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ, સુંદરી ?

(શેષનાં કાવ્યો)
રામનારાયણ વિ. પાઠક



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**મૃત્યુ નિમંત્રક મંગલકાવ્ય :**

રામનારાયણ પાઠકે આ કાવ્ય એમનાં પ્રથમ પત્નીના અવસાન નિમિત્તે લખેલું છે એ જાણીતી વાત છે. એટલે કે વ્યક્તિનિષ્ઠ વિરહ-પ્રેમનું આ કાવ્ય છે. પણ, આ કાવ્ય વાંચતાં જે એક વસ્તુ તરત નજરે ચડે છે તે એ છે કે કવિએ કાવ્યમાં વ્યક્તિનિર્દેશક સંજ્ઞાનો પ્રયોગ લગભગ ટાળ્યો છે અને ભાવનિર્દેશક સંજ્ઞાઓનો જ આશ્રય લીધો છે. છેલ્લી કડીમાં કવિ ‘સુંદરી’ને સંબોધન કરે છે ત્યારે જ કાવ્યમાં વ્યક્તિ પ્રવેશે છે. તે પૂર્વે કાવ્યમાં સુંદરી નહિ પણ સૌંદર્ય છે, માંગલ્ય છે. જેની અંતિમ વિદાયને કવિ પોતાની અંજલિ આપી રહ્યા છે તે કોઈ વ્યક્તિ નથી પણ અમૂર્ત ભાવ છે, તત્ત્વ છે.

મૃત્યુનો પ્રસંગ એવો છે કે માણસનો વ્યક્તિરાગ અત્યંત તીવ્રતાથી પ્રગટ થાય અથવા તો મૃત્યુ વ્યક્તિની ને જગતની નશ્વરતાનું ભાન કરાવે અને નિષેધાત્મક – નાસ્તિક દર્શન, અસારવાદ તરફ લઈ જાય. તત્ત્વચિંતક રામનારાયણ વ્યક્તિરાગમાં અટવાય નહિ એ સમજી શકાય; પરંતુ નોંધપાત્ર એ છે કે એ અહીં અસારવાદમાં પણ સરી પડ્યા નથી. જે નષ્ટ થયું છે એનો શોક નહિ પણ જે પ્રાપ્ત થયું હતું એની ધન્યતા એ કાવ્યનો મુખ્ય સૂર છે. જગત અને જીવનને એક અપૂર્વ સૌંદર્ય અને માંગલ્યનો યોગ થયો હતો, એવું સૌંદર્ય કે જે અંત સુધી વિકસતું રહ્યું હતું – કદી હ્રાસ પામ્યું ન હતું – તો છેલ્લી ક્ષણ સુધી એનું દર્શન એ જ કર્તવ્ય, એમાં જ જીવનની કૃતાર્થતા.

કવિ માનવસહજ લાગણીઓથી પર છે એવું નથી. મૃત્યુ પ્રસંગે જે બનવું જોઈએ તે બને જ છે. આંખમાં આંસુ ખાળ્યાં ખળાતાં નથી – આંખોને આંસુ રોકવાની વિનંતી કવિને ફરીફરીને કરવી પડે છે. મન અસ્વસ્થતાથી ઘેરાયેલું છે. પહેલી બે પંક્તિમાં ઉદ્‌ગારો ખંડિત થતાથતા ચાલે છે તેમાં આ અસ્વસ્થતા ડોકાઈ જાય છે. એક વાર નહિ પણ ત્રણત્રણ વાર ‘ધમાલ ન કરો’ એમ કહી કવિ પોતાનાં મનને વારે છે એ બતાવે છે કે મન રહીરહીને અસ્વસ્થ થયા કરે છે. કવિ આ મનઃસ્થિતિમાંથી ઊગરવાનો પ્રયત્ન કરે છે – ઘટનાને એક નવી વિધાયક જીવનદૃષ્ટિથી જોઈને. વ્યક્તિને સ્થાને ભાવતત્ત્વ પર એ ધ્યાન કેન્દ્રિત કરે છે અને કશુંક ગુમાવ્યાનો રંજ અનુભવવાને બદલે જે પ્રાપ્ત થયું હતું તેની ધન્યતાને વાગોળવા તરફ મનને વાળે છે.

તો, આ કાવ્ય સુંદરીનું નથી, સૌંદર્ય કે માંગલ્યનું છે અને સૌંદર્ય કે માંગલ્યના ઉપભોગનું નથી, એના પૂજનનું છે. સૌંદર્યનું એ છેલ્લું ‘દર્શન’ છે, કૃતાર્થતા પ્રેરનારું દર્શન છે. ‘દર્શન’ શબ્દના આપણી ભાષામાં જે અધ્યાસો છે – આદરના, ભક્તિના – તે અહીં પ્રગટે છે. અગરુ દીપ ચંદન ગુલાલ કુંકુમ કુસુમ શ્રીફલ વગેરે ધરવાનું કવિ કહે છે તે બધી પૂજન-અર્ચનની સામગ્રી છે. ‘સુંદરી’ને સ્થાને ‘સૌંદર્ય’ અને તે પણ પૂજનીય, પવિત્ર, માંગલ્યયુક્ત. જગતને પ્રસન્ન મંગલતાભર્યું કરનાર આ સૌંદર્ય, તેથી મહિમાવંત. અંત સુધી વિકસતું રહેલું, કદી ક્ષય ન પામેલું આ સૌંદર્ય, તેથી વિભૂતિરૂપ. એને આવો પૂજન-અર્ધ્ય જ ઘટે. દુન્યવી રીત મુજબ મૃત વ્યક્તિનું કશુંક સ્મરણચિહ્ન એના અંગ પરથી લેવું એ આ સૌંદર્યને ખંડિત કરવા બરાબર થાય. માટે એ પણ અનુચિત. એનું હૃદયમાં જે સ્થાન છે તે જ પૂરતું છે, તે જ ઈષ્ટ છે. આવા પરમ મહિમાવંત, વિભૂતિમય સૌંદર્યનું સ્થાન બીજું કોણ લઈ શકે ? અને એને માટે સ્મરણચિહ્ન જેવા સ્થૂળ આધારની શી જરૂર ?

આ જીવનદૃષ્ટિ કવિને માટે મૃત્યુની ઘટનાને મંગલ બનાવી દે છે. સૉનેટના છેલ્લા યુગ્મકમાં કવિએ આ વાત અત્યંત માર્મિક રીતે મૂકી આપી છે. અગ્નિની સાક્ષીએ જેમનું મિલન થયું હતું તે અગ્નિની સાક્ષીએ જ જુદાં પડી રહ્યાં છે. અગ્નિનું સાક્ષિત્વ એ મંગલતાનું સૂચક છે. અંતિમ સંસ્કારના અગ્નિમાં કવિએ સાક્ષિત્વનું આરોપણ કરીને મૃત્યુની ઘટનાને પણ મહિમાવંત કરી છે.

કાવ્ય આરંભાયું મનની ભારે અવસ્થાના સૂચનથી; પરંતુ એ લાગણી તો સૂચનરૂપે જ રહી અને કાવ્યમાં વસ્તુતઃ આલેખાયો સૌંદર્યયોગની કૃતાર્થતાનો અને સૌંદર્યપૂજનનો ભાવ. અંતમાં છે એક ભવ્ય મંગલ ઘટનાના સાક્ષાત્કારનો ચમત્કાર. એટલે સમગ્ર કાવ્ય ભાવમય છે. એ ભાવદશા વિશિષ્ટ છે – મૃત્યુવિષયક કાવ્યોમાં તો એ વિરલ છે. એની પાછળ એક નૂતન જીવનદૃષ્ટિની પ્રેરણા પડેલી છે. આમ, કાવ્યમાં ભાવ અને વિચારનું અદ્‌ભુત રસાયન સિદ્ધ થયેલું છે. રામનારાયણ માનતા કે કાવ્યનો વિષય વિચારમય લાગણી કે લાગણીમય વિચાર છે. કાવ્યનો પ્રાણપ્રદ ધર્મ એ રહસ્યને લેખતા હતા. રામનારાયણનો એ કાવ્યવિચાર આ કાવ્યમાં ચરિતાર્થ થતો લાગે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કાવ્ય સંબોધનરૂપે રચાયેલું છે, પણ કાવ્યમાં સંબોધ્ય બદલાયા કરે છે. પહેલા ચતુષ્કમાં સંબોધ્ય છે આંખો. બીજા અને ત્રીજા ચતુષ્કમાં મૃત વ્યક્તિનાં સ્વજનો – જેમાં કવિનો પણ સમાવેશ થાય – ને એમનાં મન સંબોધ્ય હોવાનું જણાય છે. છેલ્લા યુગ્મકની પહેલી લીટીમાં અગ્નિને સંબોધન છે, તો બીજી લીટીમાં સુંદરીને – મૃત પત્નીને સંબોધન છે. સંબોધનની આ પલટાતી તરાહ કાવ્યમાં જરાયે બાધક બનતી નથી. ઊલટું, બદલાતા પરિપ્રેક્ષ્યથી કાવ્ય વધારે સભર ને સજીવતાભર્યું ભાસે છે. વળી, પહેલી બાર લીટીમાં તો મુખ્ય વાક્યરચના આજ્ઞાર્થની છે. એમાં પ્રાપ્ત પરિસ્થિતિમાં કંઈક જુદી રીતે વર્તવા પ્રેરતા અધિ-મન (સુપર-માઈન્ડ)ના જાણે આદેશો સંભળાય છે. કાવ્યના કેન્દ્રિય ભાવને એનાથી અનોખો ઉઠાવ મળે છે. કાવ્ય જાણે અધ્યાત્મઅનુભવના પ્રદેશમાં પહોંચી જાય છે.

કાવ્યની ભાષાભિવ્યક્તિ સ્વસ્થ અને સ્વાભાવિકતાભરી છે. ન ઊર્મિરંગી, ન વિચારઘન. પદાવલિ નથી સંસ્કૃતાઢ્ય, નથી ગ્રામ્ય. 'ઘડી બ ઘડી' કે 'થિયેં' જેવા બોલચાલના પ્રયોગો સ્વાભાવિકતાને જ પોષે છે. એક 'ધમાલ' શબ્દ એવો છે જે કદાચ કોઈને પ્રસન્નતાથી વહેતા આ વાક્પ્રવાહને સ્ખલિત કરતા નાનકડા પથ્થરરૂપે ભાસે. એ આવ્યો છે સ્વજનોના સંભ્રમભરી વ્યાકુળ મનોદશાથી થતા રોકકળ આદિ વ્યવહારોને વ્યક્ત કરવા, પણ 'ધમાલ' શબ્દના આપણી ભાષાના સાહચર્યો એવા છે કે આ પ્રસંગના સ્વજનોના વર્તનને માટે એ શબ્દ કેટલો ઉચિત ગણાય એવો પ્રશ્ન સહેજે થાય. સહજ ઊર્મિલ વર્તનને વર્ણવવામાં એ શબ્દ ઉપકારક લાગતો નથી. 'જતો'તો સૂવા ત્યાં' એ કાવ્યની શૃંગારની આબોહવામાં 'બિછાનું' શબ્દ સુરેશ જોશીને ખૂંચ્યો હતો એ અહીં યાદ આવે છે. રામનારાયણની કવિતામાં આમ શબ્દવિવેક થોડો ચર્ચાસ્પદ બને એવાં સ્થાનો જડી આવે છે. કાવ્યજ્ઞ કવિની સભાનતા ઓછી હશે એમ તો કેમ મનાય ? કાં તો કવિની ઘણા વાક્પ્રયોગોને કવિતામાં નાણી જોવાની કૌતુકવૃત્તિ હોય અથવા બોલચાલની ભાષા માટેનો અપ્રસંગે પ્રવર્તતો પક્ષપાત હોય અથવા તો કવિનો શબ્દસંસ્કાર જ એવો હોય કે કેટલાંક સાહચર્યો એમને બાધક ન બને.

તો પણ, મૃત્યુનિમિત્તક છતાં મંગલ જીવનરસથી છલકતું 'છેલ્લું દર્શન' રામનારાયણના જ નહિ, ગુજરાતી સાહિત્યના એક અનન્યસાધારણ કાવ્ય તરીકે હૃદયને પ્રભાવિત કરે છે.

('ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, જાન્યુઆરી-માર્ચ 1987')

## શબ્દ-સમજૂતી

**નૈન** નયન, આંખ; **કુંકુમ** કંકુ; **અણમૂલ** અમૂલ્ય; **સમીપ** નજીક, પાસે; **માંગલ્ય** શુભ, કલ્યાણ; **સુહાગી** સુભાગી, સુખી.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કવિ કોને સંબોધીને આ કાવ્ય રચે છે ?

(2) કવિ શા કારણે અસ્વસ્થ થયેલા છે ?

(3) મિલન અને વિયોગનું સાક્ષી કોણ બન્યું છે ?

(4) કાવ્યમાં શો ભાવ સમાયેલ છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) કવિ શેના વડે પૂજન-અર્ચન કરવા કહે છે ? શા માટે ?

(2) છેલ્લું દર્શન એવું કવિ શા માટે કહે છે ?

(3) 'ધમાલ' શબ્દ દ્વારા કઈ મનોદશા પ્રગટે છે ? શા માટે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**3. વિસ્તૃત ઉત્તર લખો :**

(1) ‘છેલ્લું દર્શન’ કાવ્યમાં કવિની મનઃસ્થિતિનું આલેખન કરો.

(2) કવિએ મૃત્યુની ઘટનાને મંગલમય શી રીતે ગણાવી છે - સમજાવો.

(3) સમજાવો :

“મળ્યાં તુજ સમીપ, અગ્નિ ! તુજ પાસ જુદાં થિયેં;
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ, સુંદરી ?”

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ સૉનેટનું પઠન પ્રાર્થનાસભામાં કરો.
- સૉનેટના ત્રણ પ્રકાર વિશે તમારા શિક્ષક પાસેથી જાણો.
- બાલમુકુંદ દવે કૃત સૉનેટ ‘જૂનું ઘર ખાલી કરતાં’ મેળવીને વાંચો.

### શિક્ષક-પ્રવૃત્તિ

- રાવજી પટેલ કૃત ગીત ‘મારી આંખે કંકુના સૂરજ આથમ્યા’ વિદ્યાર્થીને સંભળાવો.
- લગ્નમંડપમાં અગ્નિના મહત્ત્વ વિશે વિદ્યાર્થીને કહો.
- સૉનેટ લેખન સ્પર્ધાનું આયોજન કરો.

**સાચી વિદ્યા**

શીલ વિનાની વિદ્યા એ વાંઝણી વિદ્યા છે. વિદ્યા બે જાતની છે – વાંઝણી અને દૂઝણી. જે દૂધ ન આપે, જે વિયાય નહિ તે વાંઝણી ગાય શા કામની ? વિદ્યાનું પણ એવું જ છે. ખરી વિદ્યા પરમતત્ત્વ અને ત્રિવિધ મુક્તિનું દૂધ આપે છે. ‘સા વિદ્યા યા વિમુક્તયે’ થાય છે અને રોમ-રોમમાંથી પ્રગટે છે તે સાચી વિદ્યા. વિદ્યા ને શીલને સંબંધ ન હોય તો વિદ્યા વાંઝણી રહે. શીલ વિના વિદ્યા લેનાર માણસ બ્રહ્મરાક્ષસ બને છે.

**– નાનાભાઈ ભટ્ટ**


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 15 જુઓ



શ્યામ સાધુ

(જન્મ : 15-06-1941; અવસાન : 12-2001)

શ્યામ સાધુનું મૂળ નામ શામળદાસ મૂળદાસ સોલંકી. વતન જૂનાગઢ. તેઓએ મૅટ્રિક સુધી અભ્યાસ કરેલો. સાવ અલગારી જેવું જીવન જીવનારા શ્યામ સાધુએ પોતાનું આખું જીવન કાવ્ય-પદાર્થની ખેવના કરવામાં જ વિતાવી દીધું. તેમણે મુખ્યત્વે ગઝલ સર્જન કર્યું. 'યાયાવરી' તેમનો પ્રથમ ગઝલસંગ્રહ છે, જે છેક ઓગણીસમો બોત્તેરમાં બહાર પડેલો ત્યારે આ યુવાકવિ પ્રત્યે સાહિત્યકારોનું ધ્યાન ખેંચાયેલું. આ ઉપરાંત 'થોડાં બીજાં ઈન્દ્રધનુષ્ય' અને 'આત્મકથાનાં પાનાં'માં કવિ-સર્જક તરીકેની તેમની મુદ્રાઓ ઊપસી આવેલી. ગઝલસર્જક તરીકે તેઓ સદાય યાદ રહેશે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા સંજુ વાળા સંપાદિત તેમનું સમગ્ર કાવ્યસર્જન 'ઘર સામે સરોવર' નામે પ્રકાશિત થયું છે.

'પથ્થરો બોલે તો' નવ્ય રીતિની એક સરસ ગઝલ છે. જેના પ્રથમ શેરમાં અશક્યતાની શક્યતા ચકાસી જોવાનું સૂચન છે. જ્યારે બીજા શેરમાં, સહજ રીતે આવી મળવું તો સહેલું છે; પરંતુ ડાળ ફેલાવી કોઈને માટે છાયારૂપ બનવું મુશ્કેલ છે, એ કરી જોવાની હાકલ છે. ત્રીજામાં આ નગર અથવા તો માનવમેળો બાળક સમો અબુધ છે; એને કોઈ પણ લલચાવી શકે એવો મર્મ છે. ચોથામાં સમયની ધીમી પણ એકધારી ગતિને ઉલટાવવાની અસંભવિતતા આલેખવાનો પ્રયાસ છે. જ્યારે છેલ્લા શેરમાં આ સંસારના જડ, યાંત્રિક સંબંધોની આસાની વિરુદ્ધ કોઈ આંખોમાં ચિતરાવી જોવાની આવશ્યક દુષ્કરતા વ્યંજિત થઈ છે.

---

પથ્થરો બોલે તો બોલાવી જુઓ,
શક્યતાનાં દ્વાર ખખડાવી જુઓ.

સહુ પવનની જેમ તો આવી મળે,
વૃક્ષ માફક ડાળ ફેલાવી જુઓ !

સાવ બાળકના સમું છે આ નગર,
કોઈ પણ આવીને લલચાવી જુઓ.

કાચબો કહેતા સમય જો સાંભરે,
રેતની શીશીને ઉલટાવી જુઓ.

આયનામાં સહુ અહીં ઝિલાય છે,
કોઈને આંખોમાં ચિતરાવી જુઓ.

('યાયાવરી' માંથી)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## શબ્દ-સમજૂતી

**રેતની શીશી** ઘડિયાળની શોધ પહેલાં વપરાતું સમય માપવાનું સાધન, રેતઘડિયાળ.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) સહજ રીતે મળવું શા માટે સહેલું છે ?

(2) નગરને અબુધ શા માટે કહ્યું છે ?

(3) રેતશીશીને ઉલટાવવાનું કવિ કેમ કહે છે ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) 'શક્યતાંના દ્વાર ખખડાવવાં' એટલે શું કરવું ?

(2) છેલ્લા શેરમાં સંબંધોની ક્ષણભંગતા શી રીતે આલેખાઈ છે ?

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો :**

(1) ગઝલનું સમગ્રલક્ષી ભાવદર્શન કરાવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- તમારા શિક્ષક પાસેથી ગઝલના સ્વરૂપની જાણકારી મેળવો.
- આ ગઝલનું સમૂહમાં પઠન કરો.
- પ્રાર્થનાસભામાં ગઝલનું ગાન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

કવિએ આ ગઝલમાં સાવ સાદી શબ્દાવલિનો ઉપયોગ કરીને જુદાજુદા શબ્દઝૂમખાને સામસામે મૂકીને શબ્દચમત્કૃતિ સાધી છે તે તમે ધ્યાનથી જુઓ.

પથ્થરો બોલે તો બોલાવી જુઓ,

શક્યતાનાં દ્વાર ખખડાવી જુઓ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અહીં જડ પથ્થરને બોલાવવાની મથામણ કરીને કોઈ પણ સમીકરણનાં મૂળ સૂધી જવાનું સાહસ ભાવકે કરવું જોઈએ એવું ઇંગિત છે.

પાંચે પાંચ શેરમાં કવિએ શબ્દચમત્કૃતિની આ રીતિનો વિનિયોગ કરીને સાદી ભાષામાં બયાન કર્યું છે. બે સ્વતંત્ર બાબતોને એક-બીજાનું પરિપેક્ષ્ય લાધે ત્યારે કાવ્ય સિદ્ધ થતું હોય છે. એમાં કવિની શબ્દપસંદગી મુખ્ય ભૂમિકા ભજવે છે.

ચોથા શેરમાં રેતશીશી અને કાચબાને સામસામે મૂકીને ગતિનો સરસ અહેસાસ કરાવ્યો છે.

**શિક્ષક-પ્રવૃત્તિ**

- વિદ્યાર્થીઓને 'ઘર સામે સરોવર' સંગ્રહ બતાવો.
- શાળામાં મુશાયરાનું આયોજન કરો.
- શાળામાં પાદપૂર્તિ, કાવ્યાલેખનનો વર્કશૉપ રાખી પછી સ્પર્ધાનું આયોજન કરો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 16 સેલ્વી પંકજમ્

ઈવા ડેવ

(જન્મ : 5-3-1931; અવસાન : 27-9-2009)

'ઈવા ડેવ' ઉપનામ ધરાવતા લેખક પ્રફુલ્લ નંદશંકર દવેનો જન્મ વડોદરામાં થયો હતો. તેઓ વાર્તાકાર તેમજ નવલકથાકાર તરીકે જાણીતા છે. 'આગંતુક', 'તરંગિણીનું સ્વપ્ન', 'તહોમતદાર' તેમના ટૂંકીવાર્તાના સંગ્રહો છે. તેમણે 'ઈસુના ચરણે' નામની લઘુનવલ પણ આપી છે. પરંપરા કે પ્રયોગ એવું કશું નામ પાડ્યા વિના એમણે પોતાની સર્જકતાને વિકસાવેલી. આકર્ષક ચરિત્ર-ચિત્રણ, સુરેખ વર્ણનકળા, સંવેદનને સહજ રીતે ભાષારૂપ આપવાની અનેરી રીત તેમના સાહિત્યના વિશેષો ગણાવી શકાય.

માણસનો જન્મ અને ઉછેર તો કુદરતને આધીન છે પણ સંસ્કાર અને શાલીનતા વ્યક્તિ પોતે પોતાની રીતે ઘડી શકતી હોય છે. આ વાર્તામાં લેખકે આ જીવન રહસ્યને સ્ફૂરાવી રહે એવાં વિષયવસ્તુ અને ચરિત્રોનું પ્રભાવક નિરૂપણ કર્યું છે. જન્મ, પ્રદેશ, કુળ કે નાતજાતનાં બંધનોથી પર એવું ગુણસંપન્ન અને આકર્ષક વ્યક્તિત્વ કેવી રીતે ખીલવી શકાય તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આ વાર્તા છે. કૃતિનાં કેન્દ્રવર્તી ચરિત્રોનાં મિલન, મુલાકાત, વાર્તાલાપ અને રહસ્યસ્ફોટ પર્યંત જળવાતી જિજ્ઞાસાને પોષવામાં, ચરિત્રચિત્તના વ્યાપારોના સૂક્ષ્મ આલેખનમાં, સ્થળવિશેષના વાતાવરણનાં ઝીણવટભર્યાં નિરીક્ષણચિત્રોમાં તેમજ લેખકની ચિત્રાત્મક લેખનશૈલીમાં આપણને એમની કળાસૂઝનો સહજ રીતે પરિચય થાય છે.

---

ગાંધીગ્રામના દરવાજે મને છોડી મોટર ધસમસતી ત્યાંથી ચાલી ગઈ. દરવાજામાં પ્રવેશ કરતાં મારું મન ધડકી ઊઠ્યું. પ્રશ્ન થયો : મેં એક મોટી મૂર્ખાઈ તો નથી કરી ને ? માત્ર એક જાહેરખબર વાંચીને, પત્રવ્યવહાર કરીને, પત્નીની પસંદગી કરવા હું છેક દક્ષિણમાં દોડી આવ્યો છું ! થોડા વેરાન, થોડા શહેરિયા, પણ વધારે પડતા ગામઠી દેખાતા આ સ્થાનમાં વસતી યુવતી કેવી હશે ? આદર્શની ઘેલછામાં, લાગણીઓના ઊભરામાં કંઈ ઉતાવળિયું પગલું તો નથી ભરાઈ ગયું ને મારાથી ?

મેં ચોમેર નજર દોડાવી. મજૂરો જેવા દેખાતા માણસો સિવાય બીજું કોઈ દેખાયું નહિ. ત્યાં મારી નજર નારિયેળનાં પાંદડાંથી છાયેલા છાપરાવાળી નજીકની કુટિર પર પડી. મેં તે તરફ ચાલવા માંડ્યું.

એ ગાંધીગ્રામના ડિરેક્ટરની ઑફિસ હતી. મારી પૃચ્છાના જવાબમાં એક તદ્દન સાદા ખાદીના લેબાસવાળા ભાઈ બહાર આવ્યા. મિસ પંકજમ્‌નો હું મહેમાન છું એ જાણતાં પોતે જ એમનું ક્વાર્ટર બતાવવા મારી સાથે ચાલ્યા. ચાલતાં ચાલતાં રહી રહીને, આસપાસ શાંત, ગરમ વાતાવરણમાં ચૂપકીથી ઊભેલાં અત્યંત સાદાં મકાનોને અવલોકતાં મારા મનમાં પ્રશ્ન સળવળવા માંડ્યો : ક્યાં હું મુંબઈનો રહેવાસી, ને ક્યાં આ સાદગીભર્યા જીવનમાં ઉછરેલી યુવતી ! કેમ કરીને મેળ ખાશે ? હું અસ્વસ્થ થવા માંડ્યો. ગાંધીગ્રામના ઝાંપે ઊતર્યો ત્યાં સુધી મુસાફરી દરમિયાન જે મધુર સ્વપ્નમાં રાચ્યો હતો તે એક ચિંતામાં પરિવર્તન થવા માંડ્યું.

અમે એક લાંબા બરાક જેવા ઓરડીઓના બ્લૉકને અંતે એકાએક અટક્યા. ત્યાં એક નાનું ઘર હતું. આંગણામાં સુંદર સફેદ સુશોભન આળેખેલું હતું. 'આ સેલ્વી (કુમારી) પંકજમ્‌નું ગૃહ', કહી એણે ઘેરા રાખોડી રંગથી રંગેલા સાદા પણ મજબૂત કમાડ પર ધીમેથી ટકોરા માર્યા. થોડી એ ક્ષણો મારે મારું હૈયું કૈં વિચિત્ર ઊર્મિઓથી ધક્‌ધક્ થઈ ઊઠ્યું : કેવી હશે એ ?

ને કમાડ ધીરેથી ખૂલ્યાં. એ ત્યાં ઊભી હતી.

''આ તમારા મહેમાન લાવ્યો છું, બહેન.''

''આવો, આવો. તમારો આભાર. ક્યારની તમારી રાહ જોઈને બેઠી હતી. ચોક્કસ કયા સમયે આવવાના છો એ તમે પત્રમાં જણાવેલું નહિ, એટલે હું ડિંડિગલ લેવા આવી શકી નહિ. માફ કરશો. તમને કાંઈ તકલીફ તો નથી પડી ને ? અંદર આવો. નારાયણજી, આભાર ફરીથી.''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

''નમસ્તેજી'' કહેતાં પેલા ભાઈએ વિદાય લીધી. મેં પણ તેમને 'આભાર' કહી શિષ્ટાચાર બતાવ્યો.

મારા પ્રસન્ન ચિત્તમાં કમાડ વચ્ચે ઊભેલી, એ નાજુક યુવતીની મૂર્તિ કંડારાઈ ગઈ હતી. મારી કલ્પનામાં વસેલી નારીને એ બહુધા મળતી આવતી હતી. અમુક રીતે એ વધુ આકર્ષક હતી એમ મને લાગ્યું. એ કોઈ સુંદર યુવતી નહોતી. એમ તો એ પણ મારી જેમ યુવાન વય વીતાવી ગઈ હતી. છતાં એ કોમલાંગ સ્ત્રીની નમણાઈ મોહક હતી. સહજ શ્યામ કહેવાય એવી એ યુવતીના મોં પર સદાય વિહરતું સ્મિત સામાને આત્મીય બનાવી દેતું હતું.

મીઠા, જરા ઘેરા અવાજે, દક્ષિણી ઍક્સેન્ટ સાથે એ ગુજરાતીમાં બોલી : ''અહીં ખૂબ તાપ છે. હું તમને ઠંડું પાણી આપું. આવો, બેસો.'' એ રસોડામાં ચાલી ગઈ. હું આશ્ચર્યથી છળી મર્યો. એક મધુર સંતોષથી હું ગદ્ગદ બની ગયો.

ઓરડો નાનો હતો, સાદો હતો; પરંતુ ખૂબ ચીવટથી સજાવેલો હતો. ખાદીની ચાદરથી આચ્છાદિત ગાદીવાળી પાટ પર નાના-નાના જુદાજુદા આકારના તકિયા ખૂબ વ્યવસ્થિત ને કલાત્મક રીતે ગોઠવેલા હતા. ભીંતો પર ગાંધીજી, વિનોબાજી, સંસ્થાના ડિરેક્ટર વગેરેની છબિઓ હતી. એક નાની ચારપાઈ પાસે રેંટિયો ને પૂણીઓ પડ્યાં હતાં. મારા મન પર એક ઊંડી ઘેરી અસર પ્રસરિત બની. અચેતનમાં અત્યાર સુધી ભંડારાયેલી 'સુખી ઘર' વસાવવાની એષણા ધીમેધીમે સળવળવા માંડી. મીઠોમીઠો ક્ષોભ મેં પોતે જ અનુભવવા માંડ્યો.

પાણીનો પ્યાલો લઈને એ પાછી આવી ત્યારે મારી આંખો ને નાક બેઉએ એક તૃપ્તિ અનુભવી. કેશમાં ગૂંથેલી મોગરાની વેણીએ વાતાવરણને મીઠી સુગંધથી મહેકતું કરી મૂક્યું હતું. એણે પરિધાન કરેલી સાડી ખાદીની હતી એ માનવા મારું મન તૈયાર નહોતું. મૉડર્ન પ્રિન્ટ્સને પણ લજાવે એવી, સુંદર આછા રંગોના મિશ્રણને અસ્તવ્યસ્ત વેરીને એ બનાવેલી હતી. ક્ષણેક્ષણે એ વ્યક્તિ મારા સમગ્ર વ્યક્તિત્વને કો અદૃશ્ય મજબૂત તાંતણાથી બાંધી રહી હતી. હું અસહાય બની એમાં બંધાતો જતો હતો; બલકે એ અસહાયતા ને બંધન મને ગમતાં હતાં.

એણે જ મૌન તોડ્યું : ''મને ગુજરાતીમાં બોલતાં સાંભળીને તમને નવાઈ ઊપજી હશે ! તમારા મોંના ભાવ જોઈ હું સમજી ગઈ હતી. હું ત્રણચાર વર્ષ વડોદરામાં રહી હતી. મારું M.Sc. Home Science મેં ત્યાં કર્યું હતું. ડિગ્રી લીધા બાદ મેં દોઢ-બે વર્ષ નર્સરીમાં નોકરી કરી હતી. બાળકોના સંપર્કમાં ભાષા શીખવાનું વધુ સહેલું બની ગયું હતું. મને ગુજરાત ગમી ગયું હતું – ને ગુજરાતીઓ પણ.'' કહી એ મીઠું મીઠું હસી. એને લગારે ક્ષોભ થતો હોય એવું એના વર્તન પરથી મને લાગ્યું નહિ. એની બોલવાચાલવાની ને વાતચીત કરવાની રીત એટલી સરળ, એટલી સ્વચ્છ ને એટલી મુક્ત હતી કે મારી વ્યગ્રતા થોડીથોડી ઓછી થવા માંડી હતી. 'ગુજરાતીઓ પણ' એ શબ્દો પાછળનો ભાવ ને સૂચન બેઉ હું સમજી ગયો હતો. મને એ ગમ્યાં હતાં.

મેં સ્વસ્થ બની બોલવા માંડ્યું : ''મારી મુક્તમાં મુક્ત કલ્પનામાં પણ મને એ વિચાર નહોતો આવ્યો કે દક્ષિણમાં મને ગુજરાતી ભાષા સમજે એવી કોઈ વ્યક્તિની મુલાકાત થશે. સાચું કહું છું તમને : મારા આનંદનો પાર નથી. તમારી બોલીમાં જે મીઠાશ છે તે મેં કોઈ ગુજરાતણમાં સાંભળી નથી.''

''તમારી વાત સાચી છે. પારકાને મોઢે બોલાતી આપણી ભાષા કાનને વધુ મીઠી લાગે છે.હં; હવે જુઓ. તમે થાકી ગયેલા લાગો છો. તાપ પણ ઘણો છે. લાંબી મુસાફરીમાં તમારી સગવડ પણ નહિ સચવાઈ હોય. હું તમને મહેમાનગૃહે લઈ જાઉં. ત્યાં તમે નાહીધોઈને તૈયાર થાઓ. હું ભોજનનો પ્રબંધ કરું છું. પછી તમે બેચાર કલાક આરામ કરો. નમતી સાંજે હું તમને ગાંધીગ્રામની સંસ્થાઓનો અને ત્યાંની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય કરાવીશ.''

હું મનોમન બોલ્યો : કેવી સરસ ચતુરાઈ ! એકમેકનો પરિચય મેળવવાનો કેવો સરસ રસ્તો !

એક પછી એક ક્રિયાઓ પતાવતાં હું પંકજમ્‌ની સ્મૃતિમાં ગાયબ થઈ ગયો. મને લાગ્યું કે મારી હસ્તી ખોવાઈ ગઈ છે. એનું મોં, એનું રૂપ, એના હાવભાવ, એના બોલ, એની ચાલ, એની આગવી રીતો...એ...માત્ર...એ...કેવી મુક્ત ! કેવી સાદી ! કેવી સીધી ! કેવી નિખાલસ ! ક્યાંય ખોટી શરમ નહિ, કોઈ ખોટો દંભ નહિ, કશી છેતરામણી ચાલાકી નહિ. ઉઘાડી ચોપડી જોઈ લો; વાંચી લો, સમજી લો.

ત્યાં એક શંકા ઊઠી : રે ભાઈ, તું તો પ્રેમમાં પડી ગયો ! પણ... પણ...એનું શું ? તું એને સ્વીકાર્ય બનશે ? થોડી બેચેની થઈ. વિચારોમાં અટવાતાં મને ગાઢ ઊંઘ આવી ગઈ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સાંજ મઝાની હતી. હું એની રાહ જોતો, ફરી ઉત્કંઠ બનતો લૉબીમાં આંટા મારતો હતો. ને એ આવી. નમસ્કાર કરી એ પગથિયા પર ઊભી થઈ રહી. હું એના આકર્ષક સ્વરૂપને જોઈ ખરેખર આભો બની ગયો. મને અનુભવ થયો કે હું કોઈ નવી જ વ્યક્તિને મળી રહ્યો છું.

સાદગીમાં પણ આટલી મોહક સુંદરતા ને કમનીયતા હોઈ શકે એનો ખ્યાલ મને જીવનમાં પહેલી વાર આવ્યો. મારું મન હર્ષવિભોર બની ઊઠ્યું; કારણ આ દેખાતું ખરબચડું જીવન, શહેરાના ઉપલકિયા ભપકાને ક્યાંય લજવે એવું ચીવટવાળું શોભનલબ્ધ હતું. ચોરસ ડિઝાઈનના તકતામાં ગ્રામપ્રતીકોની તપખીરિયા ને પોપટી રંગની ભાતથી શણગારેલી ખાદીની ઝીણી સાડીમાં એ સજ્જ હતી. કપાળમાં ગુલાબી રંગનો કંકુનો મોટો ચાંદલો હતો. લુખ્ખા ઢીલા વાળના આધુનિક સ્ટાઇલના અંબોડામાં ફૂલોની ગૂંથણી હતી. આછા બદામી રંગની પટ્ટીમાં લાલ મહોરાવાળી હાથે બનાવેલી ચંપલો હતી. ભભક ને મહકથી વાતાવરણ સચેતન બની ગયું હતું.

કૈંક બોલવાનું, એની પ્રશંસા કરવાનું, એને આનંદિત બનાવવાનું મન થઈ ઊઠ્યું : ''ખાદીની સાડી, ગ્રામવિસ્તાર, સાદાં માણસો – આ બધું આટલું સુંદર હોઈ શકે, એમાં આટલી શોભા હોઈ શકે, એનો ખ્યાલ જો હું ગાંધીગ્રામ ન આવ્યો હોત તો મને જીવનમાં કદીય ન આવત – ખરેખર, આ સાડી તમને સરસ દીપે છે.'' એ જરા શરમાઈ. એ લજ્જાને હું જોઈ રહ્યો.

પોતાને સંભાળી લઈ એ બોલી : ''હજુ તમે બધી નાનીમોટી સંસ્થાઓની મુલાકાત લેશો અને એમની વિભિન્ન પ્રવૃત્તિઓથી પરિચિત થાશો ત્યારે તમને એની મહાનતા સમજાશે. ચાલો, તમને આ સંસ્થાનો પરિચય કરાવી દઉં.''

અમે સાથોસાથ ચાલવા માંડ્યાં. મારું મન આનંદના આવેગોથી ભરાવા માંડ્યું. એણે બોલવાનું ચાલુ રાખ્યું : ''અહીંની ચાર મુખ્ય સંસ્થાઓ જોવા જેવી છે : Family Planning Institute, Rural Agricultural Institute, Music and Dance College અને છેલ્લે Home for Destitute Children. બીજા અનાથાશ્રમ જેવું નહિ, હોં ! ખૂબ સાઈન્ટિફિક ને સાઇકોલૉજિકલ રાહ પર ઊભું કરેલું.''

''અત્યંત સુંદર જગ્યા છે આ. નાની ટેકરીઓની ગોદમાં સંતાયેલું આ ગામ કમનીય છે.''

''બધાંને આ ગામ ગમી જાય છે.''

''એની અંદર રહેતાં માણસો પણ !''

એનું મોં લાલચોળ બની ગયું. એણે હાથરૂમાલ મોં પર દબાવ્યો : ''હું તો બચપણથી આની પ્રીતમાં છું બીજા કેટલાયે વિદેશીઓ અહીં સ્થિર થયા છે, બેચાર એકએક Instituteમાં છે. મૉન્ટેસોરી સાથે કામ કરી ચૂકેલા એક અંતેવાસી Destitute Homeમાં છે.

ચાલતાંચાલતાં એણે મને સંસ્થાના પાયાથી માંડીને અત્યાર સુધીના વિકાસની વાત કરી. આ સંસ્થા એટલે અમ્મા ને અપ્પાની જીવનકથની. ગાંધીના ચુસ્ત અનુયાયી ને અંતેવાસી અમ્મા ને અપ્પાએ આ જંગલમાં કેવું મંગલ કર્યું તેની રસપ્રદ કથા મેં સાંભળી. ગાંધીજીના આદર્શોની કેટલી નજીક રહી ડૉક્ટર અમ્મા ને પૈસાપાત્ર અપ્પાએ આ સંસ્થાને ઊભી કરી તેનું તેણે ભાવપૂર્વક બયાન કર્યું. ગામડાના ઉદ્ધારમાં એનો ફાળો કેવો ને કેટલો છે તેનો અદ્ભુત ચિતાર આપ્યો. Family Planning ને Agricultural Instituteની પ્રવૃત્તિઓ ગામડાંનાં અભણ અને અબુધ માણસોને અવશ્ય આશીર્વાદ સમી લાગતી હશે એનો ખ્યાલ સહેજે મને આવી ગયો. છેલ્લામાં છેલ્લી ઢબનાં સાધનોથી સજ્જ સંસ્થાઓ આ ગાંધીગ્રામમાં જોતાં મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. આવી અપૂર્વ સંસ્થાનાં રચયિતા પતિ-પત્નીને જોવા મન ઉત્કંઠ બની ગયું.

સંગીત અને નૃત્યના હૉલમાં પ્રવેશતાં જ હું અચકાઈને ઊભો રહી ગયો. દ્વાર આગળ જ પૂરા માનવ કદની રંગીન તસવીર દીવાલ પર લટકતી હતી. એ કિશોરી પંકજમ્ હતી. મેં સપ્રશ્ન એની સામે જોયું.

''હા; એક ભાઈએ વર્ષો પહેલાં બનાવી હતી. મેં ભરતનાટ્યમ્‌નો અભ્યાસ કર્યો છે. આ સંસ્થા માટે પૈસા ભેગા કરવા અમે નાટ્યનર્તનનો કાર્યક્રમ લઈ આખા હિંદમાં રખડતાં. અમ્મા ને અપ્પાને મારા પર અત્યંત સ્નેહ છે. એક ચિત્રકાર ભાઈએ સહજ જ ચીતરેલું.''

અમે એક મોટા હૉલમાં પ્રવેશ્યાં. એક હૃદયંગમ દૃશ્ય જોવા મળ્યું. નાનાંનાનાં ભૂલકાંઓ નૃત્યના જુદાજુદા પોઝમાં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પોતપોતાની પ્રૅક્ટિસ કરી રહ્યાં હતાં. અમને જોઈને ત્યાંની આધેડ બાઈએ તબલચી પાસે થાપ મરાવી ને બધાં બાળકો શિસ્તબદ્ધ પોતપોતાની મુકરર જગ્યાએ જઈ અમુક પોઝમાં સ્થિર થઈ ગયાં. બાઈ તોડા બોલવા માંડી ને એક મનોહર હલનચલનની ભાત બંધાવા માંડી.

મારા માનમાં એ ઘરની કલ્પના ઊઠવા લાગી : સ્વચ્છ, સુંદર જ નહિ, પણ સંસ્કારી ને કલાત્મક ગૃહની. પંકજમ્‌નું વર્તન એટલું સુશીલ હતું કે મારી બધી શંકાઓ એણે દૂર કરી નાખી.

ત્યાંથી નીકળી અમે સીધાં Destitute Homeમાં આવ્યાં. દરવાજામાં પ્રવેશ કરતાં એ બોલી : ''અમને સહુને આ સંસ્થાનું બહુ જ ગૌરવ છે. અમે એને કલગીરૂપ સંસ્થા માનીએ છીએ. આ બાળકોમાંથી એક જૂથ પંકજમ્ બાજુ ધસી આવ્યું અને એને લગભગ મારાથી દૂર ઘસડી ગયું. પેલાં બાઈ મારી પાસે આવ્યાં. નમસ્કાર કરી બોલ્યાં : ''તમને હવે પંકજમ્ થોડો વખત નહિ મળે. આજે બાળકો એને મળ્યાં નથી એટલે આ તક મળતાં એની સાથે થોડું ખેલી લેશે, મળી લેશે. ચાલો, હું તમને આ સંસ્થાનો પરિચય કરાવી દઈશ.''

એ એક અત્યંત મઝાનું સ્થળ હતું. અનાથ બાળકો માટેનું તો સ્વર્ગ જ ગણાય. તદ્દન નાનાં બાળકોના રૂમમાં અમે પહેલાં ગયાં. ત્રણચાર શિક્ષિકાઓ અને આયાઓ બચ્ચાંઓની દેખભાળ રાખતાં હતાં. બધાંને નર્સિંગ ને મૉન્ટેસોરી શિક્ષણની તાલીમ ત્યાં જ આપવામાં આવી હતી. પાંચદસ મિનિટ હું ત્યાં થોભ્યો. બે પરસ્પર વિરોધી લાગણીઓનું ઘર્ષણ મારા મનમાં ચાલી રહ્યું હતું. સ્વચ્છ ને પ્રેમાળ વાતાવરણમાં ઊગી રહેલાં ફૂલો મને ખુશ કરી રહ્યાં હતાં; બીજી બાજુ એ એમનાં નિકટમાં નિકટનાં સંબંધીઓથી ત્યજાયેલાં હતાં એ જાણી હું અત્યંત વેદના ને દુઃખ અનુભવી રહ્યો હતો. એક જાડો, આનંદી બાળક ઘૂંટણિયાં ભરતો મારી પાસે આવ્યો. મેં એને ઊંચકી લીધો. એ ખિલખિલાટ હસી પડ્યો. એને નીચે મૂકીને અમે જવા માંડ્યું ત્યારે એ ઊંચે સાદે રડવા માંડ્યો. મારું અંતર દ્રવી ઊઠ્યું. અત્યંત ચોખ્ખી, વ્યવસ્થિત, બાળકોની શારીરિક ને માનસિક પ્રગતિ માટે બધી જ સામગ્રીથી સજ્જ એ રૂમો મારા ચિત્તમાં સદાયને માટે મઢાઈ ગઈ.

બહાર મેદાનમાં આવ્યાં અમે. નાનાં બાળકો કિલ્લોલ કરી રહ્યાં હતાં. એકાએક પ્રશ્ન ઊઠ્યો ને મેં પૂછી નાખ્યો : ''માફ કરજો આ પ્રશ્ન પૂછવા માટે. ઉત્સુકતા નથી રોકી શકતો. આ બધાંનાં મા-બાપોથી તમે જ્ઞાત હો છો ? આ બાળકોને અહીં કોણ લાવે છે ?

''બધાં જ; ગરીબ-તવંગર, પુનિત-પાપી, દુર્જન-સજ્જન, જેનાય દિલમાં રામ વસ્યો હોય છે તે બાળકનું ગળું ટૂંપવાને બદલે કે રઝળતું છોડી દેવાને બદલે એને અહીં લઈ આવે છે. ગટરમાંથી, કૂવામાંથી, ઉકરડેથી, જંગલમાંથી – કૈં કલ્પનામાં ન આવે એવી ગંદી જગ્યાઓમાંથી માણસો એમને બહાર કાઢી આપી જાય છે. કોઈક જ વખત અમને એમનાં માબાપોની જાણ થાય છે; મોટા ભાગનાંની નથી થતી.''

અમે કિશોર-બ્લૉક બાજુ આગળ વધતાં હતાં.

''તમે આ બાળકોને કેવી રીતે તૈયાર કરો છો ? તેઓ એમની કમનસીબ દશાથી માહિતગાર હોય છે ? એ ઉંમરલાયક થાય ત્યારે નૉર્મલ માણસની માફક આ દુનિયામાં જોડાઈ શકે છે ? સમાજ એમને કઈ રીતે સ્વીકારે છે ? તમારો અનુભવ શું કહે છે ?''

''આ બાળકોને સર્વ રીતે તૈયાર કરવામાં અમે અમારાથી બને એટલું બધું કરીએ છીએ. એમની બુદ્ધિ ને બીજી શક્તિઓને લક્ષમાં લઈ એને લાયક તાલીમ આપવા અમે પૂરો પ્રયત્ન કરીએ છીએ. મોટા ભાગે સફળતા મળી છે અમને; પરંતુ કેટલાંક બાળકોની બાબતમાં અમે નિષ્ફળ પણ ગયાં છીએ. તમને એક નક્કર જ દાખલો આપું. તમે પંકજમ્‌ના મિત્ર છો. પંકજમ્ એ આ સંસ્થાની આગવી સિદ્ધિ છે. તમે જાણો છો, એનું નામ અમ્માએ જાણીબૂઝીને આ રાખ્યું છે ? એ કાદવનું કમળ છે. એ આ સંસ્થાનું ફરજંદ છે. અમને એનું મોટું ગૌરવ છે.''

મારી છાતીમાં ભયંકર કડાકો થયો !

''આ સૌમ્ય ને શાંત છોકરીની જોડ શોધવી મુશ્કેલ છે. ભણવામાં એ ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ રહી છે એટલું જ નહિ, બીજાં ક્ષેત્રોમાં પણ એ મોખરે રહી છે. શું લેખન, શું નર્તન કે શું વક્તૃત્વ !''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'એ આ સંસ્થાનું ફરજંદ છે... એ કાદવનું કમળ છે... માટે એનું નામ પંકજમ્ છે...' મારા મનમાં એ શબ્દો ઘોળાવા માંડ્યા.

''એનાં માબાપની તમને જાણ છે ખરી ?'' સહજ જ પ્રશ્ન થઈ ગયો મારાથી.

''ના, એનાં માબાપ, સ્નેહીજનો, જે કંઈ ગણો તે આ સંસ્થા, ને એનાથી પણ અધિકતર એવાં અમ્મા ને અપ્પા.''

મારા હૃદયતલમાં સુપ્ત પૂર્વગ્રહો સળવળવા માંડ્યા : આને કેમ પરણાય ? એ કોણ હશે ? એની મા... જરૂર, પતિતા જ હશે. કેવોય વંશવેલો હશે ! ઓહ ! મારું મન કેવું વિરક્ત બની ગયું છે !

અમે કિશોર-બ્લૉક આગળ આવી પહોંચ્યાં. નાના વાડામાં પંકજમ્ કિશોર-કિશોરીઓને સસલાંની સંભાળ કેમ લેવી એના પર સમજૂતી આપી રહી હતી. મારી સામે જોઈ એણે એક મોહક સ્મિત વેર્યું; પરંતુ શીત બની ગયેલા મારાથી સામું ન હસાયું.

તને એના પૂર્વજીવન સાથે શી નિસ્બત ? એને જો. કેવી નિર્મલ, નિર્દોષ ને નિખાલસ ! શું તું તારા પૂર્વગ્રહમાંથી મુક્ત નહિ બની શકે ?

પણ એની મા...મા...કોની સાથે ? કેવોય સંબંધ !

ભયંકર ગજગ્રાહ ચાલવા માંડ્યો મારા મનમાં. લાખ પ્રયત્ન કરવા છતાંય મનમાં ઊઠતી એક પ્રકારની ઘૃણા હું કેમેય રોકી શકતો ન હતો; હૃદયને આળું બનતું અટકાવી શકતો નહોતો. ત્યાંથી ભાગી નીકળવાની વૃત્તિઓ જોર કરીકરીને ઊછળી રહી. હું મૂંગો બની ગયો.

અમે બેઉ ગેસ્ટ હાઉસ તરફ જઈ રહ્યાં હતાં. શાંત સંધ્યા રાત્રિ બની રહી હતી. ''એકદમ શાંત બની ગયા તમે ?''

''અમસ્થો જ.''

''ડેસ્ટિટ્યૂટ હોમ જોયા પછી ઘણાંની આવી સ્થિતિ થઈ જાય છે.''

મારા મને એનામાં દોષ શોધવાની પેરવી કરવા માંડી;. પરંતુ આછા અંધકારમાં એનો આકાર માત્ર આકર્ષક લાગ્યો. એના બોલમાં નરી સાલસતા અને પ્રેમાળપણું સંભળાયું. કંઈક ડાઘા શોધવાના મારા પ્રયત્નો નાકામયાબ બન્યા. સવારે જોઈ હતી જાણી હતી એથીય વધુ સારી આકર્ષક જણાતી હતી એ.

એ પણ ચૂપચાપ ચાલી રહી હતી. મને એવો સંદેહ થયો કે એના મનમાં પણ કોઈ જબરી ભાંજગડ ચાલી રહી છે. એકાએક એનો મધુર અવાજ રણકી રહ્યો : ''જુઓ, મારે તમને એક અગત્યની વાત કહેવાની છે. તમે કોઈ પણ નિર્ણય લો એ પહેલાં એ વાત તમને કહેવાની હું મારી ફરજ સમજું છું.'' હું સમજી ગયો કે એ કઈ વાત મને કહેવાની હતી. જીવનમાં કદીય નહોતું ધડક્યું એમ હૃદય ધક્ધક્ થઈ રહ્યું. મારાં રોંગટાં રોમાંચ અનુભવી રહ્યાં.

''મારું જીવન એક અનોખી કહાણી છે. મારું નામ મારી કથા કહી દે છે. મારે ઘર નથી, માબાપ નથી, સ્વજન નથી. દુનિયાના વહેવારની દૃષ્ટિએ જે 'ગૃહ' તમે હમણાં જોયું તે મારું સાચું ઘર છે. ત્યાંનાં સંચાલકો અને ભૂલકાંઓ મારાં સ્વજન છે, અમ્મા ને અપ્પા મારાં માબાપ છે. મારી નાત, મારું ગોત્ર, મારી જાતિ– કશાની મને ખબર નથી. હું કાદવનું ફૂલ છું. પણ મને હું રજમાત્ર હીન ગણતી નથી; બલ્કે મને એનું ગૌરવ છે.''મારા પૂર્વગ્રહો ઓગળતા ગયા. રહીરહીને મારા હૃદયમાં પ્રશ્ન ઊઠી રહ્યો. કોઈ પણ સ્ત્રીએ પોતાના જીવનની કલુષિત વાત શું આ રીતે મને કહી હોત ખરી ? આ ઉદાત્ત સંસ્કારની નિશાની નથી શું ? આ ખાનદાની નથી શું ? હું ઊર્મિલ બની ગયો. પંકજમ્‌ની સુંદરતા, એના અવાજની મીઠાશ ને આત્મીયતા, એના દેહની સુગંધ, એના વ્યક્તિત્વની આકર્ષકતા – બધું મારા મનમાં તરી રહ્યું.

''એક વાત પૂછું તમને ?'' હું બોલ્યો; ને એ અટકી ગઈ.

''તમે મને સ્વીકારશો, સેલ્વી પંકજમ્ ?'' મેં કાંપતા સ્વરે પૂછ્યું.

''શું ?...શું ?...સ્વી...? ના, હા'' એ હર્ષના અતિરેકથી થોથવાઈ ગઈ. એ ગળગળી બની ગઈ. એનો અવાજ ગળામાં ઘૂંટાઈ ગયો. એની વાચા મૌન બની ગઈ. એણે નજીક આવી મારા હાથ પકડી લીધા. એની આંખમાંથી આંસુ સરી રહ્યાં હતાં.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મારું હૈયું દ્રવી ઊઠ્યું. એ થોડી સ્વસ્થ બની બોલી : ''સાચે તમે મને સ્વીકારશો ? હું આ ઉત્તર માટે તૈયાર નથી. તમે મને ચૂપચાપ તરછોડી અહીંથી ચાલ્યા ગયા હોત તો તે વધુ સ્વાભાવિક લાગત. એમ ઘણા ચાલ્યા ગયા છે. તો હું પણ ડોક ઉન્નત કરી, ખભા ઉછાળી, અભિમાનથી ચાલી નીકળી હોત. બીજે દિવસે બધું વીસરી પણ ગઈ હોત; પરંતુ આ નથી માની શકતી. આ પળ માટે વર્ષોથી થોભી છું. મેં એની આશા બિલકુલ મૂકી દીધી હતી. ત્યારે...ત્યારે એ સૌભાગ્યની ઘડી આમ અચાનક આવીને ઊભી રહી છે. નથી જીરવાતી એ મારાથી.''

મેં એનાં આંસુ લૂછી નાખ્યાં. એણે મારા હાથ આંખે દાબી દીધા. મને લગભગ ઢસડતી એ બોલી : ''ચાલો, જલદી ચાલો. અમ્મા ને અપ્પાને સમાચાર આપીએ ને એમના આશીર્વાદ લઈએ.''

મોગરાની મીઠી મહેક વાતાવરણમાં પ્રસરતી મેં અનુભવી.

('આગંતુક')

### શબ્દ-સમજૂતી

**કુટિર** ઝૂંપડી; **બરાક** બરૅક, સિપાઈઓને રહેવાની ઓરડીઓની લાંબી હાર; **આલેખેલું** ચીતરેલું **નમણાઈ** લાવણ્ય, રૂપાળાપણું; **એક્સેન્ટ** સ્વરભાર; **નર્સરી** (અહીં) બાલવાડી; **મૉન્ટેસોરી** બાળકેળવણીની નૂતન પદ્ધતિના આદ્યપ્રણેતા માદામ મૉન્ટેસોરી; **ડેસ્ટિટ્યૂટ હોમ** નિરાધાર બાળકો માટેનો આશ્રમ.

### રૂઢિપ્રયોગ

**ભાંજગડ ચાલવી** મનોમંથન અનુભવવું; **થોથવાઈ જવું** ભાવાવેશમાં બોલી ન શકવું; **ગળગળા થઈ જવું** રડમસ થઈ જવું.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ગાંધીગ્રામમાં પ્રવેશતા જ નાયકને શો પ્રશ્ન થયો ?

(2) અનાથ બાળકોની મુલાકાતથી નાયકને નાયિકા વિશે શો વિચાર આવ્યો ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) સેલ્વી પંકજમ્ નાયકનું સ્વાગત કેવી રીતે કર્યું ?

(2) નાયિકાને જોતાં નાયકે શાં-શાં અનુમાનો કર્યાં ?

(3) મોટા હૉલમાં પ્રવેશતા નાયકને કયું દશ્ય જોવા મળ્યું ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'પંકજમ્'ની હકીકત જાણ્યા પછી નાયકે કયું મનોમંથન અનુભવ્યું ?

(2) 'સેલ્વી પંકજમ્'નું ચરિત્ર-ચિત્રણ કરો.

(3) ડેસ્ટિટ્યૂટ હૉમમાં બાળકોની સંભાળ અને તાલીમ વિશે નોંધ તૈયાર કરો

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ઈવા ડેવની 'તમને ગમીને ?' ટૂંકી વાર્તા સાથે આ વાર્તાની તુલના કરો.
- આ એકમનું નાટ્યરૂપાંતર તમારી રીતે કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ભાષા-અભિવ્યક્તિ

'ઓરડો નાનો હતો, સાદો હતો; પરંતુ ખૂબ ચીવટથી સજાવેલો હતો.'

આ વિધાનમાં લેખકે ઓરડાની વિશેષતાઓને લાઘવથી બતાવવા વાક્યસંક્ષેપ કર્યો છે. ખરેખર આખું વિધાન આમ થાય.

'ઓરડો નાનો હતો. ઓરડો સાદો હતો પણ ઓરડો ખૂબ ચીવટથી સજાવેલ હતો.'

આ રીતે આ લેખક ટૂંકીવાર્તામાં બને એટલું લાઘવથી બયાન કરે છે, તેનો ખ્યાલ આ ટૂંકીવાર્તામાં તમને વારંવાર આવશે.

ખરેખર તો 'મીઠાશ' એ ઘ્રાણેન્દ્રિયનો વિષય છે પણ નીચેનું વિધાન વાંચો.

'મારા આનંદનો પાર નથી. તમારી બોલીમાં જે મીઠાશ છે તે મેં કોઈ ગુજરાતણમાં સાંભળી નથી.'

તમે નોંધો કે ગુજરાતી ભાષામાં આવા પ્રકારના ઇન્દ્રિયવ્યત્યય વારંવાર થાય છે. દા.ત., માર ખાધો. મજા ચાખી વગેરે.

તમે જોઈ શકશો કે આ વાર્તા ત્રીજો પુરુષ એકવચન હું થી કહેવાઈ છે. નાયક પોતે કથક છે પણ આ વાર્તામાં ઘણા સંવાદો અવતરણમાં મુકાયા છે તે શા માટે તેનો તમે ખ્યાલ મેળવો. 'એ આ સંસ્થાનું ફરજંદ છે... એ કાદવનું કમળ છે... માટે એનું નામ પંકજમ્ છે...' આ ત્રણ વિધાનો અધૂરાં શા માટે મુકાયાં છે તેનો ખ્યાલ મેળવો.

## શિક્ષક-પ્રવૃત્તિ

- નિઃસ્વાર્થભાવે સેવા કરતી ગ્રામસંસ્થાઓની નોંધ કરાવી, એકાદ સંસ્થાનો એનાં હેતુ-પ્રવૃત્તિનો પરિચય વિદ્યાર્થીઓને કરાવો. શક્ય હોય તો વેબસાઇટનો ઉપયોગ કરો.
- વિદ્યાર્થીઓને પ્રકાશ આમ્ટે લિખિત આત્મકથા 'પ્રકાશની પગદંડી' પુસ્તક વાંચવા આપો.
- જીવનમાં સાદાઈનાં મૂલ્ય વિશે નોંધ તૈયાર કરાવો.

"હે ચક્રવર્તી ! આ જગ્યાએ જ્ઞાનની અધિષ્ઠાત્રી, આજીવન બ્રહ્મચારિણી, સર્વવત્સલા સરસ્વતીનું ઉપાસના-સ્થાન છે, એટલે અહીંની શાંતિને અભંગ રાખવા માટે તારા સપ્તસિંધુઓનું જળ પીધેલા ઘોડાને અહીં બહાર જ વિશ્રામ દેજે. તારા દેદીપ્યમાન અસ્ત્રશસ્ત્રનો ભાર અહીં જ રથમાં ઉતારી નાખજે. તારા રાજવી મદમર્દનનો અહંભાવ અહીં જ મૂકીને... આ અંતર્વેદીમાં પગ મૂકજે."

(દીપનિર્વાણ)

– 'દર્શક'

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# વ્યાકરણ-લેખન : લેખન–રૂઢિવિષયક સજ્જતા

લખાણમાં કઈ કઈ બાબતોની કાળજી રાખવી જોઈએ કે જેથી તે સ્પષ્ટ અર્થ દર્શાવનારું, સંવાદી અને શુદ્ધ બને તે માટેની મહત્ત્વની થોડી બાબતો અહીં જોઈએ :

- **શબ્દઘટકો લખવાની રૂઢિ :**
  - વાક્યમાં આવતો ભારદર્શક શબ્દ 'જ' હંમેશાં છૂટો લખવો.

    **દા.ત. :** રમેશ જ આ કામ કરશે.

    હું સુરત જઈશ જ.

    આજે વરસાદ પડવો જ જોઈએ.

    (તેમજ અને ભાગ્યેજ માં 'જ' ભેગો લખાય છે.)
  - વાક્યમાં આવતો ય-યે જ્યારે 'પણ'ના અર્થમાં વપરાય ત્યારે તેને શબ્દ સાથે જોડીને લખવો.

    **દા.ત. :** કરશનકાકાયે આવે, તમેય આવજો.

    બાળકો તો દફતરેય લાવશે.
  - વિભક્તિના પ્રત્યયો શબ્દની સાથે જોડીને લખવા.

    (હિંદીમાં આવા પ્રત્યયો જુદા લખાય છે.)

    **દા.ત. :** ખેતર**માં** ઢોર બાંધેલાં છે.

    તેણે કૂવા**માંથી** પાણી કાઢી**ને** બધાં**ને** પાયું.

    મોટાંઓ**એ** નાના**ની** વાતો ધ્યાન**થી** સાંભળવી જોઈએ.
  - નામયોગી છૂટાં લખાય છે.

    **દા.ત. :** લીમડા **નીચે** એક ખાટલો પડ્યો છે.

    ઘર **પાસે** એક નાનકડું મંદિર હતું.

    ગામ **નજીક** એક સુંદર ટેકરી હતી.
  - દ્વિરુક્તિવાળા શબ્દો ભેગા લખવા.

    **દા.ત. :** તમતમારે, જુદાજુદા, સાથોસાથ, દૂરદૂરથી, ભાતભાતના, કેટકેટલું, વારંવાર, જેમતેમ
  - સામાસિક પદો ભેગાં લખવાં.

    **દા.ત. :** આજકાલ, નાનાંમોટાં, માબાપ, લાંબુટૂંકું, હારજીત, જીવનયાત્રા, સીતારામ, રામબાણ, મંદસ્વરે, આવજા, ઉપરનીચે

    પણ ક્યાંક શબ્દ લાંબો જણાય ત્યાં વચ્ચે લઘુરેખા મૂકી શકાય.

    **દા.ત. :** વેપાર-વણજ, આસમાની-સુલતાની, ધંધા-રોજગાર વગેરે
  - સંયુક્ત કે સહાયકારક ક્રિયાપદ છૂટાં લખવાં.

    **દા.ત. :** તે વાંચતો હતો

    બળદને રસ્તા પર **બાંધી** દીધો.

    કાલે પરીક્ષા છે એટલે હું **વાંચતો** હોઈશ.

    તેઓ ઘરમાં **બેઠાં** હશે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

– -વશાત્, -પૂર્વક,, -પ્રવત્, -વિષયક વગેરે જે શબ્દની પાછળ આવે તે શબ્દ સાથે જોડીને લખવા.

**દા.ત. :** મેં ભારપૂર્વક સૌને આ વાત કરી.

આજે તેણે વિધિવત્ પૂજન કર્યું.

સંજોગવશાત્ બસ સમયસર આવી ગઈ.

આ મુદ્દો વ્યાકરણવિષયક છે.

– તોપણ અને જોકે ભેગા લખવા.

**દા.ત. :** હું નહિ આવું તોપણ તેઓ આવશે.

જોકે તે સારા ગુણે પાસ થઈ ગયો છે.

– જેમ કે, કેમ કે, કારણ કે માં 'કે' જુદો લખવો.

- **કાગળ ઉપર લખતી વખતે રાખવાની કાળજી**

**1. હાંસિયો :** કાગળમાં ડાબી બાજુએ ત્રણ સેમી જેટલી જગ્યા છોડીને લખાણ કરવું. જેથી કાગળને ફાઈલ કરવામાં, સ્ટેપલિંગ કરવામાં કે નાની નોંધ કરવામાં સરળતા રહે છે.

**2. પરિચ્છેદ-ફકરા પ્રારંભ :** લખાણના દરેક પરિચ્છેદની પ્રથમ પંક્તિ હાંસિયાથી એક-દોઢ સેમી જગ્યા છોડીને લખવી.

**3. પરિચ્છેદમાં પેટાલખાણ :** કોઈ પણ પરિચ્છેદમાં સ્વતંત્ર લીટીમાં મુકાતું ગદ્ય કે પદ્યનું અવતરણ, સંવાદ વગેરે હાંસિયાથી એક-દોઢ સેમી જગ્યા છોડીને લખવું.

**4. શીર્ષક, પેટાશીર્ષક :** લખાણનું શીર્ષક લખાણના અક્ષરોથી મોટા અક્ષરે અને ઉપલબ્ધ જગ્યાની બરાબર વચ્ચે લખવું. લખાણમાં મુદ્દાઓ જુદા પાડવા માટે આપેલા પેટાશીર્ષકોના અક્ષરો મુખ્ય શીર્ષકના અક્ષરોથી થોડા નાના રાખવા અને લખાણના અક્ષરોથી મોટા રાખવા. તેને ક્રમ નંબર તથા યોગ્ય નિશાનીઓથી જુદા પણ પાડી શકાય. શીર્ષક પછી પૂર્ણવિરામ ન મૂકવું, પણ જરૂરિયાત પ્રમાણે આશ્ચર્યચિહ્ન કે પ્રશ્નચિહ્ન મૂકી શકાય.

**5. શબ્દગુચ્છ :** જ્યારે આપણે કથન કરતાં હોઈએ ત્યારે શબ્દોને સળંગ બોલીએ છીએ; પરંતુ લખતી વખતે દરેક શબ્દની વચ્ચે જગા રાખીએ છીએ. ઘણી વખત લખાણમાં આપણે બે શબ્દો (પદો) છૂટા લખીએ છીએ અને ઘણી વખત એ બે શબ્દોને એક કરીને પણ લખીએ છીએ. જુઓ,

(1) એમનું **ઘર જમાઈ**ની કમાણીથી ચાલતું હતું.

માયા માટે **ઘરજમાઈ** રહે એવો મૂરતિયો એ જાતે જ શોધશે. (ગણિતશાસ્ત્રી)

(2) **અનાજ બજારમાં**થી લઈ આવવાનું હતું.

કેમ્પની **અનાજબજારમાં** ખીજડિયા હનુમાન પાસે પંચાળની વાતો કર્યા કરતા. (આંસુભીનો ઉજાસ)

(3) **ગીધ દૃષ્ટિ** કરીને જોવા લાગ્યું.

**ગીધદૃષ્ટિ** ગિધુભાઈ અને મીનીદૃષ્ટિ મેનાબહેન દેખી ગયાં. (ઉછીનું માગનારાઓ)

આ ત્રણેય વાક્યગુચ્છોમાં એ બે શબ્દોને છૂટા લખ્યા છે, જ્યારે બીજા વાક્યમાં એ બે શબ્દોને ભેગા લખીને તેનો સમાસ કર્યો છે. બે-ત્રણ શબ્દો જોડાઈને સમાસ બને છે ત્યારે સાથે લખાય છે. પણ જ્યારે આ શબ્દો છૂટા લખાય છે ત્યારે તેનો અર્થ પણ જુદો બને છે. તે વાંચવાથી તમને સમજાઈ જશે. હા, કોઈ શબ્દ સમાસ બને પણ તે લાંબો જણાય તો વચ્ચે લઘુરેખા મૂકવી.

– **સસરો-જમાઈ** કંઈક ને કંઈક પ્લાનિંગ કર્યા કરે. (ગણિતશાસ્ત્રી)

– તેઓની શક્તિ પરમેશ્વર જેવી **અનંત-અમાપ** નથી. (ઈશ્વરનું સ્વરૂપ)

– **ભાઈ-ભગિની** ભેળાં બેસી સુખનો હીંચકો ખાતાં. (બા એકલાં જીવે)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તમે જ્યારે વાચન કરો ત્યારે આવા શબ્દો વિશે પણ થોડું વિચારતાં જશો એટલે સરળતાથી સમજાઈ જશે.

- **કાળ અને કથનશૈલી**

આપણે જ્યારે કોઈ ઘટનાનું મૌખિક વર્ણન કરતાં હોઈએ કે તેને કાગળ ઉપર નિરૂપતાં હોઈએ ત્યારે તેના સમય-કાળને કેન્દ્રમાં રાખવો જોઈએ. સમયબિંદુનો ખ્યાલ રાખીને જ બધાં વાક્યો બોલવાં કે લખવાં જોઈએ. સમયગાળો એ જ હોય અને દરેક પરિચ્છેદનાં વાક્યોમાં અલગ-અલગ કાળ રજૂ ન થઈ જાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ. જુઓ,

(1) આજે એક વિશાળ વડની ઘટા નીચે ધર્મશિક્ષણનો વર્ગ બેઠો **હતો**. શિક્ષકે ગઈકાલે પ્રશ્ન કરનાર વિદ્યાર્થીને **કહેલું**, ''તમારો પ્રશ્ન શો **છે** ? (ઈશ્વરનું સ્વરૂપ)

(2) તે ચાલીના નાનકડા ફળિયામાં ખાટલો ઢાળી સૂતો હતો, એ રીતે જ તે અહીં સૂતો છે. બા પડખે બેસીને તેના બરડા પર હાથ ફેરવતી મેરુપરને યાદ કરીને કેટલીય વાતો કરતી હશે. બાનું ગોરું મોં એ વખતે રતાશ પકડી જાય છે. એનો પડછંદ દેહ જાણે એ પથરાળ ભૂમિમાં હડિયાપાટી કરવા તલસી રહ્યો હોય એવું લાગતું હશે ને ત્યારે આખા દિવસનો થાક ઊતરી જાય છે. (આંસુભીનો ઉજાસ)

આ બંને પરિચ્છેદમાં રહેલાં વાક્યોને જો છૂટક-છૂટક તપાસશો તો વાક્ય સ્વતંત્ર રીતે સાર્થ લાગશે. પણ આખાય પરિચ્છેદને સમગ્ર રીતે જોશો તો બે વાક્યો વચ્ચે રહેલો કાળભેદ અર્થ પામવામાં અડચણરૂપ થશે.

હવે, આ બંને પરિચ્છેદ પુસ્તકમાં કઈ રીતે લખાય છે તે જોઈ જશો એટલે સમજાઈ જશે.

સામાન્ય રીતે રેખાચિત્ર, નવલકથા, આત્મકથા,જીવનકથા, અહેવાલ, નવલિકા વગેરે સર્જનોમાં ભૂતકાળ વપરાય છે. જો આદતો કે ગુણલક્ષણનું વર્ણન હોય તો અપૂર્ણ અવસ્થાવાચી 'ત' પ્રત્યયવાળાં ક્રિયાપદો મુકાય છે. જો ઘટનાઓ હોય તો પૂર્ણ અવસ્થાવાચી 'ય' પ્રત્યયવાળાં ક્રિયાપદો મુકાય છે. હા, વાર્તા, નવલકથા વગેરેમાં રજૂઆત ભૂતકાળની હોવા છતાં સંવાદો એ સમયના વર્તમાનકાળને રજૂ કરે છે માટે ત્યાં વર્તમાનકાળ વપરાય છે.

**સ્વાધ્યાય**

**1. નીચેના પરિચ્છેદમાં કાળ અને અવસ્થાની રજૂઆત યોગ્ય છે કે કેમ તે નક્કી કરો. યોગ્ય ન હોય તો તેને યોગ્ય રીતે રજૂ કરો :**

– દેવરાજ કૅમ્પના સ્ટેશને ઊતરે ત્યારે એને સૌ પહેલાં એની બાની યાદ આવે છે. અઢાર વર્ષ પહેલાં બા આ સ્ટેશને તેને વળાવવા આવી છે. તેની આંખો રાતીચોળ થઈ ગઈ અને તે ભગવાનજીભાઈને કહેતી હશે : 'તમે આ છોકરાને ભણતરના રવાડે કાં ચડાવ્યો છે ?'

– હમણાં એક દિવસ સવારે હું થોડો મોડો ખેતર જવા તૈયાર થયો છું. બાપા પૂજાપાઠ પતાવીને ઓસરીની કોરે બેઠેલા હતા. તે હુંય વાત કરવા બેઠો હોઈશ. અમારી વાતચીત ચાલતી હશે ત્યાં બાજુમાં કંઈક બડબડાટ સંભળાયો છે. મેં ડોકું નમાવીને જોયું તો કાકા કંઈક બબડતા હશે. હું ધ્યાનથી જોઈ રહ્યો હતો; મને નવાઈ લાગી છે.

**2. નીચેનાં વાક્યોને લેખનરૂઢિની દૃષ્ટિએ સુધારી ફરી લખો :**

(1) મારે તમને જમાડીને પછી જ તેજ ગતિવાળી રિક્ષામાં બેસાડવા છે.

(2) ગામનજીક એક મોટો વડ શાંત સાધુની જેમ ઊભો હતો.

(3) કૂવામાંથી સીંચી ને બળદોને, ગાયોને પાણી પાયું.

(4) ભલે તેજ આવે તમે ય આવજોને.

(5) તે ઘરમાં બેઠો બેઠો હીંચકે હીંચે છે.

(6) તે ગરમ થઈ ગયો અને ભાર પૂર્વકજ બોલ્યો.

(7) વાદળાં થાયને વરસાદજ ન પડે એવું તો હોય !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(8) મોટાં એ સૌથી નાના છોકરા ની વાત સાંભળતાંજ ન હોતા.

(9) આ દુનિયા ના શાણાઓ ના દુનિયાદારી જાણે.

(10) અબળા રહીને રહ્યો ઓલિયો, એનું ગીતકવિ જન હજુ યે ગુંજે !

(11) ધ્રુવ ને લાગ્યાં, પ્રહ્લાદને લાગ્યાં, તે ઠરીને બેઠારે ઠેકાણે...

(12) તું મોહન ના મુખપર મ્હાલે, તુ જ વિના નાથને નવચાલે.

**3. નીચેનાં વાક્યોમાં જે પદોનો સમાસ થતો હોય તેને એકસાથે મૂકી વાક્ય ફરીથી લખો :**

(1) દરિયા કાંઠે દીવાદાંડી રાત્રે ભૂલેલાં ભટકેલાંને રસ્તો ચીંધે.

(2) મોટાં ભાઈ બહેન નાના ભાઈને ઘેર આવ્યાં હતાં.

(3) આગ ગાડીમાંથી ઊતરીને તરત જ પત્ર ટપાલ પેટીમાં નાખી દીધો.

(4) દયા પ્રીતમને પૂરણપ્યારી; તુંને અળગી ન મૂકે મુરારિ.

(5) ઘડી બ ઘડી જે મળી – નયન વારિ થંભો જરા.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 17 પથ્થર થરથર ધ્રૂજે



નિરંજન ભગત

(જન્મ : ઈ.સ. 1926)

નિરંજન નરહરિ ભગત અમદાવાદના વતની છે. વ્યવસાયે તેઓ અધ્યાપક હતા. હાલ અમદાવાદમાં નિવૃત્ત જીવન ગાળે છે. ગુજરાતી અને અંગ્રેજી ભાષાસાહિત્યના વિદ્વાન સર્જક સ્વાતંત્ર્યોત્તરકાળના મોટા કવિ છે. 'છંદોલય', 'કિન્નરી', 'અલ્પવિરામ', '33 કાવ્યો' વગેરે સંગ્રહો દ્વારા પ્રગટ થયેલાં તેમનાં બધાં કાવ્યો 'છંદોલય બૃહત્' ગ્રંથમાં સંગ્રહાયાં છે. 'પ્રવાલદ્વીપ'નાં કાવ્યો દ્વારા નગરજીવનની પશ્ચાદ્ભૂમિકામાં આધુનિક માનવીની સંવેદનાને ગુજરાતી કવિતામાં સૌપ્રથમ તેમણે પ્રગટ કરી છે. માનવતાપ્રેમી આ કવિએ ગુજરાતી તેમજ અંગ્રેજી સાહિત્ય વિશે અભ્યાસપૂર્ણ વિવેચનકાર્ય પણ કર્યું છે.

આ ગીતમાં કવિએ આ દુનિયાના ન્યાય તોળનારા કહેવાતા 'ડાહ્યા' જનોનો જાણે માર્મિક ભાષામાં ન્યાય તોળ્યો છે ! પથ્થર જેવું કઠોર તત્ત્વ પણ જ્યાં ધ્રૂજી ઊઠે ત્યાં માણસ કલ્લોલે કૂજે એ તે કેવું ? અનેક નાનાંમોટાં પાપ કરનારા માણસો અન્ય પાપીને માટે ''તેને પથ્થર મારીને મારી નાખો'' – એવો ન્યાય તોળે અને તે પણ નિરાંતે, ઠંડે કલેજે – એ તે કેવું ? પણ એક ઓલિયો જેને હસીને જ બોલવાની ટેવ – (કવિએ આડકતરી રીતે અહીં સંતની વ્યાખ્યા આપી છે કે સંત તે કે જે હસીને બોલતો હોય અર્થાત્ જે નિત્ય સ્વસ્થ, શાંત અને આનંદમગ્ન હોય.) – તેણે લોકોની ન્યાયપદ્ધતિનો ભોગ બનનારી દુર્ભાગી અબળાને દક્ષતાથી ઉગારી લીધી અને કવિએ તે ઓલિયાનું, ઈસુ ખ્રિસ્તનું વચન પોતાની કવિતામાં ગોઠવ્યું કે ''જેણે પાપ કર્યું ના એકે, તે પથ્થર પહેલો ફેંકે !'' આ પંક્તિ અંતરખોજની પ્રેરણા આપે છે.

---

પથ્થર થરથર ધ્રૂજે !
હાથ હરખથી જુઠ્ઠા ને જડ, પથ્થરની ત્યાં કોણ વેદના બૂઝે ?
પથ્થર થરથર ધ્રૂજે !
અનાચાર આચરનારી કો અબળા પર, ભાગોળે,
એક ગામના ડાહ્યાજન સૌ ન્યાય નિરાંતે તોળે:
'આ કુલટાને પથ્થર મારી, મારી નાખો !' એમ કિલોલે કૂજે !
એક આદમી સાવ ઓલિયો વહી રહ્યો'તો વાટે,
સુણી ચુકાદો ચમક્યો, થંભ્યો, ઉરના કોઈ ઉચાટે;
હાથ અને પથ્થર બંનેને જોઈ એનું દિલ દયાથી દૂઝે !
આ દુનિયાના શાણાઓ ના દુનિયાદારી જાણે,
ટોળા પર ત્યાં એમ હસીને બોલ્યા ટેવ પ્રમાણે:
'જેણે પાપ કર્યું ના એકે
તે પથ્થર પહેલો ફેંકે !'
એકે-એકે અલોપ પેલા સજ્જન, જ્યારે શું કરવું ના સૂઝે !
અબળા રહી ને રહ્યો ઓલિયો, એનું કવિજન ગીત હજીયે ગુંજે !

(''છંદોલય બૃહત્''માંથી)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### શબ્દ-સમજૂતી

**કિલોલે કૂજે** કલ્લોલથી ગાય, આનંદથી ગાય (અહીં) હિંસક આનંદથી દેકારો કરે; **વહી રહ્યો'તો** પસાર થઈ રહ્યો હતો; **ઉચાટ** ચિંતા; **દૂઝે** ઝમે, ટપકે; **અલોપ** અદશ્ય થયા (અહીં) ચાલ્યા ગયા.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ગામની ભાગોળે લોકો શા માટે એકઠાં થયાં હતાં ?

(2) ગામનાં સજ્જનોએ શો ન્યાય કર્યો ?

(3) ઓલિયાનો ન્યાય તમે કેવો કહેશો ? **અથવા**

લોકો શા માટે નાસી ગયા ?

(4) કવિનો હાથ શાથી કંપન અનુભવે છે ?

(5) ઓલિયો આદમી શા માટે થંભી ગયો ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઓલિયાએ ગ્રામજનોને શું કહ્યું ? તેનું શું પરિણામ આવ્યું ?

(2) ઓલિયાનો 'સાચો ન્યાય' શાથી ગણી શકાય ?

(3) ઓલિયાની માનવતા (ઈન્સાનિયત) દર્શાવો.

**3. નીચેના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર લખો :**

(1) 'પથ્થર થરથર ધ્રૂજે' – કાવ્યનું શીર્ષક ચર્ચો.

(જેણે પાપ કર્યું ના એકે)

(2) 'પથ્થર થરથર ધ્રૂજે' કાવ્યમાં શો જીવનસંદેશ પ્રગટે છે તે જણાવો.

(3) સમજાવો :

પથ્થર થરથર ધ્રૂજે,

હાથ હરખથી જુઠ્ઠા ને જડ,

પથ્થરની ત્યાં કોણ વેદના બૂઝે !

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ ગીતને કંઠસ્થ કરો.
- રામાયણમાંથી અહલ્યાના જીવનની કથા વાંચો.
- 'ઈસુ ખ્રિસ્ત' વિશે તમારા શિક્ષક પાસેથી માહિતી મેળવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ભાષા-અભિવ્યક્તિ

'પથ્થર થરથર ધ્રૂજે' પંક્તિ સજીવારોપણ અલંકાર તો છે જ સાથે 'પથ્થરની કોણ વેદના બૂઝે ?' પ્રશ્ન – કાવ્યમાંથી પસાર થતાં આપણને વિચારતા કરી મૂકે છે.

કાવ્યની પંક્તિમાં બૂઝે, ધ્રૂજે, ભાગોળે, તોળે, કૂજે, વાટે, ઉચાટે, દૂઝે, જાણે, પ્રમાણે વગેરે શબ્દો અંત્યાનુપ્રાસ અલંકાર બની કાવ્યના લયને સહજ બનાવે છે.

'પથ્થર મારી, મારી નાંખો' પંક્તિમાં મારી-મારવું અને મારી-મૃત્યુ એ અર્થો વચ્ચે અલ્પવિરામથી અર્થભેદ સહજ રીતે પમાય છે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- 'છંદોલય' કાવ્યસંગ્રહ મેળવી અન્ય કાવ્ય આસ્વાદ કરાવો.
- 'સ્ત્રી : અબળા કે સબળા' વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજો.
- સામાજિક અવ્યવસ્થા વિશે વર્ગમાં ચર્ચા કરો.

મારી નાની-મોટી નિર્બળતાઓ જોઈ હું હતાશા નહિ બનું. બીજાઓ કરતાં ચડિયાતી શક્તિ જોઈ ગર્વ નહિ કરું. મારી નિર્બળતાને દૂર કરવા પ્રયત્નશીલ રહીશ. સુખના દિવસોમાં મારી પોતાની જ આસપાસ સ્વાર્થની દીવાલ નહિ ચણું. જગત મને જે કંઈ આપે તે કૃતજ્ઞભાવે ગ્રહણ કરીશ અને સાંજે મારી જાતને પૂછીશ : 'આજે તેં કોઈને આનંદનો કણ આપ્યો છે કે નહિ ?'

(નંદીગ્રામ)

**– મકરંદ દવે**

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 18 આંસુભીનો ઉજાસ



**દિલીપ રાણપુરા**

**(જન્મ : 14 - 11 - 1932; અવસાન : 16 - 7 - 2003)**

નવલિકા તેમજ નવલકથા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર દિલીપ નાગજીભાઈ રાણપુરાનો જન્મ તેમના વતન ધંધૂકામાં થયો હતો. તેમણે આજીવન શિક્ષક અને આચાર્ય તરીકે પોતાની સેવાઓ આપી હતી. 'સૂકી ધરતી, સૂકા હોઠ', 'આંસુભીનો ઉજાસ', 'મીરાંની રહી મહેક', 'આ કાંઠે તરસ', 'પીઠે પાંગર્યો પીપળો', 'ઊંડા ચીલા' અને 'મને પૂછશો નહીં' તેમની પ્રશસ્ય નવલકથાઓ છે. 'રાતોરાત', 'સરનામું' અને 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ' તેમના નવલિકા ગ્રંથો છે. 'લાગણીનાં ફૂલ', 'છવિ' તથા 'સુગંધ સંબંધોની' તેમના રેખાચિત્રના સંગ્રહો છે. 'વાત એક માણસની'માં ચરિત્ર નિબંધો છે. 'આ ભવની ઓળખ', 'દીવા તળે ઓછાયા', 'ભીતર ભીતર' તેમજ 'શિક્ષક કથાઓ'માં સંસ્મરણોની અનુભવ કથાઓ છે. ભાવવાહી અને ચિત્રાત્મક શૈલીના આલેખનને કારણે એમનાં લખાણો આસ્વાદ્ય છે. ભાષાની સહજ-સરળ છતાં સૂક્ષ્મ-વેધક સંવેદનની અભિવ્યક્તિ એમના ગદ્યની વિશેષતા છે. પત્રકારત્વક્ષેત્રે પણ એમનું પ્રદાન ગુણવત્તાસભર રહ્યું છે. તેમને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તેમજ વિવિધ સાહિત્યિક સન્માનો પ્રાપ્ત થયાં છે.

નવલકથાના નાયક દેવરાજનું ભગવાનજીભાઈના આગ્રહથી 'વસુધા'ના અભ્યાસ મારફતે જે પરિવર્તન—જીવન ઘડતર થાય છે તે સમગ્રભારતી ગ્રામ જીવનને પૂરક-પોષક કેળવણીનો મહામૂલો આદર્શ સંદેશ છે. કેટલીકવાર માબાપની વાજબી ખફગી-નારાજગી વહોરીને પણ - જો જીવનધ્યેય દીવા જેવું સ્પષ્ટ હોય તો કેવું અદ્ભુત—આસ્વાદ્ય પરિણામ વ્યક્તિ-સમાજ એને રાષ્ટ્ર જીવન માટે મળે છે તેનો હાથવગો નમૂનો દેવરાજ છે. તદ્દન ગામડાંના ભલાંભોળાં માનવીઓ, તેની સહજ - કાલી ઘેલી ભાષા - ભાવોર્મિઓ અને ઊડીને આંખે વળગે એવી મૂલ્યલક્ષિતા આ નવલકથા ખંડ- નવલકથાની ચિરંજીવી વિશેષતાઓ છે. આખરે 'સ્વ'ને સ્થાને 'સર્વ' માટે ઝઝૂમનારાઓના જીવનમાં હંમેશાં ઉજાસનાં આંસુ અર્થાત્ આંસુનો જ ઉજાસ હોય છે. આપણી પ્રત્યેક શાળા 'વસુધા' બને તો ચોક્કસ આપણો દરેક બાળક 'દેવરાજ' બનવા સક્ષમ છે.'' જે આ નવલકથાખંડનો અમર-આગવો સંદેશ છે.

---

દેવરાજ કૅમ્પના સ્ટેશને ઊતર્યો ત્યારે એને સૌ પહેલાં એની બાની યાદ આવી. અઢાર વર્ષ પહેલાં બા આ સ્ટેશને તેને વળાવવા આવી હતી. તેની આંખો રાતીચોળ થઈ ગઈ હતી અને તે ભગવાનજીભાઈને કહેતી હતી : 'તમે આ છોકરાને ભણતરના રવાડે કાં ચડાવ્યો ? એને ન લઈ જાવ તો સારું !'

'બહેન...' ભગવાનજીભાઈએ કહેલા શબ્દો અત્યારે પણ દેવરાજને એવા ને એવા યાદ હતા : 'છોકરો ભણશે તો એનું જીવતર તો ઉજાળશે; પણ પાછળ ભાંડરુંનાં પણ જીવતર ઊજળી જશે. ને ત્યાં એને કાંઈ દુઃખ નહિ પડે. ''વસુધા'' તો માનો ખોળો છે. માવતરની ખોટ જરાય ન સાલે એ રીતે ત્યાં ઊછરશે અને ભણશે.'

ને પછી બાએ તેની સામે આંસુભરી આંખે જોતાં કહેલું :

'દેવા, આપડે આંય મજૂરી કરી ખાશું, અર્ધામાંથી ફડશફડશ વેંચીને પેટ ભરી લેશું !' ને તે સાડલાના છેડાથી મોં ઢાંકીને આડું જોઈ ગયેલી.

પોતે કંઈક બોલેલો, પણ બધું અસ્પષ્ટ હતું.

ગાડી આવી ને તે ભગવાનજીભાઈની સાથે ગાડીમાં બેઠો ત્યારે એક રોમાંચ અનુભવેલો. આ પહેલાં તેણે ગાડી જોઈ હતી, એમાં બેસવાના મનસૂબા ઘડ્યા હતા, પણ બેઠો તો આ પહેલી જ વખત. ને તેના મોં પર પથરાઈ ગયેલી પ્રસન્નતા જોઈને બાના વીલા પડી ગયેલા મોં પર થોડો જીવ બળે છે, પણ તું માનતો નથી એટલે... આટલાં વરહમાં આપડા કુટુંબમાંથી તો શું, આપડા મલકમાંથી કોઈ ભણવા હારુ થઈને પરદેશ નથી ગિયું... આપડે ને ભણતરને ક્યો નાતો ?'

'બા, તું જોજે ને, હું ભણીશ પછી તને ખબર પડશે !' એટલું બોલે છે ત્યાં એન્જિને સીટી મારી.

'સાચવીને રે' જે દીકરા !' બા બોલેલી : 'મારો જીવ બળે છે હો...' કહીને તે આડું જોઈ ગયેલી.

ગાડી ઊપડી ત્યારે દેવરાજે બાનું મોં જોવા ડોકું બહાર કાઢીને લંબાવીને જોવા મહેનત કરી, પણ બાનો ચહેરો દેખાયો નહોતો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ને છ મહિને કાગળ આવ્યો. ''દેવા, તને મા ઝંખે છે. આવી જા.''

દેવરાજ આવ્યો ત્યારે તો બાને ભોગાવાના સ્મશાનમાં બાળીને બધા ઘેર આવી ગયા હતા.

આજ એ બધું દેવરાજને ખટકી ગયું. બા એ જોવા ન રહી કે ભણતરે એના દીકરાના જીવતરને કેવી રીતે ઉજાળ્યું છે :

તે સામાન ઊંચકીને રતનપરની ચાલીમાંની ભાડાની ઓરડીએ પહોંચ્યો.

''આવ્યો દેવા'', પિતાએ બહાર ખાટલા પર બેઠાં બેઠાં ચલમ પીતાં પીતાં તેને આવકાર્યો.

''હા, બાપુ...''

''પણ આ બધું લઈને ?''

''હા, આશ્રમ છોડી દીધો !''

''કેમ !''

''હવે હું કામ કરવા માગું છું.''

વૃદ્ધ પિતાની આંખો પહેલાં ચમકી ગઈ ને પછી ધીમેથી પૂછ્યું : ''શાનું, કામ ?''

''આશ્રમમાં શીખ્યો એ જ !''

''હા...''

''તો તો આપડું દળદર ફીટી જશે ને ?''

દેવરાજ પિતા સામે જોઈ રહ્યો. એમની આંખોમાં ઉજમાળા ભવિષ્યની એક જ્યોત ઝબૂકતી હતી. દેવરાજને થયું, પોતાના સંકલ્પો શબ્દ દ્વારા વ્યક્ત થતાં જ એ ફૂંકનું કામ કરશે ને પિતાની આંખમાં ઝબૂકતી જ્યોત બુઝાઈ જશે...

''કેમ ન બોલ્યો, દેવા ?''

''બાપુ, દળદર ફીટશે, પણ વાર લાગશે.''

''આટલાં વરહના ભણતર પછી ય હજુ કેટલી રાહ જોવાની ?''

''હુ ભણ્યો...'' દેવરાજ બોલતો હતો, ''મારાથી નાની વિજુ ચાર ચોપડી ભણી તો એને ભણેલો મુરતિયો મળ્યો.''

''પણ કેટલો દાખડો કરવો પડ્યો'' તો ? આપડી નાતમાં ભણેલા છોકરા ક્યાં ? માંડ માંડ ચાર ચોપડી ભણેલો મળ્યો ને એ પાછો ગોલવાડમાં.''

બાપુના અવાજમાં ભણતર પ્રત્યેનો તુચ્છકાર પડઘાતો હતો.

''પણ પરભુ ગૂજરાત વિદ્યાપીઠમાં ભણે છે.''

''હા, તેં ઠીક વાત કરી. બાપુએ ચલમ ખંખેરતાં કહ્યું : ''તારા લગનનું હવે શું છે?''

''બાપુ એ વાત જ ન કરશો.''

''તે આખી જિંદગી એમ ને એમ કાઢી નાખીશ ?''

''હા, મને ઓગણત્રીસ તો પૂરાં થવા આવ્યાં. અર્ધી તો ગઈ.''

''પણ તું ન પરણે ત્યાં લગણ પરભુનું શેં થાય ?''

''થાય... થાય'' દેવરાજ દૃઢતાથી બોલ્યો, ''આપડે એવી ખોટી મોટપમાં નથી રે''વું, ને એક છોકરો ન પરણે તો કયું આભ ફાટી પડે !''

''પણ નાતવાળા... તને ખબર નથી દેવા, આપડી નાતવાળા કેવી વાતું કરે છે ઈ !''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

"કહેતા હશે, ભણીને છોકરો બગડી ગયો. નાતમાંથી નીકળી ગયો, વંઠી ગયો, વટલાઈ ગયો. હું બધું ય જાણું છું. પણ બાપુ, આવી ટીકા સામે ટકી રહેવાના સંસ્કાર મને મળ્યા છે. એ રીતે હું કેળવાયો છું."

"પરભુને હવે કેટલુંક ભણવાનું છે ?" બાપુએ થોડીક વાર મૌન રહીને પૂછ્યું.

"દોઢેક વર્ષ."

"પછી તો એ નોકરી કરશે ને ?"

"ના, પરભુ નોકરી નહિ કરે." એવું કહેવાનું મન થઈ આવ્યું.

પણ તે બોલ્યો, "એ તો એને ઠીક પડશે એ કરશે."

"દેવા, ચોકીદારીમાં મારું મન હવે બહુ ધરપતું નથી."

"કાં ?"

"કાન્તા જવાન થઈ ગઈ છે." કહીને બાપુ ચૂપ થઈ ગયા.

"સમજું છું બાપુ..." કહી દેવરાજ મૌન થઈ ગયો.

થોડી વારે કાન્તા આવી.

"ભાઈ..." કાન્તા ઉમળકાથી બોલી : "ક્યારે આવ્યા ?"

"બસ ચાલ્યો જ આવું છું."

"રોકાવાના છો ને ! કે પછી પાછા "વસુધા" ચાલ્યા જશો?"

"ના... મેરુપર જઈશ."

"મેરુપર !" કાન્તાના અવાજમાં આશ્ચર્ય હતું.

"ત્યાં જઈને શું કરીશ ?" પિતાએ પૂછ્યું.

"કામ"

પણ ત્યાં તને ક્યું કામ મળવાનું છે ?'

"ઘણું કામ છે બાપુ !"

"એ ઉજ્જડ મલકમાં..." પિતાની આંખમાં ઉપાલંભ હતો.

"એ ઉજ્જડ મલકને મારે નંદનવનમાં ફેરવી નાખવો છે, બાપુ !" દેવરાજના અવાજમાં દૃઢતાનો રણકો હતો.

"વીહ વરહે તને એ મલક સાંભર્યો દેવા... જે ધરતીએ જાકારો આપ્યો, જે ધરતી સામે નજર નો'તી મંડાતી, એ ધરતીને તું નંદનવનમાં ફેરવવા માગે છે ? ગાંડો થઈ ગયો છે ?"

"બાપુ, આ ગાંડપણ નથી. 'વસુધા'એ મને આ શીખવ્યું છે. મારે આ ધરતીમાં પાછા ફરવું છે."

"દેવા, વીહ વરહથી એ ધરતીકોર લમણો વાળીને જોયું નથી. ત્યાં તારું શું છે ?"

"મારું બાળપણ છે, બાપુ..." દેવરાજના શબ્દોમાં જ નહિ, અવાજમાં પણ ભાવુકતા આવી ગઈ.

કાન્તાને આ બધું સમજાતું નહોતું. એણે તો એ મલકની વાતો સાંભળી હતી. જોયાનું કોઈ ઓહાણ આવતું નહોતું. બાપુ ક્યારેક કહેતા : 'તું ધાવણી હતી તંઈ આપડે નીકળી ગયેલા દુકાળ ઊતરવા. તારી માનું મન નો'તું માનતું પણ નકરા ધૂળ ને પથરા વચ્ચે જિવાય એવું ય નો'તું. જો ન નીકળી ગિયા હોત તો તું આવડી ન થઈ હોત !' ને પછી એ મલકની વાતો કરતા કરતા બાપુ ક્યાંક ખોવાઈ જતા. ક્યારેક એમનો અવાજ ઢીલો થઈ જતો તો ક્યારેક એ પથરાળ ધરતીની કઠોરતા તેમાં ઊતરી આવતી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

''પણ ત્યાં આપડું કોણ ! નથી કોઈ સગું-સાગવું કે નથી ખોરડું... તું ક્યાં જઈને ઊભો રહીશ ?''

''આ બે પગ ભગવાને ઊભા રહેવા જ આપ્યા છે બાપુ...' ને પછી 'વસુધા'ના એક આદર્શ વિશે તેણે કહેવા માંડ્યું : 'બાપુ, મોટાભાઈ કે 'તા' તા કે 'વસુધા'ની કેળવણી તમને શહેરી મોજશોખ નહિ આપી શકે. તમારે ઝાકઝમાળમાં જીવવું ન હોય તો જ 'વસુધા'માં આવજો. 'વસુધા'માં તળ ગામડાના જ વિદ્યાર્થીઓને એટલા માટે કેળવવામાં આવે છે કે તેઓ તેમની ધરતીમાં પાછા ફરે. તેમના લોહીમાં એ ધરતીના લોકોની તાસીર પચેલી હોય છે. ત્યાં જઈને કામ કરે. લોકોને વ્યસન ને વહેમમુક્ત કરે, સહિષ્ણુ ને સંસ્કારી બનાવે. અજ્ઞાન અને આળસને દૂર કરાવે. અહીંથી તાલીમ લઈને જતો, એક વિદ્યાર્થી એક ગામને સ્વાવલંબી બનાવી શકે તોય ઘણું કામ થાય. ગામ પોતાની આવશ્યક ચીજો પોતે જ ઉત્પન્ન કરી લે. જીવવા માટે ઓછામાં ઓછી જરૂરિયાતથી ચાલે તો એક પણ જરૂરિયાત વધારે નહિ. એ રીતે એમને કેળવે તો જ આ દેશનાં ભાંગી ગયેલાં ને ભાંગી રહેલાં ગામડાં પાછાં બેઠાં થઈ શકશે. આ કામ નાનું નથી. હાડ અને હૈયાબળુકા માણસોનું જ આમાં કામ છે. કોઠાસૂઝ અને સહનશક્તિ નહિ હોય તો તમે ગામને સુધારી તો નહિ શકો, પણ એની તાસીરને બગાડી નાખશો. આજની કેળવણી અને રાજકારણ ગામડાંને ભરખી રહ્યાં છે ત્યારે તમારે એનું રક્ષણ કરવાનું છે.''

દેવરાજને એકાએક ખ્યાલ આવ્યો કે બાપુ આમાંથી કેટલું સમજ્યા હશે ! ને પોતે શું બાપુ પાસે ભાષણ કરવા આવ્યો હતો ? પોતે ગામડામાં જઈને શું આવી રીતે ભાષણ જ કર્યા કરશે ? ને તો લોકો મારી વાત કઈ રીતે સમજશે ? અને તે મૌન થઈ ગયો.

''તે 'વસુધા'વાળા તને પગાર આલશે ?'' બાપુએ ક્યારનીય પોતાના મનમાં ઘોળાતી વાત પૂછી નાખી.

'ના...'

''તો તું ખાઈશ શું ? ને અમને તો ઠીક, પરભુને મોકલીશ શું ?''

'મારા પેટની ચિંતા નથી બાપુ... ને તમે કાંઈ ભૂખ્યા નહિ રહો.' અને પછી આગળ બોલ્યો : અર્ધભૂખ્યા રહેવા તો આપણે ટેવાયેલા છીએ. બાપુ આપણે વીસ વરસ પહેલાં મેરુપરથી નીકળ્યા ત્યારે ક્યાં પેટપૂરતું ખાવાનું મળતું હતું !'

એ સમય જુદો હતો. દુકાળ હતો. દુકાળ પાર ઊતરવો હતો. તમને સૌને જિવાડવા હતા.

'તો બસ, મારે એ મેરુપરને જિવાડવું છે.'

''પણ અત્યારે ક્યાં દુકાળ છે ?''

''દુકાળ કાંઈ ધરતી પર જ નથી પડતો બાપુ... માણસ પર પણ પડે છે... માણસના હૃદયમાં પણ દુકાળની ભીષણતા હોય છે. મારે માણસના મનમાં પડેલા દુકાળને દૂર કરવો છે. ત્યાં લીલી ધ્રોને ઉગાડવી છે' - અને પછી એકાએક સભાન થઈ ગયો. પોતે બહુ ભાવુક બનીને બોલી રહ્યો છે. અને બાપુ તો આવનારી આર્થિક સમસ્યાને કેમ પહોંચી વળાશે તેની ચિંતામાં છે એટલે તે આગળ બોલ્યો : ''બાપુ, પરભુ સ્નાતક થઈ જશે, એનો ખર્ચ એ ત્યાં કામ કરીને મેળવી લેશે. વળી મોટાભાઈ પણ તેને થોડી રકમ મોકલે છે.''

કાન્તા ઓરડીના બારણામાં બેઠી બેઠી ખીચડીમાંથી કાંકરા વીણતી વીણતી આ સાંભળી રહી હતી. તેનેય થતું હતું : ભાઈ મેરુપર ન જાય તો સારું. આટલું ભણ્યા પછી, આટલી વગવાળા થયા પછી તેઓ કોઈ સારા ઠેકાણે નોકરી કરે તો... અને તે પોતાના વિચારોને વ્યક્ત કર્યા વગર ન રહી શકી : ''ભાઈ, બાપુ ઠીક કે' છે.''

દેવરાજે કાન્તા સામે જોયું, જાણે ઠપકો આપતો હોય અને કહેતો હોય, તું ય કાન્તા, બાપુની ગાડીએ બેસી ગઈ ! તારા પહેલા શ્વાસ મેરુપરની હવામાં લેવાયા છે.

''મારી વાત ન ગમી ભાઈ ?'' કાન્તાએ પૂછ્યું.

''તારી વાત ગમે એવી છે, પણ કાન્તા, મારે તને ય ખોટું લગાડવું પડશે.''

''એટલે ?''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

''હું મેરુપર જવાનો સંકલ્પ કરીને નીકળ્યો છું. ને મારી તો ઇચ્છા છે કે તું, પરભુ, બાપુ બધાં મેરુપર પાછાં ફરો.''

કાન્તા આ સાંભળી અચંબો પામી ગઈ. બાપુ પણ કશું બોલ્યા વગર ચલમમાં તમાકુ ભરવા લાગ્યા.

સાંજે વાળુ કર્યા પછી બાપાએ કહ્યું : ''હું જાઉં છું.''

બાપાએ ખભે ધારિયું મૂક્યું. અત્યારે એમની ચાલ અક્કડ થઈ ગઈ હતી. જાણે ઉંમરનાં દસ વર્ષ એક સામટાં ઘટી ગયાં હોય... અને દેવરાજને વિચાર આવ્યો : બાપુ આ શહેરની હવા લાંબો સમય લેશે તો એ સાવ ભાંગી પડશે. એમને પાછાં પંચાળમાં લઈ જવા છે. એ માત્ર ચોકીદારીમાં જ જીવન પૂરું કરે એવું નથી કરવું. એમનો ધરતી સાથેનો સંબંધ પાછો જોડી આપવો છે. હજુ એમનાં મૂળિયાં સાવ ઊખડી નથી ગયાં. હજુ કેટલાક તંતુ ચોંટી રહ્યા છે. હા, એ ઊખડી જાત, હું 'વસુધા'માં ન ગયો હોત, પરભુને ગૂજરાત વિદ્યાપીઠમાં ન મોકલ્યો હોત તો. પંચાળનું એ મેરુપર સ્મૃતિમાંથી લોપાઈ જાત... એ મેરુપરનું અમારું ઘર અત્યારે ભલે પડી ગયું હોય, ભલે એ ઢોરો થઈ ગયું હોય, પણ એ ઢોરા નીચે અમારી એક લાગણી હજુ દટાયેલી છે. બાપુને ત્યાં લઈ જઈશ. બાપુ એ ધરતી પર પગ મૂકતાં જ ઘોડા ખેલતા રાજકુમારની સ્ફૂર્તિ પ્રાપ્ત કરી લેશે.

તે ચાલીના નાનકડા ફળિયામાં ખાટલો ઢાળી સૂતો હતો. આ રીતે જ તે અહીં સૂતો હતો. બા પડખે બેસીને તેના બરડા પર હાથ ફેરવતી મેરુપરને યાદ કરીને કંઈ કેટલીય વાતો કરતી. બાનું ગોરું મોં એ વખતે રતાશ પકડી જતું. એનો પડછંદ દેહ જાણે એ પથરાળ ભૂમિમાં હડિયાપાટી કરવા તલસી રહ્યો હોય એવું લાગતું. ને ત્યારે એનો આખા દિવસનો થાક ઊતરી જતો.

દિવસભર એ મજૂરી કરતો, લારી ખેંચતો, મજૂરી મળતી નહિ ત્યારે કોઈ હૉટેલમાં કપરકાબી ધોવા રહી જતો, ક્યારેક અનાજની દુકાને અનાજ ભરેલાં તગારાં ઊંચકવાનું કામ મળતું, એ કામ ન હોય ત્યારે પોતે, પરભુ, વિજુ કુહાડી અને દોરડાં લઈને વગડામાં ચાલ્યાં જતાં. લાકડાં કાપી લાવતાં.કૅમ્પની બજારમાં, શેરીઓમાં એ વેચી ઘેર આવતાં.

બા કોઈનાં પાણી ભરતી, વાસણ ઊટકતી. બાપુને પીઠ પર ગૂણો ઉપાડતાં ફાવી ગયું હતું. કૅમ્પની અનાજબજારમાં ખીજડિયા હનુમાન પાસે એ મજૂરોનાં ટોળામાં બેસતા. મજૂરી ન મળતી ત્યારે ચલમ ફૂંકતા ને પંચાળની વાતો કર્યા કરતા.

દેવરાજ અતીતમાં સરી રહ્યો હતો.

એક દિવસ જોરાવરનગરથી વઢવાણ એક લારીમાં માલ ભરીને જવાની મજૂરી મળી ગઈ. અગિયારેક વર્ષની એ વખતે ઉંમર. બાપુની સાથે એ લારી ધકાવતો જતો હતો. અહીં પહોંચ્યા ત્યારે વિસામો લેવા એક ઝાડને છાંયે બેઠા. એ વખતે ફાગણ ઊતરતો હતો, પણ તડકો તો લ્હાય જેવો હતો. અને પોતાને તરસ લાગી હતી. ગળું સુકાતું હતું. બાપુ તો નિરાંતવા ચલમ ફૂંકતા હતા. એ વખતે પોતાને થયેલું : બાપુને તરસ નહિ લાગી હોય ! કે પછી ગડાકુનો ગળચટો સ્વાદ તરસ નહિ લાગવા દેતો હોય ! એ વખતે તે બાપુની સામે જોઈ રહેલો. કહેવાનું મન થઈ ગયેલું : બાપુ, લાવો ને, એક દમ હું ય મારી લઉં. ગળચટો સ્વાદ આવશે તો ગળું સુકાતું મટશે. પણ તે કહે એ પહેલાં જ ચલમ ઠાલવીને તેની સામે જોતાં કહ્યું : 'હાલશું ને દેવા ?'

''બાપુ, મને તરસ લાગી છે.''

''આટલામાં તો ક્યાંય પરબ જેવું લાગતું નથી.'' અને પછી એકાએક મીઠા પાણીનાં સરોવર હાથવેંતમાં હોય એવી ચમક આંખમાં અને પ્રસન્નતા ચહેરા પર આવી ગયાં ને એકદમ બોલી ઊઠ્યા : 'હાલ, આ સામેના મકાનમાં...'

''પણ એ તો...'' દેવરાજ અચકાયો.

''એ કાંઈ 'પારકું'' ઘર નથી.''

''તો આપડું કોઈ સગું ન્યાં' કણે રે' છે ?'' દેવરાજે વિસ્મય પામતાં પૂછ્યું.

''ના, ત્યાં કણે નિહાળ છે.''

દેવરાજને થયું : બાપુ લાંઠી કરે છે. એણે નિશાળ જોઈ હતી. જોરાવનગર, કૅમ્પ અને રતનપરમાં હતી. બધી ગામની વચ્ચોવચ્ચ હતી. આ અંતરિયાળ નિશાળ કેવી અને એમાં છોકરાય શાના ભણવા આવે ! પણ તે બાપુને 'લાંઠી ન કરો' એમ કહી ન શક્યો. એક તો તડકો, વળી લારી ધકેલવાની, પગમાં કોઈના ઊતરેલા, ફાટલા ચંપલ, પાની તો બળ્યા જ કરે, ને બાપુના ય જોડાનું ક્યાં ઠેકાણું હતું !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

''લે હાલ.'' બાપુએ તેનું કાંડું પકડી દરવાજાની અંદર લઈ જતાં કહ્યું : ''આ નિહાળ છે. મેં ઘણી વખતે છોકરાને અહીં રાગડા તાણીને ભણતા, સાંજે રમતા ને કામ કરતા જોયા છે.''

બંને દરવાજામાં દાખલ થઈ ગયા હતા. દેવરાજ થોડો ભયભીત હતો. એને એમ હતું કે હમણાં કોઈક વઢી નાખશે. હમણાં કોઈક ભૂંડી ગાળ બોલીને કાઢી મૂકશે. પણ બાપુને વિશ્વાસથી આગળ વધતા જોઈ તેનો ભય દૂર થઈ ગયો.

બંને એક લાંબી ઓસરી પાસે આવીને ઊભા રહ્યા. ઓસરી પર ચાર ઓરડા હતા. એક ઓરડાનું બારણું ઉઘાડું હતું. બાપ-દીકરાનો પગરવ સાંભળીને એક વૃદ્ધે ઓરડામાંથી બહાર આવતાં કહ્યું, ''...આવો...''

દેવરાજને થયું : બાપુનું તો અહીં માન છે. બાપુને સારી રીતે ઓળખતા લાગે છે. બાપુએ પહેલેથી કહ્યું હોત તો... તો પોતે ચાલીને અહીં ભણવા જતા છોકરાને જોતો ત્યારે થઈ જતું કે પોતે આવી રીતે ક્યારેય ભણવા જઈ નહિ શકે ? ક્યારે ય પોતે રાગડા તાણીને આ છોકરા બોલે છે એવું બોલી નહિ શકે ? બધે ઠેકાણે નિશાળ ને એક અમારા જ મલકમાં નહિ ?

બંને ઓસરીનાં પગથિયાં ચડ્યા. વૃદ્ધે પૂછ્યું : ''કોનું કામ છે ?''

''કામ કોઈનું નથી. આ છોકરાને તરસ લાગી છે.''

વૃદ્ધના મોં પર સ્મિત આવ્યું. એ વખતે એ સ્મિતની સરખામણી કરવા જેટલી પોતાની ઉંમર કે સમજ નહોતી એ દેવરાજને યાદ આવ્યું. પણ એ સ્મિત એ વખતે ભરઉનાળે ઠંડા પાણીથી ભરેલા માટલા જેવું હતું...

''શું નામ તારું ?'' વૃદ્ધે પૂછ્યું.

''દેવો.''

''દેવો નહિ, દેવાભાઈ કહે.''

''એનું નામ દેવશી છે.''

''પણ એની આંખમાં જે તેજ છે એનાથી તો એને હું દેવરાજ કહીશ.'' અને પછી તેના ગાલે ટપલી મારીને કહ્યું : ''ગમશે ને આ નામ ?''

દેવશી સંકોચાઈ ગયો. આવો રૂપાળો ચોખ્ખો માણસ પોતાના ખરડાયેલા ગાલને કશી સૂગ વગર હસીને ટપલી મારે એ એના માટે ઓછા અચંબાની બાબત નહોતી. માબાપના હેતની જગ્યાએ મૂકી શકાય એટલો હેતાળ એ સ્પર્શ હતો.

''શું ભણે છે ?''

''નથી ભણતો ! મજૂરી કરવા આવ્યા છીએ.'' કહીને બાપુએ બધી વાત કહી.

''આ સાલ વરસાદ સારો થાય તો પાછા મલકમાં જતા રહેશો ?''

''ના, હવે નથી જવું. ત્યાં નથી ખેતર કે વાડી. ત્યાંય માથું ફોડીને લોહી કાઢવાનું છે. ને બારે ય માસ માથું ફોડવા છતાં પૂરતું લોહી નથી. એના કરતાં આંય સારું છું. કંઈક ને કંઈક કામ મળી રહે છે.''

''તો આ છોકરાને ભણાવો તો... બે અક્ષર વાંચતાં–લખતાં શીખશે તો કામ લાગશે.''

''તો કામ કોણ કરશે ? આ તો આઠ - દહ આના રળી આવે છે.''

''એને અહીં રાખીએ.''

બાપુ મૂંઝવણમાં પડી ગયા.

''એનો ખર્ચો અમે ઉપાડી લેશું.''

''ના... ના...'' બાપુ માથું ધુણાવતાં બોલી ઊઠ્યા. જાણે એમના દીકરાને કોઈ આંચકી જતું હોય અને પકડી રાખતા હોય એ રીતે જોરથી કાંડું પકડીને બોલ્યા : ''ના, દીકરો તો નજર સામે જ સારો. ને એના રોટલા જોગું એ રળી લાવે છે. હારે હોય તો હાથ–વાટકા માટે ખપ લાગે.'' કહીને બાપુ ઝડપથી પગથિયાં ઊતરી ગયા.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પણ દેવરાજનું મન તો હજુય ઓસરીમાં તરફડતું હતું. એનું મન ઘોડા ગંઠ્યા કરતું હતું. એક સાંજે કૅમ્પમાંથી સીધો એ ઘરશાળાએ પહોંચી ગયો. પેલા વૃદ્ધ પાસે જઈને ઊભો રહેતાં બોલ્યો, મને ભણાવો.

''બસ, આ 'મને ભણાવો...'' શબ્દો એ વૃદ્ધની છાતીએ ચોંટી ગયા. તેમણે એને સમજાવ્યો ને કહ્યું : ''વખત મળે ત્યારે આવતો રહેજે...'' અને એમ એ રાત-વરત, અહૂર-સવાર જતો. એકડા-બગડા અને કક્કો બારાખડી શીખ્યો. અને એક રાતે બાપુ પાસે બેસીને બાળવાચનની ચોપડી વાંચવા લાગ્યો ત્યારે બા અને બાપુ અચંબાથી, પ્રસન્નતાથી જોઈ રહ્યાં.

દેવરાજની ધગશથી ઘરશાળાના સંચાલક પ્રભાવિત થઈ ગયા હતા એટલે તેમણે 'વસુધા'ના એક કાર્યકર ભગવાનજીભાઈને વાત કરી; ને ભગવાનજીભાઈ ''વસુધા''માં ભણવા લઈ જવા માટે તેનાં બા-બાપુને સમજાવી શક્યા.

ને આજ દેવરાજને 'વસુધા' છોડીને ચાલ્યા આવવાની ચણચણાટી થવા લાગી.

## શબ્દ-સમજૂતી

**અહૂર** સવાર સમય-સંજોગ પ્રમાણે; **વસુધા** ધરતી, પૃથ્વી; **સૂગ** અણગમો; ઘૃણા **પંચાળ** પાંચ નદીઓનો પ્રદેશ; **નંદનવન** ઇંદ્રનું ઉપવન; **દળદર** દેવું; **ફડશ** ટુકડો; **દાખડો** તકલીફ; **ઉપાલંભ** ઠપકો આપવો; **હડિયાપાટી** દોડાદોડી; **ગડાકુ** ચલમ.

## રૂઢિપ્રયોગ

**હાથ-વાટકો થવું :** નાના-મોટા કામમાં ઉપયોગી થવું; **વંઠી જવું :** ચીલો ચાતરી જવું, બગડી જવું; **લાંઠી કરવી :** મજાક કરવી; **માથું ફોડીને લોહી કાઢવું :** સખત મહેનત કરવી; **ભરખી જવું :** ખાઈ જવું; **ઘોડા ગંઠ્યા કરવું :** મનોમંથન કરવું, કલ્પના કરવી; **ચણચણાટી થવી :** તાલાવેલી થવી; **આભ ફાટવુ :** ખૂબ દુઃખ પડવું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) પોતાના ઘેર આવ્યા પછી દેવાને ક્યાં કામ કરવું હતું ? શા માટે ?

(2) દેવરાજના પિતા તેને ભણાવવાની શા માટે ના પાડતા હતા ?

(3) વિજુ કેટલું ભણેલી હતી ?

(4) દેવરાજને મલક કેમ સાંભરે છે ?

(5) દેવરાજ મેરુપર જઈ શું કરવા ઇચ્છતો હતો ?

(6) બાપુ ક્યારે મૂંઝવણમાં પડી ગયા ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) ભગવાનજીભાઈએ દેવાની માને શું આશ્વાસન આપ્યું હતું ?

(2) દેવરાજને પોતાના પિતા અને કુટુંબને પણ મેરુપર શા માટે લઈ જવાં છે ?

(3) દેવરાજના બાળપણમાં તેનાં મા-બાપ શહેરમાં શું કાર્યો કરતાં હતાં ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) વસુધામાં કેળવણી પામેલ યુવાનોએ કેવાં-કેવાં કાર્યો કરવાનાં છે ?

(2) દેવરાજના મનોમંથન અને તેના અરમાનોને તમારા શબ્દોમાં લખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'આંસુભીનો ઊજાસ' નવલકથા મેળવીને વાંચો.
- દૃઢ સંકલ્પવાળા મહાપુરુષોની વિગતો મેળવી તમારી નોંધપોથીમાં લખો.
- 'ભણતર : ત્રીજી આંખ' વિષય પર નિબંધ લખો.
- તમે કોઈ પણ પાંચ સારા સંકલ્પો લો.

## ભાષા-અભિવ્યક્તિ

'પોતાના સંકલ્પો શબ્દો દ્વારા વ્યક્ત થતાં જ એ ફૂંકનું કામ કરશે ને પિતાની આંખમાં ઝબૂકતી જ્યોત બુઝાઈ જશે.' 'એ સ્મિત એ વખતે, ભર ઉનાળે ઠંડા પાણીથી ભરેલા માટલા જેવું હતું.' વાક્યોમાં રૂપક અલંકારથી કહેવાતી વાત વધુ અર્થસભર બને છે.

'આજની કેળવણી અને રાજકારણ ગામડાંને ભરખી રહ્યાં છે.' 'દુકાળ કાંઈ ધરતી પર જ નથી પડતો. માણસના હૃદયમાં પણ દુકાળની ભીષણતા હોય છે.' આ બંને વાક્યોમાં ગામડું, પ્રકૃતિ અને મનુષ્ય જીવન એકમેકથી કેવાં જોડાયેલાં હોય છે તેનો મર્મસભર ચિતાર અહીં જોઈ શકાય છે.

'મેરુપરનું અમારું ઘર અત્યારે ભલે પડી ગયું હોય... એ ઢોરા નીચે અમારી એક લાગણી હજુ દટાયેલી છે.' જેમાં વતન-ઘર પ્રત્યેની સંવેદના અને પ્રેમ સહજ રીતે અભિવ્યક્ત થાય છે, તો બીજી બાજુ - ત્યાંય માથું ફોડીને લોહી કાઢવાનું છે. ને બારેય માસ માથું ફોડવા છતાં પૂરતું લોહી નથી નીકળતું. એના કરતાં આંય સારું છે.' વાક્યમાં વતન (ગામડાં)માં જીવન જીવવું કેટલું મુશ્કેલ બની રહે છે તેનું વર્ણન છે.

આમ, અહીં એક છેડો હૃદયથી ને એક છેડો વાસ્તવિકતાથી જોડાયેલ હોય એમ અભિવ્યક્ત થયો છે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- ગામડું અને શહેર એ વિષય પર ચર્ચાસભાનું આયોજન કરો.
- દૃઢ સંકલ્પથી સફળ વ્યક્તિને શાળામાં સન્માનિત કરો અને તેની સાથે સંવાદના કાર્યક્રમનું આયોજન કરો.
- લોકભારતી - સણોસરા (ભાવનગર)ની મુલાકાતે વિદ્યાર્થીઓને લઈ જવાનું શૈક્ષણિક આયોજન કરો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 19 ઈશ્વર સર્વવ્યાપી



**આનંદશંકર ધ્રુવ**

**(જન્મ : ઈ. સ. 1859; અવસાન : ઈ. સ. 1942)**

સમર્થ સાક્ષર આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવનું વતન અમદાવાદ. તેઓ સાહિત્યમીમાંસક, તત્ત્વચિંતક અને ગદ્યકાર તરીકે જાણીતા છે. તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીના ઉપકુલપતિપદે હતા. ત્યાં તેમને 'ડૉક્ટર ઑફ લિટરેચર'ની પદવી એનાયત થઈ હતી. તેઓ 'સુદર્શન' અને 'વસંત' સામયિકોના તંત્રીપદે પણ હતા. 'સાહિત્યવિચાર' અને 'કાવ્યતત્ત્વવિચાર' તેમના સાહિત્યમીમાંસાના ગ્રંથો છે. 'દિગ્દર્શન', 'વિચારમાધુરી', 'આપણો ધર્મ' અને 'હિન્દુ વેદધર્મ' ગ્રંથોમાં તેમણે ધર્મ અને તેના સિદ્ધાંતોની ચર્ચા કરી છે. 'ધર્મવર્ણનો' જગતના ધર્મો વિશેનો તેમનો ગ્રંથ છે. 'હિન્દુધર્મની બાળપોથી' અને 'નીતિશિક્ષણ'માં પણ તેમણે ધર્મ અંગેની તાત્ત્વિક છતાં સરળ ભાષામાં ચર્ચા કરી છે. 'શ્રીભાષ્ય' અને 'સુદર્શન ગ્રંથાવલિ' તેમનાં સંપાદનો છે. ઊંડું મનન, ચિંતન અને વિષયની વિગતવાર ચર્ચા, પ્રૌઢ છતાં પ્રસન્ન શૈલી તેમના ગદ્યનાં મુખ્ય લક્ષણો છે.

આનંદશંકર ધ્રુવના આ ચિંતનાત્મક નિબંધમાં ઈશ્વરના ગહન સ્વરૂપ અને તેની સર્વવ્યાપકતાનો સુંદર-સયુક્તિક ઉઘાડ થયો છે. સચરાચર સૃષ્ટિમાં વ્યાપેલા સર્જનહારને નિબંધકારે પૌરાણિક કથા-દૃષ્ટાંત દ્વારા ગુરુ-શિષ્યના અદ્ભુત સંપાદાત્મક માધ્યમ થકી સહજ-સરળ રીતે સમજાવવામાં સફળતા હાંસલ કરી છે. જડ-ચેતન જે કાંઈ દેખાય છે તે સઘળું એનું જ બનેલું છે અને એણે જ બનાવેલું છે. એ દેખાતો નથી તેથી 'તે નથી-ગેરહાજર છે' એમ માનવું ભૂલભરેલું છે. જેમ દૂધમાં સાકર અને સમુદ્રજળમાં મીઠું છે તે અદશ્ય છે, કિંતુ અનુભવગમ્ય છે. બસ એમ જ ઈશ્વર અત્ર-તત્ર-સર્વત્ર બિરાજમાન છે.

---

આજે એક વિશાળ વડની ઘટા નીચે ધર્મશિક્ષણનો વર્ગ બેઠો છે. શિક્ષકે ગઈકાલે પ્રશ્ન કરનાર વિદ્યાર્થીને કહ્યું : ''તમારો પ્રશ્ન શો હતો ?''

વિદ્યાર્થી : પરમેશ્વરની જ શક્તિથી આ સઘળું જગત ચાલે છે, પણ એ જગત પરમેશ્વરે શેમાંથી ઉત્પન્ન કર્યું હશે ?

શિક્ષક : પરમેશ્વરને જગત સર્જવા માટે બહાર કંઈ પણ શોધવા જવું પડતું નથી. કડિયા-સુથારને ઘર બાંધવા માટે પથ્થર, માટી કે લાકડાં લેવા જવું પડે છે; કારણ કે એવા કામ માટે પરમેશ્વરે જે સાધનો કરી મૂક્યાં છે તેનો માત્ર ઉપયોગ એ કરી શકે છે. તેઓની શક્તિ પરમેશ્વર જેવી અનંત-અમાપ નથી કે એમને બહારનાં સાધનોની જરૂર ન પડે, પણ પરમેશ્વર તો અમાપ શક્તિવાળા હોવાથી સઘળું પોતાનામાંથી જ ઉત્પન્ન કરી શકે છે. આ ઉપર હું તમને એક પ્રાચીન પુસ્તકમાંથી વાર્તા કહું તે સાંભળો :

પૂર્વે આવા જ એક વડ નીચે ઉદ્દાલક નામે એક બ્રાહ્મણ ઝૂંપડી બાંધીને રહેતો હતો. આ બ્રાહ્મણ ખૂબ વિદ્વાન હતો, પણ તેના પુત્ર શ્વેતકેતુને ભણવું ગમતું નહિ. આઠમે વર્ષે એને યજ્ઞોપવીત (જનોઈ) દીધું હતું. યજ્ઞોપવીત દીધા પછી તરત કુમારે ગુરુને ઘેર જઈ વિદ્યા ભણવી એવો અસલ આપણે ત્યાં રિવાજ હતો. પણ આ છોકરો બાર વર્ષનો થયો ત્યાં સુધી ગુરુને ઘેર ગયો નહિ. એક દિવસ પિતાએ ખેદ પામી શ્વેતકેતુને પોતાની પાસે બેસાડ્યો અને કહ્યું, ''ભાઈ જો, હજુ આપણા કુળમાં કોઈ ભણ્યા વગરનો રહ્યો નથી. તું ગુરુને ઘેર જઈ વિદ્યા ભણી આવે તો સારું.''

આ કોમળ પણ સચોટ ઠપકાની શ્વેતકેતુના મન ઉપર ખૂબ અસર થઈ. એ દૂર દેશ ગુરુને ઘેર વિદ્યા ભણવા ગયો. બાર વર્ષ સુધી એ ગુરુને ઘેર રહ્યો અને અનેક પ્રકારની વિદ્યાઓ ભણ્યો. વિદ્યા ભણીને આવ્યો ત્યારે જાણે બદલાઈ જ ગયો હતો. પહેલાં એ અભણ અને તોફાની હતો પણ નિરભિમાની હતો. હવે તે વિદ્વાન અને ઠરેલ પણ અભિમાની અને અક્કડ દેખાયો. પિતાએ જોયું કે છોકરો બહુ ભણ્યો છે, પણ હજુ ખરા ધર્મનું - પ્રભુના જ્ઞાનનું શિક્ષણ મળ્યું નથી; તેથી પિતાએ એને પાસે બેસાડી કહ્યું : '' શ્વેતકેતુ, તારી બુદ્ધિ તો બહુ કેળવાઈ છે. તું વિદ્યા ભણ્યાનું અભિમાન પણ બહુ રાખે છે અને દેખાય છે પણ હું તને એક પ્રશ્ન પૂછું તેનો ઉત્તર દે. તેં કદી તારા ગુરુને આ પ્રશ્ન કર્યો છે કે ગુરુજી કયો પદાર્થ હશે કે જે એકને જાણવાથી સર્વ કંઈ જાણવામાં આવી જાય ?''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શ્વેતકેતુએ કહ્યું : ''પિતાજી, એકને જાણ્યાથી તે વળી બધાનું જ્ઞાન શી રીતે થઈ જાય ?''

પિતા બોલ્યા : '' જો ભાઈ, આ માટી છે. આ એક માટીને પૂરેપૂરી જાણી લઈએ તો માટીના ઘડા કે ઈંટ વગેરે જે-જે પદાર્થો થાય છે તે સર્વ આપણે જાણી શકીએ; કારણ કે માટીના બનેલા તે સર્વ પદાર્થો જુદાં નામ માત્ર છે. તેમાં ખરી વસ્તુ તો એક માટી જ છે. તે જ પ્રમાણે, ભાઈ, જો આપણે લોઢું તે બરાબર સમજી લઈએ, તો લોઢાના બનેલા સર્વ પદાર્થો આપણા સમજવામાં આવી જાય; કારણ કે લોઢામાંથી બનેલા સર્વ પદાર્થો તે નામમાત્ર છે. ખરી વસ્તુ તે લોઢું જ છે.''

શ્વેતકેતુ બોલ્યો : '' પિતાજી, ત્યારે મારા ગુરુઓએ તો મને એવો કોઈ જ પદાર્થ બતાવ્યો નથી કે જે જાણ્યાથી સઘળાનું જ્ઞાન થઈ જાય. મને લાગે છે કે એ પદાર્થ એ ગુરુઓ પોતે જ જાણતા નહિ હોય. જાણ હોય તો મને શા માટે ન કહે ? માટે, પિતાજી, તમે જ મને એ કહો.''

પિતાએ કહ્યું : ''એ પદાર્થ તે 'પરમેશ્વર' છે. જેમ ઘડો વગેરે માટીનાં બનેલાં છે, ઘરેણાં વગેરે સોનાનાં બનેલાં છે. છરી, તલવાર વગેરે લોઢાનાં બનેલાં છે તેમ આ સર્વ પદાર્થો પરમેશ્વરના બનેલા છે. પરમેશ્વરની ઇચ્છા થઈ કે 'હું એક છું તે બહુ થાઉં' અને એમ ઇચ્છા કરીને એણે પોતે જ પૃથ્વી, પાણી, તેજ વગેરે ધારણ કર્યાં અને આ સૃષ્ટિ થઈ.''

તે પછી પિતાએ પુત્રને પરમેશ્વર સંબંધી વિશેષ જ્ઞાન આપ્યું. ખાલી વિદ્યા ભણવાથી પુત્ર અભિમાની થઈ ગયો હતો તે પરમેશ્વર સંબંધી જ્ઞાન થતાં નમ્ર થયો અને એણે ખરી જાણવાની વસ્તુ જાણી.

બીજે દિવસે પણ એ ઝાડ નીચે ધર્મશિક્ષણનો વર્ગ ભરાયો. સૌ વડની છાયાના એ શાંત સ્થળે બેઠા છે. જેમ પ્રભુમાંથી આ સર્વ સૃષ્ટિ ફેલાઈ છે તેમ એ વડમાંથી વડવાઈઓ ફેલાઈ હતી. વડ ઉપર લાલ લાલ પુષ્કળ ટેટાઓ બાઝેલા હતા. તેમને ખાવા માટે ત્યાં કેટલાંયે પક્ષીઓ આવીને બેઠાં હતાં. વૃક્ષની નીચે પણ પવન અને પક્ષીઓએ પાડેલા પુષ્કળ ટેટા વીખરાયેલા હતા.

આ વખતે શિક્ષક બોલ્યા : ''કાલની વાતમાંથી કોઈને કાંઈ પૂછવું હોય તો પૂછો.''

એક વિદ્યાર્થીએ ઊભા થઈ કહ્યું : ''ગુરુજી, શ્વેતકેતુના પિતાએ કહ્યું તેમ જો આ સર્વ પદાર્થો એ જ પરમેશ્વર નહિ. જે આ પૃથ્વીમાં રહે છે, છતાં જેને પૃથ્વી જાણતી નથી, પૃથ્વી જેનું શરીર છે, જે પૃથ્વીમાં રહીને તેને ચલાવે છે, એ 'પરમેશ્વર'; જે જળમાં રહે છે, જે વાયુમાં રહે છે, સૂર્ય, ચંદ્ર, તારા, પશુ-પંખી, મનુષ્ય વગેરેમાં અને આ બ્રહ્માંડમાં ભરેલા અસંખ્ય પદાર્થોમાં રહે છે, છતાં એ પદાર્થો જેને જાણતા નથી, એ પદાર્થો જેનું શરીર છે, એ પદાર્થોની અંદર રહ્યો-રહ્યો જે એમને ચલાવે છે એ 'પરમેશ્વર'.

પણ માટી અને માટીનાં વાસણોનું મેં જે દૃષ્ટાંત આપ્યું હતું તે સાંભળીને તમને શંકા થઈ. તે થઈ એ યોગ્ય જ છે. શ્વેતકેતુને પણ કદાચ એ શંકા થઈ હશે. તેથી એના પિતાએ જેમ બીજું દૃષ્ટાંત આપીને એને સમજાવ્યું હતું તેમ અહીં હું સમજાવું છું તે સાંભળો :

''પેલો એક વડનો ટેટો લાવો, એને ભાંગીને જુઓ.''

ટેટો ભાંગીને બધા અંદર જોવા લાગ્યા.

વિદ્યાર્થીઓએ કહ્યું : ''સાહેબ, આમાં તો ઝીણાઝીણા દાણા દેખાય છે.''

શિક્ષક બોલ્યા : ''હવે એ ટેટામાંનો એક ઝીણો દાણો લઈને એને ભાંગો અને જુઓ એમાં શું દેખાય છે.''

છોકરાઓએ એક દાણો લઈને ભાંગ્યો અને જોયું, પણ તે બહુ ઝીણું હોવાથી કંઈ જ દેખાયું નહિ તેથી તેઓ બોલ્યા : ''સાહેબ, આ ભાંગતાં તો કંઈ જ દેખાતું નથી.''

શિક્ષકે કહ્યું : ''ત્યારે સમજો કે કંઈ જ દેખાતું નથી એમ જે કહો છો એમાં જ આખું વડનું ઝાડ સમાઈ રહેલું છે અને એ જ પ્રમાણે આ જગતની અંદર રહ્યો છતાં જે દેખાતો નથી, તેમાં જ આ જગત સમાઈ રહેલું હતું અને તેમાંથી જ એ નીકળ્યું છે.''

એક વિદ્યાર્થીએ કહ્યું : ''શ્વેતકેતુના પિતાએ માટી અને ઘડાનું દૃષ્ટાંત આપવાને બદલે પહેલેથી જ આ વડનું દૃષ્ટાંત આપ્યું હોત તો કેવું સારું !''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શિક્ષકે કહ્યું : ''માટી અને ઘડાનું, સોનું અને સોનાનાં ઘરેણાંનું, લોઢું અને લોઢાનાં ઓજારો ઈત્યાદિનું દૃષ્ટાંત આપવાની મતલબ એવી છે કે તે-તે પદાર્થની ચીજો ભાંગો, ફોડો, તો પણ જે પદાર્થની એ બનેલી છે, તે પદાર્થ તો હંમેશાં કાયમ રહેવાનો જ. ઘડો ફૂટ્યો પણ માટી ફૂટશે નહિ; ઘરેણાં ભાંગશે-તૂટશે, પણ સોનું એમનું એમ રહેશે. તેવી રીતે આ જગત પરમેશ્વરનું બનેલું છે. ભાંગી જાય, ફૂટી જાય, તો પણ પરમેશ્વરનો નાશ થવાનો નથી, પણ આ વડ સુકાઈ જાય કે બળી જાય તો એમાં બીજ રહે નહિ. વળી, આ બીજ અને ઝાડને છૂટાં પાડી શકાય, પણ એ રીતે પરમેશ્વરને અને સૃષ્ટિને એકબીજાંથી છૂટાં પાડી શકાય નહિ, એટલી વડ અને બીજનાં દૃષ્ટાંતમાં ખામી છે.''

એક વિદ્યાર્થીએ કહ્યું : ''એક દૃષ્ટાંતમાં એક ખામી, બીજામાં બીજી ખામી !''

શિક્ષકે કહ્યું : ''ખરું, કોઈ પણ દૃષ્ટાંત પરમેશ્વરને તદ્દન એકસરખું પૂરેપૂરું લાગુ પડતું નથી. એવું જ દૃષ્ટાંત મળી આવે તો એમાં અને પરમેશ્વરમાં ફેર રહે નહિ. પણ પરમેશ્વર જેઓ કેવળ પરમેશ્વર જ છે. તેથી આપણે જે-જે દૃષ્ટાંતો લઈએ છીએ તેનાથી આપણને પરમેશ્વરનું સ્વરૂપ અમુક અંશે જ સમજાય છે.''

બીજે દિવસે શિક્ષક અને વિદ્યાર્થીઓ એકઠા મળ્યા હતા, ત્યારે વિદ્યાર્થીઓએ પૂછ્યું : ''સાહેબ, ઈશ્વર દેખાતો નથી, તો એ ક્યાં રહેલો હશે ?''

શિક્ષક બોલ્યા : ''આ જગતના કણેકણમાં તે ભરેલો છે. શ્વેતકેતુના પિતાએ આ વાત તેને એક સારા દૃષ્ટાંતથી સમજાવી છે, સાંભળો :

પિતા ઉદ્દાલકે કહ્યું : ''ભાઈ, પેલા પાણીમાં એક મીઠાનો ગાંગડો નાખ અને સવારમાં એ લઈ મારી પાસે આવજે.''

શ્વેતકેતુએ એમ કર્યું. બીજે દિવસે સવારમાં તે મીઠાના પાણીનો પ્યાલો લઈ પિતા પાસે ગયો. પિતાએ કહ્યું : ''શ્વેતકેતુ, પેલો મીઠાનો ગાંગડો તેં પાણીમાં નાખ્યો છે તે લાવ.''

શ્વેતકેતુએ પાણીમાં હાથ ફેરવ્યો પણ એ ગાંગડો બિલકુલ જણાયો નહિ; કારણ કે તે તદ્દન ઓગળી ગયો હતો. તેણે કહ્યું : ''પિતાજી, મીઠાનો ગાંગડો તો આમાં જણાતો નથી.''

પિતાએ કહ્યું : ''તો હવે આ પાણીને ચાખી જો અને કહે, કેવું લાગે છે ?'' શ્વેતકેતુએ ઉપરથી પાણી ચાખ્યું અને કહ્યું : ''હવે આ પાણી ખારું લાગે છે.'' પિતાએ કહ્યું : ''પાણીને ચમચીથી વચ્ચેથી લઈ ચાખી જો કે કેવું લાગે છે ?'' શ્વેતકેતુ બોલ્યો : ''અહીંથી પણ ખારું લાગે છે.''

પિતાએ કહ્યું : ''હવે એ પાણીને તેમાંથી મીઠું કાઢી નાખીને મારી પાસે લાવ.''

શ્વેતકેતુએ કહ્યું : ''પિતાજી, એ શી રીતે નીકળે ? એ તો પાણીમાં તદ્દન ભળી ગયું છે.''

પિતા બોલ્યા : ''ત્યારે એ જ પ્રમાણે સમજ કે પરમેશ્વર અહીં જ છે; છતાં તું જોઈ શકતો નથી કે એ અહીં જ છે. માત્ર એ ચાખવાથી, એનો રસ લેવાથી જ એ જણાય છે ; એટલે પરમેશ્વર આંખે દેખાતો નથી, પણ એને અનુભવમાં લઈ શકાય છે અને એ રીતે એ છે એમ આપણને ખાતરી થાય છે.''

ત્યારે એક વિદ્યાર્થીએ ઊભા થઈ કહ્યું : ''સાહેબ, આ વાતમાં મીઠાને બદલે સાકર કહી હોય તો કેવું સારું ?''

શિક્ષકે કહ્યું : ''ઘણું સારું; પરમેશ્વર સાકર જેવો મીઠો છે, પણ તમે જ જરા કહો ને, કે ખારા પદાર્થને તમે 'મીઠું' કેમ કહો છો ?''

વિદ્યાર્થી શિક્ષકનું કહેવું સમજી ગયો. તેણે જોયું તો પોતે બંધાઈ ગયો છે. તેણે કહ્યું : ''સાહેબ, મીઠા વગર બધી રસોઈ ફીકી લાગે છે; રસોઈમાં ગળપણ વિના ચાલે, પણ મીઠા વિના ચાલે નહિ.''

શિક્ષકે કહ્યું : ''ત્યારે સમજો કે પરમેશ્વર વગર આ જગતની સઘળી રસોઈ ફીકી છે.''

('હિન્દુધર્મની બાળપોથી'માંથી)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## શબ્દ-સમજૂતી

**ઈશ્વર** સર્વવ્યાપી અને સર્વશક્તિમાન; **બ્રહ્માંડ** બૃહદ વિશ્વ; **યોજન** ચારગાઉ; **યજ્ઞોપવીત** જનોઈ; **ટેટો** વડના વૃક્ષ પર આવતું ફળ; **વડવાઈ** વડની ડાળ પર ફૂટેલ કૂણું મૂળિયું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) પરમેશ્વર ક્યાં વસે છે ?

(2) પરમેશ્વરના જ્ઞાનથી શું કેળવી શકાય છે ?

(3) ઈશ્વર કયા સ્વરૂપમાં જોવા મળે છે ?

(4) આત્મા અને પરમાત્મા વચ્ચે શો ભેદ છે ?

(5) વિદ્યાર્થીમાં કયા કયા ગુણોનો આવિર્ભાવ થાય છે ?

(6) ઉદ્દાલકે શ્વેતકેતુને ગુરુને ઘેર દૂર ભણવા શા માટે મોકલ્યો ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) કોને કોને એકબીજાથી છૂટા પાડી શકાય નહિ ? શા માટે ?

(2) ઉદ્દાલકે શ્વેતકેતુને શો પ્રશ્ન કર્યો ? તેણે શો ઉત્તર આપ્યો ?

(3) વિદ્યા મેળવ્યા પહેલાં અને પછી શ્વેતકેતુના સ્વભાવમાં શો તફાવત રહેલો છે ?

(4) પદાર્થ અને તેમાંથી બનેલા ઘાટ વચ્ચે શાં સામ્ય અને વૈષમ્ય રહેલાં છે ?

(5) ગુરુને ત્યાં ભણવાને લીધે શ્વેતકેતુમાં શા-શા ફેરફાર થયા ?

(6) ઉદ્દાલકે શા માટે શ્વેતકેતુને પાણીમાં મીઠાનો ગાંગડો નાખી સવારે લઈ આવવા કહ્યું ?

**3. વિસ્તૃત ઉત્તર લખો :**

(1) લેખકે ઈશ્વરની સર્વવ્યાપકતા અને એકરૂપતા કયાં કયાં દૃષ્ટાંતો આપી વર્ણવી છે ?

(2) 'ઈશ્વરનું કાલ્પનિક સ્વરૂપ' - કલ્પના કરી ગદ્યના આધારે ચિંતન રજૂ કરો.

(3) નીચેની બાબતો સમજો :

(i) ઈશ્વરને જાણવાથી સર્વ કંઈ જાણવામાં આવી જાય છે.

(ii) ઈશ્વર જગતની અંદર રહ્યો છે છતાં દેખાતો નથી.

(iii) આ જગત પરમેશ્વરનું બનેલું છે, પણ એ જગત જો ભાંગી જાય તો પણ પરમેશ્વરનો નાશ થવાનો નથી.

(iv) પરમેશ્વર આંખે દેખાતો નથી પણ એને અનુભવમાં લઈ શકાય છે.

(v) પરમેશ્વર જેવો કેવળ પરમેશ્વર જ છે.

(vi) ખારો પદાર્થ 'મીઠું' કહેવાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'ઈશ્વર એક છે કે અનેક' આ વિષય પર તમારા વર્ગ સાથે ચર્ચા કરો.
- સ્વાધ્યાય પ્રવૃત્તિના નિર્મળ નિકેતન દ્વારા પ્રકાશિત 'જીવભાવના' મેળવીને વાંચો
- તમારા નજીકના ધાર્મિક સ્થાનની મુલાકાત લો.

### ભાષા-અભિવ્યક્તિ

"ભાઈ જો, હજુ આપણા કુળમાં કોઈ ભણ્યા વગરનો રહ્યો નથી."

આ વાક્ય ધ્યાનથી વાંચો. અહીં પોતાના પુત્ર માટે પિતા થકી 'ભાઈ' સંબોધન કરાયું છે. ને તરત જ 'જો' પછી અલ્પવિરામ છે. આ દ્વારા પોતાની વાતમાં પુત્ર ધ્યાન આપે એવું ઇંગિત છે.

"ઘણું સારું; પરમેશ્વર સાકર જેવો મીઠો છે, પણ તમે જ જરા કહો ને, કે ખારા પદાર્થને તમે 'મીઠું' કેમ કહો છો ?"

અહીં 'મીઠું' શબ્દનો એક અર્થ ગળ્યું અને બીજો અર્થ ખારું એવો પ્રયોજાયેલ છે.

'ઈશ્વર સર્વવ્યાપી છે' – એ ગૂઢ વાતને ચિંતનાત્મક ગદ્યરૂપે રજૂ કરવાને બદલે લેખકે લોકભોગ્ય પદાર્થો–મીઠું અને પાણીનું ઉદાહરણ સંવાદરૂપે વ્યક્ત કરીને, બાળકોને સમજાય એવી ભાષા-અભિવ્યક્તિની રચના કરી છે. સહૃદયી ચિંતકની બાળક પ્રત્યેની ચિંતામાંથી આ અભિવ્યક્તિની રીત સહજ પ્રગટી આવી છે તે નોંધો.

### શિક્ષક-પ્રવૃત્તિ

- ધાર્મિક સ્થળોના પ્રવાસનું આયોજન કરો.
- 'હિન્દુ ધર્મની બાળપોથી' વિદ્યાર્થીને જૂથમાં વાંચવા આપો.
- 'વિવિધતામાં એકતા અને એકતામાં વિવિધતા' વિશે સંવાદ કરો.

આપણાં બે મહાકાવ્યો રામાયણ અને મહાભારતનો જોટો આખી દુનિયાના કાવ્યસાહિત્યમાં શોધી વળીએ તોય જડે એમ નથી. એ બે કાવ્યોના ઉદ્ભવ માટે જે કથા છે તે વાલ્મીકિને રામાયણ રચવાનું પ્રથમ દર્શન થયું ત્યારે તેના અંતઃકરણમાંથી આ શ્લોકનો આપોઆપ આવિર્ભાવ થયો હતો.

मा निषाद प्रतिष्ठां त्वं अगमः शाश्वतीसमा ।

यत्क्रौंचुमिथुनादेकं अवधिः काममोहितम् ॥

આખાય રામાયણ વૃક્ષના બીજરૂપે આ શ્લોક રોપાયો, પોષાયો અને એ ભવ્ય વૃક્ષ ફાલી નીકળ્યું.

**– વિઠ્ઠલરાય આવસત્થી**


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 20 બા એકલાં જીવે...



**મૂકેશ જોશી**

**(જન્મ : 2-10-1964)**

કાવ્યક્ષેત્રે નિજી કેડી કંડારનાર કવિ મૂકેશ દુર્ગેશભાઈ જોશીનો જન્મ વડાલી-ઇડર (જિ. સાબરકાંઠા) ખાતે થયો છે. અભ્યાસ મોડાસાની સર્વોદય હાઈસ્કૂલમાં કર્યો છે. ડિપ્લોમા સિવિલ એન્જિનિયર તેમજ એમ.એ. જેવી શૈક્ષણિક ઉપાધિઓ ધરાવે છે. 'કાગળને પ્રથમ તિલક', 'ત્રાણ' તેમજ 'બે પંક્તિના ઘરમાં' એમના નોંધપાત્ર કાવ્ય સંગ્રહો છે. 'જળ અભિષેક', 'આંતરયાત્રા', 'એક સાંવરિયો બીજો બાવરિયો', 'રૂપિયાની રાણી ને ડોલરિયો રાજા' એમનાં નાટકો છે. એમને શયદા એવૉર્ડ, જયન્ત પાઠક એવૉર્ડ-સુરત, ગુજરાત સાહિત્ય અકાદમી એવૉર્ડ તેમજ હરીન્દ્ર દવે એવૉર્ડ (2010) પ્રાપ્ત થયા છે. વિષયવસ્તુની પસંદગીથી લઈને એની અભિવ્યક્તિની ભાવસઘન ભાષાને લઈને એમની કવિતાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે.

બે પેઢી વચ્ચે ભૌતિક અને માનસિક અંતર વધતું જાય છે અને આ સમય જૂની પેઢીને ખાલીપો આપી જાય છે તેમજ નવી પેઢીને સંબંધોની મીઠાશથી દૂર કરતો જાય છે. વૅકેશનમાં મળતા અને વ્હાલથી મલકાતા સગાસંબંધીઓ હવે મળવાનું ટાળે છે. માત્ર પોતાના નાનકડા કુટુંબ તરફ ધ્યાન આપીને મોટા આનંદથી વંચિત થતા જાય છે. વૅકેશનની રાહ એનાં બાળકો કરતાં વતનમાં રહેતા એમના વડીલો વધારે જોતા હોય છે, કારણ કે આખા વર્ષની એકલતા દૂર થવાના દિવસો નજીક આવતા દેખાય છે અને જ્યાં આવનારની વાટ જોવાતી હોય ત્યારે ફોન આવે છે કે આ વૅકેશનમાં અમે બહારગામ ફરવા જવાનાં છીએ એથી અવાશે નહિ ! ત્યારે એકલતા બમણા જોરથી હુમલો કરે છે, જીવવું કપરું બની જાય છે. આવાં અનેક બા અને દાદા આપણાં ગામડાંમાં વસે છે, જેમનાં દીકરા-દીકરીઓ દૂરદૂર શહેરોમાં જઈને વસ્યાં છે. શહેરીજનો જ્યારે આ વ્યથાને સમજશે ત્યારેજ કદાચ એનો સુખદ અંત આવી શકે !

---

બા એકલાં જીવે... બા સાવ એકલાં જીવે
એકલતાનાં વર્ષો એને ટીપે ટીપે પીવે. બા સાવ૦
બાના ઘરમાં વૅકેશન જ્યાં માળો બાંધી રહેતું,
રસગુલ્લાની ચાસણી જેવું વ્હાલ નીતરતું વહેતું
દોડાદોડી, સંતાકૂકડી સહુ પકડાઈ જાતાં
ભાઈ-ભગિની ભેળાં બેસી સુખનો હીંચકો ખાતાં
સુખડીમાં ઘી રેડી-રેડી બા સહુને ખવડાવે
ઊડવાનું બળ આપી પાછી ઊડવાનું શિખવાડે
સુખનો સૂરજ છાનોમાનો જલતો ઘરના દીવે. બા સાવ૦
કાળ-કુહાડી ફરી કપાયાં વૅકેશનનાં ઝાડ
કોઈ હવે પંખી ના ફરકે ચણવા માટે લાડ
સૂનકાર ને સન્નાટાઓ ઘરમાં પહેરો ભરતા
બાના જીવતરની છત પરથી શ્વેત પોપડા ખરતા
સુખડીનો પાયો દાઝેલો શેમાં એ ઘી રેડે
બાએ સહુનાં સપનાં તેડ્યાં: કોણ બાને તેડે
ફાટેલા સાળુડા સાથે કૈંક નિસાસા સીવે. બા સાવ૦



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કમ સે કમ કો' ટપાલ આવે તાકે આંખો રોજ,
નીચું ઘાલી જાય ટપાલી ખાલી થાતો હોજ.
દાદાજીના ફોટા સામે ભીની આંખે પૂછે,
ફ્રેમ થયેલા દાદા એનાં આંસુ ક્યાંથી લૂછે.
શબરીજીને ફળી ગયાં'તાં બોર અને એ રામ,
બાનાં આંસુ બોરબોર પણ ના ટપકે કો' રામ.
જીવતરથી ગભરાવી મૂકી મોતથી જે ના બીવે. બા સાવ૦

### શબ્દ-સમજૂતી

**એકલતા** એકાકીપણું, નિર્જનતા; **સૂનકાર** ઉજ્જડ, નીરવતા; **રસગુલ્લાં** એક બંગાળી મીઠાઈ; **તાકવું** ધારીને જોવું.

### રૂઢિપ્રયોગ

**બોર બોર આંસુ ટપકવાં** ચોધાર આંસુએ રડવું

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) બા શા માટે એકલાં પડી ગયાં છે ?

(2) બાનું હેત (વ્હાલ) કેવું છે ?

(3) 'બા એકલાં જીવે' કાવ્યમાં બાની કઈ સમસ્યા વિશે વાત કરવામાં આવી છે ?

(4) સુખનો હીંચકો કોણ ખાઈ રહ્યું છે ?

(5) સુખડી બનાવી કોણ ખવડાવે છે ?

(6) ઘરમાં કોણ પહેરો ભરે છે ?

(7) બાના જીવતરની છત પરથી શું ખરે છે ?

(8) ફ્રેમ થયેલા દાદા શું નથી કરી શકતા ?

(9) બા શેનાથી બીતાં નથી ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) બા આખા કુટુંબનો ખ્યાલ કેવી રીતે રાખતાં ?

(2) કાળરૂપી કુહાડીએ કેવી પરિસ્થિતિ સર્જી દીધી છે ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'બાનો વર્તમાન' અને 'બાનો ભૂતકાળ' કવિતાના આધારે સમજાવો.

(2) બાની વેદના તમારા શબ્દોમાં લખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'બા' વિષયક અન્ય પાંચ કવિતા મેળવી ભીંતપત્ર તૈયાર કરો.
- શબરીની વાર્તા તમારા શિક્ષક પાસેથી સાંભળો.
- ઈન્દુલાલ ગાંધીનું 'આંધળી માનો કાગળ' ગીત મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

કાવ્યનું શીર્ષક જ અધૂરું છોડ્યું છે.

કાવ્યમાં 'બા સાવ એકલાં જીવે' પંક્તિમાં 'સાવ' શબ્દથી બાના જીવનની એકલતાને કવિએ તીક્ષ્ણતાથી પ્રગટ કરી છે. એકાદ કવિશબ્દ યથાર્થ રીતે પ્રયોજાય ત્યારે ભાવની અસરકારકતા કેવી વરતાય છે તે જુઓ.

'રસગુલ્લા જેવું વ્હાલ', 'સૂનકાર ને સન્નાટાઓ ઘરમાં પહેરો ભરતા', 'જીવતરની છત પરથી શ્વેત પોપડા ખરતા' - આવાં રૂપકોથી ગીત અસરકારક બને છે.

બાના જીવનની એકલતા દૂર કરવા બાબતે 'રામ' અને બાની મૃત્યુથી ન બીવાની વાત વ્યક્ત કરતી આ પંક્તિ જુઓ :

'બાનાં આસું બોરબોર પણ ના ટપકે કો' રામ,<br>
જીવતરથી ગભરાવી મૂકી મોતથી જે ના બીવે.'

## શિક્ષક-પ્રવૃત્તિ

- 'મા તે મા' વિષય પર નિબંધ તૈયાર કરાવો.
- મણિલાલ દેસાઈનું 'બાને' સૉનેટ મેળવીને વિદ્યાર્થીને સંભળાવો.
- મૂકેશ જોશીનાં અન્ય ગીત વિદ્યાર્થીઓને સંભળાવો.
- પ્રસ્તુત કાવ્યનું ગાન ન કરાવતાં, એનો ભાવવાહી પાઠ (રિસાઈટેશન) કરો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# વ્યાકરણ-લેખન : શૈલીવિષયક સજ્જતા

**પ્રાસ્તાવિક**

સમગ્ર પાઠ્યપુસ્તકમાં ગદ્ય-પદ્યની અનેક કૃતિઓ છે. દરેક કૃતિની સાહિત્યસ્વરૂપની દૃષ્ટિએ એક ઓળખ છે. આત્મકથા, નવલકથા-ખંડ, નાટ્યાંશ, નવલિકાઓ, મુલાકાત, નિબંધ વગેરે ગદ્યકૃતિઓનો એમાં સમાવેશ છે. દરેક સાહિત્યસ્વરૂપને સ્વતંત્ર રીતે પોતીકી વિશેષતાઓ છે - વિષયવસ્તુની દૃષ્ટિએ તેમજ અભિવ્યક્તિની દૃષ્ટિએ. અભિવ્યક્તિ એટલે કૃતિમાં જે વિચાર-ભાવ-સંવેદન કે માહિતી વિષયવસ્તુરૂપે છે તેને વ્યક્ત કરવાની રીત. એ રીત કે તરેહની કેટકેટલી છટાઓ અહીં છે...!

'અમરનાથની યાત્રાએ જતાં...' પાઠમાંનું શેષ નદીનું વર્ણન વાંચો કે 'સેલ્વી પંકજમ્' પાઠમાંનું ઓરડાનું વર્ણન વાંચો. બંને પરિચ્છેદમાં વર્ણન છે, પણ બંનેની ગદ્યછટા કે તરેહમાં પણ ભિન્નતા છે તે અનુભવો.

'નિશાળનો ઘંટ... છોકરાઓ જાણે ખીજવી રહ્યા હતા.' નદીના ધસમસતા પ્રવાહને વ્યક્ત કરવા લેખિકાએ મુગ્ધા કન્યકાની વાત કેવી રીતે કરી છે તે વાંચો. વસંતના એ સુસવાટા જાણે ટીખળી છોકરાઓના ખીજવી રહેલા અવાજ સાથે સાંકળીને સાદા વર્ણનને અર્થોચિત સૌંદર્ય આપવામાં લેખિકાએ યથાર્થ શબ્દો અને અલંકારોના વૈભવનો આપણને અનુભવ કરાવ્યો છે ! 'ઊજળાં, નિર્મળાં, ઉછાળા મારતાં, ઉતાવળમાં, વહી જતાં પાણીવાળી શેષ નદી...' – આ પંક્તિનો પાઠ કરતાં અનુસ્વારયુક્ત 'આં' કારાન્ત સ્વરોનો નાદ, નદીના ખળખળ વહેતા નિનાદ (જળનાદ)નો આપણા ચિત્તને આહ્લાદક અનુભવ કરાવે છે તે જુઓ. એ જ રીતે 'સેલ્વી પંકજમ્' પાઠમાંનું ઓરડાનું વર્ણન વાંચો.

'ઓરડો નાનો હતો, સાદો હતો; પરંતુ ખૂબ ચીવટથી સજાવેલો હતો...' એ પરિચ્છેદ વાંચો. અહીં પણ વર્ણન છે. જોકે બંને વર્ણનોમાં વિષયથી લઈને અભિવ્યક્તિમાં વર્ણનની છટા અલગ છે. નદીના ધસમસતા પ્રવાહના સૌંદર્યને પ્રગટ કરવા મુગ્ધા કન્યકા અને ટીખળી છોકરાઓને વ્યક્ત કરતા રૂપક અલંકારનો વિનિયોગ કર્યો છે, ને યથોચિત શબ્દોની વ્યંજનાએ વર્ણનમાં રંગ પૂર્યા છે, જ્યારે ઓરડાની સાદગી તેમજ સુઘડતા-સ્વચ્છતાની પછવાડે એક સ્ત્રીના સંસ્કાર તે જીવનશૈલીની સોડમ છે. અહીં કશા ભાષાલંકાર નથી, સાદી, સરળ ને સચોટ વાક્યરચના, સ્ત્રીના વ્યક્તિત્વને યથાર્થ રીતે પ્રગટ કરે છે.

આ અર્થ વર્ણનાત્મક લઢણ, ઢબ, કથનરીતિ. આ સિવાય પણ કથાવસ્તુને અનુકૂળ એવી વાદ-વિવાદ, વિવરણાત્મક કે ભાષાની ઉત્કટતાને આધારે ભાવાત્મક લઢણોનાં પુષ્કળ ઉદાહરણો પાઠ્યપુસ્તકમાં છે. આપણે એ ઉદાહરણોને આધારે કથનરીતિ કે શૈલીના વૈવિધ્યને જાણવા-માણવાનો પ્રયત્ન કરીએ.

## શૈલી

ભાષાની અભિવ્યક્તિની આ લઢણ, રીત કે તરેહને માટે 'ભાષાશૈલી' એવી સંજ્ઞા પ્રયોજાય છે. અગાઉ આપણે જોયું એ રીતે, શબ્દઘડતર અને શબ્દવિષયક સજ્જતાની કેળવણી માટે લખનાર (લેખક) જે શબ્દો કે શબ્દ-પદાવલિઓ પસંદ કરે છે તેને આધારે આ રીત કે શૈલી નક્કી થાય છે. બોલચાલના, તળપદા શબ્દો કે શબ્દ-પદાવલિઓથી બોલચાલની શૈલી બને છે, એમ શિષ્ટ શબ્દોથી કે શબ્દ-પદાવલિઓથી રચાતી શૈલીને શિષ્ટશૈલી કહે છે. જોકે બોલચાલની શૈલી કે શિષ્ટશૈલી કરતાં 'બોલચાલના ભાષાપ્રયોગ'ને 'શિષ્ટ ભાષાપ્રયોગ' કહેવાનું એ માટે વધુ વાજબી ગણાય. નીચેના બે પરિચ્છેદ વાંચો :

1. '...હિમાલય અને બંગાળ, બેઉના રસ્તા પર કાશી નગરી પડતી હતી. કર્મસંજોગે હું ત્યાં આવી પહોંચ્યો હતો; પરંતુ ન હું હિમાલય ગયો, ન બંગાળ પરંતુ મનોમન તો હું એ બંને સ્થળે એકી સાથે પહોંચી ગયો. હું ગાંધીજી પાસે પહોંચી ગયો અને મને એમની પાસે હિમાલયની શાંતિ અને બંગાળની ક્રાંતિ બેઉ સાંપડ્યાં...' (સત્યાગ્રહાશ્રમ)
2. 'યુધિષ્ઠિર : મહાવિનાશના ખાતરમાં બીજું શું ઊગવાનું હતું ? લોહી પીને ઊછરેલા છોડ અમૃતફળ ઓછા આપવાના હતા ? લોહી અને આંસુનાં ઝાપટાંથી માનવની સંસ્કૃતિનો ફાલ બગડી જશે ઊલટો.'

'બોલચાલની શૈલી' કે 'શિષ્ટ શૈલી' હોય પણ કહેવાની રીત (કથનરીતિ) અલગ અલગ હોઈ શકે. પ્રથમ પરિચ્છેદમાં શિષ્ટ ભાષાપ્રયોગ છે, પણ લેખકે પોતાને (આત્મ) કેન્દ્રમાં રાખી (લક્ષી)ને રજૂઆત કરી છે, તેથી એને આત્મલક્ષી શૈલી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કહીશું, જ્યારે બીજા પરિચ્છેદમાં યુધિષ્ઠિર દ્વારા બોલાયેલો સંવાદ માત્ર વિષયને જ કેન્દ્રમાં રાખીને એટલે કે પોતાને કેન્દ્રમાં રાખ્યા વિના, રજૂઆત થઈ છે, આ શૈલીને વસ્તુલક્ષી કહી શકાય. યુધિષ્ઠિરના સંવાદમાં જોઈ શકાશે કે વિષયવસ્તુ, વસ્તુલક્ષી શૈલીમાં છે, પણ તાર્કિક દલીલો છે, સંવાદમાં તર્ક છે ને નિષ્કર્ષરૂપે 'માનવતાની સંસ્કૃતિનો ફાલ બગડી જશે' એમ સાર દર્શાવે છે.

લેખક વિષયની રજૂઆત વર્ણનરૂપે, ભાવ કે સંવેદનની અભિવ્યક્તિરૂપે કે દલીલો-તર્ક-રૂપે કે સમજાવટથી કરે એવું બને. એવું પણ બને કે આ બધાં રૂપો કે પાસાંને એક વિષયવસ્તુની અભિવ્યક્તિ માટે પણ ઉપયોગમાં લેવાં પડે. લેખક વિષયવસ્તુને કયા રૂપે પ્રગટ કરે છે તેને આધારે વિવિધ ગદ્યરૂપોને આકાર મળે છે. આમ, આત્મલક્ષી કે વસ્તુલક્ષી શૈલી-રજૂઆત, શિષ્ટ કે તળપદા ભાષાપ્રયોગો, વર્ણનાત્મક, વિવરણાત્મક, વાદાત્મક કે ભાવાત્મક એવી અભિવ્યક્તિ સાથે લેખકે વાપરેલા અલંકારો મળીને 'ભાષાશૈલી' કે અભિવ્યક્તિની 'રીત' બને છે.

## 1. વર્ણનાત્મક ગદ્ય

'મા'ત્માના માણસ'માંનું આ લખાણ વાંચો.

'સાવ નાનું ઘર હતું – પાટીદાર મહોલ્લાને છેડે-છેવાડે. આંગણામાં ભેંસ હતી, સામો કાથીનો ખાટલો હતો, એના પર બેઠી હીરા રાવજીને રમાડતી હતી. મણિભાઈને જોઈને સફાળી ઊભી થઈને સામી દોડી. મણિભાઈ સ્તબ્ધ થઈને એનું રૂપ જોઈ રહ્યો. ખાદીની જાડી, દોઢવેલી સાડી અને દાગીના વગરનો દેહ...'

અહીં ઘરનું અને હીરાનું વર્ણન છે. વાચક પોતે જ જોઈ રહ્યો હોય એવું વસ્તુલક્ષી નિરૂપણ શબ્દોની યોગ્ય ગોઠવણીના માધ્યમથી લેખિકાએ કર્યું છે.

હવે, 'અમરનાથ યાત્રાએ'નું આ લખાણ વાંચો :

નદીના કાંઠા ઉપર, એક શાંત, એકાંત સ્થળ પસંદ કરી અમે ત્રણે ત્યાં બેઠાં. ભાથામાં આણેલી ગરમ વાનગીઓ ઠંડી પડી ગઈ હતી અને ઠંડી વાનગીઓ ગરમ બની ગઈ હતી અને કેટલીક વાનગીઓનું સ્વરૂપ એવું તો પલટાઈ ગયું હતું કે તે કઈ ચીજ છે તે પારખવું યોગબળથી જ કદાચ શક્ય બને !'

ઉપરનાં બંને લખાણો વાંચતાં-સરખાવતાં સમજાશે કે પહેલા વર્ણનમાં બાહ્ય પરિસ્થિતિનું વર્ણન છે. તો બીજા વર્ણનમાં આંતરિક પરિસ્થિતિ વર્ણવી છે. વર્ણનાત્મક ગદ્યની આ બંને છટાઓ એકથી વધુ વખત વાંચવાથી વિશેષ રીતે સમજાઈ જશે.

આ પ્રકારનાં વર્ણનમાં :

(1) પરિચ્છેદમાં એક જ કાળને કે અવસ્થાને રજૂ કરતાં વાક્યો વપરાયાં હોય છે.

(2) આખા પરિચ્છેદમાં એક જ સ્તરના અથવા સામાન્ય રીતે એક કક્ષાના-શિષ્ટશૈલી કે બોલચાલની શૈલીના શબ્દો, સમાસો, રૂઢિપ્રયોગો વગેરે વપરાયા હોય છે.

(3) વર્ણનમાં સચોટતા લાવવા અલંકારો વપરાયા હોય છે.

(4) વર્ણનમાં વિગતોનો ક્રમ હોય છે. ક્યારેક મહત્ત્વની વિગતોથી શરૂ કરી ઓછી મહત્ત્વની વિગતો તરફ અને ક્યારેક ઓછી મહત્ત્વની વિગતોથી શરૂઆત કરી વધુ મહત્ત્વની વિગતો તરફનો ક્રમ જાળવી રખાયો હોય છે.

## 2. ભાવાત્મક ગદ્ય

'સેલ્વી પંકજમ્'નું આ લખાણ વાંચો :

'એનું મોં, એનું રૂપ, એના હાવભાવ, એના બોલ, એની ચાલ, એની આગવી રીતો...એ...માત્ર...એ... કેવી મુક્ત ! કેવી સાદી ! કેવી સીધી ! કેવી નિખાલસ ! ક્યાંય ખોટી શરમ નહિ, કશી છેતરામણી, ચાલાકી નહિ. ઉઘાડી ચોપડી જોઈ લો; વાંચી લો, સમજી લો.

આ જ કૃતિનું બીજું લખાણ વાંચો :



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'...કેવી નિર્મલ, નિર્દોષ ને નિખાલસ ! શું તું તારા પૂર્વગ્રહમાંથી મુક્ત નહિ બની શકે ? પણ એની મા...મા...કોની સાથે ? કેવોય સંબંધ !..... હું મૂંગો બની ગયો.

આ બંને પરિચ્છેદમાં –

કૃતિનાયકના ભાવસંવેદનોને લેખકે શબ્દોમાં ઢાળી આપ્યાં છે. સેલ્વી પંકજમ્‌ના આંતરિક અને બાહ્ય વ્યક્તિત્વથી પ્રભાવિત થયેલ નાયકના ભાવવિશ્વને સુંદર રીતે અહીં રજૂ કરવામાં આવ્યું છે. આ કૃતિમાં ઠેર-ઠેર આવું ગદ્ય તમે અનુભવી શકશો.

આ પ્રકારના ગદ્યમાં મોટાભાગે :

(1) ઉદ્‌ગારસૂચક અને પ્રશ્નાર્થસૂચક વાક્યો વધુ વપરાય છે.

(2) આ ગદ્યમાં બહુધા આત્મલક્ષી રજૂઆત હોય છે, વળી બોલચાલની ભાષા વાપરવાનું વલણ વધુ હોય છે.

(3) તેમાં અંગતતાનો સ્પર્શ વધુ હોય છે. પોતાનો અભિપ્રાય, પોતાની વાત, હૃદયના ભાવો તીવ્રતાથી અને મક્કમતાથી આ ગદ્યમાં રજૂ થાય છે.

(4) વર્ણનની તીવ્રતા ઉત્તરોત્તર વધતી જાય છે અને ભાવ ગહન બનતા જાય છે.

(5) મોટાભાગે આ ગદ્યમાં કર્મણિ રચનાઓ વપરાય છે.

(6) આ ગદ્યમાં ઓછાં ક્રિયાપદોથી કામ ચલાવી શકે છે.

(7) ઓહો, વાહ, છટ્‌, ધિક્‌ જેવા શબ્દપ્રયોગો પણ આ પ્રકારના ગદ્યલખાણમાં ઉપયોગી બની શકે છે. નાટકના સંવાદલેખનમાં મોટાભાગે ભાવાત્મક ગદ્ય હોય છે.

## 3. વિવરણાત્મક ગદ્ય

વિવરણ એટલે સ્પષ્ટીકરણ. પોતાની વાતને કે વાતના વિષયને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન આ ગદ્યમાં થાય છે. લખનાર દ્વારા પોતાના વિષયને સ્પષ્ટ અને સરળતાથી સમજાવવા માટે યોગ્ય શબ્દો-વાક્યો આ ગદ્યખંડમાં મુકાય છે.

'ઈશ્વર સર્વવ્યાપી' કૃતિમાંનો આ પરિચ્છેદ વાંચો :

'પરમેશ્વરને આ જગત સર્જવા માટે બહાર કંઈ પણ શોધવા જવું પડતું નથી. કડિયા-સુથારને ઘર બાંધવા માટે પથ્થર, માટી કે લાકડાં લેવા જવું પડે છે; કારણ કે એવા કામ માટે પરમેશ્વરે જે સાધનો કરી મૂક્યાં છે તેનો માત્ર ઉપયોગ એ કરી શકે છે. તેઓની શક્તિ પરમેશ્વર જેવી અનંત-અમાપ નથી કે એમને બહારનાં સાધનોની જરૂર ન પડે, પણ પરમેશ્વર તો અમાપ શક્તિવાળા હોવાથી સઘળું પોતાનામાંથી જ ઉત્પન્ન કરી શકે છે.

'ઉછીનું માગનારાઓ' કૃતિમાંનો આ પરિચ્છેદ વાંચો,

'ઉછીનું માગનારાઓ લગભગ અપરિગ્રહી.....

ટાણાસર આપી જનાર વિરલ હોય છે.'

આ બંને ગદ્યખંડોનો અભ્યાસ કરવાથી ધ્યાનમાં આવ્યું હશે કે – પ્રથમ ખંડમાં પરમેશ્વરની અસીમ શક્તિને ઉદાહરણ દ્વારા પ્રગટ કરી છે. તો બીજા ખંડમાં ઉછીનું માગનારાઓની વૃત્તિ અને ટેવને વર્ણવી છે. ટૂંકમાં, બંને ખંડોમાં પરમેશ્વરની વૃત્તિ વિશે અને ઉછીનું માગનારા વિશે વિવરણ – સ્પષ્ટીકરણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ પ્રકારના ગદ્યમાં :

(1) જે-તે વિષયવસ્તુના સ્પષ્ટીકરણ માટે ઉદાહરણો પણ પ્રયોજવામાં આવે છે.

(2) ક્યારેક વર્ગીકરણ કે પૃથક્કરણ પણ કરવામાં આવે છે.

(3) 'આવાં કારણોસર', 'એટલે કે', 'બીજી રીતે કહીએ તો', 'સારાંશ એટલો કે', 'આમ જોતાં', 'મતલબ કે', 'ટૂંકમાં' – જેવાં પદો આ ગદ્યમાં વાપરવામાં આવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(4) કેટલાંક વર્ણનાત્મક ગદ્યમાં લખાયેલાં લખાણને જરા જુદી રીતે વિવરણાત્મક ગદ્યમાં રૂપાંતર કરી શકાય; પણ બધાં જ વર્ણનાત્મક ગદ્યનું રૂપાંતર વિવરણાત્મક ગદ્યમાં ન પણ કરી શકાય.

## 4. વાદાત્મક ગદ્ય

વાતને જ્યારે દલીલના રૂપમાં, તર્કના રૂપમાં, આક્ષેપ કે બચાવના રૂપમાં રજૂ કરવાની હોય ત્યારે વાદાત્મક ગદ્ય ઉપયોગી બને છે.

'મા'ત્માના માણસ'માંથી આ પરિચ્છેદ વાંચો :

'એને સમજાતું નહોતું કે શું કરવું ? સત્યાગ્રહીએ આવે વખતે ઉપવાસ કરવા જોઈએ, માતાપિતાને સમજાવવા જોઈએ, પેલું શું ? હા-હૃદય પરિવર્તન કરાવવું જોઈએ... પણ ગાંધીજી ક્યાં એના બાપને ઓળખતા હતા ? એમને ક્યાં ખબર હતી કે વેણીભાઈ વીફરે એટલે પછી કોઈના નહિ ? લાખ સમજાવો તોયે બધું પથ્થર પર પાણી જ.'

હવે, 'સેલ્વી પંકજમ્' કૃતિનો શરૂઆતનો જ આ પરિચ્છેદ વાંચો :

'...પ્રશ્ન થયો : મેં એક મોટી મૂર્ખાઈ તો નથી કરી ને ? માત્ર એક જાહેરખબર વાંચીને, પત્રવ્યવહાર કરીને, પત્નીની પસંદગી કરવા હું છેક દક્ષિણમાં દોડી આવ્યો છું ! થોડા વેરાન, થોડા શહેરિયા, પણ વધારે પડતા ગામઠી દેખાતા આ સ્થાનમાં વસતી યુવતી કેવી હશે ? આદર્શની ઘેલછામાં, લાગણીઓના ઊભરામાં કંઈ ઉતાવળિયું પગલું તો નથી ભરાઈ ગયું ને મારાથી ?'

હવે ઉપરના બંને પરિચ્છેદમાં કહેવાયેલી વાત બીજી રીતે કેમ કહી શકાય તે જોઈએ :

'એને શું કરવું તે સમજાતું નહોતું. સત્યાગ્રહીએ આવે વખતે ઉપવાસ કરવા જોઈએ, માતાપિતાને સમજાવવા જોઈએ અને તેમનું હૃદયપરિવર્તન કરાવવું જોઈએ. પણ ગાંધીજી તો એના બાપને ઓળખતા નહોતા. વેણીભાઈ વીફરે એટલે પછી કોઈના નહિ લાખ સમજાવો તોયે બધું પથ્થર પર પાણી જ.'

'પ્રશ્ન થયો : મેં એક મૂર્ખાઈ જ કરી ગણાય કદાચ. માત્ર એક જાહેરખબર વાંચીને, પત્રવ્યવહાર કરીને, પત્નીની પસંદગી કરવા હું છેક દક્ષિણમાં દોડી આવ્યો છું ! થોડા શહેરિયા અને વધારે પડતા ગામઠી દેખાતા આ સ્થાનમાં વસતી યુવતીને જોવા આવવાનું પગલું ઘેલછામાં, લાગણીના ઊભરામાં ઉતાવળિયું જ ગણાય.'

અહીં ઉપરના બંને પરિચ્છેદમાં વાદાત્મક ગદ્ય છે. આ બંનેનું વર્ણનાત્મક ગદ્યમાં રૂપાંતર કરવામાં આવ્યું છે.

વાદાત્મક ગદ્યની લાક્ષણિકતાઓ આ પ્રમાણે હોય છે :

(1) દલીલો સીધી અથવા તર્કના રૂપમાં રજૂ કરાય છે.

(2) દલીલો કરતી વખતે એમ માની લેવામાં આવે છે કે આ વાતની સામે અન્ય દલીલો હશે. આ દલીલોનું ખંડન કરવા માટે 'એમાં બેમત નથી', 'એમાં શંકા નથી', 'એ તો સ્પષ્ટ જ છે કે', 'એટલા માટે જ', 'એક ને એક બે જેવી વાત છે', 'એ તો સર્વવિદિત છે'. 'દીવા જેવું સ્પષ્ટ છે'... વગેરે ભાષાપ્રયોગો આ ગદ્યમાં મુકાય છે.

(3) દલીલોને નકારાત્મક પ્રશ્નો રૂપે અથવા ક્યારેક સીધા પ્રશ્નો રૂપે રજૂ કરવામાં આવે છે. પ્રશ્નો રજૂ કરતી વખતે કેટલીક વખત અમુક બાબતો સ્વીકારી-માની લીધેલી જ હોય એ મુજબ રજૂઆત થાય છે. મોટાભાગે પ્રશ્નાર્થક વાક્યોનું બાહુલ્ય રહે છે.

(4) દલીલોના અંતે તારણ ખૂબ જ તર્કબદ્ધ રીતે કાઢવામાં આવ્યું છે – એ મુજબની રજૂઆત વાદાત્મક ગદ્યમાં હોય છે.

(5) ક્યારેક સરખામણીઓ, દૃષ્ટાંતો અને ભૂતકાળના અનુભવો પણ તેમાં રજૂ થાય છે.

**ઉપસંહાર :**

જ્યારે નિબંધ, અહેવાલ, પત્ર વગેરે લખો ત્યારે તેમાં વિષય અને મુદ્દાને અનુરૂપ વર્ણનાત્મક, ભાવાત્મક, વિવરણાત્મક



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અને વાદાત્મક ગદ્યનો ઉપયોગ કરવો જોઈએ. પ્રસંગ-વિષયને અનુરૂપ તળપદી કે શિષ્ટ ભાષામાં આત્મલક્ષી કે વસ્તુલક્ષી રજૂઆત કરવી જોઈએ. એક જ વાત રજૂ કરવાની પદ્ધતિ-શૈલી દરેક વ્યક્તિની ભિન્ન રહે છે.

આવી વિવિધ શૈલીએ લખાયેલા ગદ્યખંડોના વાચનનો મહાવરો કરવાથી આ પ્રકારની શૈલીએ લેખનયાત્રા સરળ બને છે.

**સ્વાધ્યાય**

1. તમારા પાઠ્યપુસ્તકમાંથી અથવા બહારથી કોઈ એક શૈલીએ લખાયેલા ગદ્યખંડનું અન્ય શૈલીમાં રૂપાંતર કરવાનો મહાવરો કરો.

   બધા જ પ્રકારની શૈલીએ લખવાની કુશળતા કેળવો.

   પરીક્ષામાં બહારથી પણ આવા ગદ્યખંડો મૂકી તેને અન્ય શૈલીમાં રૂપાંતર કરવાનું પૂછી શકાય.

**કાવ્ય-કંડિકાઓ**

પરમેશ્વર તો પહેલું પૂછશે કોઈનું સુખ-દુઃખ પૂછ્યું 'તું ? દર્દભરી દુનિયામાં જઈને કોઈનું આંસુ લૂછ્યું' તું ?

કબૂતરોનું ઘુ ઘુ ઘુ

**– મીનપિયાસી**

બસ એટલી સમજ મને પરવરદિગાર દે,

સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.

**– 'મરીઝ'**

નથી કમાયા કૈં જીવનની એ કમાઈ છે :

અમારે મન મૂડી અમારી માણસાઈ છે.

**– અમૃત ઘાયલ**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 21 અનુરુદ્ધનો ગૃહત્યાગ



**ડૉ. હરિવલ્લભ ભાયાણી**

**(જન્મ : ઈ.સ. 1917; અવસાન : ઈ.સ. 2000)**

ડૉ. હરિવલ્લભ ભાયાણીનું વતન મહુવા (સૌરાષ્ટ્ર) છે તેમણે તેઓ અપભ્રંશ અને પ્રાકૃત ભાષાના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા વિદ્વાન છે. અપભ્રંશ અને પ્રાકૃત ભાષાઓની અનેક પ્રશિષ્ટ કૃતિઓનાં સંપાદનો કર્યાં છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની કૃતિઓના તેમણે કરેલાં સંપાદનો ભાષાશાસ્ત્ર અને લોકશાસ્ત્રની આધુનિક શાસ્ત્રીય દૃષ્ટિનાં ઉત્તમ પરિણામો છે. ભાષાશાસ્ત્ર, વ્યાકરણ અને મીમાંસાને લગતા ઉત્તમ ગ્રંથો ગુજરાતી ભાષાસાહિત્યને એમણે આપ્યા છે. તેમણે એવાં ઉત્તમ સંપાદનો ઉપરાંત ''પ્રપા''માં સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ કાવ્યના અનુવાદો આપ્યા છે અને ''કમળના તંતુ''માં પ્રાચીન કથાનકોને આસ્વાદ્ય વાર્તાના રૂપમાં આલેખ્યાં છે.

પ્રાચીન અને મધ્યકાલીન કથાનકો પણ લોકકથાની જેમ આજની ટૂંકીવાર્તા માટે અખૂટ સામગ્રી પૂરી પાડી શકે છે તેનું દૃષ્ટાંત ''કમળના તંતુ'' છે. અનુરુદ્ધ ભગવાન ગૌતમ બુદ્ધના કુળનો શાક્ય રાજકુમાર છે. તેની પ્રવ્રજ્યાની આ કથા કુળમદલોપના મૂળનો ઈતિહાસ કેટલો પ્રાચીન છે તે પુરવાર કરે છે. જિંદગીમાં જેણે 'નથી' એવો શબ્દ ક્યારેય સાંભળ્યો પણ નથી અને બિરંજ જે પાત્રમાં રંધાય છે તેમાં જ પેદા થાય છે એવું અનુમાન કરે છે તે રાજકુમાર ઉપાલિને પ્રથમ દીક્ષા આપવાનું કારણ દર્શાવે છે તે જુઓ ! બુદ્ધના સમયનું અને શાક્ય રાજકુમારોની મનઃસ્થિતિનું નિરૂપણ લેખકે રોચક, સાદી, સરળ અને નિરાડંબરી શૈલીમાં કર્યું છે.

---

લખોટાની રમત બરાબર ચગી હતી. અનુરુદ્ધ, ભદ્રિક, કિંબિલ, આનંદ, ભૃગુ ને દેવદત્ત એ કપિલવસ્તુના છ શાક્ય રાજકુમારો બાળસહજ રસથી બીજું બધું ભાન ભૂલીને રમતમાં લયલીન થઈ ગયા હતા. જબરી રસાકસી હતી.

એમ તો તેઓ લખોટે જ્યારે-જ્યારે રમતા ત્યારે-ત્યારે તેમને મજા જ પડતી. પણ આજનો રંગ ઓર હતો. કેમ કે, આજે તો કુમારો હોડ લગાવીને રમતા હતા. હારે તેણે સૌને ખાજાં ખવરાવવાની શરત હતી. પછી તો રસનું પૂછવું જ શું ?

રમનારા પોતાની શક્તિ ને યુક્તિનો પૂરો કસ કાઢતા હતા, સામસામી બોલચાલના, આનંદ ને પ્રશંસાના, વિરોધો ને વાંધાના, રોષ અને ધમકીના વારંવાર નીકળતા ઉદ્‌ગારો સૂચવતા હતા કે ઉશ્કેરાટ વધીને ક્યાં પહોંચ્યો છે.

પણ રસાકસી થોડીક જ વાર ટકી. પછી તો એક પછી એક રમનારો છૂટતો ગયો. અનુરુદ્ધ એકએક દાવમાં પાછળ પડતો ગયો. છેવટે બધા છૂટી ગયા, અનુરુદ્ધ બાકી રહી ગયો. 'ખાજાં લાવ', 'ખાજાં લાવ'ના પોકારોથી તેને સૌએ ઘેરી લીધો.

અનુરુદ્ધે તરત જ શરત પ્રમાણે માતાને ખાજાં મોકલવા કહેવરાવ્યું. ખાજાં આવી જતાં સૌએ મોજથી દાબ્યાં.

વળી પાછી રમત શરૂ થઈ. એવો જ રંગ જામ્યો. ફરી અનુરુદ્ધ પાછળ પડતો ગયો. બીજી વાર પણ એ જ હાર્યો. ખાજાં મંગાવ્યાં. સૌએ ઉડાવ્યાં.

ત્રીજી વારની રમતનું પણ એ જ પરિણામ. અનુરુદ્ધ હાર્યા કરે, ખાજાં મંગાવ્યાં કરે ને તેની માતા મોકલ્યાં કરે.

જ્યારે ચોથી વાર પણ અનુરુદ્ધ હારી ગયો, ને દાસી ખાજાં મોકલાવવાનો સંદેશો લઈને આવી, ત્યારે માતાને આ વાત હવે જરા વધારે પડતી લાગી. તેને અનુરુદ્ધની આંખ ઉઘાડવાની જરૂર જણાઈ. સહેજ ઊંચા સ્વરે તેણે દાસીને કહ્યું :

''જા, જઈને કુમારને કહે કે નથી ખાજાં ભરી રાખ્યાં તારે માટે, તે હું મોકલ્યાં કરું.''

દાસીએ જઈને અનુરુદ્ધને માતાના શબ્દો કહ્યા.

પણ અનુરુદ્ધ એવી સમૃદ્ધિની છોળ અને લાડમાં ઊછરેલો કે તેની કોઈ પણ માગ માટે અત્યાર સુધીમાં તેને કદી ના કહેવામાં નહોતી આવી. તેમણે માતા તરફથી 'નથી' શબ્દ જ આ પહેલી વાર સાંભળ્યો !

એટલે ગોઠિયાઓ સાથેની વાતચીત અને રમતના તાનમાં તે તો સમજ્યો કે માતાએ 'નથી-ખાજાં' નામનાં કોઈ નવી જાતનાં ખાજાં બનાવી રાખ્યાં છે, ને તે મોકલાવું કે નહિ તે પુછાવે છે !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

એટલે તેણે કહ્યું :

''જા ને, દોડતી જઈને કહે : 'નથી-ખાજાં હોય, તો 'નથી-ખાજાં' મોકલ. અમારે તો કોઈ પણ ખાજાં જોઈએ.''

ને તેની માતા તે દિવસે અનુરુદ્ધને 'નથી' એટલે શું એટલું સમજાવતાં તો ગળે આવી ગઈ.

શાક્યોના મોવડી શુદ્ધોદનના ભાઈ અમિતૌદનનો નાનો પુત્ર ને ભગવાન બુદ્ધનો પિત્રાઈ અનુરુદ્ધ આવી સુંવાળપમાં ઊછર્યો.

તેણે જ્યારે યૌવનના ઉંબરમાં પગ મૂક્યો ત્યારે તેને માટે ઋતુઋતુ પ્રમાણેના ત્રણ પ્રાસાદ બનાવવામાં આવ્યા. શિયાળો ગાળવા માટે હૈમંતિક પ્રાસાદ, ઉનાળા માટે ગ્રૈષ્મિક અને વર્ષાઋતુ માટે વાર્ષિક. ચોમાસાના માસ તે પોતાના વાર્ષિક પ્રાસાદમાં જ રહીને ગાળતો. એ ત્રણ-ચાર માસ તે ઉપરથી નીચે પગ ન મૂકતો. પ્રાસાદમાં સુખસગવડ ને આનંદપ્રમોદનાં સાધનો ભરપૂર હતાં. વાદક વિનાનાં વાજિંત્રો વાગતાં. મન થયા ભેગી વસ્તુ હાજર થતી. સરખેસરખા મિત્રો મળતા. વાર્તાવિનોદમાં સમય ક્યાં વીતી જતો તેનું કોઈને કશું ભાન ન રહેતું.

એકવાર એવી ગોષ્ઠી કરતાં અનુરુદ્ધ, ભદ્રિક અને કિંબિલ બેઠા હતા. વાતમાં ને વાતમાં તેઓ કાંઈક વધારેપડતા ઊંડા ઊતરી ગયા.

ને એવી ચર્ચા નીકળી કે આપણે હંમેશાં બિરંજ ખાઈએ છીએ તે ક્યાંથી ઉત્પન્ન થતો હશે ?

પ્રશ્ન ઘણો જ ગંભીર હતો. ભલભલાની બુદ્ધિને કસે તેવો હતો !

કિંબિલ એક દિવસ અકસ્માત ચોખાને કોઠારમાંથી લઈ જવાતા, તો બીજી કોઈ વાર તેમને ચૂલા ઉપર રંધાતા અને ત્રીજી વાર રસોડામાં યોગ્ય રીતે સંસ્કારીને પછી ભોજનપાત્રમાં પીરસાતા જોઈ ગયેલો. એટલે તેમણે આ વિષયના એક જાણકારની ખુમારીથી કહ્યું, ''આવા વિષયના જ્ઞાનની બાબતમાં તમે લોકો હજી બાળક ગણાઓ. મેં બરાબર તપાસ કરી છે. મારો અનુભવ કહે છે કે બિરંજ મૂળ તો કોઠારમાં ઉત્પન્ન થાય છે, ને ત્યાંથી આપણા ભાણામાં આવે છે.''

ધન્ય છે, ધન્ય છે, રાજપુત્ર !'' ભદ્રિક બોલી ઊઠ્યા. ''તમારું જ્ઞાન પ્રદર્શિત કરવા માટે તને ધન્યવાદ ઘટે છે. બાકી જે બાબતમાં આપણે જાતે જોયું ન હોય તેમાં અટકળના તુક્કા ન લગાવીએ, સમજ્યો ? મેં મારી સગી આંખે જોયેલું છે કે બિરંજ કડાઈમાંથી ઉત્પન્ન થાય છે.''

ભદ્રિકે કોઈ પ્રસંગે તેની આટલી વયમાં પહેલી જ વાર ભૂલેચૂકે રસોડામાં ડોકિયું કરેલું, ને ત્યાં તે બિરંજને રંધાઈને પીરસવાના પાત્રમાં રખાતાં જોઈ ગયેલો. એટલે તેણે કિંબિલની વાતને પોતાના આ જાતઅનુભવની જબરી મૂડીને બળે એક ઊટંગ તર્ક ગણી હસી કાઢી.

એટલે ખડખડાટ હસીને અનુરુદ્ધ બોલ્યો, ''મિત્રો કાંઈ અવિનય લાગે તો મને ક્ષમા કરજો. પણ તમે બંને માન પ્રેરે એટલી ઊંચી બુદ્ધિ ધરાવતા હોવા છતાં, અત્યારે કેમ મૂરખના જેવી વાત કરી રહ્યા છો એ મને નથી સમજાતું. હું સમજણો થયો ત્યારથી તે અત્યાર સુધીના મારા એકએક દિવસના પ્રત્યક્ષ અનુભવથી હું તો માનું છું કે પીરસવાના સુવર્ણ કટોરામાં જ બિરંજ ઉત્પન્ન થાય છે, બીજે ક્યાંય નહિ.'' પીરસવાના પાત્રમાંથી પોતાના ભાણામાં બિરંજ પીરસાય છે એટલું બાદ કરતાં તે શુ ચીજ છે, ક્યાં ને કેમ થાય છે એ વિશે અનુરુદ્ધને કદી કાંઈ પણ જોવાજાણવાનું બન્યું ન હતું !

નિત્યનું જીવન અને જગત કેમ ચાલે છે તેની ઉપર ઝાઝા વિચાર વેડફી મનને કષ્ટ આપવાનું આ કુમારોને પ્રયોજન પણ શું ?

આવા સુખવૈભવમાં અનુરુદ્ધના નવયૌવનના દિવસો એક પછી એક વીતતા હતા.

એટલામાં એક દિવસ અનુરુદ્ધને તેના મોટા ભાઈ મહાનામે બોલાવીને વાત કરી, ''વત્સ અનુરુદ્ધ, તું જાણતો તો હોઈશ કે ભગવાન બુદ્ધે પ્રવ્રજ્યા લીધી, તે પછી તેમની પાછળ અનેક અભિજાત શાક્યપુત્રોએ સંસાર છોડ્યો છે. દરેક કુટુંબમાંથી કોઈ નહિ ને કોઈ ભગવાનને અનુસર્યું છે, પણ આપણા કુટુંબમાંથી એક જણ પણ ઘર તજીને ભગવાનને પગલે અણગાર નથી બન્યું. આ વાત આપણે માટે ઘણું નીચું જોવરાવનારી ગણાય. ને મને એ કેટલાક સમયથી ખટક્યા કરે છે. આપણે ત્યાંથી એકાદ જણે તો પ્રવ્રજ્યા લેવી જ જોઈએ. તો નિર્ણય કર, આપણે બે છીએ તેમાંથી કાં તો હું શ્રમણ બનું, કાં તો પછી તું બન.''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પણ આ 'પ્રવ્રજ્યા લેવી', 'શ્રમણ થવું', 'અણગાર બનવું' એ શબ્દો અનુરુદ્ધે પહેલી વાર જ સાંભળ્યા. શ્રમણ બનવું એટલે મુંડન કરાવી, શરીરસુખ પ્રત્યે અનાસક્ત રહી, ભિક્ષા માગીને નિર્વાહ કરવો એમ જ્યારે તેને સમજાવ્યું, ત્યારે તે વિચારમાં પડી ગયો. શ્રમણ બનવાનું તેનું ગજું ખરું ?

તે બોલ્યો, ''આર્ય, તમારી આજ્ઞા થાય એટલે તે મારે મસ્તક પર જ ચડાવવાની હોય. એમાં કશો વિચાર ન જ કરાય. માત્ર મને સહેજ આશંકા મારા પૂરતી રહે છે. મારી પ્રકૃતિ આટલી સુકુમાર છે, તો તમે કહ્યું તેવા જીવનનો બોજો મારાથી બરાબર વહી શકાશે ખરો ? પણ એ તો થઈ રહેશે.''

''સાચું કહે છે તું, વત્સ.'' મહાનામે કહ્યું, ''તારાથી એ નહિ બને. હું જ પ્રવ્રજ્યા લઉં. તો હવેથી કુટુંબના ભરણપોષણનો ભાર તારે વહેવાનો છે. ખાસ કરીને ખેતીની તું બરાબર સારસંભાળ રાખજે. નિર્વાહનો મુખ્યમાં મુખ્ય આધાર એ જ છે.''

શાક્યો આમ તો મોટા જમીનદાર ઠાકોરો જેવા હતા.

''આર્ય, એ ખેતી વળી શું છે ?'' અનુરુદ્ધે પૂછ્યું. બિરંજ વિશેનું જેનું જ્ઞાન તે પીરસવાના પાત્રમાંથી નીકળે છે એટલું હતું, તે બિચારાએ 'ખેતી' શબ્દ ક્યાંથી સાંભળ્યો હોય ?

''વત્સ, તને હું સમજાવું.'' કહી મહાનામે ખેતર કોને કહેવાય, તેને કેમ ખેડાય, ખેડ્યા પછી ધાન્ય કેમ વવાય, પછી પાણી પાવાનું ને એમ સંભાળ લઈ ઉગાડેલું ધાન્ય પાકતાં લણવું, ઢગ કરવો, ઘૂંસાંભૂંસા જુદાં કરવાં, ઝાટકી સાફસૂફ કરવું, કોઠારમાં ભરવું, ને પછી તેમાંથી ભોજન તૈયાર કરવું. એમ બધી ક્રિયાની સમજ પાડીને કહ્યું, ''આ જ પ્રમાણે બધી ક્રિયાઓ બીજે વરસે ફરી પાછી અનુક્રમે કરવાની ને એમ દર વર્ષે કર્યે જવાનું.''

''પણ આર્ય,'' મૂંઝાઈ ગયેલા અનુરુદ્ધે પૂછ્યું, ''એમ કેટલાં વરસ કરવાનું ? આટલી બધી ઉપાધિઓની પરંપરાનો ક્યારેક અંત તો હશે ને ? પાંચ વરસે, સાત વરસે ?''

''ના વત્સ, એમાં કદી અટકવાનું ક્યાંથી હોય ? જીવો ત્યાં સુધી એ ચાલ્યા કરે. એનો કદી છેડો જ નહિ. આપણા વડવાઓનો એમ જ કરતાં કરતાં દેહાંત થયો. તારે પણ શરીર ન પડે ત્યાં સુધી એ જ કરતા રહેવાનું છે.''

''આર્ય, એ તો ખૂબ દુષ્કર.'' ગભરાઈને અનુરુદ્ધે કહ્યું, ''મારાથી એ નહિ બને. એ કરતાં તો શ્રમણ થવું વધારે સહેલું છે. મારાથી એ ખેતી નહિ થાય. તમે જ એ સંભાળો, હું પ્રવ્રજ્યા લઈશ.''

મહાનામે અનુરુદ્ધની વાત માન્ય રાખી.

પ્રવ્રજ્યા લેવાનો નિર્ણય કરીને તે માટે અનુજ્ઞા લેવા અનુરુદ્ધ માતા પાસે ગયો.

વાત કરતામાં તો માતા ફફડી ઊઠી. વેદનાભર્યા સ્વરે તે બોલી, ''વત્સ, મહાનામ અને તું મારા પ્રિયમાં પ્રિય વશવર્તી પુત્રો. મારો દેહ પડે પછી પણ તમારામાંથી કોઈ પ્રવ્રજ્યા લે એ હું ન સહી શકું, તો મારા જીવતાં તો કેમ હા કહું ? એ વાત જ તું મનમાંથી કાઢી નાખ.

પણ અનુરુદ્ધ તેની દૃઢતામાંથી ચળ્યો નહિ, ને અનુમતિ માટે વળીવળીને માતાને વીનવતો રહ્યો.

છેવટે માતાએ એક યુક્તિ શોધી કાઢી. તેણે અનુરુદ્ધને કહ્યું, ''તારું મન એટલું બધું કોચવાતું હોય તો પછી ન છૂટકે તને એટલી છૂટ આપું છું કે જ્યારે ભદ્રિક પ્રવ્રજ્યા લે, ત્યારે તારે લેવી, તે પહેલાં નહિ.''

રાજપુત્ર ભદ્રિક અનુરુદ્ધનો ખાસ મિત્ર હતો. અનુરુદ્ધની માતા જાણતી હતી કે ભદ્રિક પ્રવ્રજ્યા લેવા માટે ખાસ કશો ઉત્સાહ નથી ધરાવતો. એટલે અનુરુદ્ધને અળસાવી દેવા માટે તેને આ સારો ઉપાય લાગ્યો.

અનુરુદ્ધ પહોંચ્યો ભદ્રિક પાસે. માતાએ કઈ શરતે પોતાને શ્રમણ થવા દેવાની અનુમતિ આપી છે એ વાત કરી, તેને પ્રવ્રજ્યા લેવા માટે વિનવ્યો. ભદ્રિક બોલ્યો, ''એવું કાંઈ ચાલે, વયસ્ય ? તારે ભિક્ષુ થવું હોય તો તું તારે થઈ જા. એમાં મને શા માટે સંડોવે છે ? મારું કાંઈ ધાર્યું નહિ. મન થાય તો હું હમણાં જ ચાલ્યો જઉં, ને નહિ તો વરસો પણ નીકળી જાય.''

અનુરુદ્ધ તેને સમજાવવા લાગ્યો એટલે ભદ્રિકે વળી કહ્યું, ''વયસ્ય, તું આવી બાબતમાં દબાણ કરે તે કેમ ચાલે? તારું બીજું કહે તે કામ હું કરી આપું, પણ ઘર છોડવાની બાબતમાં સૌ સ્વતંત્ર રીતે પોતાની જ વૃત્તિને અનુસરે. તારે પ્રવ્રજ્યા લેવી હોય તો ખુશીથી લે. મારા ઉપર આધાર ન રાખ.''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પણ અનુરુદ્ધની માતાએ તો ચોખ્ખી શરત મૂકી હતી. એટલે ભદ્રિક પલળે નહિ, ત્યાં સુધી અનુરુદ્ધને માટે કોઈ છટકબારી ન હતી.

ફરી તેણે પ્રેમનું, સમજાવટનું પોતાનું હતું તેટલું બળ વાપરી ભદ્રિકને અણગાર બનવા આગ્રહ કર્યો.

અનુરુદ્ધને પોતાને કારણે કષ્ટ થતું જોઈને છેવટે ભદ્રિકે કહ્યું, ''તું એટલો બધો દુઃખી થતો હોય તો પછી મારે માટે બીજો ઉપાય નથી. હું તારી સાથે પ્રવ્રજ્યા લેવા સંમત થાઉં છું પણ સાત વરસ પછી. સાત વરસ તું થોભી જા. પછી આપણે સાથે જ ભિક્ષુ થઈશું.''

અનુરુદ્ધનું હૃદય આશાથી પુનર્જીવિત થયું. ઢીલા પડેલા ભદ્રિકને પોતા ભણી ખેંચવા તે પ્રબળ પ્રયાસ કરી રહ્યો. તેમણે કહ્યું : ''વયસ્ય, સાત વરસનો ગાળો એટલે શું એ તો જરા વિચાર. અરે, કાલ શું બનશે તે કહી શકાતું નથી, તો સાત વરસનું શું કહેવું ?'' ને એમ સમજાવી-સમજાવીને અનુરુદ્ધ ભદ્રિકને સાત માસ ઉપર, ને પછી સાત દિવસ ઉપર લઈ આવ્યો. પુત્ર ને ભાઈને રાજ્ય સોંપવાનો પ્રબંધ કરવા માટે સાત દિવસ તો જોઈએ. એટલે સાત દિવસ થોભી જવા અનુરુદ્ધે રાજીપો બતાવ્યો.

અનુરુદ્ધ અને ભદ્રિક ચાર-છ દિવસમાં જ પ્રવ્રજ્યા લેવાના છે એ સમાચાર બધે પ્રસરી ગયા. એટલે તો તેમના મિત્ર આનંદ, ભૃગુ, કિંબિલ અને દેવદત્તે પણ તેમને સાથ આપવાનો નિર્ણય કર્યો.

સાત દિવસ તો જોતજોતામાં વીતી ગયા, ને શાક્યરાજોના એ છ કુમારો ઘરબાર છોડીને નીકળી પડ્યા, સાથે તેમના નાયી ઉપાલિને પણ લીધો. ચતુરંગિણી સેના તેમની પાછળ-પાછળ ચાલતી હતી.

ગાજતેવાજતે નગરી બહાર નીકળીને ઉદ્યાનભૂમિ વટાવી, એટલે તેમણે સેનાને ત્યાંથી પાછી વાળીને પછી મલ્લોની રાજધાની અનુપિયની દિશામાં પ્રયાણ આરંભ્યુ. કેમ કે, તે વખતે ભગવાન બુદ્ધ અનુપિયના આમ્રવનમાં વિહર્યા હતા.

કપિલવસ્તુનો સીમાડો વટી ગયો, એટલે પછી રાજકુમારો ઘડીક થોભ્યા. સૌએ પોતાનાં આભૂષણ ઉતાર્યાં ને પોતાપોતાનાં ઉપરણાંમાં તેમણે બાંધીને એ પોટલીઓ નાયી ઉપાલિના હાથમાં આપતાં કહ્યું, ''અરે એય ઉપાલિ, લે આ આભૂષણ ને તું અહીંથી પાછો વળી જા. આટલું તારી આજીવિકા માટે પૂરતું થઈ રહેશે જા !''

ઉપાલિને પાછો મોકલી દઈને કુમારો આગળ વધ્યા.

પણ બહુ દૂર નહિ ગયા હોય, ત્યાં તો તેમણે ઉપાલિને ખાલી હાથે પાછો તેમના તરફ આવતો જોયો !

''કેમ રે ઉપાલિ, પાછો કેમ આવ્યો ?'' સૌ પૂછવા લાગ્યા.

આર્યપુત્રો, તમે ઉદાર થઈને મને આપેલાં આભૂષણો લઈને હું કપિલવસ્તુ પાછો ફરતો હતો, ત્યારે મારા મનમાં એમ થયું કે નગરીમાં પહોંચીશ ત્યારે મને એકલો જોઈને શાક્ય શું કહેશે ? તેમને એમ જ થશે કે અધમ ઉપાલિ કુમારોને મારી નાખી તેમનાં આભૂષણો લઈને નાસી આવ્યો છે. તે સ્વભાવના ઉગ્ર હોવાથી કાંઈ પૂછગાછ કર્યા વિના મને ત્યાં જ પૂરો કરશે. વળી મને એમ પણ થયું કે અપરંપાર વૈભવમાં આળોટતા આવા રાજકુમારો પણ બધું છોડી દઈને ભિક્ષુ બનવા નીકળી પડ્યા તો મારા જેવા પ્રાકૃતી માણસે ઘરબારનો શું મોહ રાખવો ? તેથી મેં તો આભૂષણની પોટલીઓને એક ઝાડની ડાળ પર લટકાવી : કોઈ ભાગ્યશાળીની નજરે પડે તો ભલે બિચારો લઈ જાય, ને એમ હાથ ખંખેરી પાછો વળ્યો ને તમને સૌને આંબી લીધાં.''

ઉપાલિને અચાનક ઊપજેલા વૈરાગ્યથી આશ્ચર્ય પામતા કુમારોએ ''તેં ઘણું સારું કર્યું, ભદ્ર ! ઘણું સારું કર્યું'' એમ વારંવાર અનુમોદન આપી તેને પોતાની સાથે લીધો.

એમ કરતાં સૌ અનુપ્રિયના આંબાવાડિયામાં આવી પહોંચ્યા ને ભગવાન બુદ્ધને વંદન કરી એક કોર બેઠા.

અવસર મળતાં કુમારોએ પ્રવ્રજ્યા લેવાની વાત ભગવાન પાસે નિવેદિત કરી. ભગવાને સંમતિ આપી એટલે અનુરુદ્ધે હાથ જોડી કહ્યું, ''ભદંત, આપને એક ખાસ વિનંતી કરવાની છે. અમારી જેમ અમારો આ નાયી ઉપાલિ પણ પ્રવ્રજ્યા લેવા માટે આવ્યો છે. તો એને પહેલાં દીક્ષા આપો, ને અમને પછી કેમ કે, એ પહેલાં શ્રમણ બનશે, એટલે અમે શાક્યકુમારો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અમારા એ વર્ષોના પરિચારકને હાથ જોડી દંડવત્ વગેરે કરી તેની સેવા ઉઠાવશું, ને એ રીતે અમે જન્મ્યા ત્યારથી જે કુળમદને સેવતા રહ્યા છીએ તેને નિર્મૂળ કરીશું. અમારા શ્રમણજીવનનું એ પૂર્વ સોપાન બનશે.''

આ નિરભિમાન વૃત્તિથી પ્રસન્ન થઈ તથાગતે ઉપાલિને પહેલાં દીક્ષા આપી. અનુરુદ્ધ અને બીજા કુમારોએ એ નવા ભિક્ષુને વંદન કર્યાં, તેના શ્રમણને યોગ્ય પરિચર્યા કરી, ને પછી પોતે પ્રવ્રજ્યા લીધી.

('કમળના તંતુ')

### શબ્દ-સમજૂતી

**અનુરુદ્ધ** અનુ + રુદ્ધ જેને રોકવામાં આવ્યો છે તેવો, જેને ભારપૂર્વક વિનંતી કરવામાં આવી છે તેવો, સરખાવો હાલ વપરાતો શબ્દ અનુરોધ; **રસાકસી** ખેંચતાણ રસ્સો (દોરડું) ખેંચવાની રમત પરથી; **દાબ્યો** ખૂબ ખાધાં; **બિરંજ** ગળ્યો ભાત **કડાઈ** (સં. કટાહ) તળવાનું વાસણ, પેણી; **પ્રવ્રજ્યા** સંન્યાસ (બૌદ્ધ ધર્મમાં) સંસ્કૃત **વ્રજ**–ચાલવું જવું પરથી; **અણગાર** (અનુ + અગાર) ઘર વિનાનું; **શ્રમણ** બૌદ્ધ કે જૈન સાધુ; **ધૂંસાંભૂંસાં** છોડાં; **અનુજ્ઞા** (અનુ + જ્ઞા) રજા; **અળસાવી** 'આળસ' ઉપરથી ક્રિયાપદ અળસાવવું, આળસમાં નાખી દેવું; **વયસ્ય** મિત્ર; **રાજીપો** ખુશી ('પો' પ્રત્યય નામ બનાવે છે); **નાયી** વાળંદ **ચતુરંગિણી** ચાર અંગવાળી (હાથી, ઘોડા, રથ અને પાયદળ); **ઉઘરણું** ઉપર ઓઢવાનું વસ્ત્ર, ખેસ (સં પ્રાવરણ, ઉપાવરણ); **અનુમોદન** ટેકો, સહાનુભૂતિપૂર્વક ખુશીનો ટેકો આપવો તે (સં. અનુ + મુદ્); **પરિચારક** સેવક, નોકર (સં. પરિ + ચર).

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) અનુરુદ્ધને 'નથી' શબ્દના અર્થની સમજ ક્યારે પડી ?

(2) અનુરુદ્ધ અને તેના મિત્રો કઈ રમતમાં લીન થઈ ગયા હતા ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) 'બિરંજ' બનાવવાની પ્રક્રિયા અંગેની ચર્ચાનું વાર્તામાં શું મૂલ્ય છે ?

(2) અનુરુદ્ધે કુળમદને નિર્મૂળ કરવા શું કર્યું ?

(3) ઉપાલિને પ્રથમ પ્રવ્રજ્યા આપવાનો આગ્રહ શા માટે રખાયો ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) ઉપાલિનું રેખાચિત્ર આલેખો.

(2) 'અનુરુદ્ધનો ગૃહત્યાગ' વાર્તાનો ધ્વનિ સ્પષ્ટ કરો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ભગવાન બુદ્ધનું જીવનચરિત્ર મેળવી વાંચો.
- વ્યાધિ, જરા, મૃત્યુ આ ત્રણ દૃશ્યો (જે બુદ્ધે જોયેલાં) નું નાટ્યકરણ કરો.

### શિક્ષક-પ્રવૃત્તિ

- અશ્વઘોષની કૃતિ 'સૌદરનંદ' વાંચી તેની કથા વિદ્યાર્થીને કહો.
- સુન્દરમ્‌નું 'બુદ્ધનાં ચક્ષુ' કાવ્ય વિદ્યાર્થીને સંભળાવો.


●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 22 ભાણી



**ઈન્દુલાલ ગાંધી**

(જન્મ : 9-12-1905; અવસાન : 10-1-1986)

ઈન્દુલાલ ફુલચંદ ગાંધી ત્રીસીના આપણા એક ઉલ્લેખપાત્ર કવિ છે. તેઓ મકનસર (મોરબી)ના વતની હતા. એમણે ગીતો, કથાકાવ્યો, સૉનેટો આપ્યાં છે. ઈન્ટર આર્ટ્સ સુધી અભ્યાસ કર્યા પછી તેમણે પત્રકારત્વક્ષેત્રે ખેડાણ કર્યું હતું. તેમણે આકાશવાણીમાં પોતાની સેવાઓ આપી. કેટલાક સામયિક-સંપાદનો પણ કર્યા. 'તેજરેખા, 'જીવનનાં જળ', 'ખંડિત મૂર્તિઓ', 'શતદલ', 'ગોરસી,' 'ઈંધણાં', 'ઉન્મેષ' એમનાં કાવ્યસંગ્રહો છે.

'ભાણી' કથા કાવ્ય છે. કંગાળ દરિદ્ર કન્યાની કરુણા ઉપજાવે એવી સ્થિતિનું વર્ણન કરીને, સમાજની વિષમ સ્થિતિનું કવિએ વેધક વર્ણન કર્યું છે.

---

દિવાળીના દિન આવતા જાણી,
ભાદરમાં ધુએ લૂગડાં ભાણી.
માથે હતું કાળી રાતનું ધાબું,
માગી-ત્રાગી કર્યો એકઠો સાબુ :
'કોડી વિનાની હું કેટલે આંબું ?'
રૂદિયામાં એમ રડતી છાની
ભાદરમાં ધુએ લૂગડાં ભાણી.
લૂગડાંમાં એક સાડલો જૂનો,
ઘાઘરોયે મેલોદાટ કે'દુનો :
કમખાએ કર્યો કેવડો ગુનો ?
તીને ત્રોફાયેલ ચીંથરાને કેમ ઝીંકવું તાણી ?
ભાદરમાં ધુએ લૂગડાં ભાણી.
ઓઢણું પે'રે ને ઘાઘરો ધુએ,
ઘાઘરો ઓઢે ને ઓઢણું ધુએ;
બીતી બીતી ચારે દિશમાં જુએ,
એને ઉઘાડાં અંગેઅંગમાંથી આતમા ચૂવે :
લાખ ટકાની આબરૂને એણે સોડમાં તાણી,
ભાદરમાં ધુએ લૂગડાં ભાણી.
ઊભાં ઊભાં કરે ઝાડવાં વાતું,
ચીભડાં વેચીને પેટડાં ભરતી,
ક્યાંથી મળે એને ચીંથરું ચોથું ?
વસ્તર વિનાની ઈસ્તરી જાતની આબરૂ સારું
પડી જતી નથી કેમ મો'લાતું ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શિયાળવાંની છૂટતી વાણી,
ભાદરમાં ધુએ લૂગડાં ભાણી.
અંગે અંગે આવ્યું ટાઢનું તેડું,
કેમ કરી થાવું ઝૂંપડી ભેળું ?
વાયુની પાંખ ઉડાડતી વેળુ :
જેમ તેમ પે'રી લૂગડાં નાઠી,
ઠેસ, ઠેબાં-ગડથોલિયાં ખાતી :
ધ્રૂજતી ધ્રૂજતી
કાયા સંતાડતી
કૂબે પહોંચતાં તો પટકાણી
રાંકની રાણી :
ભાદરમાં ધુએ લૂગડાં ભાણી.

('ગોરસી')

## શબ્દ-સમજૂતી

**માગી માગીને** માગીતાગીને, અત્યંત આજીજીપૂર્વક, કાલાવાલા કરીને, ભીખ માગીને; **કોડી** એક નાનામાં નાનું જૂનું ચલણ – અહીં પાઈ કે પૈસો; **આંબું** પહોંચવું; **કમખો** કસવાળું કપડું, કસવાળી નાની ચોળી; **તીને ત્રોફાયેલ** કાણાંઓરૂપી છૂંદણાં કે ત્રાજવામાંથી ભરપૂર-ઠેરઠેર નાનાં-નાનાં કાણાંઓવાળો, અત્યંત જર્જરિત; **મો'લાતું** મહેલો, હવેલીઓ; **કૂબો** ઘાસપાલાથી બનાવેલું, સામાન્ય રીતે ગોળ આકારનું અને માથે ઘૂમટાકાર છાપરાવાળું ઝૂંપડું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ભાણીએ કપડાં ધોવાનો કયો સમય પસંદ કર્યો છે ?

(2) ભાદરને કાંઠે કપડાં ધોતી ભાણીની શી મૂંઝવણ છે ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) 'વસ્તર વિનાની...કેમ મો'લાતુ' આ પંક્તિ પાછળનો કટાક્ષ સ્પષ્ટ કરો.

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) ભાણીની કરુણ પરિસ્થિતિનું વર્ણન કરો.

(2) કાવ્યમાં આલેખાયેલ સામાજિક આર્થિક વિષમતા વર્ણવો

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ કાવ્યનું સમૂહગાન કરો.
- તમારી આસપાસ કોઈ અભણ બાળકી રહેતી હોય તો તેને અક્ષરજ્ઞાન આપો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ભાષા-અભિવ્યક્તિ

પ્રસ્તુત કાવ્ય, કથાકાવ્ય છે. કંગાળ-દરિદ્ર કન્યાને જોતાં મનમાં પ્રસરતી કરુણા જેટલી તીવ્ર છે, એટલી જ એને વ્યક્ત કરવા કવિએ પ્રયોજેલાં ઉપાદાનો (કથા, છંદ, લય, ઢાળ, પ્રાસ) નોંધપાત્ર છે. કવિએ ભાવાભિવ્યક્તિ માટે પ્રયોજેલી પ્રયુક્તિઓ (ડિવાઈસિસ)ની સાભિપ્રાયતા નોંધો.

દા.ત., 'ઓઢણું પે'રે... દિશામાં જુએ' પંક્તિઓ વાંચો.

એમાં બે વાર 'ધુએ' સાથેનો 'જુએ' પ્રાસની યોજના જુઓ. પ્રાસના બે કાંઠા વચ્ચે સમય સ્થળ, આબરૂ, ભીતિ સાથે કરુણાનાં જળ આપણને કેટલાં ભીંજવે છે ?

## શિક્ષક-પ્રવૃત્તિ

- વિદ્યાર્થીઓને તેમનાં દાદા-દાદી પાસેથી પહેલાંના જમાનાની વાતો સાંભળીને આવવાનું કહો પછી વર્ગખંડમાં વિદ્યાર્થી પાસેથી એ અહેવાલરૂપે નોંધ બનાવડાવો.

### કાવ્ય-કંડિકાઓ

જિંદગીનો એ જ સાચે સાચ પડઘો છે 'ગની',
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે.

**– ગની દહીંવાલા**

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં.

**– નરસિંહ મહેતા**

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિપ્યારું ગણી લેજે.

**– બાલાશંકર કંથારિયા**


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 23 સમતા અને બંધુતાના પથદર્શક...



કિશોર મકવાણા

(જન્મ : 1-6-1967)

ડૉ. બાબાસાહેબ આંબેડકર અને સ્વામી વિવેકાનંદના જીવન-કવનના ઊંડા અભ્યાસી, કર્મઠ પત્રકાર શ્રી કિશોર મકવાણાનો જન્મ ધોળકામાં થયો હતો. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વતન ધોળકામાં લીધું. ઉચ્ચ અભ્યાસ અમદાવાદમાં કર્યો. એમણે ઘણાં પુસ્તકો લખવા ઉપરાંત કેટલાંક સંપાદનો પણ કર્યાં છે. 'સ્વામી વિવેકાનંદ', 'સામાજિક ક્રાંતિના મહાનાયક : ડૉ. બાબાસાહેબ આંબેડકર', 'સમર નહિ, સમરસતા', 'સ્વભિમાનનાં તીર્થસ્થાનો', 'રમણ મહર્ષિ', 'મળવા જેવા માણસ' - એ એમનાં પુસ્તકો તેમની અભ્યાસપૂર્ણ, પ્રમાણભૂત તેમજ સરળ લેખનશૈલીનાં પરિચાયક છે. એમને અનેક પુરસ્કારો મળ્યા છે. 'સ્વામી તિલક પુરસ્કાર' તેમજ 'પં. પ્રતાપનારાયણ મિશ્ર સ્મૃતિ પુરસ્કાર' એમાં મુખ્ય છે.

વીસમી સદીના ભારતવર્ષના મહાન રાષ્ટ્રપુરુષો પૈકીના એક તે બાબાસાહેબ આંબેડકર. 'જન્મના જાયતે શુદ્રાઃ સંસ્કારગત્ દ્વિજ ઉચ્ચયતે' આ સંસ્કૃતિકંડિકાને બાબાસાહેબે સમગ્રપણે પોતાના જીવનમાં ચરિતાર્થ કરી અને એ દિશામાં અનેકો માટે મુક્તિના દ્વાર ખોલી આપ્યાં છે. કઠોર પુરુષાર્થ, તીવ્ર જિજ્ઞાસા, વેધક વક્તૃત્વકળા એ બંધારણ ઘડવૈયા બાબાસાહેબની અપ્રતીમ વિશેષતાઓ રહી છે. પીડિત-શોષિત માનવજાતના ચિત્કારમાંથી જન્મેલી અપાર અનુકંપા, સમાજનિષ્ઠા અને રાષ્ટ્રનિષ્ઠાના ત્રિવેણીતીર્થ બાબાસાહેબને એકવીસમી સદીના ભાવિ નાગરિકો માટે બંધુતા, સમતા અને સમરસતાનો સુયોગ રચીને નિબંધકારે ગુજરાતી પ્રજાને પ્રેમના તાંતણે બાંધી આપી છે. બાબાસાહેબનાં ગુરુભક્તિ, અભ્યાસનિષ્ઠા અને સત્યાગ્રહો સદીઓ સુધી અવિસ્મરણીય-કાર્યસાધક રહેશે-જે નિઃશંક છે.

---

ભારતમાં બ્રિટિશરોનું રાજ હતું. 12 નવેમ્બર 1930ની વાત છે. બ્રિટિશ મુત્સદીઓએ લંડનમાં ગોળમેજી પરિષદ બોલાવી હતી. પરિષદમાં એકસો પચ્ચીસ જેટલા ભારતીય નેતાઓ અને ભારતીય સંસ્થાઓના વડા હાજર હતા. ત્યાં ગંભીર મુખમુદ્રા, સુદૃઢ દેહયષ્ટિ, સુઘડ-સ્વચ્છ પોશાક અને સતર્ક-સતેજ આંખોવાળો એક યુવાન સમગ્ર પરિષદની કાર્યવાહીનું નિરીક્ષણ-પરીક્ષણ કરી રહ્યો હતો. તેની પાસે 'ડૉક્ટર ઑફ સાયન્સની'ની પદવી હતી. તે પોતાનું ભાષણ આપવા ઊભો થયો, તે શું અને કેવી રીતે બોલશે, એના તરફ પરિષદમાં બેઠેલાં સૌની નજર હતી. ભાષણની શરૂઆતમાં જ તેણે કહ્યું :

''જે લોકોની પરિસ્થિતિ ગુલામો કરતાંય બહતર છે અને જેમની લોકસંખ્યા ફ્રાન્સના દેશની લોકસંખ્યા જેટલી છે, એવા ભારતમાંના એક પંચમાંશ લોકોની ફરિયાદો હું પરિષદ સામે રજૂ કરું છું. એવા અસ્પૃશ્યોની માંગણી છે કે ભારતની સરકાર લોકોને, લોકો માટે ચલાવેલી અને લોકોની હોવી જોઈએ.''

ગોળમેજી પરિષદમાં આ યુવાનના આવા શબ્દો સાંભળીને પરિષદને આંચકો લાગે તે સ્વાભાવિક હતું. બ્રિટિશ શાસન અને ભારતની એ વખતની સાંપ્રત દારુણ સ્થિતિ વિશે તેણે રોકડા અને જડબાતોડ સવાલો કર્યા. બ્રિટિશ પ્રતિનિધિઓ એકબીજાનાં મોં જોવા લાગ્યા. ભારતીય પ્રતિનિધિઓમાં ખળભળાટ મચી ગયો. એ યુવાનની સાચી, નીડર, નિર્ભય અને વિવેકપૂર્ણ સ્પષ્ટ વાણીએ સમગ્ર પરિષદ ઉપર ઘેરી અસર ઊભી કરી. વિશ્વમંચ પર એણે કરેલી ટીકામાં માનવજીવનના મૂળભૂત અધિકારોની મુદ્દાસર રજૂઆત હતી, એમાં સમતા અને બંધુતા માટેનું દર્દ હતું, અનુકંપા હતી, અપીલ હતી. એમાં સાચી રાષ્ટ્રભક્તિ હતી. બ્રિટિશ વડાપ્રધાન મેકડોનાલ્ડે પણ આશ્ચર્ય સાથે, પરિષદની પૂર્ણાહુતિમાં પોતાના ભાષણમાં, યુવાનના એ ભાષણને વક્તૃત્વકલાનો ઉત્તમ નમૂનો કહ્યો.

પરિષદમાં ત્યાં મહારાજાઓની હરોળમાં બેઠેલી એક વ્યક્તિના દેદીપ્યમાન ચહેરા ઉપર, ભાષણ સાંભળ્યા પછી અતિપ્રસન્નતા કળાઈ રહી હતી. એમની આંખોમાં આનંદના આંસુ હતાં. એ મહારાજા ગુજરાતના હતા. બ્રિટનમાં એમનો બંગલો પણ હતો. પરિષદમાંથી પોતાના નિવાસસ્થાને પાછા ફરતાં તેમણે પોતાનાં રાણીને કહ્યું, 'આપણા બધા પ્રયત્નો અને પૈસા સાર્થક થયા. આજે એક મહાન કાર્યથી મળેલી સફળતા જોઈને અને પ્રાપ્ત થયેલા યશથી આનંદ થયો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આમ, જેમણે પોતાનાં ગૌરવ અને આનંદ રાણી આગળ વ્યક્ત કર્યાં તે હતા વડોદરાના પ્રજાવત્સલ, દેવત્વપોષક મહારાજા સયાજીરાવ ગાયકવાડ. એ યુવાન તે બીજા કોઈ નહિ પણ ભારતના પ્રખર ન્યાયવિદ્‌, સામાજિક ક્રાંતિના મશાલચી બંધારણઘડવૈયા, કર્મનિષ્ઠ મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકર.

સમાજ કે રાષ્ટ્રસેવા માટે વિદેશ જઈને શ્રેષ્ઠ વિદ્યાપ્રાપ્તિના મનોરથ સેવતા બાબાસાહેબને મહારાજાએ સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને જાહેર નાણાતંત્ર માટે અભ્યાસ કરવા શિષ્યવૃત્તિ આપી હતી. આમ, દીવાથી દીવો પ્રગટ્યાનો મહારાજાને અનેરો આનંદ હતો.

ડૉ. આંબેડકરનાં સ્વાધ્યાય અને ચિંતનનો વ્યાપ અને ઊંડાણ અમાપ હતાં. વિશ્વકક્ષાના ધુરંધરોને એમણે પુસ્તકો દ્વારા પચાવ્યા હતા. અમેરિકાના બંધારણ દ્વારા સમાનતા તેમજ ફ્રેન્ચક્રાંતિ દ્વારા માનવઅધિકારના ખ્યાલો વિશ્વમાં વહેતા થઈ ગયા હતા. અબ્રાહમ લિંકને ગુલામીપ્રથા દૂર કરી લોકશાહી મૂલ્યોને મૂર્તિમંત કર્યાં હતાં. કાળાગોરાના ભેદના નિર્મૂલન માટે લ્યૂથર કિંગ શહીદીને વર્યા હતા. ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ અને સ્ત્રી સમાનતા માટે જંગ છેડ્યો હતો ત્યારે માનવઅધિકારો માટે, સમાજજીવનના રોગને નિર્મૂળ કરવાના સામર્થ્યમાં રાષ્ટ્રપ્રેમી ડૉ. બાબાસાહેબની તોલે કોઈ આવી શકે એમ નહોતું. સમતા, બંધુતા તેમજ ગૌરવપૂર્ણ માનવજીવનના અધિકારરૂપી પાયાના સિદ્ધાંતો ડૉ. બાબાસહેબનાં સઘળાં જીવનકાર્યોમાં ચરિતાર્થ થાય છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનમાં વડોદરાના રાજવી સયાજીરાવ ગાયકવાડ પછી બીજા એક મહારાજા પણ આવ્યાં. જેમણે એમના જીવનને વધુ તેજસ્વી બનાવ્યું. એ હતા કોલ્હાપુરના મહારાજા શાહૂજી મહારાજ. શાહૂજી મહારાજ સ્વયં સામાજિક સમતાના પ્રખર હિમાયતી હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકરને પ્રથમવાર મહારાજા મળ્યા ત્યારે એમને જોતાં જ મહારાજાએ કહેલું : ‘આ માણસ કાંઈક જુદી જ માટીનો બનેલો છે.’ બાબાસાહેબ પરદેશથી ઉચ્ચ શિક્ષણ લઈને ભારત પાછા આવ્યા એ સમાચાર વર્તમાનપત્રોમાં વાંચીને શાહૂજીને ખૂબ સંતોષ અને આનંદ થયો હતો. મહારાજા સામે ચાલી ડૉ. આંબેડકરનું સરનામું શોધીને મુંબઈમાં એ જ્યાં રહેતા હતા તે પરેલ વિસ્તારમાં એમને મળવા ગયા હતા. શાહૂજી મહારાજે તેમને તમામ પ્રકારની મદદ કરી હતી. મહારાજે ભવિષ્યવાણી કરેલી કે : ‘એક સમયે એ સમગ્ર ભારત વર્ષના નેતા હશે એવું મારો અંતરાત્મા કહે છે.’

ડૉ. બાબાસાહેબના વ્યક્તિત્વઘડતરમાં એમના પિતા રામજી સકપાલે આપેલા સંસ્કાર અને શિક્ષકોનો સદ્‌ભાવ મહત્ત્વનાં રહ્યાં છે, વાચન સાથેનો આ સંસ્કારવારસો એમના જીવનમાં હંમેશાં પ્રમુખસ્થાને રહ્યો. ડૉ. બાબાસાહેબ કહે છે : અમારો પરિવાર ધનવાન નહોતો છતાં ઘરનું વાતાવરણ કોઈપણ સાંસ્કૃતિક દૃષ્ટિએ, સુરક્ષિત પરિવારને શોભે એવું હતું. અમારા પિતા અમારા સંસ્કાર બાબતે ખૂબ જાગ્રત હતા. ભોજન પહેલાં તેઓ અમને ઘરમાં બેસાડી અમારી પાસે ભજન, દોહા, શ્લોક ગવડાવતા. પિતા સંતોનાં ભજન અને કબીરના દોહા ગાતા ત્યારે અમારા ઘરનું વાતાવરણ ખૂબ પવિત્ર બની જતું. બાબાસાહેબે ‘મૂકનાયક’ સામયિકની સૌથી ઉપર સંત તુકારામ મહારાજના ભજનની પંક્તિઓ લખી હતી એ પછી ‘બહિષ્કૃત ભારત’ નામનું બીજું સામયિક શરૂ કર્યું, ત્યારે સંત જ્ઞાનેશ્વરની પંક્તિઓ મૂકી હતી. ‘જાતપાત પૂછે ના કોઈ હરિ કો ભજે સો હરિ કા હોઈ’ એવા કબીરના દોહાઓએ બાબાસાહેબના આત્માને સતત પ્રજ્વલિત રાખ્યો હતો. બાળપણના ગાઢ સંસ્કારોના પુણ્યપ્રતાપે બીજા ધર્મને આદર આપવાની ઉદારતા તેઓ કેળવી શક્યા હતા. આમ, સમતા અને પ્રેમનો પારંપારિક લોકવારસો એમના ઘરના સંસ્કારોરૂપે જ મળ્યો હતો.

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુલાયમ હૃદયના, પ્રેમાળ, ભાવુક, નિરભિમાની અને મધુરતાથી સભર વ્યક્તિત્વના માલિક હતા. દેખાવે કઠોર હતા છતાંય નિકટના માણસો સાથે એમનો વર્તાવ પ્રેમાળ રહેતો. બાળપણમાં જીવન વ્યવહારમાં અસ્પૃશ્યતાના અનેક કટુ અનુભવો થયા છતાં તેમના સંસ્કારો તેમજ દૃઢ મનોબળને કારણે એમના જીવન વ્યવહારમાં સમતા, બંધુતા અને કરુણા પ્રમુખસ્થાને રહ્યાં.

1924નો એક પ્રસંગ છે : ડૉ. બાબાસાહેબ આંબેડકર પોતાના કાર્યાલયમાં કોઈ એક વિષય ઉપર લોકો સાથે ચર્ચા કરી રહ્યા હતા. બરાબર તે સમયે જ એક વયોવૃદ્ધ સદ્‌ગૃહસ્થ લાકડીને સહારે એમના કાર્યાલયના દરવાજે આવીને ઊભા રહ્યા. ડૉ. બાબાસાહેબ આંબેડકર તો એમને જોતાંવેંત ખુરશીમાંથી ઊભા થઈ ગયા અને જઈને સીધા જ વૃદ્ધ પુરુષને પગે લાગ્યા.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બીજા લોકોને તો નવાઈ લાગી. પેલા આગંતુકે આશીર્વાદ આપતાં કહ્યું : 'ચિરંજીવી હો !' ડૉ. બાબાસાહેબ આંબેડકર ખૂબ આદર સહિત એમને કાર્યાલયમાં દોરી લાવ્યા. સાથીદારો વૃદ્ધજનની ઓળખાણ ઈચ્છતા હતા એટલે ડૉક્ટર સાહેબે કહ્યું : મિત્રો, આ મારા ગુરુજી છે. એમના હાથ નીચે મેં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. તમે જાણો છો કે મારી અટક તો આંબાવડેકર હતી, પણ બાળપણમાં મને આંબેડકર અટક આપનાર ગુરુજી મહાદેવ આંબેડકર સ્વયં બ્રાહ્મણ છે. આજે અચાનક જ મને મળવા આવ્યા, એથી હું ઉપકૃત થયો છું. એમનાં પાવન પગલાં મારા કાર્યાલયમાં પડ્યાં, એથી ધન્યતા અનુભવું છું. ડૉ. બાબાસાહેબ આંબેડકરની વાત સાંભળીને ઉપસ્થિત બધા જ લોકોએ એમને પ્રણામ કર્યાં. એક જમાનાનો બાળક આંબેડકર આજે મહાન વિદ્વાન ડૉ. આંબેડકર બની ગયો છે છતાંય એની નમ્રતામાં કે એમની ગુરુભક્તિમાં ક્યાંયે કમી આવી નથી. એ જોઈને ગુરુજીની આંખમાંથી હર્ષના આંસું ઊભરાઈ આવ્યાં. ભીમરાવનો આદર પામીને ગુરુજી તો ભાવવિભોર થઈ ગયા અને એટલું જ બોલ્યા : 'ભીમા ! તેં તારા કુળનું નામ તો દીપાવ્યું જ છે પણ તારે લીધે તો મનેય યશ મળ્યો છે. તું અમર થવાનો છે.' ગુરુજીએ થોડીક વાતો કરીને જવાની તૈયારી કરી. એટલે બાબાસાહેબ બોલ્યા : 'સાહેબ ! મેં હજુ કમાણી કરી નથી. છતાંય મારી ઈચ્છા એવી છે કે હું ફૂલ નહિ તો ફૂલની પાંખડી આપના ચરણોમાં સમર્પિત કરી ગુરુદક્ષિણા અર્પણ કરું.' એકવાર ગુરુજી સવારના સમયે કાર્યાલયમાં પુનઃ પધાર્યા. ડૉ. બાબાસાહેબ આંબેડકરે પાંચ પાન, પાંચ સોપારી, સવા રૂપિયો અને નવી ધોતી ગુરુદક્ષિણારૂપે ગુરુજીને ચરણે ધર્યા.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ગુરુભક્તિ અજોડ હતી. શાળામાં બપોરે રિસેસમાં ભીમરાવ ઘરે જમવા જાય એ ગુરુજીને ગમતું નહિ એટલે ગુરુજી પોતાના ટિફિનમાં થોડાંક વધારે શાક, ભાખરી લાવતા અને ભીમરાવને પ્રેમથી ખવરાવતા. ગુરુજીનાં આ ભાખરી-શાકના પ્રેમભર્યા સ્વાદની મીઠાશ બાબાસાહેબના જીવનમાં જડાઈ ગઈ હતી. પોતાના જન્મદિવસ-હીરક મહોત્સવ સમયે મુંબઈના નરેપાર્કમાં યોજાયેલી વિશાળ સભા સમક્ષ આ પ્રસંગનો ગૌરવથી ઉલ્લેખ કરીને તેમણે કહ્યું : 'શાળાજીવનનું આ મારું મીઠું સંભારણું હતું.'

લંડનથી અભ્યાસ પૂરો કરી ડૉ. બાબાસાહેબ આંબેડકર ભારત પાછા આવ્યા, પછી જાહેર જીવનમાં સક્રિય થયા. ભારતના પદદલિતોમાં સ્વાવલંબન, સ્વાભિમાન, સંસ્કાર અને આત્મોદ્ધારનું કાર્ય શરૂ કરીને દેશમાં મહાપરિવર્તન કરનાર નવયુગનાં મંડાણ કર્યાં અને એ માટે એમણે માર્ચ 1924માં 'બહિષ્કૃત હિતકારિણી સભા'ની સ્થાપના કરી. આ સંસ્થામાં અન્ય જાતિના લોકોને પણ સ્થાન આપ્યું. સર ચીમનલાલ સેતલવાડ સંસ્થાના પ્રમુખ હતા અને સંસ્થાના કાર્યકારી અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકર હતા.

બહિષ્કૃત હિતકારિણી સભાના પ્રારંભે ડૉ. બાબાસાહેબ આંબેડકરે પ્રવચન સામાજિક સમતા અને બંધુભાવ તરફ પોતાનો ઝોક વ્યક્ત કરે છે. તેમણે કહ્યું હતું : ''સમાજના સર્વાંગીણ વિકાસ માટે મેં વિદ્યા પ્રાપ્ત કરી છે, જેથી સમાજના સર્વાંગીણ વિકાસ માટે પ્રામાણિકતાથી કામ થઈ શકે. મારી જ્ઞાનશક્તિનો ઉપયોગ માત્ર મારા કુટુંબ કે પરિવાર માટે નહિ કરું. સમાજની પ્રગતિ માટે મેં અનેક યોજનાઓ બનાવી છે. આ યોજનાઓ પાર પડશે તો ચોક્કસપણે અસ્પૃશ્ય અને સ્પૃશ્ય બંને સમાજને લાભ થશે.''

હિન્દુ હોવા છતાં અસ્પૃશ્યો મહાડના ચવદાર તળાવના પાણીનો ઉપયોગ કરી શકતા નહોતા અને નાસિકના કાલારામ મંદિરમાં ભગવાનનાં દર્શન કરવાનો હક તેમનો નહોતો. અસ્પૃશ્યો ભગવાનનાં દર્શન કરે એથી ભગવાનની મૂર્તિ અપવિત્ર થઈ જાય અને તળાવનું પાણી વાપરવાથી અભડાઈ જાય એવી માનસિકતા હતી. આ બંને સ્થાનો પર અસ્પૃશ્યોનો સમાનતા અને ન્યાય મળે તે માટે બાબાસાહેબ આંબેડકરે સત્યાગ્રહ આદર્યો હતો. 'સમતા સૈનિક દળ'ના સંમેલનમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે સત્યાગ્રહ બાબતે કહેલું : 'ચવદાર તળાવનું પાણી બધા પંથ, જાતિ અને ધર્મના લોકોને સમાનરૂપે પીવા મળે એવા અધિકાર માટેનો આ સંઘર્ષ હતો. નાસિકના મંદિર પ્રવેશનો સંઘર્ષ, વાસ્તવમાં હિન્દુ સમાજમાં સામાજિક સમાનતા માટેનો હતો.'

ડૉ. બાબાસાહેબ આંબેડકરે ચવદાર તળાવમાંથી એક અંજલી ભરી જળ પીધું અને પ્રચંડ જનસમૂહે તેનું અનુકરણ કર્યું હતું. આ કાર્ય દ્વારા તેમણે પોતાના માનવીય અધિકાર અને સમાનતા માટેના સત્યાગ્રહને યોગ્ય ઠેરવ્યો હતો. ભારત માટે શતાબ્દીઓ પછી સામાજિક સમાનતા માટેનો આ પરમ મંગળ એવો ભાગ્યશાળી દિવસ હતો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મહાડ નગરપાલિકાએ પોતાના અધિકાર નીચે આવતા ચવદાર તળાવનું પાણી અસ્પૃશ્યો માટે ખૂલ્લું મૂકવાની જાહેરાત કરી હતી. છતાં મહાડના અસ્પૃશ્યોને તળાવનું પાણી વાપરવાનો અધિકાર મળ્યો નહોતો. મહાડના બાપુરાવ જોશી, તુળજારામ ધારિયા, સીતારામ પંત, ગંગાધર પંત, સહસ્રબુદ્ધે જેવા ઉચ્ચવર્ણના નેતા પણ ડૉ. બાબાસાહેબ સાથે સત્યાગ્રહમાં જોડાયા હતા.

મહાડનગરના કેટલાક બ્રાહ્મણોએ આ સત્યાગ્રહને ટેકો જાહેર કર્યો; પરંતુ પોતાના કેટલાક જડ અનુયાયીઓએ આ વાતનો વિરોધ કરી. બ્રાહ્મણોને સત્યાગ્રહમાં સામેલ ન કરવાની વાત કરી. આ સમયે ડૉ. બાબાસાહેબે આ ચળવળને ટેકો આપનાર બ્રાહ્મણ કાર્યકર્તાઓનું પોતે સ્વાગત કરશે એવી જાહેરાત કરી, આમ એમનો ટેકો ન લેવાની શરત પોતાને માન્ય નથી એવું સ્પષ્ટપણે જણાવી ડૉ. બાબાસાહેબે કહ્યું : 'બ્રાહ્મણ અમારા દુશ્મનો નથી. મિથ્યા બ્રાહ્મણત્વ સિવાયનો બ્રાહ્મણ અમને પોતાનો લાગે છે. અમારા સત્યાગ્રહમાં કોઈ પણ વ્યક્તિ ભાગ લેવા સ્વતંત્ર છે, પછી તે વ્યક્તિ ગમે તે જ્ઞાતિની હોય. આ સંઘર્ષ તત્ત્વ માટે છે, તે કોઈ પણ વ્યક્તિ અથવા જ્ઞાતિ સામે નથી. અમારા પવિત્ર કાર્યમાં તો તત્ત્વનિષ્ઠાથી પ્રેરિત થઈને જે કોઈ આગળ આવશે તેનું અમે સ્વાગત કરી, આભાર માનીશું.' બાબાસાહેબની બીજી પણ શરત હતી કે આ સત્યાગ્રહ સંપૂર્ણ અહિંસક હશે. ડૉ. બાબાસાહેબે મહાડ સત્યાગ્રહ અંગેની ભૂમિકા રજૂ કરતાં કહ્યું હતું : 'અમે જે કાર્યની શરૂઆત કરી છે એ કાર્ય માત્ર અમારા ઉદ્ધાર પૂરતું સીમિત નથી. એ તો હિન્દુ ધર્મના ઉદ્ધાર માટે છે. આ રાષ્ટ્ર કાર્ય છે.' જોકે, દેશના દુર્ભાગ્યે ડૉ. બાબાસાહેબના હૃદયની આ વિશાળતા અને એમના ઉદ્દેશ્યને જાતિવાદની જડ માનસિકતામાં જકડાયેલા લોકો સમજી શક્યા નહોતા.

મહાડમાં બંધુતા અને સામાજિક ન્યાય માટે જે સત્યાગ્રહનાં મંડાણ થયાં હતાં તેનાથી ડૉ. બાબાસાહેબ માત્ર જ્ઞાતિપુરુષ નથી, કિંતુ રાષ્ટ્રપુરુષ છે, એ કેવળ વિદ્યાભૂષણ નથી, કર્તવ્યશીલ નેતા છે એ પુરવાર થયું. એમના દેદીપ્યમાન વ્યક્તિત્વનો પ્રભાવ દેશભરમાં ફેલાયો. મહાડ સત્યાગ્રહની બાબતમાં તેમની ભૂમિકા સ્પષ્ટ હતી. એમણે 25 ડિસેમ્બર 1927ના દિવસે મહાડમાં અધ્યક્ષીય ભાષણમાં કહ્યું હતું : 'મહાડમાં અમે હિન્દુ સમાજમાંથી અસમાનતા હટાવવા અને તેને સંગઠિત કરવાનું લક્ષ્ય લઈને એકઠા થયા છીએ. જ્યાં સુધી સમાજ એકવર્ણીય નહિ બને ત્યાં સુધી અસ્પૃશ્યતા ખતમ નહિ થાય અને સમાજમાં ક્યારેય સમાનતા આવશે નહિ. પોતે આદરેલા સંઘર્ષથી સમાજમાં કટુતા વધે નહિ, કાયદાનું સન્માન થાય અને સામાજિક ખાઈ ઓછી થાય એવી વિશાળ ભૂમિકાનાં દર્શન ડૉ. બાબાસાહેબના મહાડ સત્યાગ્રહમાં થાય છે. સમાનતાનો અર્થ બતાવતી વખતે એ કહેતા કે 'સમાજમાં ઊંચનીચનો ભાવ ન રહે, જાતિવાદ અને અસ્પૃશ્યતા ન રહે અને વ્યક્તિને સમાન તક મળે અને વ્યક્તિનું સ્થાન જન્મથી નહિ પરંતુ યોગ્યતાથી નક્કી થવું જોઈએ.' અમારાવતીમાં 'બેરાર પ્રાંત અસ્પૃશ્ય પરિષદમાં ડૉ. બાબાસાહેબે કહ્યું હતું : 'આભડછેટથી માત્ર અછૂતોને જ નુકસાન થયું નથી. એનાથી સવર્ણોને પણ નુકસાન થયું છે અને સૌથી વધુ નુકસાન તો રાષ્ટ્રને થયું છે. આથી અસ્પૃશ્યતા નાબૂદીનું આંદોલન સાચા અર્થમાં દેશના નિર્માણનું આંદોલન છે. દેશમાંથી અસ્પૃશ્યતા અને સામાજિક વિષમતા દૂર થશે તો એનાથી દેશનો જ વિકાસ થશે.'

બાલગંગાધર ટિળકના પુત્ર શ્રીધર પંત ડૉ. બાબાસાહેબ આંબેડકરના ખૂબ નિકટના મિત્ર હતા. તેમના સામાજિક વિચારો ક્રાંતિકારી અને પ્રગતિશીલ હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકર અને શ્રીધર પંત 'સમાજ સમતા સંઘ' નામની સંસ્થા બનાવી સામાજિક ભ્રાતૃભાવ વધે તે માટે કાર્યક્રમો કરતા હતા. ઉચ્ચવર્ણના પુરોહિત દ્વારા અસ્પૃશ્યોનાં લગ્ન વૈદિકવિધિથી કરાવવાં, ગણેશોત્સવ, સમૂહભોજન, આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન આપવું વગેરે કાર્યક્રમો તેઓ સાથે રહીને કરતા. ડૉ. બાબાસાહેબ આંબેડકરે એક પ્રસંગે 'સમાજ સમતા સંઘ'ના ઉદ્દેશ્ય બાબતે કહેલું : 'સમાજ સમતા સંઘ' હિન્દુ સમાજમાંથી નાત-જાત અને અસ્પૃશ્યતાને દૂર કરવા ઘણી મહેનત કરે છે. આ સંગઠનમાં બધી મહેનત કરે છે. આ સંગઠનમાં બધી જ્ઞાતિના લોકો સામેલ છે અને એમાં બધી જ્ઞાતિના લોકોને પ્રવેશવાની છૂટ છે, ભલે પછી તે ગમે જ્ઞાતિનો હોય. આંતરજ્ઞાતિય ખાન અને લગ્નને ઉત્તેજન આપીને જ આભડછેટની બીમારી દૂર કરી શકાય. નહિતર અસ્પૃશ્યતાની બીમારી સંપૂર્ણ નષ્ટ ક્યારેય નહિ થાય. અસ્પૃશ્યતા સંપૂર્ણ દૂર થાય તે માટે અમે સંઘર્ષ કરી રહ્યા છીએ.' સમગ્ર રાષ્ટ્રનો વિચાર ન કરતાં માત્ર પોતાની જ્ઞાતિને જ વફાદાર રહેવું એને ડૉ. બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રદ્રોહની શ્રેણીમાં મૂકતાં પોતાના 'જાતિ વિચ્છેદ' પુસ્તકમાં લખે છે કે ''એક રાષ્ટ્રના નાગરિક હોવા છતાં વફાદારી માત્ર પોતાની જ્ઞાતિ પૂરતી જ મર્યાદિત રાખવી એ રાષ્ટ્રદ્રોહ ન કહેવાય ?''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ડૉ. બાબાસાહેબની દરેક ચળવળ બંધુભાવ અને સામાજિક સમાનતા તરફ લઈ જનારી મહત્ત્વની સામાજિક ક્રાંતિ હતી. રાષ્ટ્રની સામાજિક પુનર્રચના માટેનો એક અભૂતપૂર્વ સંઘર્ષ હતો. ડૉ. બાબાસાહેબે બુદ્ધના સમદૃષ્ટિ - સમભાવ - સમાનતાના ઉપદેશને આદર્શ માન્યો હતો. તેઓ કહેતા કે 'સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા એ મારા જીવનની તત્ત્વત્રયી છે. આ તત્ત્વ મેં ફ્રેંચ રાજ્ય ક્રાંતિમાંથી લીધું નથી. એના મૂળ ભગવાન બુદ્ધના જ્ઞાનદર્શનમાં છે.' બંધારણસભામાં તેમણે આ જ વાત કહેલ : ''બંધુતા વગર સ્વતંત્રતા અને સમાનતા સ્વાભાવિક રીતે પ્રસ્થાપિત નહિ થાય. બંધુત્વ એટલે શું ? બંધુત્વ એટલે બધા ભારતીયો વચ્ચે ભાઈચારાની ભાવના. આ એક એવો સિદ્ધાંત છે જે આપણા સામાજિક જીવનને એકતા અને એકાત્મતા પ્રદાન કરશે.''

એક સાંજે બંગલાના બગીચામાં ચર્ચા ચાલતી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરે ટોપલો ભરીને કેરીઓ મંગાવી હતી. કેરીઓ પાણીમાં સાફ કરીને બધાને એક એક આપી. એટલામાં દરવાજે ઊભેલા ચોકીદાર તરફ ડૉ. બાબાસાહેબની નજર પડી. એમણે બૂમ પાડીને એને બોલાવ્યો અને ટોપલામાંથી કેરી લઈને ખાવાનું કહ્યું. ચોકીદારના તો હોશકોશ ઊડી ગયા. પણ એમના હુકમનો અનાદર કરે કેવી રીતે ? એણે બે ત્રણ કેરીઓ લઈને ચાલવા માંડ્યું. બાબાસાહેબે એને રોક્યો અને ખુરશીમાં બેસીને આરામથી ખાવાનું કહ્યું. શ્રીકૃષ્ણ ચાંદીવાલા નામનો અંગ્રેજ અખબારનો પત્રકાર એમની બાજુમાં જ બેઠેલો. એણે અંગ્રેજીમાં ડૉ. બાબાસાહેબને કહ્યું : ''સાહેબ ! તમે તમારી પોઝિશન અને મોભાનો તો વિચાર કરો. તમે તો વાઇસરોયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય છો. આવા એક મામૂલી ચોકીદારને તમારી સામેની ખુરશીમાં બેસાડીને કેરી ખાવાનું કહેવું ઉચિત નથી.''

ડૉ. બાબાસાહેબ આંબેડકરે એની વાત સાંભળીને જવાબ આપતાં કેટલીક રસપ્રદ વાતો કરી : ''માનવતાનો દરજ્જો તો વાઇસરૉયની કાઉન્સિલના સભ્ય કરતાંય ઊંચો છે. વાઇસરૉયનું પદ પણ એની આગળ પાણી ભરે છે. અત્યારે હું સરકારી હોદ્દા ઉપર નથી બેઠો. મારો ચોકીદાર ઈમાનદાર છે, તે માણસ છે અને મારે એની સાથે માણસ તરીકેનો જ વ્યવહાર કરવો જોઈએ. ગરીબીને કારણે કદાચ એ ભણી શક્યો નહિ હોય ! જો ભણ્યો હોત તો કદાચ વાઇસરૉયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો સભ્ય હોત ! આપણો દેશ તો એવો અભાગિયો છે કે અહીં માણસ ને માણસ તરીકે મૂલવવામાં આવતો નથી. ઊંચનીચનો - નાનામોટાનો ભેદભાવ ચોવીસે કલાક દિમાગમાં ઘૂસેલો રહે છે. આવી અમાનવીય મનોવૃત્તિને હું બિલકુલ પસંદ કરતો નથી.' ડૉ. બાબાસાહેબનો અભિગમ હંમેશાં માનવીય રહ્યો. સ્વતંત્રતા, સમતા, સમરસતા, એકાત્મતા અને બંધુતાના તેઓ પથદર્શક રહ્યા. એ હંમેશાં કચડાયેલા, શોષિત, પીડિતજનોના કલ્યાણ અને ન્યાય માટે સંઘર્ષરત રહ્યા. એમની દૃષ્ટિએ 'માનવતા' જ મૂલ્યવાન હતી, આવા વિશ્વકોટિના મહામાનવને શતશત વંદન...

### શબ્દ-સમજૂતી

**મુત્સદ્દી** રાજદ્વારી પુરુષ; **પરિષદ** સભા; **દેહયષ્ટિ** સુંદર સુકોમળ સપ્રમાણ દેહ; **નિરીક્ષણ** ધ્યાનથી જોવું; **પરીક્ષણ** તપાસ; **સાંપ્રત** વર્તમાન; **દારૂણ** ભયંકર; **જડબાતોડ** જડબાને તોડે તેવું; **સમતા** સમાનતા; **બંધુતા** ભાઈચારો; **નિર્ભીક** ભય વિના; **સુચારુ** સારું; **પ્રખર** સખત, ઉગ્ર; **અપાર** પાર વિનાનું, પુષ્કળ; **હિમાયતી** આગ્રહ રાખનાર; **બહિષ્કૃત** તિરસ્કાર પામેલું; **આંગતુક** નવું આવનારું; **ઉપકૃત** આભારવશ; **સ્વાવલંબન** પોતાનું કામ પોતાની જાતે જ કરે તે; **સ્વાભિમાન** આત્મગૌરવ; **સમરસતા** જીવમાત્ર પ્રત્યે એતાત્મકતા સરખાપણું.

### સ્વાધ્યાય

**1. નાચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) આંબેડકરના પિતા ભોજન પહેલાં શું કરાવતા હતા ?

(2) સયાજીરાવ ગાયકવાડે ઘરે આવીને રાણીને શું કહ્યું ?

(3) આંબેડકરને કોણે અને શા માટે શિષ્યવૃત્તિ ભાષણનું શું કહ્યું ?

(4) બ્રિટિશ વડાપ્રધાન મૅકડૉનાલ્ડે ડાપૂર્ણાહુતિ ભાષણનું શું કહ્યું ?

(5) ડૉ. બાબાસાહેબના જીવનની તત્ત્વત્રયી કઈ છે ?

(6) ડૉ. બાબાસાહેબના મતે બંધુતાનો શો અર્થ છે ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો :**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(1) ગોળમેજી પરિષદના ભાષણ પછી આંબેડકર વિશે કેવો ખ્યાલ ઊભો થયો ?
(2) બાબાસાહેબની ગુરુભક્તિ વિશે લખો.
(3) અમરાવતીના ભાષણમાં બાબાસાહેબે કઈ વેદના વ્યક્ત કરી ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) સામાજિક સમરસતાના નિર્માણમાં બાબાસાહેબનું યોગદાન.
(2) ડૉ. આંબેડકરના વિવિધ સત્યાગ્રહો અને તેની અસરો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'બંધારણના ઘડવૈયા : બાબાસાહેબ'નો પરિચય મેળવો.
- ડૉ. આંબેડકરની ગુરુભક્તિ વિશે નિબંધ લખો.
- ડૉ. આંબેડકરની વિવિધ ડિગ્રીઓનો વિગતે અભ્યાસ કરો.

### શિક્ષક-પ્રવૃત્તિ

- બાબાસાહેબની બંધુતા-સમતા-સમરસતાના વિવિધ પ્રસંગો દ્વારા તેમનું ચરિત્ર વિદ્યાર્થીઓ પાસે રજૂ કરો.
- 'વીસમી સદીના રાષ્ટ્રપુરુષો અને તેમનું પ્રદાન' વિષય ઉપર એક હસ્તલિખિત અંક તૈયાર કરાવો.
- 'ચલણ-નાણાં વ્યવસ્થા' અંગેના બાબાસાહેબના દૃષ્ટિપૂત વિચારોનો વિદ્યાર્થીઓને પરિચય કરાવો.

**કાવ્ય-કંડિકાઓ**

હારી ગયાનું એટલે તો દુઃખ નથી મને,
જીતી ગયા જે દાવ એ કંઈ પારકા નથી

**– બરકત વિરાણી 'બેફામ'**

શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી;
ઔષધ સર્વ દુઃખોનું મૈત્રીભાવ સનાતન.

**– સ્નેહરશ્મિ**

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 24 શરત



**એન્ટવ ચેખોવ**

**(જન્મ : 27-1-1860; અવસાન : 15-7-1904)**

એન્ટન પાવલોવીયા ચેખોવ રશિયાના ખ્યાતનામ વાર્તાકાર તેમજ નાટ્યકાર હતા. તેમનો વ્યવસાય ડૉક્ટર (તબીબ)નો હતો. મોસ્કો સ્ટેટ મેડિકલ યુનિ. દ્વારા તબીબી ઉપાધિ પ્રાપ્ત કરી હતી. માત્ર રશિયામાં જ નહિ, પણ વિશ્વમાં તેમની વાર્તાઓ વાચકો ને વિવેચકો દ્વારા પુરસ્કૃત થઈ છે. રશિયાના આ આધુનિક વાર્તાકારને પુસ્કિન એવૉર્ડ પ્રાપ્ત થયો હતો. 'ધ સીગલ', 'ધ એરી ઓરયાર્ડ' એમનાં વિશ્વવિખ્યાત નાટકો છે.

જેને આપણે હૃદય કે અંતરાત્મા કહીએ છીએ એને પોતાનો સ્વ-ભાવ છે. મનુષ્યને જેમ જેમ જગતનો અનુભવ થાય છે તેમ તેમ ધન, સત્તા, કીર્તિ, વાસના, અહંકાર એને વળગતું જાય છે ને હૃદય એનો સ્વ-ભાવ ગુમાવે છે. ઉત્તમ સત્યો એવું ઔષધ છે જેનાથી હૃદય કે અંતરાત્માનું આપણું સ્વાભાવિક તેજ આપણને પાછું મળે છે.

એન્ટન ચેખોવની આ જાણીતી વાર્તા છે. વીસ લાખનું ઇનામ જેને મળવાનું છે એવો યુવાન વકીલ પંદર વર્ષ જેલમાં રહ્યા પછી પુસ્તકો, ગ્રંથોના સેવનથી અલૌકિક ભાવ-જગતનો સ્વામી બને છે ને લૌકિક ધન લાલસાને ઠોકર મારે છે. લેખકે અહીં કળાની સાથે જીવન મૂલ્યને પ્રગટ કર્યું છે. મૂળ વાર્તા 'The bet'નો 'શરત' નામે અનુવાદ ડૉ. રમેશ ઓઝાએ કર્યો છે.

---

પાનખર ઋતુની એ એક અતિશય ઠંડી રાત હતી. વૃદ્ધ બૅંક માલિક યાદ કરતો હતો કે આજથી પંદરેક વર્ષ પહેલાં આવી જ એક ઠંડી રાત હતી જ્યારે એણે એક ભવ્ય મિજબાની ગોઠવી હતી. એ મિજબાનીમાં અનેક બુદ્ધિજીવી હાજર હતા. તે વખતે હાજર રહેલા મહેમાનોએ ભાતભાતની મજાની વાતો કરી હતી. કાયદાની વાતો નીકળતાં કડકમાં કડક સજા વિશે ચર્ચા નીકળી હતી. મોટા ભાગના મહેમાનોએ મૃત્યુદંડની સજા પ્રત્યે અસંમતિ દર્શાવી હતી. એ લોકોએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે મૃત્યુદંડની સજા એક પ્રકારની જૂની પુરાણી અને અનૈતિક સજા છે. એક મહેમાને તો કહ્યું, 'મૃત્યુદંડ તો ખરાબ અને અમાનુષી સજા કહેવાય.' કેટલાક મહેમાનોએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે દેહાંતદંડની સજાને આજીવન કેદની સજામાં ફેરવી નાખવી જોઈએ.

'હું તમારી સાથે સંમત નથી થતો.' યજમાન બૅંકરે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. 'મને એવું લાગે છે કે અન્ય જાઓ કરતાં દેહાંતદંડની સજા વધારે સારી છે. જન્મટીપ કરતાં મૃત્યુદંડ વધુ નૈતિક અને માનવતાભરી સજા છે. દેહાંતદંડ માણસને તત્કાળ ખતમ કરે છે જ્યારે જન્મટીપની સજા માણસને ધીમે ધીમે ખતમ કરે છે.

(આ મિજબાનીમાં આમંત્રિત) મહેમાનોમાં આશરે પચીસેક વર્ષનો એક યુવાન વકીલ પણ હતો. (ઉપસ્થિત બધા જ મહેમાનોમાં) એ સૌથી નાની ઉંમરનો હતો. એ (યુવાન વકીલ)નો અભિપ્રાય માગવામાં આવ્યો ત્યારે એણે કહ્યું, 'બંને પ્રકારની સજાઓ અનૈતિક છે; પરંતુ મારે જો (દેહાંતદંડ અને જન્મટીપ) એ બેમાંથી એકની પસંદગી કરવાની હોય તો હું જન્મટીપ વધુ પસંદ કરું. બિલકુલ ન જીવવા કરતાં કોઈ પણ રીતે જીવવું એ વધુ સારું છે.'

એ વખતે મોટા ભાગના હાજર રહેનારાઓ પૈકી બૅંકમાલિક સૌથી વધુ યુવાન અને વળી વધુ પૈસાદાર હતો. વકીલની વાત સાંભળી એ ઉશ્કેરાઈ ગયો અને બોલ્યો, 'એ સાચું નથી. તમે જો પાંચ વર્ષ પણ એકાંતમાં જેલવાસ ભોગવી શકો તેમ માનતા હો તો હું વીસ લાખ (બે મિલિયન)ની શરત મારવા તૈયાર છું. એકાંતના જેલવાસ કરતાં ભાગ્યે જ બીજી કોઈ સજા ઓછી કંટાળાજનક છે.'

તમે ખરેખર સમજીને આ કહી રહ્યા છો ?' યુવાન (વકીલ) બોલ્યો. 'મને શરત મંજૂર છે. હું પાંચ વર્ષ નહિ પણ પંદર વર્ષની સજા ભોગવીશ.'

'પંદર વર્ષ ?' બૅંકમાલિક બોલ્યો, 'ખરે ! સજ્જન, હું વીસ લાખ (બે મિલિયન)નું જોખમ ઉઠાવવા તૈયાર છું.'

'કબૂલ, તમે વીસ લાખનું જોખમ ઉઠાવો છો તો હું મારી સ્વતંત્રતાનું જોખમ ઉઠાવું છું.' વકીલે કહ્યું. (એ સાંભળીને)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બૅંકમાલિકે કહ્યું, 'અરે નવયુવાન, તું છેલ્લો નિર્ણય લે તે પહેલાં બે વાર વિચાર કરી લે. મારે મન તો વીસ લાખની કાંઈ વિસાત નથી, પણ તારે માટે તો જિંદગીનાં પંદર ઉત્તમોત્તમ વર્ષ ગુમાવવાનાં થશે. તારા જેવા અવિચારી યુવાન બહુ ઓછા હોય. એક વાત ન ભૂલતો કે ફરજિયાતપણે ભોગવવી પડતી સજા કરતાં સ્વયંસ્વીકૃત સ્વૈચ્છિક - સજા વધારે કઠોર લાગે છે.'

પણ યુવાન વકીલ મક્કમ રહ્યો અને અતિશય મૂર્ખાઈભરેલી (અવાસ્તવિક) અને અક્કલ વગરની શરતનું પાલન કરવા તૈયાર થયો.

(સજાની શરત પ્રમાણે) એવું ઠરાવવામાં આવ્યું કે, બૅંકમાલિકના ભાગમાં આવેલા એક સુંદર રહેઠાણમાં આ યુવાન (વકીલે) કડક ચોકીપહેરા હેઠળ સજા ભોગવવી. વળી, એ શરત નક્કી થઈ કે પંદર વર્ષ સુધી વકીલે એ આવાસની બહાર ક્યાંય નીકળવું નહિ, કોઈ માણસને મળવું નહિ, કોઈ માણસનો અવાજ સુધ્ધાં એને કાને પડવો જોઈએ નહિ, કોઈ જાતનાં છાપાં કે પત્રો એને અપાશે નહિ. તેમ છતાં એ (વકીલ) સંગીતનાં વાદ્યો તથા કેટલાંક પુસ્તકો રાખી શકાશે, પત્રો લખી શકશે અને પોતે જે કંઈ ખાવાપીવા ઇચ્છે તે મેળવી શકશે એવું નક્કી કરવામાં આવ્યું. આવાસમાં રાખવામાં આવેલી નાનકડી બારીમાંથી જ આ વ્યવહાર કરવાનો હતો.

1870ના નવેમ્બરની 14મી તારીખે બાર વાગ્યાથી સજાનો પ્રારંભ કરવામાં આવ્યો અને એ સજાનો અંત 1885ના નવેમ્બરની 14મી તારીખે બરાબર બાર વાગ્યે આવવાનો હતો.(જે શરતો મૂકવામાં આવી હતી તેમાંની) એક પણ શરતનો ભંગ થાય કે વકીલ-કેદી એની જેલમાંથી બે મિનિટ જેટલો પણ વહેલો બહાર નીકળી આવે તો બૅંકમાલિક એને વીસ લાખ (એક પાઈ પણ) ચૂકવવા બંધાયેલો ન હતો.

જેલવાસના પ્રથમ વર્ષ દરમિયાન વકીલ-કેદીને એકલતા ઘણી સાલી. ધીમે ધીમે એ વાચન તરફ વળ્યો. એણે અનેક પ્રસિદ્ધ પ્રાચીન ગ્રંથો વાંચી નાખ્યા. સંગીતની મોજ માણી અને કલાકો સુધી લખ્યા કર્યું. એ રીતે પાંચ વર્ષ વીતી ગયાં. છઠ્ઠા વર્ષે કેદીએ જુદી જુદી ભાષાઓનો અભ્યાસ કર્યો, તત્ત્વજ્ઞાન તથા ઇતિહાસનું પણ અધ્યયન કર્યું. એ પછીનાં ચાર વર્ષ દરમિયાન એણે અંદાજે છસો જેટલાં મોટાં મોટાં પુસ્તકો વાંચી કાઢ્યાં. દસમા વર્ષ પછી તો ટેબલ પાસે બેસીને ફક્ત બાઇબલનું જ અધ્યયન તેણે કરવા માંડ્યું. એણે બાઇબલ વારંવાર વાંચ્યું. બાઇબલના વાચન પછી એણે ઈશ્વરના અસ્તિત્વને લગતાં શાસ્ત્રો તથા ધર્મના ઇતિહાસને લગતાં પુસ્તકો હાથમાં લીધાં.

જેલવાસનાં છેલ્લાં બે વર્ષ દરમિયાન એણે જુદા જુદા વિષયો પરનાં ઘણાં બધાં પુસ્તકો વાંચી કાઢ્યાં. એણે જગતના મહાન લેખકોનાં પુસ્તકો વાંચ્યાં. તદુપરાંત પ્રાકૃતિક વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર અને ઔષધશાસ્ત્રના ગ્રંથો પણ વાંચ્યા. કોઈને કદી સાંભળવામાં ભાગ્યે જ આવ્યો હશે એવો એ બનાવ હતો.

પેલા વૃદ્ધ બૅંકમાલિકને આ સઘળી બાબત યાદ આવી અને એણે વિચાર્યું કે આવતી કાલે બાર વાગે એ મુક્ત થઈ જશે. અમારી શરત પ્રમાણે મારે એને વીસ લાખ આપવા પડશે, હું જો એને એ રકમ આપી દઈશ તો હું બરબાદ થઈ જઈશ. પંદર વર્ષ પહેલાં અહીં મળેલા બધા માણસો કરતાં હું વધુ પૈસાદાર હતો, પણ હવે બાજી પલટાઈ ગઈ છે, હું પહેલાં જેવો પૈસાદાર રહ્યો નથી. વર્ષોથી મારી સમૃદ્ધિમાં ઘટાડો થતો રહ્યો છે. એ (વકીલ કેદી) કેમ મરી ન ગયો ? હવે એની ઉંમર ચાલીસની થઈ છે. મારી પાસે બાકી રહેલી છેલ્લી પાઈ પણ એ લઈ જશે. પરણશે અને મજા કરશે, જ્યારે મારે એક ભિખારીની જેમ એની સામે ઈર્ષાથી જોતાં રહેવું પડશે. ના, ના, આ તો ભારે થઈ ગઈ. એનું મોત જ હવે માત્ર ઉપાય રહ્યો હતો.

રાત્રિના ત્રણ વાગ્યા હતા. એ અતિશય ઠંડી રાત્રિ હતી. બૅંકમાલિકે જેલ-આવાસની ચાવી લીધી, લાંબો કોટ પહેર્યો અને ઘરની બહાર નીકળ્યો. જેલ પાસે જઈને એણે બે વાર ચોકીદારને બૂમ પાડી; પરંતુ કંઈ જવાબ ન મળ્યો. હવામાનથી બચવા ચોકીદારે આ આશ્રયસ્થાન લઈ લીધું હતું અને હવે ક્યાંય જઈને ઊંઘી ગયો હતો.

વૃદ્ધ બૅંકમાલિક વિચારવા લાગ્યો, 'હું જો મારા ધાર્યા પ્રમાણે કરું તો લોકોને સૌપ્રથમ શંકા ચોકીદાર પર પડશે.' તે જેલના બારણા પાસે ગયો. એણે નાનકડી બારીની અંદર ડોકિયું કર્યું. કેદીના ઓરડામાં મીણબત્તી સળગતી હતી. કેદી ટેબલ પર બેઠો હતો. કેદીની પીઠ સિવાય કશું દેખાતું ન હતું. ટેબલ પર અને ટેબલની બાજુમાં (પાથરેલી) શેતરંજી પર ઉઘાડાં (ખુલ્લાં) પુસ્તકો દેખાતાં હતાં.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પાંચેક મિનિટ પસાર થઈ ગઈ. કેદી હજુ હાલતોચાલતો ન હતો. બૅંકમાલિકે બારણા પર ટકોરા માર્યા, તેમ છતાં કેદી હાલ્યોચાલ્યો નહિ. ત્યાર બાદ ભરંકમાલિકે બારણાનું તાળું તોડ્યું. તે ઓરડામાં દાખલ થયો અને એણે એ પાતળા અને દૂબળા થઈ ગયેલા માણસ (વકીલ)ને જોયો. એ નિદ્રામાં ડૂબેલો હતો. નીચેની બાજુએ વળેલા એના મસ્તકની સામે એક કાગળનો ટુકડો પડ્યો હતો. જેમાં સુંદર હસ્તાક્ષરમાં કંઈક લખેલું હતું.

બૅંકમાલિકને વિચાર આવ્યો, 'અરે બિચારો ! એ ઊંઘે છે અને કદાચ વીસ લાખનાં સ્વપ્નો માણતો હશે. પણ એના માથે ભમતા મોત વિશે એને કશી ખબર નથી. લાવ, જોઉં તો ખરો કે એણે કાગળના ટુકડામાં શું લખ્યું છે.'

એણે કાગળનો ટુકડો હાથમાં લીધો અને નીચે મુજબ વાંચવા માંડ્યું :

આવતી કાલે બાર વાગે મને મારી સ્વતંત્રતા પાછી મળશે અને અન્ય લોકો સાથે હળવા મને મળવાનો અધિકાર મળશે; પરંતુ આ ઓરડો છોડીને બહાર હું સૂર્યપ્રકાશ જોઉં તે પહેલાં મારે તમને કંઈક કહેવું છે. પૂરેપૂરી સમજદારીપૂર્વક હું તમને જણાવવા માગું છું કે તમે લોકો જેને જગતની સારી ચીજો ગણો છો એમાંથી એક પણ ચીજ મારે જોઈતી નથી (અર્થાત્ ત્યજું છું). કારણ કે મૃત્યુ એ બધાનો નાશ કરશે એ વાતની મને બરાબર ખબર છે.

'પંદર વર્ષ સુધી મેં પાર્થિવ જીવનનો અભ્યાસ કર્યો છે. એ ખરું કે (એ દરમિયાન) મેં નથી માણસને જોયો કે નથી ભૂમિને જોઈ, પણ પુસ્તકો દ્વારા મેં ગીતો ગાયાં છે. હરિયાળાં જંગલો, ખેતરો, નદીઓ, સરોવરો અને નગરો પણ જોયાં છે. વળી, મેં ચમત્કારો સર્જ્યાં છે, ધર્મનો ઉપદેશ આપ્યો છે અને આખાંને આખાં સામ્રાજ્યો જીતી લીધાં (મેળવી લીધાં) છે...

'તમારાં પુસ્તકોએ મને શાણપણ દીધું છે. તમારામાંના મોટા ભાગના માણસો કરતાં હું વધુ શાણો (બન્યો) છું.'

'તમે બધાએ તમારી સમજશક્તિ ગુમાવી છે અને અવળો માર્ગ પસંદ કર્યો છે. તમે અસત્યને સત્ય માની લીધું છે.'

'તમે જેના સહારે જીવન ગુજારો છો એ સિદ્ધ કરવાના આશયથી મારે મન જે રકમ સ્વર્ગ સમાન હતી તે વીસ લાખની રકમનો હું સ્વીકાર કરવા માગતો નથી. (નકારું છું) એ રકમ મેળવવા માટેના મારા અધિકારથી મારી જાતને મુક્ત કરવા માટે હું નિર્ધારિત સમય કરતાં પાંચ કલાક વહેલો અહીંથી ભાગી છૂટીશ અને એ રીતે શરતનો ભંગ કરીશ...

બૅંકમાલિકે પત્ર વાંચવાનું પૂરું કર્યું ત્યારે એ દિગ્મૂઢ થઈ ગયો. તેણે પત્રના એ પાનાને ટેબલ પર મૂક્યું. પેલા વિચિત્ર માણસને કપાળે ચુંબન કર્યું અને રડતો હોય તેમ બહાર નીકળી ગયો. તેની આખી જિંદગીમાં કદી કોઈ સમયે એને પોતાના પર આટલો બધો ધિક્કાર નહિ ઊપજ્યો હોય.

બીજે દિવસે સવારે પહેરેગીર આવ્યો અને તેણે સમાચાર આપ્યા કે કેદી (વકીલ) ભાગી છૂટ્યો છે. પેલા વૃદ્ધ બૅંકમાલિકે છુટકારાનો દમ લીધો.

('ગ્રંથ : આત્માની ઔષધિ'માંથી)

## શબ્દ-સમજૂતી

**મિજબાની** આનંદ સાથે લેવાતું ભોજન; **અમાનુષી** જંગલી, ક્રૂર; **પહેરેગીર** ચોકીદાર; **દિઙ્મૂઢ** આશ્ચર્યચકિત; **ધિક્કાર** તિરસ્કાર.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) દેહાંતદંડ એટલે શું ?

(2) જન્મટીપની સજા એટલે શું ?

(3) બૅંકમાલિક કેટલું જોખમ ઉઠાવવા તૈયાર થયો ?

(4) બૅંકમાલિકે કેદીના કપાળે શા માટે ચુંબન કર્યું ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) મિજબાનીનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

(2) યુવાન વકીલે શો અભિપ્રાય આપ્યો ?

(3) વાચન દ્વારા યુવાન વકીલના દૃષ્ટિવિકાસનો ખ્યાલ આપો.

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'શરત' વાર્તાના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(2) વૃદ્ધ બૅંકમાલિકનું ચરિત્ર-ચિત્રણ કરો.

### વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- એન્ટન ચેખોવનો ફોટો નેટ પરથી મેળવી નોટિસ બોર્ડ ઉપર મૂકો.
- એન્ટન ચેખોવના જીવનચરિત્ર વિશે વિશેષ જાણકારી પ્રાપ્ત કરો.
- એન્ટન ચેખોવની અનુદિત વાર્તાઓ મેળવીને વાંચો.

### શિક્ષક-પ્રવૃત્તિ

- રશિયન વાર્તાકાર એન્ટન ચેખોવના સાહિત્યિક પ્રદાનની ચર્ચા કરો.
- ગુજરાતીમાં અનૂદિત થયેલા રશિયન સાહિત્યકારોનો પરિચય કરાવો.
- ગુજરાતીમાં ઉપલબ્ધ વિશ્વના અનૂદિત સાહિત્ય વિશે વિદ્યાર્થીઓ પાસે પરિચયાત્મક વાતો કરો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# વ્યાકરણ : લેખન સ્વરૂપો

## સંક્ષેપીકરણ

તમે કોઈ પિક્ચર કે નાટક પૂરા અઢી-ત્રણ કલાક ખર્ચીને જુઓ છો. એના વિશે જ્યારે મિત્ર તમને પૂછે, ત્યારે એને કહેવા માટે તમે એટલો જ સમય લો છો ? ના, પંદર-વીસ મિનિટમાં તો આખી ઘટના તેને સમજાવી દો છો. એક કલાક તમે કોઈ વ્યાખ્યાન સાંભળ્યું હોય, પણ એના વિશે બીજાને માહિતી આપવી હોય તો ? તો દસ મિનિટ પૂરતી હોય છે ને ! બે કલાક સુધી લગાતાર જોયેલી ક્રિકેટમૅચનો અહેવાલ આપવામાં તમે પૂરી પંદર મિનિટ પણ લેતા નથી.

આ બધી વાતો તમે ટૂંકમાં બીજાને સમજાવી શકો છો. તમારી સમજશક્તિ અને સ્મરણશક્તિ અનુસાર સામેવાળાને તમે માણેલા કાર્યક્રમનું પુનઃકથન કરી શકો છે. તમે માણેલું, અનુભવેલું, વિચારેલું કે વાંચેલું તમારા ચિત્તતંત્રમાં ગોઠવાતું જતું હોય છે. પછીથી તમારા શબ્દભંડોળના સહારે ટૂંકાણમાં તે વ્યક્ત થતું હોય છે. આમ, પુનઃકથન એ એક રીતે સ્વૈર (મરજી પ્રમાણેની) બાબત હોય છે.

આજે માણસનાં સ્થિતિ-સંયોગો અનુસાર તે બધું જ સાંભળી-વાંચી શકે તેવી સ્થિતિમાં ન હોય, તેવા સમયે આવું ટૂંકું કથન–લેખન અનુકૂળ રહે છે. ટૂંકાણ એટલે જ સંક્ષેપ.

મૂળ વાતની વિશેષતા અને તેનો વિચાર જાળવીને, ટૂંકાણમાં રજૂ કરવાની કલા એટલે સંક્ષેપીકરણ.

અહીં આપણે કોઈ લખાણના સંક્ષેપ વિશે થોડો અભ્યાસ કરીશું.

કોઈ પત્રકાર લાંબી-લચક ઘટના અડધું પાનું ભરીને વર્તમાનપત્રમાં છાપે તો એને કેટલા જણ વાંચે ! પણ એ જ ઘટના કોઈ મુદ્દાનો લોપ (હ્રાસ) ન થાય એ રીતે ટૂંકાણમાં અને રસિક બને એ રીતે છપાય તો ! તો ઓછા સમયમાં ઘણા જણ ઘટનાથી માહિતગાર બની રહે. બસ આ છે સંક્ષેપનો કલા-કસબ અને આજના સમયની જરૂરિયાત.

**કોઈ લખાણનો સંક્ષેપ (સાર) કરવા માટે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ :**

(1) આખું લખાણ ખૂબ જ ધ્યાનપૂર્વક વાંચી જવું. જે બાબત સરળતાથી સમજાય નહિ તેને બે-ત્રણ વાર વાંચી જવી. તેમાં કયા વિષયની કઈ વાત કહેવામાં આવી છે તે પૂરેપૂરું સમજી લેવું.

(2) વાંચવામાં આવેલી બિનમહત્ત્વની બાબતોને જુદી પાડી દેવી. જેથી સંક્ષેપલેખનમાં તે વિગતો દૂર જ રહે.

(3) મૂળ લખાણ કરતાં ત્રીજા ભાગનું (આશરે) લેખન કરવાનું છે એવા ખ્યાલ સાથે લખાણમાંથી મુદ્દાઓ તારવતા જવા.

(4) લખાણમાં આવતાં અવતરણો, ઉદાહરણો, અલંકારો, પારિભાષિક શબ્દો, શબ્દસમૂહો વગેરે પણ જુદાં તારવવાં. તેમાંથી જરૂર જેટલાંનો ઉપયોગ કરી શકાય.

(5) શબ્દસમૂહોને સ્થાને તેના માટેનો એક શબ્દ–સામાસિક શબ્દ વાપરવો.

(6) એક જ વાતને સમજાવવા માટે એકથી વધારે શબ્દો કે વધારે વાક્યો વાપરવામાં આવ્યાં હોય તો તેને શક્ય હોય તો એક વાક્યમાં સમાવી લેવાનો પ્રયત્ન કરવો. એમ કરવામાં વાક્ય અસ્પષ્ટ (સંકુલ) ન બની જાય તે પણ જોવું.

(7) લખાણમાં જોડણી શુદ્ધ લખવી અને યોગ્ય વિરામચિહ્નો વાપરવાં.

(8) લખાણમાં વિચારની ક્રમિકતા જળવાઈ રહે તેનો ખ્યાલ રાખતાં જવું.

(9) ટૂંકું અને અર્થસભર શીર્ષક આપવું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**હવે સંક્ષેપીકરણ–સારલેખનના આપણે નમૂના જોઈએ :**

આપણું જીવન જુદા જુદા પ્રકારના અનેક ભયથી ભરેલું છે. બાહ્ય ભય તો છે જ. તે સાથે કામ, ક્રોધ વગેરે આંતરિક ભય પણ ખરા. તેથી મનમાં જરા પણ ભય ન હોય તેવી વૃત્તિ કેળવવી પૂરેપૂરી શક્ય નથી. તે જ બધા ભયથી સંપૂર્ણ મુક્તિ પામી શકે છે કે જેણે આત્માને ઓળખી લીધો હોય કે જેને આત્માનું જ્ઞાન થયું હોય. ભય વિનાની સ્થિતિ એટલે જરા પણ મૂર્છિત નહિ એવી સ્થિતિની પરાકાષ્ઠા. એવી સ્થિતિને પ્રાપ્ત કરવા માટે નિશ્ચયની અત્યંત જરૂર છે. તે માટેના પ્રયત્નો હંમેશાં ચાલુ રહે તો ભયની વૃત્તિ ઓછી થઈ શકે છે. આત્મા પર શ્રદ્ધા વધારવાથી પણ ભયવૃત્તિને ઓછી કરી શકાય છે. અત્રે એ ન ભૂલવું જોઈએ કે જેટલા ભય છે તેમના મૂળમાં આપણો દેહ જ છે. દેહ પ્રત્યેની મમતા-આસક્તિ દૂર થાય તો ભયરહિત અવસ્થાને સહેજે પ્રાપ્ત કરી શકાય છે.

**સમજૂતી :**

(1) સૌપ્રથમ આ પેરેગ્રાફમાંથી શબ્દસમૂહો તારવીએ અને એના બદલે યોગ્ય શબ્દ પસંદ કરીએ.

જરા પણ ભય ન હોય તેવી વૃત્તિ - નિર્ભયતા, નિર્ભયવૃત્તિ

ભયથી સંપૂર્ણ મુક્તિ - ભયમુક્તિ

આત્માનું જ્ઞાન - આત્મજ્ઞાન

ભય વિનાની સ્થિતિ - નિર્ભયતા

જરા પણ મૂર્છિત નહિ એવી સ્થિતિ - સંપૂર્ણ જાગૃતિ

આત્મા પર શ્રદ્ધા - આત્મશ્રદ્ધા, નિશ્ચયશક્તિ

દેહ પ્રત્યેની મમતા - આસક્તિ - દેહભાવ

(2) ત્યાર બાદ લખાણમાંથી આ પ્રમાણે મુદ્દાઓ તારવવા :

– મનુષ્યજીવન ભયથી ભરેલું

– નિર્ભયતા કઠિન

– આત્મજ્ઞાન, નિશ્ચયશક્તિથી ભય દૂર થાય

– ભયનું મૂળ દેહ

– દેહભાવનો નાશ એટલે ભયમુક્તિ

(3) હવે આ મુદ્દાઓને જોડીને સળંગ વિચારખંડ લખતા જવો :

(આ પેરેગ્રાફમાં એવાં કોઈ ઉદાહરણો, અવતરણો, અલંકારો વગેરે નથી એટલે સામાસિક શબ્દો જ પદક્રમ–પદસંવાદનો ખ્યાલ રાખીને ગોઠવવાના છે.)

(4) સંક્ષેપ આ મુજબ કરી શકાય :

"માનવજીવન આંતર-બાહ્ય અનેક ભયથી ભરેલું છે. નિર્ભયતા કેળવવી અઘરી છે (નિર્ભયતા કેળવવી સરળ નથી.) ભયમુક્ત સ્થિતિ પ્રાપ્ત કરવા આત્મજ્ઞાન અને આત્મશ્રદ્ધા વધારવી જોઈએ. (આત્મજ્ઞાન અને નિશ્ચયશક્તિ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જાગ્રત કરવાથી ભયમુક્ત થવાય છે.) ભયનું મૂળ જ શરીર છે. દેહભાવ દૂર થાય એટલે આપોઆપ નિર્ભયતા પ્રાપ્ત થાય છે.''

કૌંસમાં મૂકેલાં વાક્યો વૈકલ્પિક છે. જવાબમાં બંને લખવાં નહિ.

(5) શીર્ષક : નિર્ભયતા

• 'વિદ્યાર્થીજીવનમાં જો કંઈ સિદ્ધ કરવા જેવું તત્ત્વ મને લાગ્યું હોય તો તે જીવનકળા છે. જે જીવવાની કળા હસ્તગત કરે છે, તેને સાધનો તથા સગવડની ઊણપ વિશે ફરિયાદ કરવાપણું હોતું નથી. તે તો પોતાની સામે જેટલાં અને જેવાં સાધનો હોય, જેટલી અને જેવી સગવડ હોય, તેનો એવી સજીવ કળાથી ઉપયોગ કરે છે કે તેમાંથી જ તેની સામે આપોઆપ નવાં સાધનોની સૃષ્ટિ ઊભી થાય છે. તે વણમાગી આવી ઊભી રહે છે. જે આવી જીવનકળા જાણતો ન હોય તે હંમેશાં આ નથી, તે નથી, આવું નથી, તેવું નથી એવી ફરિયાદ કર્યા જ કરે છે અને તેની સન્મુખ ગમે તેટલાં અને ગમે તેવાં સાધનો ઉપસ્થિત હોય તો પણ તેને મૂલ્ય સમજાતું નથી, કારણ કે તે જંગલમાંથી મંગલ કરવાની કલા જ ધરાવતો નથી.

પરિણામે એવા વિદ્યાર્થી મળેલ સગવડના લાભથી તો વંચિત રહી જ જાય છે અને ભાવિ સગવડના લાભો તો માત્ર તેમના મનોરાજ્યમાં જ રહી ઊલટી વ્યાકુળતા ઊભી કરે છે. તેથી આપણે ગમે તે ક્ષેત્રમાં ગમે તે કરતાં હોઈએ છતાં એમાં જીવનકળાની પ્રથમ જરૂર છે અને એ કળા એટલે ઓછામાં ઓછી અને નજીવી ગણાતી સાધન-સામગ્રીમાં પણ સંતુષ્ટ મને આગળ વધવામાં તેનો ઉપયોગ કરી લેવો અને સ્વપુરુષાર્થથી પોતાની સૃષ્ટિ ઊભી કરવી તે.

અગવડોનો અતિ ભાર જો જીવનને કચડી નાખતો હોય તો એ દોષ સગવડોના ઢગલામાં પણ રહેલો જ છે. જેને બહુ સગવડ તે હંમેશાં પ્રગતિ કરી જ શકે, એવો ધ્રુવ નિયમ નથી. તેથી ઊલટું, જે વધારે અગવડ કે મુશ્કેલીમાં હોય તે પાછળ રહી જાય છે કે કચડાઈ જાય છે એવો પણ ધ્રુવ નિયમ નથી. પણ ધ્રુવ નિયમ તો એ છે કે બુદ્ધિ અને પુરુષાર્થ હોય તો જ ગમે તે સ્થિતિમાંથી આગળ વધી શકાય.'

**– પંડિત સુખલાલજી**

પ્રસ્તુત પેરેગ્રાફમાં જેના માટે એક શબ્દ મૂકી શકાય તેવા શબ્દસમૂહો નથી. અલંકારો પણ નથી. તો એમાંથી શું દૂર કરી શકાય ?

અહીં વાતને સરળ રીતે સમજાવવા માટે એક જ વાતને જુદા શબ્દો દ્વારા વારંવાર દૃઢ કરવાનો પ્રયત્ન થયો છે.

- 'આ નથી, તે નથી, આવું નથી, તેવું નથી' એટલે કે સતત 'ફરિયાદ' છે.
- 'જંગલમાંથી મંગલ કરવાની કલા' એટલે જ 'જીવનકલા'.
- છેલ્લી પાંચ-છ લીટીઓમાં જે વાત સમજાવી છે તેનો સાર લેખકે જ છેલ્લી લીટીમાં મૂકી આપ્યો છે.

મુદ્દાઓની તારવણી :– ઓછાં સાધનોથી પણ સિદ્ધિ પ્રાપ્ત થાય.

– જીવનકળા નહિ જાણનારની સતત ફરિયાદો હોય.

– ઓછાં સાધનોનો પ્રગતિમાં ઉપયોગ કરી લેવો.

– અગવડો કે સગવડોનો અતિભાર જીવનને કચડે છે.

– બુદ્ધિ અને પુરુષાર્થથી જ પ્રગતિ શક્ય બને.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**હવે આ મુદ્દાઓને જોડીને સળંગ વાક્યો દ્વારા સંક્ષેપ કરીએ :**

"જે વિદ્યાર્થી જીવનકળાને સિદ્ધ કરી લે છે તે ઓછાં સાધનોથી પણ સિદ્ધિ–પ્રગતિ મેળવી શકે છે. જે જીવનકળા જાણતો નથી તે સતત ફરિયાદો કર્યા જ કરે છે. ઓછી સાધન-સામગ્રીમાં પણ સંતુષ્ટ રહીને પ્રગતિ કરવા માટે તેનો ઉપયોગ કરી લેવો. જાતમહેનતથી જોઈતી વસ્તુઓને મેળવવા પ્રયત્નશીલ રહેવું. બહુ અગવડો હોય તો પ્રગતિ ન થાય અને બહુ સગવડો હોય તો પ્રગતિ થાય જ એવો કોઈ અટલ નિયમ નથી. સાચો નિયમ એ છે કે - બુદ્ધિ અને પુરુષાર્થ દ્વારા ગમે તેવી સ્થિતિમાંથી પણ પ્રગતિ કરી શકાય છે."

શીર્ષક : જીવનકળા અથવા પ્રગતિનો પંથ

**સ્વાધ્યાય**

**1. આ પેરેગ્રાફ વાંચી તેનો સંક્ષેપ કરી, યોગ્ય શીર્ષક આપો :**

'મહાત્માજીનું બધું ગદ્ય, વ્યાખ્યાનો, લેખો વગેરે સર્વજનતાને ઉદ્દેશીને લખેલું હોય છે. એવા કેટલાક વિદ્વાનો હોય છે, જેઓ પોતાનું સાહિત્ય માત્ર વિદ્વાનો માટે જ છે એમ માને છે. એમાં એમને કશું ખોટું લાગતું નથી. ગાંધીજી સર્વને માટે લખે છે. તેઓ સર્વના ઉદય માટે લખે છે, માટે સર્વ સમજે એવું લખે છે. ધર્મનીતિ એ સર્વને સમજવાનો અને સમજાવવાનો વિષય છે. એમણે કહ્યું છે કે મને જેમાંથી લાભ થયો હોય તે વસ્તુ સર્વ સમજે અને ફાવે તેનો લાભ લે એમ હું ઇચ્છું છું. તેમનામાં આખી જનતા માટે પ્રેમ છે અને માટે એઓ આખી જનતા માટે લખે છે. સર્વ સમજે એવું એમનું લખાણ ન થાય ત્યાં સુધી તેઓ તેને અપૂર્ણ માને ! આને લીધે તેમની ભાષા, વાક્યરચના, દાખલાદલીલ, સર્વ સાદાં અને સર્વ સમજે એવાં હોય છે. તેમનાં વાક્યો ટૂંકાં હોય છે. ટૂંકાં વાક્યોના તો તેમને કલાકાર કહી શકાય. પણ સાદી ભાષાનો અર્થ ગૌરવ વિનાની નહિ. તેમની ભાષા વસ્તુના ગૌરવને બરાબર વ્યક્ત કરે છે. તેને માટે સંસ્કૃત શબ્દોની જરૂર હોય તો તેઓ સંસ્કૃત શબ્દો પણ વાપરે છે. તેમની ભાષા સાદી છતાં નિર્બળ નહિ. તેમના સંકલ્પનું આખું બળ, બધું ગૌરવ તેમના ગદ્યમાં નિર્વિઘ્ને વહી આવે છે. તેઓ શબ્દો જોખીજોખીને મૂકે છે. શબ્દપસંદગી માટે શબ્દની ચર્ચા કરતાં મેં તેમને જોયા છે. જેમને સત્યનો આગ્રહ હોય એમને ભાષા અચોક્કસ રાખવી પાલવે પણ નહિ. તેઓ ચોક્કસ ભાષામાં મુદ્દાસર લખે છે. એક શબ્દ પણ વધારે પડતો ન આવી જાય તેને માટે તેઓ કાળજી રાખે છે.'

**– રામનારાયણ વિ. પાઠક**

2. નટવરલાલ પ્ર. બુચ દ્વારા લખાયેલ 'ઉછીનું માગનારાઓ' હાસ્ય નિબંધમાંથી નીચેના પેરેગ્રાફનો સંક્ષેપ કરો.

ઉછીનું માગનારાઓ લગભગ અપરિગ્રહી..... ટાણાસર આપી જનાર વિરલ હોય છે.

**3. નીચેના પરિચ્છેદનો સારસંક્ષેપ કરી, યોગ્ય શીર્ષક આપો :**

સ્વાશ્રયમાં ઘણાક ઉત્તમ ગુણો ખીલી નીકળે છે, ને તે ગુણોથી જ માણસ સુખી થાય છે અને પૂજ્ય ગણાય છે. જે મહાન ગુણ સ્વાશ્રયથી ઉત્પન્ન થાય છે–તે સંતોષ છે અને તેથી જ જોડે ધૈર્ય પણ ચાલ્યું આવે છે. સંતોષી અને ધૈર્યવાન સ્વાશ્રયી મનુષ્ય પ્રામાણિક અને ન્યાયી થાય છે. સ્વાશ્રય, સંતોષ, ધૈર્ય અને ન્યાય તથા પ્રામાણિકતા એટલા ગુણોનું નામ જ સ્વતંત્રતા કહેવાય છે, જેની-તેની વાતની ના જ પાડ્યા કરવી, કે જેમાં-તેમાં દોષ કાઢવા કે સર્વનું અપમાન થાય તેવી ઉદ્ધતાઈ રાખવી, એનું નામ સ્વતંત્રતા નથી. સ્વતંત્રતા છે એટલે તે સ્વાશ્રયી છે. તે ઉદ્યોગી હોય, દયાળુ અને શુદ્ધ હોય, એમાં કહેવું જ શું ? ટૂંકામાં સ્વાશ્રયથી સદ્‌વૃત્તિનો ખરો ઉદય થાય છે, ને સર્વદા કલ્યાણ પેદા થાય છે. સ્વાશ્રય વિના કોઈ સુખી કે મોટું થઈ શક્યું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નથી. વગવસીલાથી કે ખુશામત-ગુલામગીરીથી કદાપિ કોઈને અધિકાર કે દ્રવ્ય પ્રાપ્ત થાય, પણ તે યોગ્ય રીતે દીપે કે ભોગવાય તે માટે તો સ્વાશ્રયની જ અપેક્ષા છે. એટલે જો સ્વાશ્રય ન હોય તો તેવું જે મળ્યું હોય તે પણ લાંબુ ટકતું નથી, માટે સર્વત્ર સ્વાશ્રય જ વિજયી છે, સ્વાશ્રય જ પૂજાય છે, એમ યથાર્થ સમજી નિરંતર આપણા પોતાના પર જ આધાર રાખવો, જે આપણાથી થઈ શકે તેની પારકા ઉપર આશા ન રાખવી, જે આજ થાય તે કાલ ઉપર ન રાખવું, જે સવારે થાય તેને સાંજ ઉપર ન ધકેલવું, ને ક્ષણ પણ ઉદ્યોગથી વિરામ ન પામવો.

('બાલવિલાસ'માંથી)

**– મણિલાલ નભુભાઈ દ્વિવેદી**

## કાવ્યનું રસદર્શન

ધોરણ 12ની કક્ષાએ આપણે તમારા પાઠ્યપુસ્તકની બહારની કોઈ કવિતાનું રસદર્શન કરીશું. આ તબક્કે રસદર્શન માટે આપણે પરિશીલન, સમજૂતી, વિવરણ વગેરે શબ્દો પણ મૂકી શકીએ.

કાવ્યનું રસદર્શન એ આમ તો વૈયક્તિક (વ્યક્તિને લાગુ પડતી, વ્યક્તિએ-વ્યક્તિએ જુદી એવી) બાબત છે. એટલે તેને માટે કોઈ નિશ્ચિત બાબતો, સમાન બાબતો ન પણ આવે. પણ કાવ્યનો આસ્વાદ કરવા–નોંધવા માટે મહત્ત્વની થોડી બાબતો યાદ કરી લઈએ :

(1) રસાસ્વાદનું કૌશલ્ય અભ્યાસ કરવાથી પ્રાપ્ત થાય છે. એ માટે કાવ્યો વાંચવાનો અને એનો અર્થ સમજવાનો મહાવરો હંમેશાં કરતાં રહેવો જોઈએ.

(2) અહીં જે કાવ્ય આપ્યું હોય તેનું એકાગ્રતાપૂર્વક વાચન કરો. તેમાં રહેલી વાત અને તેના વિચારને પામવાનો પ્રયત્ન કરો.

(3) તેમાં રહેલા નવા શબ્દો, ન સમજાતા શબ્દોનો અર્થ જાણવા, સમજવા પ્રયત્ન કરો.

(4) કાવ્યની પંક્તિઓમાં રહેલા વિચારને સળંગ રીતે બાંધવાનો પ્રયત્ન કરો.

(5) વિશેષરૂપે આ જ કવિની અન્ય કવિતાની પંક્તિઓ, બીજા કોઈની પંક્તિઓ વગેરે પણ સમજૂતી આપતી વખતે મૂકી શકાય.

(6) કાવ્યમાં રહેલા અલંકાર, કાવ્યપ્રકાર, છંદ, વિશિષ્ટ શબ્દો, સમગ્ર વિચાર વગેરે વિશે પણ ઉલ્લેખ કરી શકાય.

(7) બધી જ બાબતોને સાંકળીને આ રીતે 250-300 શબ્દોમાં આ કક્ષાએ સમજૂતી આપવી.

(8) કાવ્યને યોગ્ય શીર્ષક આપવું.

અહીં આપણે કાવ્યના નમૂનાઓ, સમજૂતી સાથે જોઈએ :

ફંફોસ્યું સૌ ફરી ફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું :
જૂનું ઝાડુ ટૂથ-બ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી કૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, ક્લિપ, બટન ને ટાંકણી સોય-દોરો !
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મૂકી ઊંધું, સુપરત કરી, લારી કીધી વિદાય.
ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો;
જ્યાં દેવોના પરમ વરશોં પુત્ર પામ્યાં પનોતો,
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો !
કૉલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે :
બા-બાપુ ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?
ખૂંચી તીણી સજલ દ્રગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણીકા

– બાલમુકુન્દ દવે

મંદાક્રાન્તા છંદમાં રચાયેલું કવિ બાલમુકુન્દ દવેનું આ જાણીતું સૉનેટ કાવ્ય છે. અહીં કવિ ભાડાનું ઘર ખાલી કરીને બીજા ઘરમાં રહેવા જઈ રહ્યા છે તેનો પ્રસંગ આલેખ્યો છે. અંતે પુત્રના સ્મરણે તેના ચિત્તમાં કરુણતા છવાઈ જાય છે તે ભાવકને વેધક ચોટ આપી જાય છે.

કવિ ભાડાનું એક મકાન ખાલી કરે છે. બીજા ઘરમાં જવા માટેની બધી જ તૈયારી થઈ ચૂકી છે. જૂનું ડબલું, તૂટેલી બાલદી, તૂટેલાં ચશ્માં, ક્લિપ, બટન, ટાંકણી અરે, સોય-દોરો સુધ્ધાં યાદ કરીકરીને એકત્ર કરે છે. તેનો આ અસબાબ મધ્યમ વર્ગના કુટુંબની ઝાંખી કરાવી જાય છે. કવિએ એક પછી એક સાવ જ સામાન્ય–તુચ્છ વસ્તુઓની આખી યાદી મૂકી દીધી છે. બધી જ વસ્તુઓ લારીમાં ખડકાઈ ગઈ છે. અંતે, પોતાની ઓળખ પ્રગટ કરતું નામનું પાટિયું પણ તેમાં ઊંધું મૂકી દીધું છે. જે પાટિયું ઘર પ્રત્યેનો કવિનો માલિકીભાવ દર્શાવતું હતું, એને ઉતારીને જાણે કવિ આ ઘર સાથેનો તેનો સંબંધ પૂરો થયાનું સૂચવે છે !

બધો જ સામાન લારીમાં ગોઠવાયો એટલે લારીને નવા ઘર તરફ રવાના કરી. કવિ દંપતીએ પોતાના મુગ્ધ દાંપત્યનો પ્રથમ દસકો આ ઘરમાં વિતાવ્યો હતો, એટલે ઘર સાથેનું તેનું જોડાણ અને લાગણી-સંબંધ હોય જ ને ! પતિ-પત્ની હવે છેલ્લી વાર આ ખાલી કરેલા ઘરને જોઈ લેવા ઊભાં રહે છે. આ ઘરની દરેક જગ્યા, પ્રત્યેક ખૂણા સાથે તેનાં સંસ્મરણો જોડાયેલાં છે. નિર્જીવ સ્થળ-સ્થાન તરફની માણસની લાગણી પણ કેવી જીવંત હોય છે ! આ ઘરમાં જ તેમને દેવોના વરદાનરૂપી એક બાળકની પ્રાપ્તિ થઈ હતી. પણ બાળક સાથે આ દંપતીની લેણ-દેણ નહિ હોય, એટલે કઠણ કાળજે તેને અગ્નિને સોંપી દેવો પડેલો. જીવનનું પ્રથમ બાળપુષ્પ આ ઘરમાં જ મુરઝાઈ ગયેલું.

ઘરમાં છેલ્લી નજર ફેરવતાં આ દંપતીને અચાનક આ પુત્રની યાદ આવી જાય છે. એક ખૂણામાંથી તેમને જાણે સંભળાઈ રહ્યું છે : 'એ બા-બાપુજી, આ ઘરની નાનામાં નાની, નજીવી વસ્તુને હાથવગી કરીને તમે સાથે લઈ લીધી ને ! તમે કશુંય નથી ભૂલ્યાં; પણ મને એક-ને જ અહીંથી લઈ જવાનું ભૂલી જાઓ છો ! મને તમારી સાથે નહિ આવવા દો ?'

કવિ દંપતીનું હૈયું વલોવાઈ જાય છે. ચિત્તમાં કરુણ ભાવનો અંધકાર છવાઈ જાય છે. બધી જ વસ્તુઓ લઈ જનાર પતિ-પત્ની પોતાના સ્મરણરૂપ પુત્રને સાથે લઈ જઈ શકતાં નથી. એ કરુણ વાસ્તવિકતાને જાણે અહીં જ વિસ્મરી જવા ઇચ્છે છે.

પણ સૉનેટની છેલ્લી બે પંક્તિમાં કવિ પોતાની ઇચ્છા વિરુદ્ધના કરુણભાવને પ્રગટાવીને વેધક ચોટ રજૂ કરે છે. કવિને આ પુત્રરૂપી સંસ્મરણને અહીં મૂકીને જ જવું છે. કારણ કે કરુણ ઘટનાનું સ્મરણ તો દુઃખદાયક બને છે. પણ તેની એ ઇચ્છા તેને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વશ થતી નથી. એમની આંખમાં કાચની કણીની જેમ આ ઘટના ખૂંચી રહે છે. આંખમાંથી આંસુની ધાર વહેવા માંડે છે. એમના પગ જાણે કોઈએ લોઢાના મણીકા મૂકી દીધા હોય એવા વજનદાર બની જાય છે. ડગલું ભરી શકવા પણ હવે તે સક્ષમ નથી.

આમ, આ કાવ્યમાં ઘર બદલવાના એક સાદા પ્રસંગના સથવારે એક કરુણપ્રસંગની ગૂંથણી કરીને કવિએ ચમત્કારનું નિરુપણ કર્યું છે.

શીર્ષક : જૂનું ઘર ખાલી કરતાં અથવા ઘર બદલતી વેળા

**2.**

એ લોકો પ્હેલાં કાપડના તાકા ભરી રાખે છે.

પછી જ્યારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે

વાર-વાર વેચે છે.

એ લોકો પ્હેલાં ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે.

પછી જ્યારે માણસ સડી જાય ત્યારે

કિલો-કિલો વેચે છે.

એ લોકો પ્હેલાં ઔષધની શીશીઓ

સંઘરી રાખે છે

અને માણસ જ્યારે ફૂટી જાય છે ત્યારે

થોડી-થોડી રેડે છે.

તે તે લોકો છે જ નહિ,

એ તો છે નોટોને ખાઈ ઊછરતી ઊધઈ

બીજું એને ભાવતું નથી.

મારે કવિ થવું જ નથી,

ભારે અસર કરનારી જંતુનાશક દવા થાઉં તો બસ !

– પ્રિયકાન્ત મણિયાર

કોઈ છંદ કે ગેય ઢાળમાં નહિ રચાયેલી એવી પ્રિયકાંત મણિયારની આ રચના છે.

આ કાવ્યમાં કવિ એવા લોકોની વાત કરે છે કે જેનામાં 'માણસાઈ'નો અંશ જ નથી. માનવતાના ભોગે તેઓ બધું જ કરી છૂટવા તૈયાર છે. તેમનું તો એક જ લક્ષ્ય છે – પૈસો પૈસો ને પૈસો !

કવિશ્રી 'સુંદરમે'

'પૃથ્વી ઉછંગે ઉછરેલ માનવી,

હું માનવી માનવ થાઉં તો ઘણું !'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

એમ કવિતામાં 'માણસ' બનવાની જે સીધી જ વાત કરી છે તે જ વાત પ્રિયકાંત મણિયાર કટાક્ષ સ્વરૂપે કહે છે.

આજે પણ સમાજમાં 'પૈસો મારો પરમેશ્વર' સમજનારા લોકો ઘણા છે. કવિ કહે છે કે એવા લોકો પૈસા કમાવા માટે કાપડના તાકાઓ ગોડાઉનમાં ભરી રાખે છે. ગરીબોને પહેરવા માટે પૂરતાં કપડાં મળતાં નથી. મધ્યમ વર્ગને મોંઘાદાટ કપડાં ખરીદવાનું માંડી વાળી જરૂર પૂરતાં સામાન્ય કપડાંથી ચલાવવું પડે છે. – આ બધાંનું કારણ પેલા સંઘરાખોરો છે. વધારે ને વધારે પૈસા મેળવી લેવાની લાહ્યમાં તેઓ બીજા વિશે વિચારવાનું જ માંડી વાળે છે. પછી જ્યારે કાપડની અતિશય તંગી ઊભી થાય ત્યારે મોંઘા ભાવ લઈને થોડું થોડું વેચે છે.

તો વળી, કેટલાક લોકો અનાજને સંઘરીને કૃત્રિમ તાણ ઊભી કરે છે પછી જ્યારે મોંઘવારી માઝા મૂકે ત્યારે થોડું થોડું અનાજ મોં માગ્યા પૈસા લઈને ઉપકાર ભાવના કરતાં હોય એવા ભાવથી વેચે છે ! લોકોનું – ગરીબોનું જે થવું હોય તે થાય પણ એમને તો બસ પૈસાથી જ કબાટ ભરવો છે ! ધિક્કાર છે એવા લોકોને !

પૈસાના દાસ બની જનારા આવા કોઈ વળી દવાઓની સંઘરાખોરી કરે છે. માણસ તેના જીવન માટે હવાતિયાં મારતો હોય ત્યારે 'દવાઓની અછત'ને આગળ ધરી દવાઓનાં કાળાં બજારો કરી લે છે. માણસ સાથે એવા લોકોને બસ કશીયે લાગણી જ નથી. માણસની જિંદગીના કલાકો ગણાતા હોય એવી સ્થિતિમાં પણ એ લોકોની નજર સામે તો હોય છે માત્ર પૈસો જ ! આવા લોકોને ઈશ્વર કેવી રીતે માફી આપે ? અરે, ભાઈ-ભાંડું, સગાં-સંબંધી, મિત્રો એ બધા જ બીજા નંબરે; પહેલા નંબરે તો માત્ર ને માત્ર પૈસો જ !

આવા લોકોના પશુથીયે બદતર વ્યવહાર-વર્તનથી કવિનું હૃદય રડી ઊઠે છે. કવિ કહે છે કે આપણે જેને 'આ લોકો' કહીએ છીએ ને તે 'લોકો' છે જ નહિ; તે તો છે પૈસા ખાઈને તગડી થતી ઊધઈ. સમાજ એને મન કીમતી છે જ નહિ, બસ અમારું ભલું થવું જોઈએ એવી એની વિચિત્ર માનસિકતા છે. આવા લોકો તરફની તીવ્ર ચીડને કારણે કવિ ભગવાનને પ્રાર્થના કરે છે કે - મારે કવિ થવું જ નથી, મારે તો ક્ષણમાત્રમાં મરણને નોતરે એવી જંતુનાશક દવા થવું છે બસ ! આ લોકોનું આવું ક્રૂર વર્તન હવે કવિથી સહ્યું જાય તેમ નથી. કવિ તો હવે આવા લોકો વિહોણી દુનિયામાં જ જીવવા ઇચ્છે છે.

આ કાવ્યમાં માણસ ફાટી જાય છે, માણસ સડી જાય છે, માણસ ફૂટી જાય છે એવા શબ્દપ્રયોગો દ્વારા લુચ્ચા માણસોનાં વર્તનની ક્રૂરતા પરાકાષ્ઠાએ કવિ લઈ જાય છે.

માણસાઈ વગરના લોકોની વરવી શોષણરીતિની સામે શોષિત લોકોની અસહાયતા અને ગરીબાઈનું કરુણ ચિત્ર આ કાવ્યમાં આલેખાયું છે. વાર-વાર વેચવું, કિલો-કિલો વેચવું અને થોડી થોડી રેડવી – આ શબ્દપ્રયોગો દ્વારા પણ આજની વરવી વાસ્તવિકતા ખોલીને, આપણી આંખો સામે કવિ તાદૃશ કરે છે.

શીર્ષક - એ લોકો અથવા વેદના

**1. આ કાવ્યનું 250થી 300 શબ્દોમાં રસદર્શન કરાવી એને યોગ્ય શીર્ષક આપો :**

ના મારે તુજ ભેટ, બક્ષિસ ન વા તારી કૃપા જોઈએ
છું એવો નહિ રંક કે અવરની મારે કૃપા જોઈએ !
આવ્યો છું લઈ નગ્દ હાથ, કરવા સોદો મને ભાવતો
થા મારી, જન આ નિખાલસતણી જો ચાહના જોઈએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જો તું દાન કરે મને, ભગવતી ! દે દાન હૈયા તણું
હૈયું સાફ પરંતુ કાચ સરખું તે હોવું હા જોઈએ.
જેમાં જોઈ શકું મુહબ્બતતણી તસ્વીર ખેંચાયલી
રાજા ચોર લિયે હરી નહિ નહિ એવી મતા જોઈએ.
આપે તો ગુજરાન આપ મુજને મારી લઈ ખાતરી
થોડા આપ દિનો વળી સુખતણા ના વાસના જોઈએ
તે મારી નથી માગણી તુજ કને સંકોચ જેનો તને
ઝાઝું જો તુજ પાસ હોય નહિ તો સદ્ભાવના જોઈએ.

મગનભાઈ ભૂ. પટેલ ('પતીલ')

**2. આ કાવ્યનું 250થી 300 શબ્દોમાં રસદર્શન કરાવી તેને યોગ્ય શીર્ષક આપો :**

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.
પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચહેરા : આ મીઠી નજર મળે ન મળે.
ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.
રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.
વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.
વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ',
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

('મળે ન મળે'માંથી) — 'આદિલ' મન્સૂરી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**3. આ કાવ્યનું 250 શબ્દોમાં રસદર્શન કરાવી યોગ્ય શીર્ષક આપો :**

ઘર તમે કોને કહો છો ?
જ્યાં ટપાલી પત્ર લાવે,
શોધતા-વણશોધતા મિત્રો અને મહેમાન જ્યાં આવી ચડે,
ક્યારેક તો આવી પડે;
જેનું બધાંને ઠામઠેકાણું તમે આપી શકો
તેને તમે શું ઘર કહો છો ?
તો પછી જ્યાં-જ્યાં તમે પગથી ઉતારીને પગરખાં,
ભાર-ટોપીનોય-માથેથી ઉતારીને,
અને આ હાથ બે પ્હોળા કરીને 'હાશ' કહો;
જ્યાં સર્વનાં મુખ જોઈ તમને સ્હેજમાં મલકી ઊઠે,
ત્યાં-ત્યાં બધે કહો શું તમારું ઘર નથી ?
તે ઘર તમે કોને કહો છો ?

('છંદોલય'માંથી) – નિરંજન ભગત

## અરજીલેખન

આગળનાં ધોરણોમાં તમે પત્રલેખનનો અભ્યાસ કરી ગયા છો. પત્રલેખનનાં વિવિધ સ્વરૂપો હોય છે તે પણ તમે જાણો છો. અહીં આપણે તેના જ બીજા એક સ્વરૂપ અરજીલેખન વિશે અભ્યાસ કરીશું.

અરજીપત્ર અને અંગતપત્રના માળખા વચ્ચે સામાન્ય તફાવત હોય છે. અરજી એ એક પ્રકારે વિનંતી છે, એટલે જરૂરી તમામ વિગત-માહિતી એમાં રજૂ કરવાની હોય છે. મોટા ભાગે પત્રો અંગત હોય છે એટલે એને વ્યક્તિ સાથે સંબંધ હોય છે, જ્યારે અરજી એ જાહેર-બિનઅંગત હોય છે એટલે એને વ્યક્તિના હોદ્દા સાથે સંબંધ હોય છે.

આપણે ટૂંકમાં તેના વિશે સમજી લઈએ :

**1. સરનામું :** અરજી કરનારનું સરનામું પત્રની ઉપરના ભાગે જમણી બાજુ લખવું. સરનામું લખતી વખતે સૌ પ્રથમ લખનારનું નામ, વિસ્તારનું નામ અને અંતે શહેરનું નામ લખવું જોઈએ.

ટૂંકમાં ભૌગોલિક વિસ્તાર અનુસાર ચડતાક્રમે વિગતોની ગોઠવણી કરવી જોઈએ.

નામ - દર્શન વી. પટેલ
પ્લૉટ, ફ્લૅટ - 106, ચંદ્રોદય,
વિસ્તાર - તાપી કૉલોની, કતારગામ,
શહેર - સુરત.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સરનામું પૂરું ન થાય ત્યાં સુધી વિભાગ મુજબ વચ્ચે અલ્પવિરામ મૂકવું અને અંતે પૂર્ણવિરામ મૂકવું. ત્યાર બાદ તારીખ લખવી.

**2. સંબોધન :** અરજી જેને સંબોધીને કરવાની હોય તેનો હોદ્દો અને સરનામું ઉપર મુજબના ક્રમે લખવા.

**3. વિષય, સંદર્ભ :** અરજીમાં જે વિષયની વાત લંબાણપૂર્વક કરવાની છે તેનો એક લીટીમાં સંક્ષેપ કરીને લખવો. જો કોઈ સંદર્ભ જોડાયેલો હોય તો તેનો ઉલ્લેખ કરવો.

**4. વિષયવર્ણન :** વિષયમાં દર્શાવેલ બાબતને વિસ્તારપૂર્વક આ વિભાગમાં સમજાવવી. આ વિભાગની શરૂઆતમાં શ્રીમાન, શ્રીમતી, શ્રીયુત, સાહેબ વગેરે સંબોધન કરી પછી જ વાતની શરૂઆત કરવી.

**5. અંત :** અંતે અરજી કરનારની શી અપેક્ષા છે તેનો ઉલ્લેખ કરી, વિનયવાક્યો દ્વારા સમાપન કરવું . અંતે જમણીબાજુ અરજી કરનારે સહી કરવી. સહી અવાચ્ય હોય તો કૌંસમાં પૂરું નામ લખવું.

અરજીની નકલ સાથે વધારાના આધારો જોડ્યા હોય તો તે દર્શાવવું અને આ અરજીની નકલો કોને મોકલી રહ્યા છો તેની વિગત પણ નોંધવી.

**આપણે ઉદાહરણ જોઈએ :**

**1.** ગુજરાતી વિષયના શિક્ષક તરીકે જોડાવા માટે હાઈસ્કૂલના આચાર્ય પર અરજી તૈયાર કરો :

હિતેશ મનુભાઈ શાહ,

10, શિવનગર,

બોરતળાવ, ભાવનગર.

તા. 14-08-2016

પ્રતિ,

આચાર્યશ્રી,

લોકનિકેતન વિદ્યાલય,

મણિનગર, અમદાવાદ.

**વિષય :** ગુજરાતી વિષયના શિક્ષક તરીકે ઉમેદવારી નોંધાવવા અંગે.

**સંદર્ભ :** 'ગુજરાત સમાચાર' દૈનિકપત્ર તા. 10-08-2016માંની જાહેરાત.

શ્રીમાન,

ગત તા. 10-08-2016ના ગુજરાત સમાચાર દૈનિકપત્રમાં આપની હાઈસ્કૂલમાં ધોરણ 9-10 માટે ગુજરાતી વિષયના શિક્ષકની જગ્યા બાબતે જાહેરાત હતી. જેના અનુસંધાને, આ જગ્યા પર હું કામ કરવા માટે આપને વિનંતીપત્ર મોકલી રહ્યો છું.

- **નામ** : હિતેશ મનુભાઈ શાહ
- **જન્મ તારીખ** : 20-07-1991



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

- **જ્ઞાતિ-જાતિ** : જૈન વણિક (જનરલ)
- **વતન** : સિહોર, જિ. ભાવનગર.
- **સરનામું** : ઉપર મુજબ
- **સંપર્ક નંબર** : *****
- **ઈ-મેઈલ એડ્રેસ** : *****
- **શૈક્ષણિક લાયકાત:** એમ.એ., બી.એડ્.

| પરીક્ષાનું નામ | બોર્ડ/યુનિવર્સિટી | પાસ કર્યાનું વર્ષ | મુખ્ય વિષય | મેળવેલ ગુણ | વર્ગ |
|---|---|---|---|---|---|
| એચ.એસ.સી. | એચ.એસ.સી.ઈ.બોર્ડ | 2008 | - | 442/700 | પ્રથમ |
| બી.એ. | ભાવનગર યુનિવર્સિટી | 2011 | ગુજરાતી | 400/700 | બીજો |
| એમ.એ. | ગુજરાત યુનિવર્સિટી | 2013 | ગુજરાતી | 485/800 | પ્રથમ |
| બી.એડ્. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | 2014 | ગુજરાતી | 775/1000 | પ્રથમ |

- **અનુભવ:** મહાત્મા ગાંધી વિદ્યાલય, સરદારનગર, ભાવનગરમાં દોઢ વર્ષથી ધોરણ 9-10માં ગુજરાતી વિષયનું અધ્યાપન કરાવી રહ્યો છું.
- **શોખ** : વાંચન અને વાર્તાસર્જન

આ તમામ પરીક્ષાઓ અને અનુભવનાં પ્રમાણપત્રોની ખરી નકલો આ સાથે મોકલી રહ્યો છું.

ગુજરાતી ભાષા-સાહિત્ય મારો રસનો વિષય હંમેશાં રહ્યો છે. વિવિધ સામયિકોમાં મારી વાર્તાઓ પણ પ્રગટ થઈ છે. વિદ્યાર્થીઓને ગુજરાતી વિષય શીખવવામાં મને ખૂબ જ આનંદ આવે છે. મારા વિષયની આધુનિક જાણકારી મેળવવાનો રસ અને શોખ હું ધરાવું છું. ગત વર્ષનું મારા વિષયનું બોર્ડનું પરિણામ 100 % આવેલ છે.

આપની શાળામાં રસપૂર્વક ઉત્તમ કામગીરી કરવાનો મારો પ્રયત્ન હંમેશાં રહેશે. મારા વિષયમાં વિદ્યાર્થીઓને સુંદર રીતે અભ્યાસ કરાવવા હું પૂરતી કાળજી લઈશ.

આપ મને રૂબરૂ બોલાવી યોગ્ય કરશો એવી આપને વિનંતી કરું છું.

આપના પ્રત્યુત્તરની રાહમાં છું.

આભાર.

આપનો વિશ્વાસુ

સહી

- **બિડાણ :**

1. શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
2. ધોરણ 12નું ગુણપત્રક



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

3. બી.એ.નું ગુણપત્રક

4. એમ.એ.નું ગુણપત્રક

5. બી.એડ્.નું ગુણપત્રક

6. અનુભવનું સર્ટિફિકેટ

- **નકલ સવિનય રવાના :**

જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ (શહેર)

**2.** સતત વરસાદ વરસવાને કારણે તમારા વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ વધ્યું છે તે દૂર કરવા નગરના અધિકારીને અરજી કરો.

નામ :

સરનામું :

તારીખ :

પ્રતિ,

આરોગ્ય અધિકારીશ્રી,

મહાનગરપાલિકા, વડોદરા.

**વિષય :** કમાટીબાગ વિસ્તારમાં વધેલી ગંદકી દૂર કરાવવા બાબતે.

સાહેબશ્રી,

નમસ્કાર !

સવિનય આપને જણાવવાનું કે આપણું શહેર ‘સ્વચ્છ શહેર’ તરીકે અન્ય શહેરોને હંમેશાં પ્રેરણા આપતું રહ્યું છે. આપણા શહેરના દરેક વિસ્તારો સ્વચ્છ રહે એ માટે મહાનગરપાલિકાની આપણી આરોગ્ય શાખા અવિરત જાગ્રત રહે છે. શહેરની સ્વચ્છતા અને સુંદરતાને ટકાવી રાખવામાં આ શાખા અભિનંદનની પૂરી અધિકારી છે.

હમણાં ચોમાસું ચાલી રહ્યું છે. પરિણામે તાજેતરમાં સતત અઠવાડિયા સુધી વરસાદ વરસવાનું ચાલુ રહ્યું છે. આના કારણે અમારા કમાટીબાગ વિસ્તારની ઉત્તર તરફ નીચાણવાળા વિસ્તારમાં પાણી અતિશય ભરાવા પામેલું છે. ગટરની બધી જ વ્યવસ્થા છેલ્લે સુધી સલામત હતી. વધારે અને સતત વરસાદને હિસાબે ગટરમાં કશીક મુશ્કેલી ઊભી થઈ છે. પાણીનો ભરાવો છેલ્લા ચારેક દિવસથી યથાવત્ છે. અહીં-તહીંથી પાણી સાથે આવેલો કચરો કહોવાઈ રહ્યો છે અને ધીરે ધીરે તેમાંથી તીવ્ર વાસ વ્યાપી વળશે એવું લાગી રહ્યું છે.

ચાલુ વરસાદે આ કામ થઈ શકે તેમ નથી. આજુબાજુના રહીશોએ આ પાણીના રસ્તા માટે પ્રયત્ન કરી જોયો, પણ તેમાં સફળતા મળી નથી. જરૂરી મશીનરી વિના માત્ર માનવબળથી આ પાણીનો નિકાલ થઈ શકે તેમ નથી.

સોસાયટીના રહીશોએ મહાનગરપાલિકામાં અમારા ઝોનમાં આ અંગે મૌખિક ફરિયાદ નોંધાવી છે. આવા પ્રશ્નો શહેરમાં અન્ય જગ્યાએ પણ થયા હશે જેના કારણે તંત્ર ત્યાં કામ ઉપર લાગેલું હશે જે અમે જાણીએ-સમજીએ છીએ. પણ અમારો પ્રશ્ન થોડો વિશેષ ગંભીર હોય એવું અમને લાગે છે. વળી, એક વખત બીમારી ફરી વળશે તો બીજો નવો પ્રશ્ન પણ આપણને સૌને મૂંઝવશે. પરિસ્થિતિ કાબૂ બહાર જશે તો તેને નાથવી મુશ્કેલ પણ બનશે. માટે આપ સૌ પ્રથમ હેલ્થ કાર્યકરો દ્વારા બીમારી પૂર્વેની તજવીજ શક્ય તેટલી વહેલી ચાલુ કરાવશો એવી સૌના હિતમાં અમારી નમ્ર વિનંતી છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અમારો પ્રશ્ન ત્વરાથી હાથ પર લેશો એવી સોસાયટીના સર્વે રહીશોની પ્રામાણિક માંગ છે.

આપનો,

સહી

- **નકલ રવાના :**
  (1) કૉર્પોરેટરશ્રી,
  કમાટીબાગ વૉર્ડ નં. 10,
  મહાનગરપાલિકા, વડોદરા.
  (2) કમિશનરશ્રી,
  મહાનગરપાલિકા, વડોદરા.

**સ્વાધ્યાય**

**1.** તમારી શાળામાં પ્રથમ વર્ગ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને અભ્યાસ શિષ્યવૃત્તિ મળે છે. આ માટે આચાર્યશ્રીને સંબોધી અરજી લખો.

**2.** તમારી શાળામાં ક્લાર્કની ખાલી જગ્યા છે. તમે બી.કૉમ. સુધીનો અભ્યાસ કર્યો છે. આ જગ્યા પર કામ કરવા માટે તમે અરજીલેખન કરો.

**3.** ધોરણ 12ની વાર્ષિક પરીક્ષાના ગુણપત્રકમાં તમારી જન્મતારીખ ખોટી છપાયેલી છે. એમાં સુધારો કરી આપવા માટે બોર્ડના જવાબદાર અધિકારી પર એક અરજીપત્રક સંપૂર્ણ વિગતો-સંદર્ભો સાથે તૈયાર કરો.

## અનુવાદ

અનુવાદ એટલે ભાષાંતર. કોઈ એક ભાષામાં લખાયેલી રચના કોઈ બીજી ભાષામાં અનુવાદ પામે તો એ રચનાનો લાભ લેનારની સંખ્યા વધે. સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, બંગાળી વગેરે ભાષાની કેટલી બધી કૃતિઓ ગુજરાતી ભાષામાં અનુવાદ પામી છે-અનૂદિત થઈ છે. બધી જ ભાષાઓમાં વાંચી શકે એવા કેટલાંક જણ હોય ! એટલે જ આપણે ત્યાં અનુવાદ કરવાનો રિવાજ ઘણા જૂના સમયથી છે.

તમે સમજો છો કે કોઈ પણ ભાષાને કોઈ પણ લિપિમાં લખી શકાય છે. જુઓ,

1. All Indians are my brothers and sisters.
2. ઓલ ઇન્ડિયન્સ આર માય બ્રધર્સ એન્ડ સિસ્ટર્સ
3. ओल ईन्डियन्स आर माय ब्रधर्स एन्ड सिस्टर्स।

આ ત્રણેય વાક્યોની ભાષા અંગ્રેજી છે, પણ પ્રથમ વાક્યની લિપિ પણ અંગ્રેજી છે. બીજા વાક્યની લિપિ ગુજરાતી અને ત્રીજા વાક્યની લિપિ દેવનાગરી છે.

**હવે આ વાક્યો વાંચો :**

1. We are going to school.
2. Ham pathshala ja rahe hain.
3. Ame shalae jai rahya chhie.

આ ત્રણેય વાક્યોની લિપિ અંગ્રેજી છે, પણ પ્રથમ વાક્યની ભાષા પણ અંગ્રેજી છે. બીજા વાક્યની ભાષા હિન્દી છે અને ત્રીજા વાક્યની ભાષા ગુજરાતી છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ટૂંકમાં, કોઈ પણ ભાષા કોઈ પણ લિપિમાં લખાય છે. હિન્દી ભાષાને જ ક્યાં લિપિ છે ? તે દેવનાગરી લિપિમાં લખાય છે. અનુવાદ-ભાષાંતર એટલે કોઈ એક ભાષામાં રજૂ થયેલું, સર્જાયેલું સાહિત્ય બીજી ભાષામાં ઢાળવું તે. આ કામ એ ઘણો અનુભવ માંગી લેતું કામ છે. એકથી વધારે ભાષાઓ જાણનાર જ આ કામ સારી રીતે કરી શકે છે.

અનુવાદ કરતી વખતે કઈ કઈ બાબતોની કાળજી રાખવી જોઈએ તે વિશે આપણે થોડું વિચારીએ :

**1.** અનુવાદ કરતી વખતે અનુવાદ જે ભાષાનો કરવાનો હોય તે ભાષાને - તેના અર્થને બરાબર સમજવો જોઈએ. તેનો શબ્દશઃ અનુવાદ કરીએ તો તેની વાસ્તવિકતા ખોડંગાય છે અને મૂળભાવ અનૂદિત થનારી કૃતિમાં લાવી શકાતો નથી E-card is easy to carry.

આ વાક્યનો શબ્દશઃ અનુવાદ થશે – ઈ કાર્ડને ઊંચકવું સહેલું છે. પણ હકીકતમાં કહેવાનો ઈરાદો છે – ઈ-કાર્ડને સાથે રાખવું ઘણું સહેલું છે.

**2.** કર્તા, કર્મ, ક્રિયાપદ લખવાના ક્રમ દરેક ભાષામાં ફેરફાર ધરાવતા હોય છે. માટે આખું વાક્ય વાંચી-સમજી અને જરૂર જણાય ત્યાં પાછળનાં વાક્યોને સમજીને જ અનુવાદ કરવો જોઈએ. આમ કરવાથી જ મૂળ લખાણ સાર્થક જળવાઈ રહે છે.

**3.** ભાષા બદલવાથી આવું થઈ શકે કે એક વાક્યનો અનુવાદ કરવા માટે બે વાક્યો કરવાં પડે. ઘણી વખત બે-ત્રણ વાક્યોનો અર્થ એક વાક્યમાં પણ સમાવી શકાય. અનુવાદમાં પૂરી તટસ્થતા અને વાસ્તવિકતા યથાવત્ રહે એ ખૂબ જરૂરી ગણાય.

**4.** ઘણી વખત જે-તે ભાષાના શબ્દો માટે અનૂદિત થતી ભાષામાં યોગ્ય શબ્દ ન મળે તેવું બને છે. ત્યારે નજીકનો સમજી શકાય તેવો અર્થ લઈને ચલાવવું પડે છે. ઘણી વખત કોઈ કૃતિ તળપદી બોલીમાં લખાઈ હોય ત્યારે આવું વિશેષ બનવા પામે છે. ત્યારે એવા શબ્દોને ઘણી વખત મૂળ સ્વરૂપે જ રાખવામાં આવે છે. દા.ત. છાણાં, કોસ, પાળિયો, ઝાંપલી વગેરે.

**5.** અનુવાદ જે ભાષામાં થતો હોય તે ભાષાના માન્ય–શિષ્ટ શબ્દો વપરાય તે જરૂરી છે. અનૂદિત ભાષામાં પ્રાદેશિક–તળપદા શબ્દો વાપરવામાં કાળજી રાખવી.

**હવે અહીં આપેલા અનુવાદના નમૂનાઓનો અભ્યાસ કરો :**

1. Lord, make me an instrument of thy peace.
   Where there is hatred, let me sow love.
   Where there is injury, pardon.
   Where there is doubt faith.

   - Saint Francis

આ કવિતાંશનો કુન્દનિકા કાપડિયાએ કરેલો અનુવાદ આ મુજબ છે :

હે પરમાત્મા, મને તારી શાંતિનું વાહન બનાવ.
જ્યાં ધિક્કાર છે ત્યાં હું પ્રેમ વાવું.
જ્યાં ઘાવ થયો છે ત્યાં ક્ષમા.
જ્યાં શંકા છે ત્યાં શ્રદ્ધા.

2. The service of the fruit is precious,
   The service of the flower is sweet,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

but let my service be the service of the leaves,
in its' shade of humble devotion

- Rabindranath Tagore

**અનુવાદ :** ફળની સેવા મૂલ્યવાન છે,
ફૂલની સેવા મધુર છે; પણ મારી સેવા
પાંદડાની નમ્ર ભક્તિભરી છાયા સમી હજો.

3. કબા ગાંધીને પણ એક પછી એક ચાર ઘર થયેલાં. પહેલાં બેથી બે દીકરીઓ હતી; છેલ્લાં પૂતળીબાઈથી એક દીકરી અને ત્રણ દીકરા; તેમાંનો છેલ્લો હું.

(મોહનદાસ ગાંધી, સત્યના પ્રયોગો)

**અનુવાદ :** कबा गांधी की भी चार शादियाँ हुई थीं। पहली स्त्री के मरने पर दूसरी हुई, इसी तरह तीसरी और फिर चौथी। पहली दो पत्नियों से दो लडकियाँ हुईं। अंतिम पुतलीबाई से एक लडकी और तीन लडके। सबसे छोटा मैं।

अनु. – महावीरप्रसाद पोद्दार

- Kaba Gandhi married four times in succession, having lost his wife each time by death. He had two daughters by his first and second marriages. His last wife, Putlibai bore him a daughter and sons; I being the youngest.

Translated by Mahadev Desai

## સ્વાધ્યાય

**1.** અનુવાદ કરો :

Wanderer hail !
But as you pass
Walk on the road,
Not on the grass;
So we may look
And tell for true
Which are the cows
And which are you.

**2.** आलोचना और निंदा का भेद सूक्ष्म है। आलोचना होती है करुणा से, निंदा होती है धृणा से। आलोचना होती है जगाने के लिए, निंदा होती है मिटाने के लिए। आलोचना का लक्ष्य होता है, सत्य कैसे खोजें ? धूल में पडा हीरा, ईसे कैसे धो लें, शुद्ध कर लें ? आलोचना अत्यंत मैत्रीपूर्ण है, चाहे कितनी ही कठोर क्यों न हो, फिर भी उसमें मैत्री है।

## શબ્દ-સમજૂતી

**ભયશૂન્ય** નિર્ભય; **વસુધા** પૃથ્વી; **રૂંધાયા વિના** અટક્યા વિના **ઉન્નત** ઊંચું; **તુચ્છ** સામાન્ય; **ગ્રસવું** પકડવું; **પૌરુષ** પરાક્રમ; **નિર્દય** દયાવિનાનું; **શિર** મસ્તક.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## પૂરક વાચન

# 1 જીવન અમૂલ્ય છે

**સંકલિત**

જીવન અમૂલ્ય છે. જીવનનું ઉત્તમ ઘડતર શિક્ષણ - કેળવણી દ્વારા થવું જોઈએ. શિક્ષણ ઉન્નત અને બહેતર જીવન માટે છે. ટૂંકમાં કહેવું હોય તો, શિક્ષણ એ માણસને ઉત્તમપણે જીવવાની જડીબુટ્ટી છે. પરંતુ આજકાલ વિદ્યાર્થીઓમાં તેની વિપરીત અસર જોવા મળે છે. આ વિષય સંદર્ભે એક રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં ગુજરાતના કવિ-સાહિત્યકારો, વરિષ્ઠ પત્રકારો, કટારલેખકો, મનોચિકિત્સકો, નાટ્ય-સંગીત-લોકકલાકારોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો અને આ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ વિચારોને સંકલિત કરી, 'આપઘાતની ઘાત ટાળીએ' પુસ્તક મૌલિક પ્રકાશન, સુરેન્દ્રનગરે પ્રગટ કર્યું છે.

પ્રસ્તુત એકમમાં આ પુસ્તકમાંથી સંકલિત અંશો રજૂ કરવામાં આવ્યા છે. આ વિચારો દ્વારા વિદ્યાર્થીઓમાં શિક્ષણના ભારણ, કારકિર્દી ઘડતર કે કોઈ એવા કારણોસર વિપરીત અસર પેદા ન થાય; પરંતુ જીવન અમૂલ્ય છે એવું સમજાય એ જરૂરી છે. શિક્ષણ કે કારકિર્દી અંતે તો જીવન માટે છે. તેવી બાબતો હકારાત્મકપણે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

---

વર્ગખંડમાં સન્નાટો છવાઈ ગયો ! સમાચાર વાયુવેગે પ્રસરતાં શાળા-પરિવારમાં પણ હાહાકાર મચી ગયો.

ધોરણ બારના એક વિદ્યાર્થીનો સવારના પહોરમાં ટ્યૂશને જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો અને હાલ હૉસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો.

વાલી, શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં ચિંતા અને દુઃખની લાગણી પ્રસરી ગઈ હતી.

વિદ્યાર્થી હોનહાર હતો. તેને મા-બાપની અપેક્ષા મુજબ ઊંચું મેરિટ લાવવું હતું. તેથી ટ્યૂશન અને ટેન્શનને લીધે આમ અકસ્માત સર્જાયો હતો.

આ દુર્ઘટના તો એક ઉદાહરણ છે. આ અને આથીય ભયાનક દુર્ઘટનાઓ હવે બનવા લાગી છે. કારકિર્દીનું ઘડતર જરૂરી છે એની ના નહિ; પરંતુ કશું પણ જીવનના ભોગે તો ન જ હોય ને ! જીવન છે તો કારકિર્દી ય છે ને બધું છે !

આ દિશામાં ગુજરાતના નામાંકિત વિદ્વાનો કલાકારો અને કેળવણીકારો શું કહે છે તે જાણીએ :

જાણીતા સાહિત્યકાર મણિલાલ હ. પટેલ આ મુદ્દે લખે છે : ''માબાપની અપેક્ષાઓ બેફામ વધી રહી છે. દરેક બાળકની શક્તિ અને માનસિકતા જુદી જુદી હોય છે. બધાં જ દાકતર-ઈજનેર-તજજ્ઞ થવા માટે અવતરતાં નથી પણ મા-બાપ દેખાદેખીમાં અને સ્પર્ધામાં બાળકોને હોમી દે છે. પોતાનાં અધૂરાં શમણાં તેઓ બાળકો પાસે પૂરાં કરાવી સમાજમાં વટ પાડવા માગે છે.'' વાલીઓ સ્નેહવશ અપેક્ષાઓ ભલે રાખે પણ પોતાની અજાણમાં તેઓ પોતાના સંતાનોનું જ અહિત કરે છે. સંતાને શું બનવું તે નક્કી કરવાનું કામ વાલીનું નથી. એણે તો એ જે કાંઈ ભણે છે તે યોગ્ય રીતે ભણે છે કે નહિ તે જોવાનું છે. સાથે-સાથે જરૂરી સગવડો અને વાતાવરણ પણ પૂરું પાડવાનું છે. બાળક એક ફૂલ છે. એને પોતાની રીતે ખીલવા દેવાનું છે.

બાળક શું બને એના કરતાં જે બને તે શ્રેષ્ઠ બને એ ઇચ્છવું વધારે હિતાવહ છે. ચિંતક જે. કૃષ્ણમૂર્તિએ કહેલું : 'સમાજમાં જેમ કલેક્ટરની જરૂર છે તેમ કેળાંની લારીવાળાની પણ જરૂર છે. જ્યારે તમામ પ્રકારના માણસો એકઠા થાય ત્યારે સંપૂર્ણ સમાજ બને છે. સમાજમાં દાકતરની જરૂર છે તેટલી જ ડ્રાઈવરની જરૂર છે. કલેક્ટરની જરૂર છે તેટલી જ કડિયાની પણ જરૂર છે. મામલતદારની જરૂર છે તેટલી જ મિસ્ત્રીની પણ જરૂર છે. વિદ્યાર્થીઓ આ પ્રકારની સમજણ કેળવે અને દેખાદેખીથી અલિપ્ત રહીને પોતાની રુચિ મુજબની લાઈન પસંદ કરે તે જરૂરી છે.'

બાળક પોતાના મનગમતા ક્ષેત્રમાં જાય તો એ વધુ સારી રીતે કાર્ય કરી શકશે અને સફળ પણ થઈ શકશે. સ્વસ્થ સમાજના નિર્માણમાં ઉપકારક પણ થઈ શકશે. ઘણા વિદ્યાર્થીઓ પરીક્ષા ટાણે હતાશાનો શિકાર બનતા જોવા મળે છે. એવી જ રીતે પરિણામ સમયે પણ આપણે ત્યાં જે પ્રકારનો માહોલ સર્જાય છે તે આવકાર્ય નથી જ હોતો. માત્ર એક પરીક્ષાના પરિણામ પર જ જીવનનો સમગ્ર આધાર છે એમ માનવાને કારણ નથી. પત્રકાર પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ પોતાના એક લેખમાં નોંધે છે : 'જેમને પ્રારંભિક નિષ્ફળતા મળી અથવા ઓછા માર્ક્સ હતા છતાં મહાન બની શક્યા તેવી વ્યક્તિઓમાં મહાત્મા ગાંધી, આલ્બર્ટ આઈન્ટાઈન, વિન્સ્ટન ચર્ચિલ, લોકમાન્ય ટિળક, આર. કે. નારાયણ અને ગીતકાર ગુલઝારનો સમાવેશ થાય છે.'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

હવે તમે જુઓ, મહાત્મા ગાંધી અને આલ્બર્ટ આઈન્સ્ટાઈનની સાથે ભણનારા તેજસ્વી વિદ્યાર્થીઓનાં નામ પણ કોઈને યાદ છે ? મૂળ સવાલ પરિણામના ટકાનો નથી ! પરીક્ષામાં ઓછા ટકા લાવનાર વિદ્યાર્થી જીવનમાં નિષ્ફળ જ જાય છે એમ માનવાને કારણ નથી. અલબત, વાલીઓએ પણ હવે સાચી દિશામાં વિચારવાનો સમય પાકી ગયો છે. વાલીઓ હંમેશાં બાળકોને ઉપદેશ આપવામાં જ રચ્યા-પચ્યા રહે તો લાંબે ગાળે બાળકો નકારાત્મક બની શકે છે. આવો અભિપ્રાય લેખક-કેળવણીકાર રાઘવજી માધડ આપે છે. બાળકોને સમજાવો નહિ પણ તેમને સમજો. વિચાર અને કાર્ય વચ્ચે અંતર છે.. તેનાં સેતુ બાંધો. માર્મિક હાસ્યવાણીના અનોખા કલાકાર શ્રી શાહબુદ્દીન રાઠોડે એક શિક્ષક તરીકે બાળકોને ચાહવાની ટકોર કરી હતી. ચાહવું એટલે પ્રેમ, સમય અને સાંત્વન આપવું !

વિદ્વાન સર્જક દિનકર જોશી લખે છે : આજે, બાળક શાળામાં દાખલ થાય છે એ જ વખતે એનાં માતા-પિતા મનમાં 'કંઈક બનવા'નું ભૂસું ભરાવી દે છે. વાલી સાથે શિક્ષકો પણ પોતાના વિષયની ટકાવારીમાં વધુ રસ લે છે. આ ટકાવારી એ બાળકનું ઘડતર નથી. અંગ્રેજીમાં જેને 'ફોર્મેશન' કહીએ એ થતું નથી અને નરી 'ઇન્ફર્મેશન'નો ઢગલો થઈ જાય છે.

મનોચિકિત્સકો કહે છે કે બાળકો પરીક્ષા વખતે ભારે તણાવ અનુભવે છે તેનું એક કારણ સખત સ્પર્ધાની લાગણી છે. તમે એક વિષયમાં નાપાસ થાઓ છો પણ બીજા વિષયમાં કે બીજા ક્ષેત્રમાં નિષ્ણાત હોઈ શકો છો. જો તમે નાપાસ થાવ છો કે ઓછા માર્ક્સ આવે છે તો તમે તમારી રુચિવાળો વિષય શોધી કાઢો. સારા કલાકાર કે સારા રાજનીતિજ્ઞ પણ બની શકો છો.

વાલીઓની જેમ બાળકોએ પણ કેટલુંક ધ્યાન રાખવા જેવું છે. મુગ્ધાવસ્થા સૌની કસોટી કરતી અવસ્થા છે. શૈશવમાંથી યૌવનમાં પ્રવેશતી વેળાએ આપણી ભીતર ઘણા માનસિક અને દૈહિક ફેરફારો થતા હોય છે. તેથી આપણને નાની-નાની વાતે ગુસ્સો આવી જાય એમ બને. આપણે જ સાચા છીએ એવો ભાવ જુસ્સા સાથે પ્રગટ કરવા મથીએ છીએ. વિવિધ આવેગો આપણામાં આવેશ આણે છે; પરંતુ થોડાક વખત પછી આપણને સમજાય છે કે આપણાથી આવેશને લીધે ભૂલ થઈ છે ! ખરેખર તો આવેશની સ્થિતિમાં આપણે જાતને સંભાળી લેવાની છે. ભીતરની ઊર્જાને વશમાં લેવાનો પ્રયાસ કરીશું તો ઉતાવળ કે આકળા થવાના કારણે થનારા ભાવિ નુકસાનથી બચી શકીશું. પરસ્પરની સમજણથી અનેક સમસ્યાઓ સર્જાતાં અટકે છે. સ્વામી માધવપ્રિયદાસજીનું ચિંતન આ દિશામાં માર્મિક અને અસરકારક છે. ''આ સમગ્ર જીવસૃષ્ટિમાં માનવજીવન મહામૂલ્યવાન છે. સફળતા અને નિષ્ફળતા તો જીવનનો એક ભાગ છે. સળગીને રાખ થયેલું ફિનિક્સ પક્ષી રાખમાંથી પાછું બેઠું થાય છે. નવું ક્લેવર ધરે છે અને અનંત ગગનને આંબવા માટે પાંખો પ્રસારે છે ! ફિનિક્સ પંખીની વાત કદાચ દંતકથા હશે; પરંતુ જગતમાં એવા અનેક મહાપુરુષો થયા જે નિષ્ફળતાની રાખમાંથી બેઠા થયા છે અને સફળતાનાં શિખરો સર કર્યાં છે.'' ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર રઘુવીર ચૌધરી લખે છે : ''ડૉ. બાબાસાહેબ આંબેડકર બાળપણમાં ભારે તોફાની હતા અને અપાર સંઘર્ષો વચ્ચે ટકી રહીને પણ યુગપુરુષ બની શક્યા. ખરું તો એ છે કે જીવન અનેક શક્યતાઓથી ભરેલું છે. જીવન છે તો સુખની સાથે દુઃખ પણ છે. કદાચ દુઃખો છે તેથી જ સુખનું પણ મૂલ્ય છે. ઘણીવાર તો આપણે જેને દુઃખ માનીને ચાલીએ છીએ તે આપણો ફોબિયા હોય છે. ખરેખર તો એ દુઃખ સાવ સામાન્ય કહેવાય એવાં હોય છે. સુખ કે દુઃખ એ સ્થિતિ છે, સમગ્ર જીવન નહિ... આપણી ભાષાના મૂર્ધન્ય કવિ રાજેન્દ્ર શાહે એક મજાનું ગીત લખ્યું છે,

'ભાઈ રે; આપણા દુઃખનું કેટલું જોર ?

નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર !'

જાતક યાને તુચ્છ-સામાન્ય બલકે ક્ષણજીવી !

જે કાંઈ છે, જે જન્મજાત છે તેને વિખૂટું પાડવા નાહકનો શોર શું કરવા કરીએ ?

સુખ અને દુઃખના સરવાળાનું નામ જીવન છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોર જીવનસૌંદર્યના કવિ હતા. તેમણે ઈશ્વર પાસે સુખ નથી માગ્યું. ઈશ્વર પોતાનાં દુઃખો દૂર કરે એવું પણ કવિ નથી માગતા. કવિ તો કહે છે : ''હું નથી માગતો કે તું મારાં દુઃખ દૂર કરે; પરંતુ માગું છું કે દુઃખોનો સામનો કરવાની શક્તિ મને આપ, મને સચેતન બનાવ !''

દરેક બાળક જુદું છે. જેવી રીતે દરેક પુષ્પ જુદું છે. જાણીતા ચિંતક ગુણવંત શાહ કહે છે તેમ પ્રત્યેક છોડનું વધવું અને પુષ્પનું ખીલવું એ કુદરતની કરામત છે. ગુલાબની પાંદડી માણસની આંગળી વડે ન ખૂલે કે ન ખીલે !'' બાળકનું પણ એવું જ નથી શું ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પ્રકૃતિએ પ્રત્યેક મનુષ્યને તેની લાયકાત અને આવડત મુજબનું પાત્ર આપીને જગત નામની વિશાળ રંગભૂમિ ઉપર જીવન નાટક ભજવવા મોકલ્યા છે. એ પાત્રને બરાબર ન્યાય મળે તે માટે જીવ રેડી દેવો તે દરેક માણસની ફરજ છે; પરંતુ જીવ રેડવાના બદલે જીવ કાઢી નાખીને ખોટી Exit કરવાનો કોઈને હક નથી.

જાણીતા સર્જક-વક્તા જય વસાવડા લખે છે : જીવન પતંગ ચગાવવા જેવું છે ક્યારેક એને ઢીલું મૂકી દેવું પડે. ક્યારેક પકડી રાખવું પડે. ક્યારેક પતંગ કોઈ પ્રયત્ન વિના જ ચગે. ક્યારેક એના ઉપર આપણો કોઈ કાબૂ ન હોય પણ જ્યારે તમે એનેન આદ્ધર રાખવાનો સંઘર્ષ કરતા હો અને એની દોરી તમારી આંગળી છોલીને લોહી કાઢતી હોય ત્યારે પણ એને જવા ન દેવાય. ડોન્ટ લેટ ઇટ ગો.

પવન પાછો તમારી બાજુ આવશે, બેટા ! બરાબર પકડી રાખ જસ્ટ ડોન્ટ લેટ ગો !

'ભણે તે શું બધા પાસ થાય ? જેટલા પાસ થાય તે શું બધા ડિસ્ટિંક્શનમાં જ જાહેર થાય ? ચિંતક અને શિક્ષણવિદ્ ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની જરા જુદી રીતે પણ સીધું ને સટ્ટ કહે છે : 'જેટલા ડિસ્ટિંકશનમાં સફળ થાય તે શું બધા પહેલો જ નંબર આવે ? બને આવું કોઈ દિવસ ? તો પછી આવી ઘેલછા આપણા મનમાં ઘૂસે છે ક્યાંથી ?'

તમારે પણ તમારા મનના ઝરણાના કાંઠે બેસી વિચારોના પ્રવાહનું માત્ર નિરીક્ષણ જ કરવાનું છે. ધીરે-ધીરે મન શાંત થઈ જશે. વિચારો વિલીન થઈ જશે, મન વાદળાં વગરના આકાશ જેવું સ્વચ્છ બની જશે પછી તેમાં પ્રજ્ઞાની જ્યોત પ્રગટશે. એક વાર પ્રજ્ઞાની જ્યોત પ્રગટે પછી કોઈ નિર્માલ્ય વિચાર આવે એ વાતમાં માલ નથી.

'ઊઠ જાગ મુસાફિર ભોર ભઈ અબ રૈન કહાં જો સોવત હૈ,

જો સોવત હૈ સો ખોવત હૈ જો જાગત હૈ સો પાવત હૈ.'

સારી રીતે જાગી જઈએ. જીવનની કદર કરીએ. જીવનનું સન્માન કરીએ. નબળી ક્ષણને જીરવી લઈશું તો જીવન ઉત્તમ રીતે જીવી શકીશું.

(સંકલન : રાઘવજી માધડ, કલ્પેશ પટેલ)

## શબ્દ-સમજૂતી

**સન્નાટો** શાંતિ, નીરવતા (અહીં) સ્તબ્ધતા; **ફિનિક્સ** એ નામનું એક પક્ષી જે મૃત્યુ બાદ રાખમાંથી પુનર્જીવિત થાય છે તેવું કહેવાય છે; **દંતકથા** મુખ પરંપરાથી ચાલી આવતી વાર્તા; **કલેવર** ખોળિયું, શરીર; **ફોબિયા** એક મનોવિકાર, વધુ પડતી બીક; **મૂર્ધન્ય** મૂર્ધ સ્થાનથી ઉચ્ચારાતું, માથાને લગતું (અહીં) મુખ્ય; **જાતક** જન્માક્ષર, જન્મકુંડળી, ભગવાન બુદ્ધના પૂર્વજન્મની કથા. અહીં તુચ્છ, સામાન્ય; **ડિસ્ટિંક્શન** ભેદ તફાવત (અહીં) અલગ પાડનાર વસ્તું 70 કે તે કરતાં વધુ ગુણાંકન; **પ્રજ્ઞા** બુદ્ધિ, ડહાપણ, સમજણ; **ભોર** સવાર.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 2 આપણો લોકવારસો



**ડૉ. હસુ યાજ્ઞિક**

**(જન્મ : 12-02-1938)**

નવલકથાકાર, વાર્તાકાર, મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અને લોકસાહિત્ય તથા શાસ્ત્રીય સંગીતના અભ્યાસી ડૉ. હસુ વ્રજલાલ યાજ્ઞિકનો જન્મ રાજકોટમાં થયો હતો. સરકારી કૉલેજમાં અધ્યાપક રહ્યા તેમજ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર તરીકે પોતાની સેવાઓ આપી. નવલકથા, વાર્તા, મધ્યકાલીન સાહિત્ય તેમજ લોકસાહિત્યનાં 150 જેટલાં પુસ્તકો દ્વારા ગુજરાતી સાહિત્યક્ષેત્રે તેમનું મૂલ્યવાન પ્રદાન રહ્યું છે. કેન્દ્રિય સાહિત્ય અકાદમી દિલ્લી દ્વારા પશ્ચિમ ભારતના ક્લાસિકલ લિટરેચરના સ્કૉલર તરીકે એક લાખ રૂપિયાના ભાષાસમ્માનના યશભાગી થયા છે. સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા મેઘાણી એવૉર્ડ, લંડનનો સ્કાયલાર્ક એવૉર્ડ, કવિ કાગ એવૉર્ડ તેમને પ્રાપ્ત થયા છે. મધ્યકાલીન સાહિત્યની પ્રેમકથાઓ વિશે સંશોધન કરી ડૉક્ટર ઑફ ફિલોસૉફીની ઉપાધિ પ્રાપ્ત કરી છે. પોતે સંગીતવિશારદ (પ્રથમવર્ગ-વાયોલિન) છે. લોકસાહિત્યનાં એમનાં પ્રકાશનોએ ગુજરાતના લોકવિદ્યાક્ષેત્રને સમૃદ્ધ બનાવીને આ વિષયના ભારતના તજજ્ઞોની હરોળમાં બેસાડી આપ્યા છે.

લેખકે પ્રસ્તુત સાંસ્કૃતિક લેખ ‘આપણો કલાવારસો’માં નોંધ્યું છે કે ગુજરાતી આદિવાસી લોકકલાસંસ્કૃતિમાં આજની આપણી સભ્યતા કે સંસ્કૃતિનાં મૂળ છે. આદિવાસીઓના ભાતીગળ લોકસાહિત્યમાં આજે પણ એવું કંઠસ્થ સાહિત્ય મળે છે, જેનાં મૂળ વૈદિક, પૌરાણિક તેમજ મધ્યકાલીન સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતીના સાહિત્યમાં જોઈ શકાય છે. પ્રસ્તુત લેખ દ્વારા બે બાબતો આપણને પ્રાપ્ત થશે – આદિવાસી લોકકલા-સંસ્કૃતિમાં પ્રચ્છન્ન રહેલી જીવન અને જગતને જોવાની દૃષ્ટિ તેમજ અન્યના હિતને જોડીને સાંકળી લેવાની શક્તિ.

---

સિંહને પ્રાણીસંગ્રહાલયના પાંજરામાં કે સર્કસમાં જોઈએ તેના બદલે એને વન-ઉપવનના પ્રાકૃતિક પરિવેશમાં વિહરતો જોઈએ તેમાં ઘણો તફાવત છે. આ જ રીતે આપણે આદિવાસી લોકકલાને રંગમંચમાં નિહાળીએ અને એને આદિવાસીના મુક્ત વિહારમાં રજૂ થતી જોઈએ તે બંનેમાં જમીન-આસમાનનું અંતર છે.

આવા ભેદનો અંગત અનુભવ લેવો હોય તો આપણે ફાગણને ગીત-નૃત્યથી વધામણાં આપતા ભીલ આદિવાસીઓને અરવલ્લીના પહાડીક્ષેત્રમાં જ જોવા જોઈએ. એ જ રીતે વર્ષાઋતુમાં ડાંગના આદિવાસીઓની લોકકલાઓ જોવી જોઈએ.

અહીં જોઈ શકાશે કે પ્રકૃતિ જ આદિવાસી લોકકલાનું સંલગ્ન એવું અભિન્ન અંગ છે, ગ્રામીણ કે નાગરિક પરંપરામાં એવું નથી. આથી તેવી કલાઓ રંગભૂમિ પર પણ માણી શકાય છે, કેમકે ત્યાં પ્રકૃતિ જ સંલગ્ન અંશ નથી. બંને વચ્ચેના ભેદનું આ પહેલું કારણ છે.

ગ્રામીણ અને આદિવાસી લોકકલાસંસ્કૃતિને જુદી પાડતું બીજું મહત્ત્વનું કારણ બંનેની પરંપરાઓ અને પરિસ્થિતિ વચ્ચેની ભિન્નતા છે. ગ્રામીણ-નાગરિક નિશ્ચિત અને સ્થિર એવાં આજીવિકાનાં સાધનો ધરાવે છે. નાગરિકોને શાસકીય કાયદાઓ અને સંરક્ષણનો લાભ મળે છે.

પ્રાચીનકાળથી તે આજ સુધી તેમને ‘પ્રજા’ તરીકેના, નાગરિક તરીકેના અધિકારો અને લાભો મળ્યા એ સાથે જ, જેમ જેમ સમય વહેતો ગયો, શાસકો બદલાતા ગયા, તેમ તેમ તેમનાં આજીવિકાસ્રોત, ખાનપાન, વસ્ત્રાભૂષણ, બોલી-ભાષા વગેરેમાં નવું નવું પરિવર્તન આવતું ગયું, જૂનું લુપ્ત થતું ગયું. આની સામે આદિવાસીઓને તો છેક પ્રાચીનકાળથી તે બ્રિટિશ અમલ સુધી નાગરિકના અધિકાર ન મળ્યા. એક પ્રજા તરીકે પોષણ, સંરક્ષણ વગેરેના કોઈ જ લાભ ન મળ્યા. બ્રિટિશરોએ આદિવાસીક્ષેત્રો તરફ તો ધ્યાન આપ્યું, દારૂબંધી અને વનસંરક્ષણના કાયદાઓ કર્યાં; પરંતુ તે બધું આદિવાસીઓના ભોગે અને પોતાનું વેપારી હિત જાળવવા કર્યું. આઝાદી પછી જ હકીકતે શાસન દ્વારા આદિવાસીઓનો એક પ્રજા તરીકે, નાગરિક તરીકે સ્વીકાર થયો અને એમના હિત-અધિકારો અમલમાં આવ્યાં.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ગ્રામીણ-નાગરિક સમાજ અને આદિવાસીસમાજ વચ્ચેના પ્રાચીનકાળથી આરંભીને તે બ્રિટિશ રાજ્ય અમલ સુધીના સુદીર્ઘ ગાળામાં જે શાસકીય લાભથી સંપૂર્ણ વંચિત રહેવાની પરિસ્થિતિનું એક પરિણામ એ આવ્યું કે તેઓએ પોતાનાં પોષણ-સંરક્ષણ માટે પોતીકી એવી સામાજિક વ્યવસ્થા ઊભી કરી અને પોતાની અસલ પરંપરાને મૂળરૂપમાં જ જાળવી રાખી. વ્યક્તિ-કુટુંબ અને સમાજમાં એમણે એક મુખ્ય નાયક, મુખી, પંચના જ નિર્ણયને સ્વીકાર્યો, સમાજમાં સહુ સંગઠિત અને સુરક્ષિત રહે તે માટે સમાજમાન્ય નીતિઓ, ધોરણો, રૂઢિઓ, આસ્થાઓ વગેરેની પરંપરાને તેઓ વળગી રહ્યા. પ્રકૃતિ સાથેનો જ એમનો અતૂટ નાડી સંબંધ અવિચ્છિન્ન રહ્યો. પોતાનાં આજીવિકા અને સંરક્ષણ એમણે પોતાની રીતે જ પ્રાપ્ત કર્યાં. જડ અને ચેતન બધું જ સજીવ છે, બધામાં આત્મા છે, પહાડો આપણા પિતા અને નદીઓ આપણી માતા છે – આ બધા જ આદિમકાળનાં માન્યતા, આસ્થા, ધારણા અને તેના આધારે રચાયેલી પુરાણકથાઓનો એમણે સ્વીકાર કર્યો. વન, પર્વત, નદી, વનસ્પતિ, પશુ, પક્ષી, કીટકો, સરિસૃપો વગેરેને પોતાની પરંપરાઓ સાથે પોતાનાં અંગ જેવાં જ માન્યાં. આથી જ આદિવાસી સંસ્કૃતિમાં આ સંસ્કૃતિએ જ જેને પેદા કરી એ કલાઓનો સમાવેશ થાય છે. એમાં કલા અને સંસ્કૃતિ એવું દ્વંદ્વ નથી; પરંતુ કલા એ જ સંસ્કૃતિનું પરિચાયક એવું અંગ છે. સંસ્કૃતિમાંથી જ કલા જન્મે અને પછી એ જ કલા સંસ્કૃતિને ટકાવી રાખે છે.

'કલા'માં સાહિત્ય, સંગીત, નૃત્ય, નાટ્ય, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય એ બધાંનો સમાવેશ થાય છે અને 'આદિવાસી કલા' એમ કહીએ ત્યારે એમાં આદિવાસી લોકસાહિત્ય, લોકસંગીત, લોકગૂંથણ, લોકનૃત્ય, લોકનાટ્ય, લોકચિત્ર, લોકશિલ્પ, લોકસ્થાપત્ય વગેરેનો તથા પાત્રનિર્માણ, પર્વો-મેળાઓ-લોકોત્સવ વગેરેનો પણ સમાવેશ થાય છે.

ગુજરાતમાં ભીલ, રાઠવા, ચૌધરી, ગામીત, કુંકણાં જેવી કુલ પચ્ચીસ જેટલી મુખ્ય આદિવાસી જાતિઓ છે. આ ઉપરાંત ગીરમાં વસતા મૂળ ચારણ-ભરવાડ, રબારી, ભીલ નળકાંઠાના પઢિયાર અને ગીરકાંઠામાં તથા ભરૂચ જેવા દક્ષિણ ગુજરાતમાં વસતા આફ્રિકન નિગ્રો જાતિમૂળના સીદીઓનો પણ સમાવેશ થાય છે. ચારણ, પઢિયાર અને સીદી એ ત્રણ જાતિઓ ગુજરાતના અંતરિયાળ ભૂમિભાગના વનવિસ્તારમાં વસવાટ કરે છે. શેષ મોટાભાગની ભીલ અને કુંકણા જેવી જે મુખ્ય આદિવાસી જાતિઓ છે તે ગુજરાતના પશ્ચિમોત્તર છેડાથી આરંભીને તે દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત અને ડાંગના સીમાંત છેડાના પટ્ટામાં વાપીથી તાપી સુધીના વિસ્તારમાં વસે છે. ગુજરાતના આ ભૂમિભાગો રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર-ખાનદેશ સાથે જોડાયેલા છે. અરવલ્લી અને સહ્યાદ્રિની પર્વતમાળાઓના કારણે જ આ ભૂમિપ્રદેશો જુદા પડ્યા, બોલી-ભાષા અને કેટલીક પરંપરાઓ જુદી પડી; પરંતુ આ સમગ્ર પટ્ટામાં આદિવાસીઓ વસ્યા તે બે રાજ્યો વચ્ચેના પારસ્પરિક આદાન-પ્રદાનમાં મધ્યસ્થ કડીરૂપ બન્યા. આ કારણે જ આદિવાસી પટ્ટાના ક્ષેત્રમાં વસતી આ મુખ્ય આદિવાસી જાતિઓની બોલી જુદી પડી અને તે-તે જાતિઓની ઓળખ બની. આ પ્રત્યેક આદિવાસી જાતિઓએ આ કારણે જ પોતાની આગવી લોકકલાને નીપજાવીને સિદ્ધ કરી છે. ભીલોએ પૌરાણિક અને ઐતિહાસિક એવા વીરોની ગાથાઓને આધારે રચાયેલાં લોકમહાકાવ્યની પરંપરાને ટકાવી રાખી. ભીલના પઢારોએ હાથે-પગે લાંબી દોરીવાળા મંજીરા બાંધીને તેને ગીત સાથે જ વગાડવાની મંજીરા-નૃત્યની એક નવી જ નૃત્યકલા ટકાવી. રાજપીપળા અને તાપીક્ષેત્રના આદિવાસીઓએ ભવાઈના જેવા ભવાડા, ચાળા, ઠાકર્યા જેવાં લોકનાટ્યો ધબકતાં કર્યાં. તાપી અને ડાંગક્ષેત્રના આદિવાસીઓએ પિરામિડ જેવા પૌરુષેય નૃત્યો સિદ્ધ કર્યા. મહારાષ્ટ્રમાં વીરોની યશોગાથાના 'પવાટા' ગવાય છે તેને જ તાપીતટના આદિવાસીઓએ પૌરાણિક દૈવીપાત્રો સાથે સાંકળ્યા અને 'સીતાનો પવાડો' જેવી પૌરાણિક પાત્રની દિવ્ય કથાને સગાનનૃત્ય રજૂ કરી. ભરતમુનિએ 'નાટ્યશાસ્ત્ર' નામના પ્રાચીન ભારતીય કલાગ્રંથમાં સંગીત, નૃત્ય અને નાટકના સિદ્ધાંતો રચી અને તેના અનેક પ્રકારો વર્ણવ્યા છે. આમાં કેટલાક એવા પ્રકારો છે, જે આજે પણ આદિવાસીઓનાં વિવિધ લોકનૃત્યો અને લોકનાટ્યોમાં જીવિત છે. આથી પુરવાર થાય છે કે સાહિત્ય, સંગીત, નૃત્ય, નાટક, ચિત્ર, શિલ્પ-સ્થાપત્ય જેવી અને પ્રશિષ્ટ મનાતી કલાઓનાં કુળ અને મૂળનો જ સીધો સંબંધ આદિવાસી લોકકલાઓ સાથે છે. બધી જ કલાઓનો ઉદ્ભવ અને વિકાસ આદિવાસી લોકકલાઓમાંથી થયો છે.

શિષ્ટ એવી ભાષાનું રૂપ બંધાયું તે 'બોલી' એટલે કે બોલાતી ભાષાના આધારે ! એટલે કે 'બોલી' જનક છે અને ભાષા તેમાંથી જન્મેલી છે. આ જ રીતે ખેતી, પશુપાલન, રોગ-આરોગ્ય, ઔષધ, શિલ્પ-સ્થાપત્ય વગેરેનાં જે શાસ્ત્રો રચાયાં, ભણી-ભણાવી શકાય એવી વિદ્યારૂપે વિકાસ થયો તેના પાયામાં લોકોએ જીવન ટકાવવાની મથામણ માટે જે-જે સાહજિક જ્ઞાન મેળવ્યું અને 'લોકવિદ્યા' જેને અંગ્રેજીમાં 'ફોકલોર' કહે છે, આવી લોકજીવનવિદ્યા-કાળક્રમે અંકે થતા જ જ્ઞાન તમામ વિદ્યાઓ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અને આધુનિક શાસ્ત્રને જન્મ આપે છે. આ રીતે સાહિત્યનાં મૂળ લોકસાહિત્યમાં, સંગીતનાં મૂળ લોકસંગીતમાં, પ્રશિષ્ટ નૃત્ય અને નાટ્યનાં મૂળ લોકનૃત્ય-લોકનાટ્યમાં સમાયેલાં છે; પરંતુ આદિવાસી પરંપરાનું મૂળ તો લોકવિદ્યામાં પ્રાચીનતમ છે.આથી આદિવાસી લોકકલા અને તેના દ્વારા સરજાતી, રક્ષાતી અને સાતત્યપૂર્ણ રીતે વિકસતી સંસ્કૃતિ જ આદિસ્રોત છે.

ગુજરાતની આદિવાસી લોકકલાસંસ્કૃતિ આ રીતે આજની આપણી સભ્યતા-સંસ્કૃતિનું મૂળ છે. વર્તમાનકાળે પણ આપણે જે આદિવાસી લોકકલાની પરંપરા જોઈએ છીએ તેમાં સાહિત્ય, સંગીત, નૃત્યાદિ લલિતકલાનાં પૂર્વ-પ્રાથમિક કે પ્રાચીનતમ અંશો જળવાયાં છે. આદિવાસી લોકસાહિત્યમાં આજે પણ કેટલુંક એવું છે જેનું પ્રવર્તન વૈદિક, પૌરાણિક-રામાયણ-મહાભારતકાલીન અને મધ્યકાલીન સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતીનાં સાહિત્યમાં જોવા મળે છે. આથી જ વેદમાં, ઉપનિષદ કે પુરાણ જેવા સંસ્કૃત ભાષામાં તેમજ પ્રાકૃત ભાષામાં જે કથાઓ છે તે માંહેની અનેક કથાઓ ભીલી, કુંકણા જેવી આદિવાસી ભાષાઓની કંઠપરંપરામાં પણ છે. અનેક નૃત્ય અને નાટ્યનાં પ્રાચીનતમ રૂપો આદિવાસી લોકનૃત્ય-નાટ્યના ભવાડા, ઠાકર્યા, સોંગ, ગોર્ય (ગૌરી)માં જોવા મળે છે. આધુનિક પ્રશિષ્ટ સંગીતના સ્વરના અને તાલનાં હવા ફૂંકીને વગાડાતાં, તાંત છેડીને વગાડાતાં, બે ધાતુપાત્રોને અથડાવીને વગાડાતાં કે પોલાણને બંધ કરવા ચામડું મઢીને એના પર થાપ મારીને વગાડાતાં, આમ વિવિધ પ્રકારનાં વાદ્યો છે તેનાં પૂર્વપ્રાથમિક રૂપો આદિવાસી વાદ્યોમાં આજે પણ જોવા મળે છે. માત્ર શબ્દ અને એનાં ઉચ્ચાર કે ગાન નહિ; પરંતુ શાસ્ત્રકારોએ બાંધેલી વ્યાખ્યા પ્રમાણે તો નૃત્ય અને સ્વર સાથેનું લયબદ્ધ ગાન તે 'સંગીત' એવો મૂળ અર્થ છે. આનું જ પ્રગટરૂપ આદિવાસી પરંપરામાં છે. કથા તેમજ ગીત બંને સાથે આદિવાસી પરંપરામાં ગાયન, વાદન, નર્તન ત્રણે સમાયેલાં છે. એમાંય તે ઢોલ તો આદિવાસી કલાનો પ્રાણ ! એ વાગતાં જ પગ થરકવા લાગે. ઢોલ માત્ર વાદન-મનોરંજન માટે જ નહિ, સારા-માઠા કે આવી પડેલા આપત્તિના કોઈ સમાચાર પણ ઢોલ દ્વારા જ પહોંચાડાય છે ! વંશ એટલે કે વાંસળી કુળની શોધ આદિવાસીએ કરેલી, વનમાં જીવડાંએ કોરેલા વાંસનાં છિદ્રોમાંથી વહેતી હવાએ જન્મતા વિવિધ સ્વરો સાંભળીને ! વકરેલી દૂધી કે મોટાં તૂમડાંને સૂકવી, વચ્ચેનો ગર્ભ કાઢીને તેનો જ ઉપયોગ કરી ફૂંકના કે તંતુના ધ્વનિને મોટો કરવાની પણ શોધ આદિવાસીની ! વંશકુળમાં વાંસળી, પાવા, જોડિયાપાવા, મીંડ લેતાં ઘોડાલિયાં, લાંબાં લાંબાં ને મોરપીંછાથી શણગારેલાં તાડપૂ, ઘાંઘરી, પહોળા થાળમાં મીણ પાથરીને ઉપર વાંસની પાતળી સળી ખોસી તેના પર અંગૂઠા અને આંગળીના હળવા વજન સાથેની ઉપર-નીચે ગતિથી જન્મતાં મીંડયુક્ત નાદ જન્માવતી કૂંકણા આદિવાસીની  થાળી-કથા કે વારલી સ્ત્રીઓના ડેરાનૃત્યનું વિશિષ્ટ એવું વાઘની ઘુરઘુરાટી કરતું વાદ્ય ! એમાં માટલાના મોઢાને ચામડે મઢી, મોરની પીંછીના માધ્યમે વાઘની ગર્જનાનો પ્રતિધ્વનિ જન્મે છે ! લોકચિત્રમાં પણ વિશિષ્ટ ચિત્રશૈલી પિઠોરાના ચિત્રની છે. ભીંત પર ચાક અને હવે કુદરતી રંગ ભરીને પિઠોરાનું આલેખન થાય.

આદિવાસી લોકકલામાં બધે જ પ્રાકૃતિક તત્ત્વોનો જ ઉપયોગ થાય છે. અહીં પ્રકૃતિ જ એનાં વન-વનસ્પતિ અને તેમજ પ્રાકૃતિક પશુપક્ષી સાથે નિરૂપાય તેમજ પ્રાકૃતિના પર્યાવરણમાં તેની ઉપાસના સાથે, ધર્મ અને સંસ્કૃતિને કલાનું માધ્યમ બનાવે છે. એ કેવળ સ્થૂળ માધ્યમ નથી, સજીવ અને ધબકતું અંગ છે. કથાનાં પાત્રો પણ એમને મન એમની સાથોસાથ જીવતી, ધબકતી વ્યક્તિ છે. તંબૂર પોતે વાજિંત્ર નથી, સરસ્વતીની વાણી છે. ભીલ ભગત તંબૂરાને પૂજી, એમાં પ્રવેશવાનું સરસ્વતીને આહ્‌વાન કરી પછી જ ખોળામાં શ્રદ્ધાપૂર્વક લે છે અને તાર છેડે છે. જીવન અને જગતને અભિન્ન રીતે જોવાની દૃષ્ટિ અને એક સાથે અન્યનાં પણ હિતને જોડીને સાંકળી લેવાની શક્તિ આપણી આ આદિવાસી લોકકલા-સંસ્કૃતિમાં છુપાયેલી છે.

### શબ્દ-સમજૂતી

**અવિચ્છિન્ન** અલગ નહિ તેવું; **દ્વંદ્વ** યુદ્ધ; **સરિસૃપો** જમીન પર ઘસડાઈને ચાલતા જીવો; **પરિચાયક** પરિચય આપનારું; **પૌરુષેય** પુરુષ સંબંધી; **પ્રવર્તન** પ્રચાર, પ્રસાર.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 3 તું ભારતને જગાડ !



રવીન્દ્રનાથ ટાગોર

(જન્મ : તા. 7-5-1861; અવસાન : તા. 7-8-1941)

બંગાળી કવિ. વતન કોલકાતા – જોરાસાંકો. વિશ્વના મહાન લેખકોમાં, રવીન્દ્રનાથ કવિતા, નવલકથા, વાર્તા, નાટક, નિબંધ જેવાં સ્વરૂપોમાં ઉત્તમ સર્જન કરી અગ્ર હરોળમાં પ્રસ્થાપિત થયેલા. 'ગીતાંજલિ'નાં કાવ્યો માટે નોબેલ પારિતોષિક મળેલું - (1931). 'ગોરા' એમની સુખ્યાત નવલકથા છે. એમની મોટા ભાગની સાહિત્યકૃતિઓ ગુજરાતીમાં અનૂદિત થઈ છે. સંગીતજ્ઞ અને ચિત્રકાર તરીકે પણ રવીન્દ્રનાથ ટાગોર એટલા જ જાણીતા છે. એમણે વિકસાવેલી સંસ્થા શાંતિનિકેતન દેશ અને દુનિયામાં પ્રખ્યાત છે.

---

ચિત્ત જ્યાં ભયશૂન્ય છે;
શિર જ્યાં ઉન્નત છે;
જ્ઞાન જ્યાં મુક્ત છે;
ઘરઘરના વાડાઓએ જ્યાં રાતદિવસ વસુધાના નાના ટુકડા કરી મૂક્યા નથી;
વાણી જ્યાં હૃદયના ઝરણામાંથી સીધી વહે છે;
કર્મનો પ્રવાહ જ્યાં રૂંધાયા વિના દેશે દેશે અને દિશાએ દિશાએ સતત સહસ્રવિધ સફળતા પ્રતિ ધસે છે;
તુચ્છ આચારરૂપી રણની રેતીએ જ્યાં વિચારના ઝરણાને ગ્રસી લીધું નથી,
અને પૌરુષના લાખ લાખ ટુકડા કરી નાખ્યા નથી;
જ્યાં હંમેશાં તું સકલ કર્મ વિચાર અને આનંદનો નેતા છે.
ત્યાં, ત્યાં જ
તે સ્વર્ગમાં,
તારે પોતાને હાથે નિર્દય આઘાત કરી,
હે પિતા,
તું ભારતને જગાડ !

('ગીતાંજલિ'માંથી)


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 4 બા, ભાઈ ક્યાં ?



**દરબાર પુંજાવાળા**

**(જન્મ : તા. 13-9-1929)**

દેશ-વિદેશમાં કશો પણ પુરસ્કાર લીધા વિના લોકકથા કરનાર દરબારશ્રી પુંજાવાળા એભલવાળાનો જન્મ સાંણથળી જિ. અમરેલી ખાતે થયો હતો. 'આતમરામની અમર વેલડી', 'પીયૂષ-ઝરણાં'. '19 વાર્તાઓ તથા 6 સંત-ચરિત્રો' એમનાં પુસ્તકો છે. ગુજરાત રાજ્ય સંગીત-નાટ્ય અકાદમીએ 'ગૌરવ પુરસ્કાર'થી સમ્માનિત કર્યા છે. દિલ્લીની માતબર સંસ્થા દ્વારા શ્રેષ્ઠ વાર્તાકાર તરીકે પુરસ્કૃત થયા છે. બી. બી. સી.એ આ કાર્યક્રમની ખાસ નોંધ લીધી હતી.

પ્રસ્તુત લોકવાર્તામાં કરંઝડા ગામના ગામધણી હીપા ખુમાણ અને તેમનાં પત્ની આઈ પુનબાઈ ખુમારીગાથા વર્ણવાઈ છે.

હીપા ખુમાણની એકની એક દીકરીની 'જાન' આવી છે અને આવા શુભ અવસરે જ અકસ્માતે પોતાના એકના એક પુત્રનું એરું આભડી જવાથી મૃત્યુ થયું છે. દંપતી પહાડ જેવા દુઃખને કલેજાના ઊંડા ખૂણે ધરબી દઈ દીકરીને રંગેચંગે પરણાવે છે અને ઓરડાની પછીતથી કોઈને સહેજ પણ અણસાર ન આવે એ રીતે ચાર માણસો દ્વારા દીકરાને દેન (અગ્નિદાહ) દેવાય છે. બહેનને જવતલ હોમવા ભાઈનો દીકરો ઊભો થાય છે લોકો એમાં ગામધણીના મનની મોટપ જોવે છે. વિદાય ટાણે બહેન પૂછે છે બા, ભાઈ ક્યાં ? મારે ભાઈને મળવું છે અહીં કરુણાની પરાકાષ્ઠા છે. સૂરજના સમ દઈને સાચી વાત કહેવાય છે જાન વિદાય થાય છે. ગામના પાદરેથી હીપા ખુમાણના દીકરાના ખરખરે સૌ પાછા આવે છે. આમ, આ વાર્તા કાઠી-કાઠિયાણીની સહનશીલતા અને કોઠાસૂઝ બતાવી જાય છે.

---

કોઈ જાલંધરવારીનો જોગંધર તપ કરી કરી મનને મેરુ જેવું અડગ કરવા આસન જમાવી બેઠો હોય એવું ગામ કરંઝડા.

કરંઝડા ગામનો હીપો ખુમાણ ગામધણી છે. આજ ગામના પાદરમાં સોનારણ્ય અઠંગા અને લાંબી ઝંઝાળ્યુંની નાળ્યુંમાં આઠ આઠ આંગળ દારૂ ધરબાણા, હુચાકા બોલ્યા, શરણાયુંએ સૂર બેહલાવ્યા, ઢોલ ધ્રુક્યા, લાંબે સાદે ગીતડાં ગુંજયા. ગામ હલકી ઊઠ્યું.

હીપા ખુમાણની દીકરીની જાન આવી હતી. વરરાજો તેનાં માબાપને એકનો એક દીકરો હતો, તો દીકરીના બાપને એક પુત્ર તથા પરણતી હતી એ એક જ પુત્રી હતી.

કાઠીના રિવાજ પ્રમાણે વાળુ ટાણે પાદરમાં જાન આવી. જલીસા પથરાણા, લેરખડા માંડવિયા લાડરઘેલા જાનૈયાને રીઝવવા આગતા-સ્વાગતામાં પડ્યાં. કોઈએ ટાઢાં પાણીનાં બોઘરડાં લીધાં હાથમાં તો કોઈએ માન મરતબા પ્રમાણે મોટેરાંને ગાદી-તકિયાનાં આસન આપ્યાં. બેય પક્ષના જુવાનિયા સામસામા મહરે ચડ્યાં છે.

વાતું કરતાં કરતાં જાનૈયા ઘોડાનાં સામાન સમાનમા કરે છે, તો કોઈ પાઘડીના વળ ચડાવી છોગાં મૂકી નમણા દેખાવા કંઈક વાનાં કરે છે.

દીકરીના બાપ હીપો ખુમાણ નોકર-ચાકરને આમ કરો ને તેમ કરોની આજ્ઞા છોડી રહ્યા છે, ત્યાં દરબારગઢમાંથી તેમનાં પત્ની આઈ પુનબાઈનું ખાનગી કે'ણ આવ્યું. દરબાર અને તેમનાં પત્ની એક એકાંત ઓરડામાં પ્રવેશ્યાં.

કાઠીના હૈયામાં ઉત્સાહના ઓઘ ઊમટ્યા હતા. કાઠિયાણીની ગંભીરતાથી આનંદનાં મોજામાં ઓટ આવી. ઓરડામાં એક ઝાંખો દીવો બળતો હતો. પુનબાઈ બોલ્યાં :

"નાથ ! જુઓ આ સામે સૂતો એ..." અને અબળા આગળ ન બોલી શકી. ઓરડાના ખૂણામાં દરબારે નજર કરી, કોઈક સૂતું હતું.

પચ્ચાસ વર્ષનો માટી ઢોલીએથી ઊભો થયો. ઓઢવાનું ઊંચું કરીને જુએ છે ત્યાં તો પોતાનો વહાલસોયો દીકરો હતો. સુનારની આંખો બંધ હતી, શ્વાસ ઘુંટાતો હતો.

દરબારે પૂછ્યું : "શું થયું ?"



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પુનબાઈએ કહ્યું : ''એરુ આભડી ગયો... મેં તમને બોલાવ્યા, કોઈનેય ખબર નથી.''

દરબાર નસકોરાં પાસે અવળો પોંચો ધરે છે, ત્યાં તો ખેલ ખલાસ હતો. પુરુષનું હૈયું હીબક્યું. તેણે પોતાની પત્ની સામે જોયું, એ વિષાદમય દૃષ્ટિમાં સ્ત્રીએ અમંગળ વાંચ્યું, મર્દે માથું ધુણાવ્યું.

બેયની આંખમાં આંસુ આવ્યાં.

જેમ ભાંગતી રાતનો આત્માની વાણીને ઓળખી જનાર સાચો ભજનિક ઘેરા સૂરે ગાતો ગાતો ગળગળો બની, સંસારની મોહમાયા સમજાવવા તંબુરાનો છેલ્લો ટંકાર કરી વાત માંડે, તેમ દરબારે પત્નીને ગંભીર, શાંત ને ઘેરા અવાજે કહ્યું :

''કાઠિયાણી ! તેં મારું ત્રીશ ત્રીશ વરસ પડખું સેવ્યું છે. ભાઈને કાળ ભરખી ગયો. રોઈરોઈને મરી જાશું તોય એનો જીવ પાછો નહિ આવે, પણ આપણી દીકરીને પરણવા આવેલ વરરાજાના માબાપને એકનો એક દીકરો છે, સૌને વિવાહનો સ્વાદ ઊડી જાશે. કોડભરી ગભરુડી બ્હેનડીનો તો તું વિચાર કરી લે ! આપણી તો જીવનભરની મજા બગડી, પણ કોઈની આશા આડે શું કામ આવવું !

''થનાર હતું તે થઈ ગયું છે, તું કાઠિયાણી બની જા. એક આંસુ પાડય તો તને મારા સમ છે. આપણા સાત પેઢીના જૂના ચાર જીવાઈદારને હમણાં બોલાવું છું. દીકરાની આડીવાડી એમના હાથે પતાવી દેવી છે.''

''પણ...પણ...નાથ...મારા...!''

પુનબાઈના કાળજાના કટકા થતા હતા. એ પૂરું ન બોલી શકી.

ત્યાં તો જવાંમર્દ હીપાનો જવાબ મળ્યો :

''જરાય વેવલી થા માં, રોવું-કકળવું જિંદગી આખી છે, પણ પ્રસંગ સુધારવો છે.''

''તારી છાતી ઉપર શિલા મૂકી વાળ્ય. દીકરીને અને પરણવા આવનાર ભાણાને અપશુકન નથી કરવા. જાનૈયા હસવા આવ્યા છે, તેને રોવરાવવાની મારો પ્રભુ ના પાડે છે.''

હીપા ખુમાણે આમ જેમ એક દોરડા ઉપરથી ચાલતા નટનો પગ લથડી જાય અને પછી કુશળતાથી માથાને બદલે તેના પગ જ જમીનને અડે તેમ પ્રસંગ સુધારવાની વાત વિચારી લીધી.

કોઈ કરાકાત્યની માટીની ઘડેલી પતિની આજ્ઞામાં માનનાર બાઈએ હીબકું હૈયામાં સંઘર્યું.

માતાએ પંદર વર્ષના કિશોરના કપાળ ઉપર હાથ ફેરવ્યો, સુંવાળા વાળ ઉપર આંગળીઓ ફેરવી, છેલ્લું ચુંબન લીધું અને દરબાર સામે જોયું.

કાઠીએ આજ્ઞા છોડી : ''રસોડામાં જઈ સામૈયાની તૈયારી કરો...''

''મને...મને...ફરી બોલાવશો ?''

હૈયાના ભાવને હોઠે લાવતાં પુત્રની માતા પૂછી વળી.

''ના'' કાઠીએ જવાબ આપ્યો.

રાજા હરિશ્ચંદ્રની અદાથી હેઠું જોઈ ગયો.

''ભલે'' કહી કાઠિયાણી પુત્રના મૃતદેહ સામે અંતિમ દૃષ્ટિ ફેંકી ઓરડા બહાર નીકળી ગયાં.

દરબાર હળવેકથી ઊભા થયા. છાતી પર કાળમંઢ પાણો મૂકતાં પહેલાં પટાધરની આંખમાંથી પાણીનો રેલો નીકળ્યો. ખોંખારો ખાઈ ખુમાણ ઓસરીમાં આવ્યા.

દીકરાના મૃતદેહ સામે જોયું. જોઈ રહ્યા; અને ઓરડાનું કમાડ વાસી દીધું.

થોડીવારે એ જ ઓરડામાં ચાર વૃદ્ધ માણસો આવ્યા. ઓરડાની પછીત ગામની પછવાડે પડતી હતી. ધબ ધબ ધબ કંઈક નહિ જેવો ખોદવાનો અવાજ આવ્યો.

ડેલીએ બેસી હીપા ખુમાણ સામૈયાની એક પછી એક આજ્ઞા છોડ્યે જતા હતા.

જાનનાં સામૈયાં થયાં. પરસ્પર સૌ મળ્યા-હળ્યા. દરબાર વેવાઈને બાથ ભરી ભેટ્યા. ઉત્સાહના દરિયામાં આનંદ લહેર ઊમટી. વેવાઈવેલા સુખી–સંપન્ન હતા, સગાં-વ્હાલાં લગ્ન માણવા ઊમટ્યાં હતાં, ગામનો ઉત્સાહ અનેરો હતો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ગામના માણસોના મનમાં હતું કે પોતાના દરબારની દીકરીનાં લગ્ન લાડેકોડે કરવાં, ભાઈનાં લગ્ન તો હજુ પાંચ વર્ષે અન્નજળે જોશું.

કાઠીના રિવાજ પ્રમાણે રાતે જાનને ઉતારો દેવાણો. માંડવાનાં બાઈયું જાનને ઉતારે ખાંડ ખાવા ગયાં. સામસામા ફટાણાની બઘડાટી બોલી. દીકરીની માતાના મુખની એકે રેખા વાંકી થાય તો એ કાઠિયાણી શાની ? તો-તો એ હીપા ખુમાણની પત્ની કેમ ? તો તો એ રાઠોડ ધાધલની દીકરી કહેવાય કાંઈ ? દેન હતી કોઈની કે કાંઈ કળી જાય !

ફક્ત દરબાર, કાઠિયાણી અને પેઢીજૂના ચાર જીવાઈદાર આમ છ જણ જ વાત જાણતા હતા. બહેનના માંડવા નીચેથી ભાઈના મૃતદેહને નહિ કાઢવા નક્કી કર્યું હતું. જે ઓરડામાં એ સૂતો હતો ત્યાંથી જ ગારાની પછીતે બારણું પાડી રાતમાં ને રાતમાં ચાર જીવાઈદારો તેના શબને સ્મશાને લઈ ગયા અને દેન દઈ દીધું.

રાતના અઢી-ત્રણના સુમારે સૌ જંપ્યાં ત્યારે ચારેય વૃદ્ધ માણસોએ આવીને દરબારને ઈશારો કર્યો કે કામ પતી ગયું છે.

દરબારે પાણી માગ્યું, મોઢું ધોયું. બાજુમાં સૂતેલા અતિથિવિશેષે પૂછ્યું : ''કેમ હીપાભાઈ, કંઈ અસુખ થાય છે ? વારા ઘડીએ પથારીમાં ઊઠબેસ કરો છો !''

''ના ભાઈ ! માળા ભૂલી ગયો છું, તે પારે આંગળિયું અડશે તંઈ નિરાંત વળશે.''

દરબારની માળા હાજર થઈ, મણકા ફર્યા. સૌ સૂઈ ગયા. હીપા ખુમાણે નદીનો રસ્તો લીધો. ચેહ ધીમી ધીમી બળતી હતી. અંગારા ઊડી ઊડી દીકરાના બાપના હૈયાને વધાવતા હતા. વાહ વાહ પોકારતા હતા. હીપા ખુમાણે રૂંગાને રોકવા નાહી-ધોઈ 'હે સૂરજ ! હે સૂરજ !''ના જાપ શરૂ કર્યા.

તે દી રાતનું કાઠિયાણીની સ્થિતિનું વર્ણન શબ્દમાં ઉતારવા માટે મારી પાસે સંવેદનની વાણીની સરવાણી સૂકાઈ ગઈ છે.

પણ હા ! એ બાઈના મુખમંડળ ઉપરથી કોઈ કાંઈ પામી જઈ શકે તેમ હતું નહિ.

આમ ને આમ સવાર થયું. સૂરજની સાખે વરઘોડિયાં પરણી ઊતર્યાં. જવતલ હોમતી વખતે હીપા ખુમાણે પોતાના ભાઈના દીકરાને સમજાવી ઊભો રાખી દીધો. કોઈને ગમ પડે તો કાઠીની કળા લાજે. ઊલટાની મોટા મનની ઝાંખી થઈ.

રોંઢો ઢળ્યો. દુનિયાના દિલેર માનવીઓનાં મનનાં માપ કાઢતો ઘડીક મલપતો, ઘડીક ઉદાસ થતો ખોખડધજ સૂરજદાદો અસ્તાચળ ઉપર જાણે કે ઠેસ વાગતાં બુઝર્ગ ભાભો લથડિયું ખાય તેમ લેટી ગયો.

હીપો ખુમાણ દીકરીને વેલમાં બેસાડવાની ઉતાવળ કરાવવા ગઢભણી હરઘડીએ કહેવરાવી રહ્યા હતા.

સોળ વર્ષની લાડકોડભરી કન્યા ડમણીમાં બેસવા કંકુની ઢગલી પાડતી ફળીમાં ઊતરી. સાહેલિયુંનું ટોળું સાથે હતું.

દીકરીએ ''બા'' સામે ફરીને પૂછ્યું, ''બા ! ભાઈ ક્યાં ?'' અને કાઠિયાણીનું કાળજું હાથમાં રહ્યું નહિ. વળાપના થઈ ગઈ. જાણે કે આભ હેઠો ઊતર્યો. સૌને લાગ્યું 'આ દીકરીને સાસરે વળાવતી વખતનું રોણું ? આવું રૂંગું ?' ગામનાં ઝાડવાંને જીવ નહોતા, નહિ તો કકળાટ કરી મૂકે. વાતાવરણ થંભી ગયું. વાયરામાં હીબકાં હાલકલોલ થયાં. ચારણ-કાઠીનાં રૂંગાંએ તો ધરતીમાં ધરબી ધરબીને કરુણાનાં કણ ભર્યાં છે.

બહેનનાં પગ વેલમાં બેસવા જતાં ધરતી સાથે જડાઈ ગયાં.

એ ફરી બોલી ઊઠી; પૂછી વળી :

''બા, ભાઈ ક્યાં છે ? મારે તેને મળવું છે !''

દીકરીની જાજ્વલ્યમાન માતાએ ઊભરાતા આંસુથર વચ્ચે પાસે ઊભેલા ચાકરને કહ્યું : ''દરબારને મળવા બોલાવો !''

''અમે જાઈં, બેટા ! ભાઈ ક્યાંક બહાર ગયો છે, તારે મોડું થાય છે, બેસી જા ડમણીમાં.'' કહીને માએ વાંસો વાળ્યો.

દીકરીની મા, ના દીકરાની ''બા'' ઓરડામાં સંતાઈ ગઈ.

બાપુ આવ્યા. બહેન હવે હીબકે ચડી હતી. માથા ઉપર હાથ ફેરવી, આંખોમાં બે ટીપાં આંસુ લાવી બાપુએ બહેનને ધીરજ રાખવા કહ્યું.

બાપ પાસે પણ બેટીની એક જ માગણી હતી :

''બાપુ ! ભાઈ ક્યાં છે ? મારે મળવું છે.''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વીર પિતાનો જવાબ હતો : ''બેટા ! બાળક છે, ક્યાંય જડતો નથી. તારી વાટ લાંબી છે, ઉપાડો વેલડું ! મોડું થશે. દસ દિવસ પછી તને તેડવા જરૂર ભાઈને જ મોકલીશ.''

''જે નારાણ્ય બહેન !'' કહી દરબારે પણ પીઠ ફેરવી.

વેલડાના પાણીદાર બળદે ઝોંટ મારી. ઘરરર ડમણી ઊપડી. ગભરુ બાળકીની આંસુભીની આંખ્યું વેલના પડદાની તડમાંથી ભાઈને મળવા મેદની ઉપર ફરી વળી. પણ ક્યાંય માડીજાયો ન જોયો.

બહેનને વળાવતી વખતે વરના બાપ ડેલીની બહાર ઊભા હતા. હીપા ખુમાણનાં પત્નીનું રોણું એ કાંકરી કળી જનાર કાઠીને ઘણું કહી ગયું હતું.

તુરત જ તેમણે વેવાઈનું કાંડું પકડી એક બાજુ બોલાવ્યા અને પૂછ્યું :

''હીપાભાઈ ! તમારા દીકરા કેમ કાલના ક્યાંય દેખાતા જ નથી ? વાત શું છે ? કહો ?''

હીપો ખુમાણ ગળચવાં ગળવાં માડ્યાં :

''બા ! સાચું ન ભણો તો સૂરજના સમ.''

અને એ વ્હાલા વેવાઈ પાસે પહાડ જેવા મનડાનો માટી પલળી ગયો.

હીબકતાં હૈયાંએ માંડીને વાત કરી. છેવટે ધીરજથી અડગ રણકારથી ઊમેર્યું : ''બા ! તમને સૂરજની સાખધરાઈ છે, જો અટાણે આ વાત કોઈને યે કરો તો !''

જાન રંગેચંગે ઊઘલી.

સીમાડેથી સૌ હીપા ખુમાણના દીકરાના ખરખરે પાછા વળ્યા.

કાઠી ડાયરાના મુખેથી શબ્દો સર્યા કે, ''બા ! કોને રંગ દેવા ? કાઠીને કે કાઠિયાણીને ?''

### શબ્દ-સમજૂતી

**જોગંધર** જોગીન્દ્ર/યોગીન્દ્ર; **મેરુ** એ નામનો પર્વત જે સોનાનો છે એમ મનાય છે; **નમણું** સુંદર; **ઓઘ** પૂર **કોડભરી** આશાભરી; **વોવલું** ગાંડું; **સામૈયું** સ્વાગત માટે સામા જવું તે; **ગારો** માટી; **સરવાણી** ઝરો; **ચેહા** ચિતા; **જાજવલ્યમાન** તેજસ્વી; **ડમણી** ડમણિયું, સાદુ ગાડુ

### તળપદા શબ્દો

**શરણાયું** શરણાઈઓ; **બાઈયું** સ્ત્રીઓ; **પારો** માળાનો મણકો; **રૂંગુ** રુદન, રડવું તે; **આંગળિયું** આંગળીઓ; **બુઝર્ગ** બુજુર્ગ; **ભાભો** વયસ્ક વ્યક્તિ.

### રૂઢિપ્રયોગ

**પડખું સેવવું** સહેવાસ કરવો; **દેન હોવી** હિમ્મત હોવી; **ખરખરો કરવો** શોક વ્યક્ત કરવો; **ગળચવાં ગળવાં** બોલતાં અચકાવું; **કળી જવું** જાણી જવું; **મહરે ચડવું** સામસામે સ્પર્ધામાં ઊતરવું.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ગુજરાતી સાહિત્યની વૅબસાઈટ્સ

**ગુજરાતી સાહિત્યની વૅબસાઈટ :**

(1) Readgujarati.com ટૂંકી વાર્તા, પ્રવાસવર્ણન, નિબંધ, હાસ્ય-લેખ, ગઝલ, બાળસાહિત્ય, લઘુકથા, વિજ્ઞાનકથા સહિત વિવિધ પ્રકારના ગુજરાતી સાહિત્યનો રસથાળ. રોજેરોજ પ્રકાશિત થતી બે કૃતિઓ સાથે 3000થી વધુ લેખોનો સંગ્રહ.

(2) Tahuko.com ગુજરાતી સુગમ સંગીત, લોકગીત, ગઝલ તેમજ કાવ્યનો સમન્વય. મનગમતાં ગીતો સરળતાથી શોધવા માટે કક્કાવાર અનુક્રમણિકા. 300થી વધુ કવિઓ, 75થી વધુ સંગીતકારોની 1500થી વધુ કૃતિઓ.

(3) Layastaro.com રોજરોજ કવિતા, કવિતાનો આસ્વાદ અને વિવિધ પ્રકારના પદ્યસાહિત્યનું રસપાન કરાવતી વૅબસાઈટ. સુપ્રસિદ્ધ કવિઓ તેમજ ગઝલકારોની ઉત્તમ રચનાઓ.

(4) Aksharnaad.com ચૂંટેલા સાહિત્ય-લેખો, વાર્તાઓ, ગીરનાં પ્રવાસવર્ણનો, પુસ્તકસમીક્ષા તેમજ અનુવાદિત કૃતિઓ સહિત પ્રાર્થના ગરબા-ભજનનું મનનીય સંપાદન.

(5) Gujarathilexicon.com આશરે 25 લાખ શબ્દો ધરાવતો ઑનલાઈન ગુજરાતી શબ્દકોશ. ગુજરાતીથી અંગ્રેજી અને અંગ્રેજીથી ગુજરાતી શબ્દાર્થ શોધવાની સુવિધા. ગુજરાતી જોડણી તપાસવા સહિત વિવિધ પ્રકારની અન્ય ઉપયોગી સુવિધાઓ.

(6) Bhagwadgomandal.com 2.81 લાખ શબ્દો અને 8.22 લાખ અર્થોને સમાવિષ્ટ કરતો ગુજરાતી ભાષાના સાંસ્કૃતિક સીમાસ્તંભરૂપ જ્ઞાનનો વ્યાપક, વૈજ્ઞાનિક અને ઉત્તમ ખજાનો. ડિજિટલ રૂપમાં ઈન્ટરનેટ અને સીડી માધ્યમ દ્વારા ઉપલબ્ધ. સંપૂર્ણ રીતે યુનિકોડમાં ઑનલાઈન નિઃશુલ્ક ઉપલબ્ધ.

(7) Mtixa.com કાવ્ય અને સંગીત સ્વરૂપે ગુજરાતી લોકગીતો, ભક્તિગીતો, શૌર્યગીતો, ગઝલો, ફિલ્મી ગીતો તેમજ અન્ય સુપ્રસિદ્ધ રચનાઓ.

(8) Sheetalsangeet.com ઈન્ટરનેટ પર ૨૪ કલાક પ્રસારિત થતો ગુજરાતી રેડિયો.

(9) Rankaar.com પ્રાચીન-અર્વાચીન ગીતો, ગઝલો, કાવ્ય, ભજન, બાળગીતો, લગ્નગીત, સ્તુતિ, હાલ થતી સંગીતબદ્ધ રચનાઓનો સમન્વય.

(10) Jhaverchandmeghani.com રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની વૅબસાઈટ.

(11) Gujarathisahityaparoshad.org ગુજરાતી સાહિત્ય પરિષદની વૅબસાઈટ.

• • •



Downloaded from https:// www.studiestoday.com